॥ શ્રી ॥

વસંત-વિજય

યાને

ચઢતી પડતીના ચમત્કાર.

ભાગ ૧ લો.

લેખક:—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.
શાહપુર, મહેતાપોળ, અમદાવાદ.

પ્રકાશક:—
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ત્રણ દરવાજા—અમદાવાદ.

પ્રત ૧૦૦૦.

આવૃત્તિ ૧ લી.

સને ૧૯૧૮.

સંવત ૧૯૭૪.

મૂલ્ય રૂ. ૧-૮-૦ દોઢ.

પડી આકાશેથી શિવ શિર વિષે ત્યાંથી ગિરિએ,
પડી ત્યાં ઉંચેથી જમીન પર ને ત્યાંથી દરિએ;
મળ્યું એ ગંગાને અધમ પદ આશ્ચર્ય તજ જો,
વિવેકે ભ્રષ્ટોની ગતી સત વશા એવી ગણજો.

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે
પોતાના 'શ્રી અંબિકા વિજય' પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

પ્રસ્તાવના.

વર્તમાન વખતના વર્તમાન વહેતા વિશ્વ પ્રભાવમાં સાહીત્ય દૃષ્ટિ પ્રદેશમાં અનેક નવલકથાઓ બહાર પડે છે. તે અનુસાર પ્રસ્તુત નવલકથા પણ બહાર પડે છે. ગુણજ્ઞ વાચકોને હવે કાંઈ પ્રસ્તાવનાના ઉદ્દગારોનાં પાનાં ભરી સારૂં–નરસું સમજાવવાનો સમય હવે રહ્યો નથી. કાળ બળે અને સાહીત્ય કસોટીએ વાચકવૃંદ કુદરતીજ કદરદાન થતો જાય છે, અને એ કદરદાનીના ફળ પરિણામે જ આટલો બધો નવલકથાઓનો બહોળો જન્મ અને ઉદ્દાવ થાય છે અને થએ જાય છે. એ ઘણું ખુશી થવા જેવું છે. માણસને જેટલી વસ્ત્રોની જરૂર છે, તેનાથી અધીક જરૂર વાંચનની છે. વાંચન વિદ્યાના પ્રતાપે કરીને જ આજે પાશ્ચામાત્ય પ્રજાની ઉન્નતી થઈ રહેલી છે તે સૌને વિદીત છે. દરેક નવલકથાઓ કરતાં જેમાં વીર રસ પ્રાધાન્ય હોય છે, તેવી નવલકથાઓ સૌ કોઈ હોંશથી વાંચી તેમાં આલેખાએલા ગુણ ગ્રહણ કરી દુઃખમાં હિંમત ધરવાનું બળ પ્રાપ્ત કરે છે. પ્રસ્તુત પુસ્તકમાં વીર રાજપૂતોનાં શૌર્ય સાથે ન્યાયપરાયણતા, રાજસત્તાના મદમાં મદાંધ થએલા ભૂપતિનાં પૈશાચિક કાર્યો, કહેવાતી અબળાનાં સમય આવે પ્રબળ પરાક્રમો, સતી સન્નારીઓની દુઃખમાં સહનશીલતા, પતિ પ્રેમ–રાજ્યભક્તોની વફાદારી વગેરે ચઢતી પડતીના ચમત્કારોનો આબેહુબ ચિતાર ચિતરવામાં આવ્યો છે.

જે દેશમાં વીરયોદ્ધાઓ વધારે ઉત્પન્ન થાય છે અને જેઓના હૃદયમાં સ્વદેશ ભક્તિનાં અખંડ ઝરણાં ઝરીાં કરે છે; તે દેશને ખરેખર ભાગ્યશાળી જ સમજવો. સ્વદેશભક્ત વીરપુરૂષોની વૃદ્ધિથી દેશમાં સદ્‌-

ગુણોની વૃદ્ધિ થાય છે. જે વીર સ્વદેશભક્ત છે; તે સત્યવાદી, દયાળુ, ક્ષમાવાન હોય છે અને તે સદા સર્વદા સૌનું કલ્યાણ કરવાને જ ઇચ્છે છે; પરંતુ જે નિર્બળ મનના માણસો હોય છે તેઓનામાં તો ઉપર કહ્યા કરતાં ઉલટાજ ગુણો હોય છે. જ્યાં નબળા મનના માણસોનો સમુદાય વિશેષ હોય, ત્યાં દુર્ગુણોની પ્રવૃત્તિ વધારે હોય અને તેથી જનસમાજને દુઃખ સહન કરવું પડે છે. ટુંકાણમાં જ્યાં સત્ય છે; ત્યાં જ વિજય છે.

હું મોટો ગ્રંથકાર કે વિદ્વાન નથી એ હું મારા દરેક પુસ્તકમાં લખી જણાવું છું, પરંતુ હું તો મહાન્ પુરૂષોની પ્રસાદીનો ક્ષુધીત સાધારણ માણસ છું. તેવા મહાન્ પુરૂષોના સંચીત જ્ઞાનની પ્રસાદી પણ મને પૂરતી મળી નથી; તદપિ જે કાંઈ મળી છે તેના પ્રતાપે કંઇક ગતી કરી શકું છું.

આ સંસારમાંની કોઇ પણ વસ્તુ યાતો કાંઈ દોષ વિનાનાં તો નથી જ અને તેથી જ સુજ્ઞ વાંચકવૃંદને મારી નમ્ર વિનંતી છે કે દોષો તરફ દુર્લક્ષ્ય કરી આ નવલકથામાંના ગુણગ્રહણ કરી સદાચારી–સ્વદેશભક્ત–રાજ્યભક્ત થાઓ. પ્રભુ કૃપાએ સદાચરણી જનો સુખી થાય છે અને દુરાચારી જનોના હેતુઓ તથા યત્નો નિષ્ફળ નિવડે છે. આ નવલકથાનો ઉદ્દેશ પણ એજ છે. સુજ્ઞેસુ કિંબહુના.

વિક્રમાર્ક ૧૯૭૪.
મહાશિવરાત્રિ.
શાહપુર, મહેતાપોળ, અમદાવાદ.

સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

અનુક્રમણિકા.

સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા કૃત
નવલકથાઓ.

તરૂણ તપસ્વિની (સચિત્ર) ભાગ. ૧ લો. કીં.	૧—૮—૦
તરૂણ તપસ્વિની. ભાગ. ૨ જો.	૧—૮—૦
કાળરાત્રિનું ખૂનીખંજર (સચિત્ર) ભા. ૧ લો.	૨—૦—૦
કાળરાત્રિનું ખૂનીખંજર. ભા. ૨ જો.	૧—૮—૦
વસંત-વિજય યાને ચઢતી પડતીના ચમત્કાર.	૧—૮—૦
જુલ્મી જાલિમ યાને ફુજતી ધરા	૧—૮—૦
રત્નગઢની રંભા યાને રણઘેલા રજપૂત.	૧—૮—૦
કુન્જ-કિશોરી.	૧—૪—૦
કુમુદકુમારી (સચિત્ર)	૧—૮—૦
પદ્મલતા યાને કંટકમાં ગુલાબ છપાય છે. (સચિત્ર)	૧—૮—૦
તારાસુંદરી	૨—૪—૦
માયાવી મોહિની. (છપાય છે)	૧—૮—૦
કુસુમકાન્ત યાને સંસાર શેત્રંજ (છપાય છે).	૧—૮—૦
રત્નમંજરી (છપાય છે)	૧—૮—૦

લખો—**સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.**

શાહપુર વડનાળી પોળ-**અમદાવાદ.**

ૐ

વસંત-વિજય
યાને
ચઢતી પડતીના ચમત્કાર.

પ્રકરણ ૧ લું.

ભિષ્મ પ્રતિજ્ઞા.

રાત્રિના બીજા પ્રહરનો સમય છે. આકાશમાં ચંદ્ર મંદ-મંદ હસે છે. દોડમદોડા કરતી વાદળીયો ચંદ્રનું પ્રફુલ્લ હાસ્યમુખ વદન નિહાળી તેની પાસે દોડી જઈ તેને અદસ્ય કરી દે છે. ચંદ્ર જાણે સંતાકુકડી રમતો ના હોય એવી રીતે વળી પાછો વાદળામાંથી બહાર નીકળી પ્રકાસે છે. પર્વત પ્રદેશમાં શાન્તિનું સામ્રાજ્ય છવાએલું છે. સર્વત્ર નિઃસ્તબ્ધતા વ્યાપેલી છે. ચંદ્રની રમત નિહાળવાને કોઇપણ મનુષ્ય જણાતું નથી. નિશાદેવીએ સઘળા જીવજંતુને પોતાને શરણે કરી દીધાં છે. દોડાદોડી કરતી વાદળીયો

ચંદ્રપર ચીડાઇને સાગરમાંથી પાણી ભરી લાવી. જોતજોતામાં આકાશમાં મેઘ છવાયો. ચંદ્ર પાણીમાં ડુબ્યો, સર્વત્ર અંધકાર પ્રસરી રહ્યો. પ્હાડોમાં, આકાશમાં, જંગલમાં અને પૃથ્વીપર કયાંઇએ અવાજ સંભળાતો નહોતો. થોડીવારમાં મોટું તોફાન થશે એમ જાણીને જાણે જગત ભયથી સ્તબ્ધ થઈ રહ્યું હોય તેવા આસપાસના પ્હાડ ઉપરના જવા આવવાના રસ્તાઓ આછા આછા દેખાતા હતા. ઝાડ પાનથી ઢંકાએલા પર્વતો આ ગાઢા અંધકારમાં જાણે માતંગ રાજની માફક ઉભા રહ્યા નહોય એમ જણાતા હતા. અલ્પ સમયમાંજ ધોધમાર વર્ષાદ ટૂટી પડયો. વિજળીયો ઝબકવા લાગી. પવન પ્રચંડ વેગથી વાવા લાગ્યો. સર્વ પ્રદેશ જળમય થઇ રહ્યો. આ તોફાન લગભગ એક કલાક સુધી ચાલ્યું. તે પછી વરસાદ વરસતો બંધ થઇ ગયો અને સ્વચ્છ થએલા આકાશમાં પુનઃ શશી તેના શ્વેત પ્રકાસથી પ્રકાસ્યો. પાણીના વહેળા ખળખળ અવાજ ઉત્પન્ન કરતા નીચાણ પ્રદેશપર વહેવા લાગ્યા. ચંદ્રના રૂપેરી તેજથી શાન્ત સૃષ્ટિ અલૌકિક ભાસવા લાગી. આવે સમયે આ પ્હાડી પ્રદેશની તળેટીમાં એક કદાવર બાંધાનો યુવાન વિચાર ગ્રસ્ત ચિત્તે એક પહોળા પત્થર પર બેઠેલો જણાય છે. શું તેને આખા દિવસમાં વિચાર કરવાનો વખત નહિ મળ્યો હોય કે જેથી તે આ વિકટ પ્રદેશમાં રાત્રિના સમયે વિચાર કરવા આવ્યો હશે ? ગમે તેમ હોય પણ તેનું આ સમયે વિચારમાં બેસવું કંઇક ભેદમય ભાસતું હતું.

પત્થર પર બેઠેલા યુવાનનું વય આશરે ચોવીસ પચિસ વર્ષનું જણાતું હતું. મુખાકૃતિ પુર્ણિમાના ચંદ્રને પણ શરમાવે એવી કાન્તિમાન ભાસતી હતી. પણ અત્યારે તેના વદનકમળ પર શોકની છાયા છવાએલી માલમ પડતી હતી. તેના ખોળામાં તેની વ્હાલી સમશેર પડેલી હતી.

તે યુવાન ઘણીવાર સુધી પત્થર પર બેશી રહ્યો. અંતે તેણે એક ગાઢ નિઃશ્વાસ નાખી પૃથ્વી પર્યટન કરતા ચંદ્ર સામે જોઇ બોલવા માંડયું:— “ ઓ આકાશમાંથી અમૃત વરસાવતા શશી ! તારી તેજોમય ચંદ્રિકાને તું આકાશમાં છૂપાવી દે. તે અત્યારે મને અસહ્ય થઇ પડી છે. શું તું નથી જાણતો કે એક વખતનો વૈભવી રાજકુમાર આજે વનવાસી થયો છે ? શત્રુઓએ રાજ્યપાટ વિનાનો કર્યો છે ? શું તને તે જાલીમ જુલમગારો પર ક્રોધ ઉત્પન્ન નથી થતો ? શું તું પણ પક્ષપાતી છે ? ચંદ્ર ! તારે પક્ષપાતી થવું યોગ્ય નથી. તું દેવ છે. ન્યાય અન્યાયને સારી રીતે જાણે છે છતાં શામાટે રૂપેરી ચંદ્રિકાથી જગતને શોભાવે છે ? આ પૃથ્વીપર પાપીઓનો અત્યાચાર વધી ગયો છે. પુન્યવાનો પીડાય છે, પાપીઓ સુખી થાય છે. ચંદ્ર ! તું દેવ થઇ પાપીઓનું સુખ શામાટે જોઇ રહ્યો છે ? જા, જા, નભમંડળમાં છૂપાઇ જા અને થોડીવાર પર છવાએલા મેઘને તારી જગાએ આવવા દે. જો તારાથી એમ ના બની શકે તો તારી આ શિતળ ચંદ્રિકાને એકદમ આગ જેવી બનાવી દે અને તેમાંથી આગના તનખા વરસાવી શયતાન શત્રુઓને ભષ્મ કરી દે. ” આમ બોલતો તે યુવાન ચંદ્રની સામે એકી નજરે જોઇ રહ્યો. તેના હૃદયમાં અપાર દુઃખ ઉત્પન્ન થતું હોય એમ એના મુખ મંડળ પર થતા ફેરફારથી જણાવા લાગ્યું. તેણે ચંદ્ર સામેથી દૃષ્ટિ ખેંચી લઇ પુનઃ બોલવા માંડયું:—“ હા ! અરેરે ! હૃદય દેવી રમા ! તારી શું દશા થઇ હશે ? હા ! તને પણ એ પાપી પિશાચ અસહ્ય ત્રાસ આપતો હશે. પ્રિયતમા ! તારી સંભાળ લેનાર હવે શ્રીહરી છે. હું દુખ દરિયાના મોજામાં ઘસડાઇ ભટકતો ભીખારી થઇ ગયો છું. દુનિયાંની નજરથી અદૃશ્ય થઇ ગયો છું. હા ! હું હવે અદૃશ્યજ રહેવાને ઇચ્છું છું. દેવી ! પ્રારબ્ધમાં નિર્માણ થએલું દુઃખ સહન કરજે.

સુખનો પણ આખરે સમય આવશે; તે વખતે તને ત્રાસ દેનાર અને મારા રાજ્યને વેરાન જંગલ સમાન બનાવનાર પાપી પિશાચ રાજને જમીન દોસ્ત કરી તેના લોહીથી તર્પણ કરીશ; બસ ત્યારેજ આ હૃદયમાં સળગતી પ્રચંડ વૈરાગ્નિ શાન્ત થશે. પાપીના પરાજય માટે આ સમશેર આજથી ખુલ્લીજ રહેશે." આમ બોલતા તે વીર યુવકે ખોળામાં પડેલી સમશેર હાથમાં લીધી. તે પત્થર પરથી ઉભો થયો અને કાળની જીભ સમાન સમશેરને સરરર અવાજ કરતી મ્યાનમાંથી બ્હાર ખેંચી કાઢતાં બોલી ઉઠયો કે:—"જો આખી અવનિમાં મારો કોઇ સાચ્ચો સ્હાયક હોય તો તે આ સમશેરજ છે. હું તેને અત્યારે હાથમાં પકડી આ આકાશ-પૃથ્વી-પ્હાડ અને ચંદ્રને સાક્ષી રાખી ભિષ્મ પ્રતિજ્ઞા કરૂં છું કે જ્યાં સુધી મારા નંદનવન જેવા રાજ્યને સ્મશાન સમાન બનાવનાર અને મારાં પ્રિયજનોને દુઃખમાં ડુબાવનાર અત્યાચારી રાજા દુર્મદસિંહને ભડભડાટ અગ્નિ કુંડમાં હોમીશ નહિ ત્યાં સુધી આ સમશેરને ખુલ્લીજ રાખીશ-તેને મ્યાન કરીશ નહિ." આમ કહી તેણે મ્યાનને દૂર ફેંકી દીધું. યુવકનો ક્રોધ આ વખતે અસીમ હતો. તે સમસ્ત શરીરે શૌર્યથી ધ્રુજતો હતો. આવી સ્થિતિ તેની થોડીવાર રહી. પુનઃ તે પાછો શાન્ત થઇ પત્થર પર બેઠો. એ અરસામાં તેની પાછળ આવેલી એક ગુફામાંથી એક મજબુત બાંધાનો પુરૂષ બહાર નીકળ્યો. તેણે ગુફાની બહાર આવી આસપાસ જોયું. એવામાંજ તેની દૃષ્ટિ પત્થર પર બેઠેલા યુવાન પર પડી. તે ચમકયો અને ધીમે પગલે એ યુવકની પાછળ આવી બોલ્યોઃ—કુમારશ્રી! હજી સુધી શામાટે જાગો છો? ચાલો, સૂઇ જાઓ. ઉજાગરાથી પ્રકૃત્તિ બગડશે."

"સરદાર! આજે મને ઉંઘ આવતી નથી. તમેજ વિચાર

કરી જુઓ કે મારા જેવા દુખીયાને નિદ્રા કેવી રીતે આવી શકે? રાજપૂરનું ખેદાન–મેદાન અત્યારે મારી નજરે તરી આવે છે. તે વીર ભુમીના મરણ પામેલા યોદ્ધાઓ અત્યારે મને દેખા દઇ વૈરની વસુલાત કરવાનું સૂચન કરે છે. સરદાર ! જુઓ, જુઓ. આ મારા પિતાની છાયા મૂર્તિ આદ્દર ઉભી રહી છે. તે હાથ હલાવી કહે છે કે જા, દુષ્ટ દુર્મદને મારી પિતૃઋણમાંથી મૂક્ત થા." આમ બોલતો તે યુવાન એકાએક ઉભો થઈ ઉંચે જોઈ રહ્યો. આથી તેની પાસે ઉભેલા સરદારને ઘણું લાગી આવ્યું. તે આશ્વાસન યુક્ત શબ્દે બોલ્યો:–" કુમાર ! જે થવાનું હતું તે થઈ ગયું છે. તમે શાન્ત થાઓ. આપણે જીવતા હોઇ શું તો અવશ્ય દુષ્ટ દુષ્મનને તેની કરણીનાં ફળ ચખાડીશું. આપણે તેની પાછળ ભૂતની માફક ફરીશું અને અનુકુળ સમય પ્રાપ્ત થતાં તેને લોહીથી રંગી નાખીશું."

" મારા બહાદુર સરદાર ! આ હૃદય કયમે કરી શાન્ત થતું નથી. આહ ! મારાં નાનાં ભાઇ–બ્હેન ક્યાં હશે ? તેઓની સંભાળ કોણે લીધી હશે ? શું તે નિર્દોષ પંખીડાં દુષ્મનનાં ભોગ તો નહિ થયાં હોય ? સરદાર ! સરદાર ! આવા આવા અનેક વિચારો આ હૃદયને હચમચાવી મૂકે છે. હા ! બ્હેન ગુણસુંદરીને આ સર્વ વાતની ખબર પડતાં અપાર દુઃખ ઉત્પન્ન થશે. ભવિષ્ય ભયંકર સમજાય છે. દુષ્ટ દુર્મદના અત્યાચારથી ટુંક મુદતમાં ભયંકર આગ લાગશે. તે આગમાં રાજસ્થાનના વીર યોદ્ધાઓ આહુતી રૂપે હોમાશે. પવિત્ર પૃથ્વીપર લોહીની સરીતા વહેશે. હા ! જે થવાનું છે તેનું અત્યારે સૂચન થાય છે. વારૂ સરદાર ! વિજય–કમળાની તપાસમાં ગએલા માણસો કંઇ સમાચાર લાવ્યા કે નહિ ?" યુવકે પૂછ્યું.

" તેમને કંઈ પણ શોધ લાગી નથી; પરંતુ તેઓ એટલીતો

ખબર લાવ્યા છે કે તે નિર્દોષ બાળકો બચી ગયાં છે. દુષ્ટ દુર્મદનો ઇરાદો રાજ્યવંશને નિર્મૂળ કરવાનો હોવાથી વિજય—કમળાની શોધમાં તેણે ઘણા સૈનિકોને દોડાવ્યા છે. તેમાંની એક ટુકડી સાથે આપણા માણસોનો ભેટો થયો હતો. આપણા વીર યોદ્ધાઓએ તેમની પર હુમલો કરી તેમને નસાડી મૂક્યા હતા. તેમાંનો એક માણસ પકડાઇ ગયો હતો. તેની પાસેથી આપણા સરદારે જોઇતી બાતમી મેળવી તેને છોડી મૂકયો હતો. કુમાર! દુષ્ટ દુર્મદ આપને પણ મરી ગએલા સમજે છે.” સરદારે જણાવ્યું.

“ હાં-અને તેથી તેને શાન્તિ વળી હશે, પણ એ દુષ્ટની શાન્તિ હું થોડા સમયમાં વિખેરી નાખીશ. હું ભૂતના ઓળાની માફક તેની પાછળ ભમીશ. તેને કંટકની માફક ખુંચીશ અને આખરે તેને પકડી જીવતોજ અગ્નિકુંડમાં હોમીશ. સરદાર! તે નરાધમને અગ્નિકુંડમાં હોમવાની મ્હેં આજે પ્રતિજ્ઞા કરી છે. ” યુવકે જણાવ્યું.

“ તે પ્રતિજ્ઞા પૂર્ણ કરાવનાર શ્રી હરી છે. કુમાર ! ચાલો હવે સુઇ જઇએ. ” કહી તે સરદારે યુવકનો હાથ પકડી ચાલવા માંડયું. પણ એટલામાં તેમને કાને ઘોડાની પડઘીનો અવાજ સંભળાયો. આટલી રાતે કોણ આવતું હશે એમ વિચારતા તેઓ અવાજ તરફ જોઇ રહ્યા. થોડીવારમાં તો કાળા ઘોડાપર સ્વાર થએલો એક બખ્તરીયો યોદ્ધો તેમની પાસે આવી પહોંચ્યો. ચંદ્રિકામાં તેના મુખ સામે જોઇ યુવકે આનંદનો ઉદગાર કાઢયો:-“ બ્હાદુરજંગ ! તમે આવી પહોંચ્યા કે ?”

“ હા મહારાજ. ” કહી તેણે ઘોડાપરથી ઉતરી નમન કર્યું.

“ વારૂ શું સમાચાર છે ?” યુવાને પૂછયું.

તત્કાળ બ્હાદુરજંગે તેની છેક નજીક જઇ તેના કાનમાં કંઇક ધીરેથી વાત કરી. તે વાત સાંભળી તેના શોકાતુર મુખપર સ્હેજ હાષ્ય પ્રકટયું. તેણે પાસે ઉભેલા સરદારને પણ તે ખાનગી વાત જણાવી. આથી તે સરદારે ગુફાના દ્વાર પાસે જઈ છૂપા શબ્દોમાં પ્હાડી અવાજ કર્યો; કે જેથી ગુફાની અંદરથી સેંકડો માણસો જેમ દરમાંથી કીડીઓ ઉભરાય એ મિશાલે બહાર નીકળી આવ્યા. તેમાના અર્ધા માણસોને સાવધ રહેવાનું સમજાવી અંદર મોકલ્યા અને અર્ધા સાથે રાખી તે યુવાને ઘોડા લાવવાને કહ્યું. થોડાક સૈનિકો ચાલ્યા ગયા અને ગુફાની બીજી બાજુએ આવેલા મયદાનમાં કે જ્યાં ઘોડાઓને રાખવામાં આવતા હતા ત્યાંથી અશ્વો લઈ પાછા આવ્યા. એટલા વખતમાં તે યુવાને અને સરદારે શરીર પર જાળીવાળું લોખંડી બખ્તર પહેરી લીધું. માથે ટોપ બાંધી દીધાં. બન્ને જણા વિકાળ રાક્ષસ જેવા જણાવા લાગ્યા. તે પછી યુવાને ત્યાંના માણસોની સંભાળ રાખવાનું બ્હાદુરજંગને કહી ઘોડાપર સ્વારી કરી આગળ પ્રયાણ કર્યું. બાકીના યોદ્ધાઓપણ ઝપોઝપ ઘોડે ચઢી તેની પાછળ દોડયા. અલ્પ સમયમાં તો તેઓ આ પ્હાડી પ્રદેશમાં અદશ્ય થઇ ગયા.

પ્રકરણ ૨ જું.

—:૦:—

" સમાચાર. "

સાજ પડવા આવી છે. ખુશનુમાં પવન શરીરને સુખ ઉપજાવી રહ્યો છે. માળામાં ભરાઈ બેડેલાં પંખીયો તાપ ઓછો થવાથી આમતેમ ઉડી મધુરા શબ્દોથી આનંદ પ્રદર્શિત કરી રહ્યાં છે. આવા રમણિય સમયે પત્તન દુર્ગના પહાડી પ્રદેશમાં થઈને બે ઘોડેસ્વારો અશ્વોને પૂરપાટ દોડાવી આગળ ચાલ્યા જતા હતા. તેઓના પહેરવેશપરથી તેઓ કોઈ રાજવંશી હોય એમ જણાતું હતું. તેમણે કીંમતી પોષાક પહેરેલો હતો. આ તરૂણ સ્વારોના મુખપર રાજ તેજ. ચળકતું હતું. તેથી તેઓ પૃથ્વીપતિ હોય એમ અનુમાન થતું હતું. ખરેખર એમજ હતું. આ બન્નેમાં જે વિશેષ ગોર દેખાતો હતો તે ચંદ્રાવતીનો રાજા સમરસિંહ હતો અને તેની સાથેનો કદાવર બાંધાનો પુરૂષ તેનો પિત્રાઈ ભાઈ સ્નેહસિંહ હતો. બન્ને જણા આ સમયે સૃષ્ટિ સૌન્દર્ય અવલોકવાને નીકળી પડયા હતા. તેમની કમ્મરે રત્નજડીત મૂઠની તલવારો લટકતી હતી. ખભાપર બંદુકો ભરાવેલી હતી. તેઓએ લાંબી મજલ કરી હોય એમ જણાતું હતું; કારણ કે તેમનાં શરીર પરસેવાથી ભીંજાઈ ગએલાં હતાં. તેઓ ઘોડાને દોડાવતા–દોડાવતા એક ઘીચ ઝાડી આગળ આવી પહોંચ્યા. તેઓએ ત્યાં આગળ થોડીકવાર વિશ્રામ લેવાનો વિચાર કર્યો, પણ એવામાં

એકાએક સ્નેહસિંહની નજર ત્યાંથી સ્હેજ દૂર આવેલા એક વૃક્ષ નીચે સૂતેલા વાઘપર પડી. તે ચમકયો અને સમરસિંહની છેક નજીક આવી બોલ્યો:—"મોટાભાઇ! આમતો જુઓ, પણે મોટો વાઘ સૂતો છે." આટલું કહી તેણે ખભાપર ભરાવેલી બંદુક હાથમાં લીધી.

સમરસિંહ વાઘ સામે નજર કરી બોલ્યો:-"બંધુ! સબુર કર. આપણે આવી રીતે એ સૂતેલા વાઘનો શીકાર કરવો યોગ્ય નથી. જેવા આપણે રાજા છીએ એવો એ પણ આ વનનો રાજા છે. આપણી બહાદુરી તેને જગાડીને મારવામાંજ છે." આમ કહી તેણે ખભેથી બંદુક ઉતારી ખાલી બ્હાર કર્યો. બંદુકના ખાલી અવાજથી સ્વસ્થ સૂતેલો વાઘ ચમકીને ઉભો થયો અને સામે ઉભેલા શત્રુઓને જોતાં-જ ભયાનક ત્રાડ પાડી કુદયો. તેને તલપી આવતો જોઈ સ્નેહસિંહે નેમ તાકી બંદુક ફોડી. તેમાંની ગોળી વાઘને આબાદ વાગી; પરંતુ તેની દરકાર નહિ કરતાં ઉશ્કેરાએલો વાઘ સ્નેહસિંહપર ટૂટી પડયો. તત્કાળ સ્નેહસિંહ ઘોડાને પાછળ હટાવી તેની ચોટમાંથી નીકળી ગયો. આથી તે વાઘ ભયાનક ગર્જના કરી સ્નેહસિંહને સપડાવવા પુનઃ ચારે પગે ઉછળ્યો. એટલામાંતો સમરસિંહે તાકીને તેના કપાળમાં ગોળી લગાવી. તરત સ્નેહસિંહે પણ ઉપરા ઉપરી ગોળી બ્હાર કરી તેને જખમી કર્યો. અતિશય જખમોથી તે વાઘ કારમી ચીસો પાડી ચક-રીયો ખાવા લાગ્યો. એવામાંજ સમરસિંહે તેને બીજી ગોળી લગાવી જમીનપર નાખ્યો. તરફડીયાં મારતો વાઘ થોડીવારે મરણ પામ્યો. વાઘને મારી બન્ને ઘોડાપરથી નીચે ઉતર્યા અને બંદુકોને ઝાડના થડે ટેકવી થાક ખાવા લાગ્યા. સ્નેહસિંહે સાથે રાખેલી મીઠાઇ ખાવાને કાઢી. બન્ને બંધુઓ વાર્તાલાપ કરતા નાસ્તો કરવા લાગ્યા. સમય વિતવા લાગ્યો. સૂર્ય ભગવાન ક્યારનાએ ઉંડાણમાં ઉતરી પડયા હતા. થોડીવાર

પછી રાત્રિ થશે. અંધકાર પૃથ્વીપર છવાઈ જશે. માટે હવે સત્વરે નગર પ્રત્યે ગમન કરવું જોઇએ. આમ વિચારતો રાજા સમરસિંહ આસપાસ જોવા લાગ્યો. સ્નેહસિંહ નાસ્તો કરી ઉભો થયો અને નજીકમાં આવેલા એક ઝરામાંથી સાથે રાખેલી શિરોહીમાં જળ ભરી લાવ્યો. પાણી પી સ્વસ્થ થઇ બન્ને બંધુઓ નગર તરફ જવાને તૈયાર થયા પણ એવામાં તેમને કા'ને ઘોડાનાં પગલાંનો અવાજ સંભળાયો. તેઓ ચમકીને સંભળાતા અવાજ તરફ આતુર નેત્રે જોઈ રહ્યા. થોડીવારમાં તેમને જણાયું કે કોઇએક અશ્વારોહી પૂરવેગે અશ્વને દોડાવતો આ તરફ આવે છે. "આટલા વેગથી આવનાર એ કોણ હશે?" એમ આત્મગત્ બોલતા બન્ને જણા તે આવનાર તરફ જોઇ રહ્યા. તે ઘોડેસ્વાર અલ્પ સમયમાં તેમની નજીક આવી પહોંચ્યો. તે ત્યાંથી આગળ વધે એટલામાંતો સ્નેહસિંહે તેને કહ્યું:–"ભાઈ! ઘોડેસ્વાર ઉભો રહે."

તે ઘોડેસ્વારે તેમના સામે જોયું. તેણે તરત ઘોડાની ચાલને ધીમી કરી તેમની પાસે આવી પૂછ્યું:–"કેમ ભાઇ! મને શા માટે ઉભો રાખો છો?"

સ્નેહ:—"તમે આ વિકટ અરણ્યમાં થઇને આમ ગભરાએલી હાલતે ક્યાં જાઓ છો?"

સ્વાર:—"હું ચંદ્રાવતી જાઉં છું. હાલ વિશેષ કહેવાનો સમય નથી. મારે ઘણું અગત્યનું કામ છે. રાત્રિ પડતાં પહેલાં મારે નગરમાં પહોંચવાનું છે."

સ્નેહ:—"ભાઇ! ચંદ્રાવતી હવે બહુ દૂર નથી. તમે થોડીકવારમાં તો ત્યાં પહોંચી જશો. અમારે પણ તે નગરમાંજ આવવું છે. તમારે ચંદ્રાવતીમાં કોને ત્યાં જવું છે?"

સ્વારઃ—"જો તમારે ચંદ્રાવતા આવવું હોય તો જલ્દીથી ચાલો, આપણે સંગાથ થશે. જો રાત પડશે તો મારા કામમાં ઘણી અડચણ આવી પડશે. કારણ કે મારે જેમ બને એમ જલ્દીથી રાજા સમરસિંહને મળવું છે." તેનું બોલવું સાંભળી સમરસિંહ અને સ્નેહસિંહ વિસ્મયતાથી તે ઘોડેસ્વારની સામે જોઇ રહ્યા. તે પછી સ્નેહસિંહે મનમાં કંઇક વિચાર કરી પૂછ્યું:—"ભાઈ! તમે જ્યારે જશો ત્યારે રાજાને મળી શકશો. આટલી બધી ઉતાવળ શા માટે કરો છો? શું કંઇ અગત્યના સમાચાર તેમને જણાવવાના છે?"

તે ઘોડેસ્વાર કંટાળીને બોલી ઉઠ્યો:—"હા ભાઇ હા. મ્હેં તમને એક વખત જણાવ્યું કે મારે જરૂરી કામ છે; તેમ છતાં વારંવાર પૂછીને શા માટે મારો અમૂલ્ય વખત ખોવરાવો છો?"

"રાજા રસમસિંહને હું વમને અહિંજ દેખાડું તો તમે તેમને ઓળખી શકશો ખરા કે?" સ્નેહસિંહે પૂછ્યું.

"રાજા સમરસિંહ આવા વખતે આ વિકટ પ્રદેશમાં કયાંથી હોય? લ્યો ભાઇ! હવે મને જવા દો." કહી તે સ્વારે ઘોડાની લગામ ખેંચી; કે તરત સ્નેહસિંહે તેને અટકાવી હસતે વદને કહ્યું—"ભાઇ ઘોડેસ્વાર! આમ અકળાવછો શાને? જુઓ, આ ઉભા છે એજ મહારાજા સમરસિંહ છે."

"શું તમે સત્ય કહો છો?" કહી તે ઘોડેથી નીચે ઉતરી રાજાની પાસે આવી ઉભો; અને અંગરખાના ગજવામાંથી એક નાની છબી કાઢી સમરસિંહના મુખ સામે જોવા લાગ્યો. અંતે તેના મનને ખાત્રી થઇ કે આજ રાજા સમરસિંહ છે. તેણે તરત નીચા નમી નમન કર્યું.

સમરસિંહે નમન પ્રતિકાર હસ્તે વદને વાળી પૂછ્યું:—" તમે કોણ છો અને અત્યારે કઇ તરફથી આવો છો ? "

" મહારાજ ! હું એક પટાવત છું અને રાજપૂરથી આવું છું." તે સ્વારે જણાવ્યું.

" શું તમે રાજપૂર આવો છો ? પણ વારૂં તમે આમ ગભરાએલા જેવા કેમ જણાઓ છો ? ત્યાં સૌ આનંદમાં તો છે ને ? " રાજાએ પૂછ્યું.

" મહારાજ ! શું કહું ? કહેતાં આ જીભ ઉપડતી નથી. રાજપૂર રંડાઇ ગયું છે. " આમ બોલતો તે સરદાર ગળગળો થઇ ગયો. તેણે કપાળપર કર પ્રહાર કર્યો.

તેનું બોલવું સાંભળી સ્નેહસિંહ ચોંકીને બોલી ઉઠયો:—" હેં ! શું થયું છે? જલ્દી બોલો ? વધારેવાર વ્હેમમાં ન રાખો ? "

તે ઘોડેસ્વાર સરદાર કે જેનું નામ અજબસિંહ હતું. તે ગળગળે સાદે કહેવા લાગ્યો:–" રાજન્ ! રાજપૂરમાં કાળોકેર વર્તાઇ ગયો છે. આપના સસરા સમસ્ત સરદારો અને સૈનિકો સાથે રણમાં રોળાયા છે. રાજ્ય રાણી સતી થયાં છે." હું......આગળ બોલવા જતાં તેનો કંઠ રૂંધાયો. તેની આંખ્યોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. સમરસિંહના ગભરાટનો પાર રહ્યો નહિ. તે વિકળ વદને બોલી ઉઠયો:–" સરદાર ! સ્પષ્ટ જણાવો કે શું થયું છે ? તમારા બોલવામાં મને બરાબર સમજ પડતી નથી. "

અજબસિંહ રૂંધાતા કંઠે કહેવા લાગ્યો:—" નામદાર સાંભળો ! જે સમયે મારા અન્નદાતાએ નૌત્તમનગરના રાજા દુર્મદસિંહનો વિવાહ તોડી રાજકન્યાનું આપશ્રીની સાથે લગ્ન કર્યું ત્યારથીજ તે દુષ્ટ

ઘણોજ ગુસ્સે થયો હતો. તે પ્રપંચી રાજા વૈરવાળવાની ખાનગી તૈયારી કરવા લાગ્યો; તે પછી અમારી ગફલતનો લાભ લઈ એ ચંડાળ રાજાના સેનાપતિએ રાત્રિના સમયે રાજપૂરપર હુમલો કર્યો. રાજપૂરના સૈનિકો અને સરદારો શસ્ત્ર લઈ શત્રુઓની સામે થયા; પણ તેઓ ફાવી શક્યા નહિ. તેઓ સવાર થતાં પહેલાં શત્રુઓની તલવારોના ભોગ થઇ પડયા. અંતે મહારાજા કેશરીસિંહ અને યુવરાજ રાજસિંહ પણ બહાદુરીથી લડતાં રણમાં પડયા. દુષ્ટ દુર્મદે અમારા નાનકડા નગરનો નાશ કરી નાખ્યો. પ્રજા જનો જેમ ફાવ્યું એમ નાશી ગયાં. તે પછી એ દુષ્ટ સેનાપતિ રાજપૂરમાં એક સુબો મૂકી તેના નગરમાં ચાલ્યો ગયો. તે સુબાએ રાજાજીનું શબ મંગાવી અગ્નિ સંસ્કાર કર્યો. શબની સાથે રાજ્યમાતા સતી થયાં. યુવરાજના શબનો પત્તો લાગ્યો નહિ. અમારા માણસોમાંથી હું જીવતો રહી આ સમાચાર જણાવવાને ત્યાંથી નીકળી આવ્યો છું. હાય ! આ યુદ્ધમાં નાનાં કુમાર અને કુમારી પણ ગુમ થઈ ગયાં છે." આટલું કહી તે સરદાર ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. સમરસિંહની આંખ્યોમાં પણ ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. સ્નેહસિંહ રાતો પીળો થઇ દાંત પીસવા લાગ્યો. અંતે આકળ—વિકળ થએલો રાજા સમરસિંહ ક્રોધથી લાલચોળ બની જઈ બોલી ઉઠયો:–" ઓ ચંડાળ રાજા ! ત્હેં ક્ષત્રિયને નહિ છાજતું એક ભયાનક કામ કર્યું છે. ઓ પાપાત્મા ! ત્હેં તારી સત્તાનો દુરપયોગ કર્યો છે. એક નાના રાજાનો દગાથી નાશ કરી ત્હેં તારી કીર્તિને કલંકિત કરી છે. ઓ નરાધમ ! હું આ વૈરનો બદલો લીધા વિના તને છોડનાર નથી. હું આજ પર્યંત આંખ આડા કાન કરી બેશી રહેતો હતો પણ એ સમય હવે ચાલ્યો ગયો છે. ઓ અત્યાચારી રાજા! હવે સાવધ થજે અને આ સિંહની સમશેરનો સ્વાદ ચાખી યમપૂરીમાં

સિધાવજે." આમ બોલતા રાજાએ સ્નેહસિંહ સામે જોયું. તત્કાળ સ્નેહસિંહ પણ વાઘની માફક ગર્જના કરી બોલી ઉઠયોઃ-" જોયુંને ? સાપને વધવા દેવામાં શું પરિણામ આવ્યું તે સમજાયુંને ? બસ હવે આ વૈરની વસુલાત કરવાની તૈયારી કરો. તે ચંડાળ રાજા ગમે એવો બળવાન હશે તથાપિ હું તેના કેશ પકડી તેના શિરનું છેદન કરીશ. એ મદાંધ રાજા છતી આંખે અંધ થઈ સર્વને તૃણવત ગણે છે; બસ એજ તેના મ્હોતનું કારણ છે. તેના પાપનો કુંભ ભરાઈ ચૂકયો છે. તેને આ સ્નેહસિંહની અસીથીજ નર્કકુંડમાં સિધાવવાનું નિર્માણ થયું છે. હું હવે તેને જીવતો છોડનાર નથી.

"જ્યારે કર્યો છે ત્હેં આ ઘોર અત્યાચાર,
જો જીવતો છોડું તને તો ધિક્ક આ અવતાર."

અધમ રાજા! હું તને મારીશ-ઉડાવીશ-તારાશબને શ્વાનાદિ પશુઓ ના ભક્ષને માટે ફેંકીશ. આ સમશેર આજે તારા માટે મ્યાનમાંથી ખુલ્લી થાય છે." આમ બોલતા સ્નેહસિંહે ઉગ્ર આવેશથી સમશેર- ખેંચી અને તેને ઉંચીકરી પુનઃ બોલી ઉઠયોઃ-

"સમશેર સાહ્યક વીરની, અરી વિદારક તુંજ છે,
પાપી પ્રપંચી પીડવા, તું કાળ કેરી કાળ છે.
બળીદાન દેઉં દુષ્ટનું જે પૃથ્વી પરનો પ્રેત છે,
રકત પીને તૃપ્ત થાજે, વિનતી બસ એજ છે."

આમ બોલતો સ્નેહસિંહ ઉંચી કરેલી સમશેરને ફાટી આંખે જોઇ રહ્યો. તેની એવી સ્થિતિ નિહાળી સમરસિંહે પાસે આવી તેને સમ- જાવી શાન્ત પાડયો. સ્નેહસિંહે સ્હેજ શાન્ત થતાં પુનઃ અજબસિંહને

પ્રશ્ન કર્યોઃ–" સરદાર ! આ બધું ક્યારે બની ગયું છે ? તમે ત્યાંથી ક્યારના નીકળ્યા છો ? "

" આ ભયંકર બનાવ બને પંદર દિવસ થઈ ગયા છે. હું આટલા સુધી નાના કુમાર અને કુમારીની શોધને અર્થે ફરતો હતો પણ કંઇ પત્તો નહિ લાગવાથી હું આ સમાચાર જણાવવાને આ તરફ નીકળી આવ્યો છું. " અજબસિંહે જણાવ્યું.

" ભાઈ ! હવે આપણે નગર તરફ ચાલીશું ? " સમરસિંહે પૂછ્યું. " હા, ચાલો. સાયંકાળનો સમય થયો છે. આપણે હવે જેમ બને એમ જલ્દીથી નગરમાં જઇને તે પાપી રાજાને અત્યાચારનો બદલો આપવાની તૈયારી કરવી જોઇએ. તે પિશાચના ક્રૂર કર્મથી મારૂં લોહી ઉકળી આવ્યું છે. તેને બદલો આપવાને આ હાથ ચળવળી રહ્યા છે. " કહી સ્નેહસિંહ છલંગમારી ઘોડેસ્વાર થયો. તેણે અજબસિંહને ઘોડેસ્વાર થઇ સાથે આવવાનું જણાવ્યું. અજબસિંહે સાથે જવાની સવિનય ના પાડતાં કહ્યું કેઃ–" જ્યાં સુધી મારા મહારાજાનું વૈર વળાયું નથી ત્યાં સુધી હું કોઇ પણ નગરમાં પગ દેનાર નથી. હું જંગલે જંગલ ફરીશ અને અજ્ઞાન લોકોને એકઠા કરી સમય આવે મારા મહારાજાનું વૈર લઇશ. " આમ કહી અજબસિંહે જવાબની રાહ જોયા સિવાય ઘોડાને એડી મારી. ઘોડો ચારે પગે ઉછળ્યો અને જોત જોતામાં તેના સ્વાર સાથે અદશ્ય થઈ ગયો. "અરેરે ! પોતાના રાજાના મરણથી ગરીબ સરદાર દિવાના જેવો બની ગયો છે. " આમ સ્વગત બોલતો રાજા સમરસિંહ ઘોડેસ્વાર થઇ તેના અદશ્ય થયા સુધી તેની પાછળ જોઇ રહ્યો. તે પછી સમરસિંહ તેના ભાઇ સાથે નગર તરફ જવા લાગ્યો. રાત્રિ પડી ચુકી હતી. અંધકાર અવનિપર પથરાયો હતો.

ઝડપથી ચાલ્યા જતા ઘોડાઓને રસ્તા વચ્ચે પડેલા પત્થરોની ઠોકરો વાગતી હતી. એવામાં એકાએક ભયંકર તોફાન ચઢી આવ્યું. પવનનો મોટો વંટોળ ચઢયો. આકાશમાં વાદળાં ચઢી આવ્યાં. અંધકારે ભિષણ સ્વરૂપ ધારણ કર્યું. પવનના તોફાનથી વૃક્ષોનાં ડાળાં એકબીજાની સાથે અથડાઇ પ્રચંડ અવાજ ઉત્પન્ન કરવા લાગ્યાં. સમરસિંહ અને સ્નેહસિંહ ગભરાયા. એટલામાંજ કારમો કાટકો થયો અને સાથેજ આંખ્યોને આંજી નાખે એવો વિદ્યુતનો ચમકારો થયો. બસ પછી પૂછવુંજ શું ? ઘોડાઓના ચમકાટનો પાર રહ્યો નહિ. તેઓ ચારે પગે ઉછળયા અને સીધે રસ્તે નહિ જતાં અવળી દિશા તરફ પૂરવેગે. દોડયા અશ્વારોહિ સ્વારોએ લગામો ખેંચી તેમને અટકાવવાનો ઘણોએ પ્રયત્ન કર્યો પણ સઘળો વ્યર્થ ગયો. ઘોડા હાથમાં રહ્યા નહિ. તેઓ જોતજોતામાં પોતાના સ્વારો સાથે ઝાડ–પાનથી ભરપૂર એક લાંબી ખીણમાં ગયેબ થયા.

પ્રકરણ ૩ જું.

" ભયાનક ભેદ યુક્ત બનાવ. "

નિશા દેવીએ કાળી ચાદર સમસ્ત જગત્ પર પાથરી દીધી હતી. તોફાન સમ્યું હતું. ચમકેલા ઘોડાઓની ગતી રહેજ ઓછી થઇ હતી. ગાઢ અંધકારમાં તેઓ ઝાડો સાથે અથડાતા–કુટાતા આગળ વધે જતા હતા. ઘોડેસ્વારો એક બીજાનું મુખ પણ ભાગ્યેજ જોઇ શકતા હતા. ઘોડાઓના પગમાં વારંવાર ઠોકરો વાગતી હતી. સમરસિંહ અને સ્નેહસિંહનાં વસ્ત્રો ઝાડ જાંખરા સાથે ભરાઇ ફાટતાં હતાં. આવી રીતે તેમને ઘણીવાર સુધી સંકટ સહન કરવું પડયું. છેવટે ઘોડા થાકી ગયા. તેમના મુખમાંથી ફીણ નીકળવા માંડયું. તેઓ અટકીને ઉભા રહ્યા, સમરસિંહ અને સ્નેહસિંહ નીચે ઉતર્યા. આ વખતે મધ્યરાત્રિ થવા આવી હતી. આકાશ નિર્મળ હતું. તારલા ઝગઝગી રહ્યા હતા. તેમનો આછો–આછો પ્રકાશ અંધકારને ભેદતો હતો. સમરસિંહે આસપાસ જોઈ સ્નેહસિંહને પૂછ્યું:– " ભાઇ! મધ્યરાત્રિ થવા આવી હોય એમ જણાય છે. આપણે કેટલે દૂર આવ્યા હોઇશું ? "

" મોટાભાઈ! આપણે લગભગ વીસ–પચિસ ગાઉ નીકળી આવ્યા હોઇશું, કારણ કે ઘોડાઓ તીરની માફક છૂટયા હતા. ખરેખર આજે આપણને વિતવામાં કંઇ પણ બાકી રહ્યું નથી. " સ્નેહસિંહે કહ્યું.

"બંધુ! થયું તે ન થયું થનાર નથી; માટે હવે આપણે કરવું શું? અત્યારે જવું પણ કઇ તરફ?" રાજાએ પૂછ્યું.

"અત્યારે કયે રસ્તે થઇને નગરમાં જવું તે માલમ પડતું નથી. માટે હવે આજની રાત્રિ અત્રેજ ગુજારી પ્રાતઃકાળમાં પ્રયાણ કરવું ઉત્તમ છે." સ્નેહસિંહે જણાવ્યું.

"ત્યારે આવો આપણે આ વૃક્ષ નીચે બેસી સમય ગુજારીએ." કહી સમરસિંહ–સ્નેહસિંહ સાથે એક વૃક્ષ નીચે બેઠો. ઘોડાઓ છૂટા ફરી ઘાસ ચરવા લાગ્યા, હજી તો બન્ને બંધુઓ નિશ્ચિંત થઇને બેઠા નથી એટલામાં તો વળી પાછું એક નવું કૌતક થયું. પાંચ કદાવર માણસો એકાએક ક્યાંકથી નીકળી આવ્યા અને જે વૃક્ષ નીચે રાજા સ્નેહસિંહ સાથે બેઠો હતો ત્યાં થઇને ઝડપથી આગળ ચાલ્યા ગયા. તેઓએ અંધકારને લીધે ઝાડ નીચે બેઠેલાઓને જોયા નહિ. "આવી મધ્યરાત્રિએ આ પ્હાડી પ્રદેશમાં ભ્રમણ કરનારાઓ કોણ હશે?" આમ આત્મગત્ બોલતો રાજા વિચારમાં પડયો. સ્નેહસિંહ પણ વિસ્મય થઇ તે ચાલી જનારાઓના માર્ગ પ્રતિ જોઇ રહી ધીમે અવાજે બોલ્યો, "મોટા ભાઇ! અદ્દભુત ચમત્કાર જોયો કે?"

"હા, મને તો તેઓ કોઇક બહારવટીયા હોય એમ સમજાય છે." સમરસિંહે કહ્યું.

"આપના ન્યાયી રાજ્ય અમલમાં અદ્યાપિ પર્યંત કોઇ બહારવટીયો ઉત્પન્ન થયો હોય એમ સંભળાયું નથી. તેમ છતાં જો તેઓ બહારવટીયા–ચોર હોય તો તેઓ આવી રીતે કાળી રાત્રે આ વિકટ અરણ્યમાં રખડે નહિ. તેઓનો ધંધો તો અત્યારે કોઇનાં ઘર ફાડવાનો હોય છે. ભાઈ! મને તો તે પસાર થઇ ગએલા માણસો કોઈ

ખૂનીયો યા તો ભૂતાવળો હોય એમ સમજાય છે. " સ્નેહસિંહે જણાવ્યું.

" શું ત્યારે તેઓ આ પ્હાડી પ્રદેશમાં કોઇનું ખૂન કરવાને નીકળ્યા હશે ? " રાજાએ શંકાશિલ થઇ પૂછ્યું.

" તેની મને સમજ પડતી નથી. જો આપની આજ્ઞા હોય તો હું તેમની પાછળ દોડી પહોંચી તપાસ કરી આવું કે તેઓ કોણ છે ? "

" હું તને એકલો તો કદાપિ જવા દેનાર નથી. ચાલ હું પણ તારી સાથેજ આવું છું. આપણે તપાસ કરીએ કે તેઓ કોણ છે અને આ કાળી રાત્રે કઇ તરફ જાય છે. " કહી સમરસિંહ ઉભો થયો. સ્નેહસિંહ નજીકમાં ચરતા અશ્વોની લગામો પકડી આગળ ચાલવા લાગ્યો. પાછળ ચાલતા રાજાએ તેને ઉતાવળથી ચાલવાને જણાવ્યું. આગળ ચાલી જનારા માણસો હજી ઘણે દૂર ગયા નહોતા. તેઓ એક ખુલ્લી જગામાં તાપણું સળગાવીને બેઠા હતા. તેમની પર નજર પડતાં સમરસિંહ તેના ભાઈ સાથે આગળ નહિ વધતાં ત્યાંજ ઉભો રહ્યો. બન્ને જણા એક વૃક્ષને ઓથે ઉભા રહી તે નિશાચરોની વાતો ધ્યાન પૂર્વક સાંભળવા લાગ્યા.

ઘણીવાર સુધી તો ત્યાં બેઠેલા મંડળમાં ચૂપકિદી ફેલાઇ રહી, પણ અંતે તેમાંનો એક માણસ બીજાને ઉદ્દેશી બોલ્યો કેઃ—" સરદાર સાહેબ ! આપણે હવે આવી રીતે ક્યાં સુધી રખડપટ્ટી કરીશું ? આપણા માણસો જંગલોની રખડથી હવે તો કંટાળી ગયા છે ? "

તેનું બોલવું સાંભળી તેઓના સરદારે કહ્યું:—" ભાઇ ! આમ અકળાઇ જવાથી કંઇ વળનાર નથી. જો આપણે માથે લીધેલું કામ પૂરૂં કર્યા વિના પાછા જઇશું તો કમ્હોતે મરણને શરણ થઇશું. તેના કરતાં બહેતર છે કે તે ચોરની શોધમાં રખડી ગમે તે પ્રકારે તેને પકડી

આપણે ઇનામ મેળવવું. જો કે આપણુને ઘણું સંકટ સહન કરવું પડશે પરંતુ પછીથી કેવો મોટો લાભ થશે તેનો કંઇ વિચાર થાય છે?" સરદારે ખુલાસો કરી તેને શાન્ત પાડયો. તેઓની વચ્ચે થએલી આ વાતચિતમાં સમરસિંહ કે સ્નેહસિંહને કંઇ સમજ પડી નહિ. તેઓ ફક્ત એટલુંજ સમજી શકયા કે તે નિશાચરો ઇનામ મેળવવાની લાલચે કોઇને પકડવા નીકળ્યા છે. "તે લોકો કોને શોધવા નીકળ્યા હશે?" આમ વિચારતો રાજા એ તરફ જોઇ રહ્યો.

એવામાં તે લોકોના સરદારે તેની નજીક બેઠેલા માણસને પૂછ્યું, "ત્યારે હવે આપણે અહિંથી કુચ કરી શું?"

"ના, આપણે આગળથી તપાસ કરવા મોકલેલો તેજસિંહ જયાં સુધી આવી મળે નહિ ત્યાં સુધી આપણે અહિંયાંજ રોકાવું જોઇએ. તેણે આ જગાએજ આપણુને આવી મળવાનું જણાવેલું છે. મારા ધારવા મુજબ તે હજી આટલામાંજ તપાસ કરતો હશે. લ્યો, હું ખાત્રી કરી જોઉં." આમ કહી તે માણસે ઉભા થઇ શિયાળવા જેવો અવાજ કર્યો. તેના અવાજથી થોડીવારે તેજસિંહ દોડી આવતો જણાયો. તે શું કરી આવ્યો તે જાણવાને સઘળા આતુરતાથી તેની તરફ જોઇ રહ્યા. દોડી આવતો તેજસિંહ ત્યાં આવી તેના સરદારને કહેવા લાગ્યો:- "નામદાર! જે શત્રુની શોધમાં આપણે આજ સુધી દુઃખી થયા છીએ, તે દુષ્મન અહિંથી થોડેક દૂર આવેલા એક ઝુંપડામાં રહે છે; વળી વધારામાં પેલાં બાળકો પણ તેની પાસેજ છે."

"હેં! શું તું ખરૂં કહે છે? શું તે શીકારની શોધ સફળ થઈ?" સરદારે આશ્ચર્ય પામી પૂછ્યું.

"હાજી. હું તેમને નજરોનજર જોઇનેજ આવ્યો છું. માટે હવે

વિલંબ નહિ કરતાં મારી સાથે ચાલો. હું તેની ઝુંપડી દેખાડું." તેજાસંહે કહ્યું.

"એમ ! તો ચાલો." કહી તેમનો સરદાર ઉભો થઈ આગળ ચાલવા લાગ્યો. બાકીના માણસો ગૂપચૂપ તેની પાછળ ચાલવા લાગ્યા. તેઓની ચર્ચા નિહાળતા સમરસિંહ અને સ્નેહસિંહ પણ ઘોડાને દોરી તેઓની પાછળ ચાલ્યા.

તે નિશાચરો થોડીવારે એક ઘીચ ઝાડીમાં આવેલા એક ઝુંપડા નજદીક આવી ઉભા રહ્યા. તરત તેજસિંહે આંગળી લાંબી કરી કહ્યું:- "નામદાર ! આ તેજ ઝુંપડી કે જેમાં આપણો શીકાર રહે છે."

તેનું કહેવું સાંભળી તે સરદાર ઝુંપડીની છેક નજીક જઈ મોટેથી બૂમ મારી બોલ્યો:-"આ ઝુંપડામાં કોણ રહે છે ?"

અંદરથી કંઈ પણ જવાબ મળ્યો નહિ. આથી તેણે ઝુંપડાના બારણાને હચમચાવી ફરીથી બૂમ મારી:-"અરે અંદર કોણ છે? જલ્દીથી બારણું ઉઘાડો, નહિ તો આ વાંસનું બારણું ભાગી નાખવું પડશે."

તત્કાળ તે ઝુંપડીનું ટાટું ઉઘડી ગયું; અને તેની અંદરથી એક વૃદ્ધ પુરૂષે બહાર નીકળી પૂછ્યું:-"કેમ ભાઇ! આટલી રાત્રે મારા ગરીબના ઝુંપડા આગળ આવી બૂમો પાડવાનું શું કારણ છે ?"

આ વખતે પાછલી રાત્રિના ચંદ્રનો નભ મંડળમાં ઉદય થયો હતો. તેના પ્રકાશમાં તે વૃદ્ધ પુરૂષના મુખનું બારીકાઇથી અવલોકન કરી ઝુંપડા આગળ ઉભો રહેનાર સરદાર કર્કશ સ્વરે બોલી ઉઠયો:- "બુઢ્ઢા! હવે બધા ઢોંગ જવાદે. તું કેવો ગરીબ માણસ છે, તે અમે સારી રીતે સમજીએ છીએ. તું જલ્દીથી જણાવ કે તારી સાથે જે બે બાળકો રહે છે તે હાલ ક્યાં છે ?"

તેના પ્રશ્નથી તે વૃદ્ધ પુરૂષ ચોંક્યો; પણ આખરે મુખ ગંભીર રાખી બોલ્યો:-" તમારા બોલવામાં મને કંઇ સમજ પડતી નથી. હું તો સંસારથી કંટાળેલો માણસ છું અને આ નિર્જન સ્થાનમાં રહી ભગવાનનું ભજન કરૂં છું. તમે જે બાળકો વિષે મને પૂછો છો તે કોઈ બીજાની પાસે હશે, અહિં મારી પાસે તો કોઇએ નથી. "

" જુઠ્ઠા ! ચોર-હરામખોર ! હજી પણ અમને ઠગવાનો પ્રયત્ન કરેછે કે ? " આમ બોલતો તે સરદાર ગુસ્સાથી તપી જઈ પોતાના માણસોને કહેવા લાગ્યો:-"મારા બહાદુરો ! શું જોઇ રહ્યા છો? જલ્દી આ બુઢ્ઢાને હાથકડી પહેરાવી દયો અને તેના ઝુંપડામાં તપાસ કરો કે અંદર પેલાં બે છોકરાં છે કે નહિ."

સરદારની આજ્ઞાનો અમલ કરવાને તેનાં માણસો તૈયાર થાય તે પહેલાં તો અત્યાર સુધી ગંભીરતાથી બોલતા બુઢ્ઢાએ સિંહ સમાન ગર્જના કરી શરીર પર ઓઢેલા કાળા કામળામાંથી નાગની જીભ સમાન તલવાર બહાર ખેંચી કાઢી અને તે ઝુંપડીના બારણાની વચ્ચે ઉભો રહી ભયંકર નાદે બોલ્યો:-" એક પગલું આગળ ભરતાં પહેલાં ખુબ વિચાર કરજો. હું તમને કોટી કાળે આ ઝુંપડામાં પગ મૂકવા દેનાર નથી. તેની સાથે આ પણ યાદ રાખજો કે આ એક સિંહની ગુફા છે. તેમાં પ્રવેશવાથી પરિણામ વિપરીત આવશે. ગરીબને રંજાડનારા લુચ્ચાઓ ! જણાવો તો ખરા કે તમે કોણ મુઆ છો અને આ કાળીરાત્રે કઈ તરફથી આવોછો?" આમ બોલતો તે વૃદ્ધપુરૂષ તિક્ષણ નજરે સરદારની સામે જોઇ રહ્યો. તેના શબ્દો સરદારને હાડોહાડ લાગી ગયા. તેણે મોટેથી બૂમ મારી કહ્યું:-" અહો ! આટલું બધું ગુમાન ! બસ બુઢ્ઢા ! હવે તારૂં આવી બન્યું છે. મહારાજા દુર્મદસિંહના સરદાર કજ્જલ-

સિંહથી તારૂં આ પળેજ મ્હોત થનાર છે." આમ બોલતો તે ક્રૂર સરદાર તેના માણસોને સંબોધી બોલ્યોઃ—આગળ વધો અને એકદમ દોડી આ બુઢ્ઢાની પર ટૂટી પડી તેને જમીન દોસ્ત કરો."

સરદારની આજ્ઞા મળતાં શત્રુઓએ તે બુઢ્ઢાને ઘેરી લીધો.

પેલી તરફ દૂર ઉભા રહેલા સમરસિંહ અને સ્નેહસિંહના જાણુવામાં સઘળું રહસ્ય આવી ગયું. દુર્મદસિંહના સરદારને ઓળખી સ્નેહસિંહનું લોહી ઉકળી આવ્યું. તે રાતો—પીળો થઈ એ તરફ દોડી જવાને ઉત્સુક થયો; કે તરત રાજા સમરસિંહે તેનો હાથ પકડી કહ્યુંઃ—"બંધુ! સબુર કર, હજી જોયા કર કે શું થાય છે?"

"નહિ, નહિ. હવે મને જલ્દીથી ત્યાં જવા દયો. પેલો દુષ્ટ સરદાર હમણાંજ એ વૃદ્ધપુરૂષનો ઘાત કરશે. બંધુ! આ સમય અમૂલ્ય જાય છે. તે ગરીબ વૃદ્ધના મૃત્યુની ઘડીયો ગણાય છે."

"ભાઇ! થોડીકવાર સબુર કર." રાજાએ કહ્યું.

સ્નેહસિંહ બળાત્કારે ઉભો રહ્યો. પેલી તરફ વૃદ્ધ પુરૂષને ઘેરી વળેલા શત્રુઓ શસ્ત્રના પ્રહાર કરવા લાગ્યા. તે વૃદ્ધ પુરૂષ પણ આ સમયે વિકાળ સ્વરૂપ ધરી હાથમાં પકડેલી તલવારથી શત્રુઓના આક્રમણને અટકાવતો હતો. તેણે જોતજોતામાં તો તે દુષ્ટોમાંથી બેને પૂરા કર્યા. તેના પરાક્રમથી બાકીના માણસો પાછા હઠવા લાગ્યા. એવું જોતાંજ કજ્જલસિંહે હાથમાં પકડેલી બંદૂકનો એકાએક પ્રહાર કર્યો. ગોળી વૃદ્ધ પુરૂષના માથામાં વાગી. ખોપરી ફુટી ગઇ. "હા રામ..." કહી તે વૃદ્ધ પુરૂષ ધરણી પર ઢળી પડયો. પાપાત્મા કજ્જલસિંહને એટલાથી પણ પુરતો સંતોષ થયો નહિ. તે લાગલોજ કમ્મરેથી જમૈયો ખેંચી પૃથ્વીપર પડેલા વૃદ્ધ પુરૂષ તરફ ધસ્યો. આ બધું થોડીકવારમાં બની

ગયું. તે વૃદ્ધ પુરૂષને જમીનપર ટૂટી પડેલો જોતાંજ ઉશ્કેરાએલો સ્નેહસિંહ એક ઝાટક મારી રાજાના હાથમાંથી પોતાનો હાથ છોડાવી એ તરફ દોડયો અને વૃદ્ધ પુરૂષનો ઘાત કરવાને નીચા નમતા કજ્જલસિંહને પાછળથી લાત લગાવી દૂર ફેંકી દેતાં વિકટ સ્વરે બોલી ઉઠયો:–"નરાધમ ! આ તારૂં શસ્રતનકે ? નરપિશાચ ! બોલ, જવાબ આપ, કે ત્હેં આ નિર્દોષ માણુસનું ખૂન શા માટે કર્યું છે ?"

"તે પહેલાં તું પણ મને જણાવ કે આ કજ્જલસિંહનો જવાબ લેનાર તું કોણ છે?" સરદારે જમીનપરથી ઉભા થઈ દાંત પીશી પૂછ્યું.

"ઓ અધર્મના અવતાર! શું તું હજી અમને ઓળખી શકયો નથી કે? ઓ મુંઢ! ત્હેં આ ઘણુંજ નીચ કર્મ કર્યું છે. તેની શિક્ષામાં તારે પણ આ પળેજ મરવું પડશે." આમ કહેતા સમરસિંહે ત્યાં દોડી આવી તેનો હાથ પકડયો. કજ્જલસિંહે જોરથી હાથ છોડાવી લેતાં પૂછ્યું:—

"તું કોણ છે ?"

"તારો કાળ." સમરસિંહે કહ્યું.

"કાળનું નામ ?" કજ્જલે ગર્જના કરી પૂછ્યું.

"મહારાજા સમરસિંહ. ઓ ચંડાળ ! થા તૈયાર અને બની જા આ સ્નેહસિંહની બંદુકનો શીકાર." કહી સ્નેહસિંહે બંદુક ઉઠાવી. પાપી ગભરાયો. તેના માણસો પણ ભયભીત બની ધ્રુજવા લાગ્યા. એ અરસ્સામાંજ તે નરપશુ સ્નેહસિંહની ગોળીનો ભોગ થઇ જમીનપર પડી તરફડવા લાગ્યો. તેને નીચે પડેલો જોઈ તત્કાળ સ્નેહસિંહ બંદુક નીચે ફેંકી દઇ તેની તરફ ધસ્યો અને એક હાથે તેની છાતી દબાવી બીજા હાથે સમશેર ઉંચી કરી બોલી ઉઠયો:–"ઓ પામર પિશાચ! ઓ રાજપૂરને રંડાવનાર રાક્ષસ! આજે હું મારા એક દુશ્મનને પૃથ્વી

પરથી વિદાય કરી નર્ક કુંડમાં મોકલું છું. જા પાપી ! ભયાનક યમરાજની સાથે જલ્દીથી જા અને ત્યાં જઇ તારા દુષ્ટ રાજા દુર્મદસિંહની રાહ જોજે. તેને માટે તારી જોડેજ જગા કરી રાખજે, હું તેને પણ થોડા વખતમાં તારી પાસે મોકલી આપીશ." આમ બોલતા સ્નેહસિંહે ઉગ્ર આવેશથી તેનું માથું ધડથી જુદું કરી નાખ્યું.

દૂર ઉભો રહેલો સમરસિંહ સ્નેહસિંહનું આવું નિર્દય કર્મ જોઈ કંપ્યો, પણ બંધુની ઉગ્ર મૂર્તિ નિહાળી એક અક્ષરનો ઉચ્ચાર કરી શક્યો નહિ.

તે સ્નેહસિંહ સામે જોઇ રહ્યો. એવામાં કજ્જલસિંહનું લોહીમાં તરબોળ થએલું માથું હાથમાં પકડી સ્નેહસિંહે ભયભીત થઇ ધ્રુજતા સૈનિકોને સંબોધી કહ્યું:—" તમે ડરશો નહિ—ધ્રુજશો નહિ. હું તમને મારી નાખવા નથી ઇચ્છતો. જો તમે મરી જાઓ તો તમારા દુષ્ટ રાજાને આ સમાચાર કોણ પહોંચાડે ? માટે તમે હવે જાઓ અને આ કજ્જલસિંહનું માથું તમારી સાથે લેતા જાઓ. આ માથું તમારા રાજાને આપજો અને તેને કહેજો કે જેવી રીતે ત્હેં રાજપૂરનું રાજ્ય નિર્વંશ કર્યું છે એવીજ રીતે તારૂં સત્યાનાશ કાઢવા સ્નેહસિંહ થોડા સમયમાં આવશે. તે તારા રાજ્યને ઠેકાણે રાન કરશે અને તારા મહેલને ઠેકાણે મશાણ બનાવશે. સૈનિકો ! જાઓ અને તમારા રાજાની ભવિષ્યમાં થનારી ભયંકર ઉથલપાથલની નિશાની તરીકે આ તમારા સરદારનું માથું તેને બતાવજો." આટલું કહી સ્નેહસિંહે એક માણસની નજીક જઇ તેના હાથમાં કજ્જલનું માથું આપ્યું.

પોતાના સરદારનું માથું લઇ ભયભીત થએલા સૈનિકો જેમ વાઘથી ભય પામી હરણ પલાયન કરી જાય, એ પ્રમાણે તેઓ ત્યાંથી દોડી ગયા. સ્નેહસિંહ તેમની પાછળ જોઇ રહ્યો. બાદ સમરસિંહે તેની પાસે

આવી તેને શાન્ત કર્યો અને પછી તેનો હાથ પકડી ઘાયલ થઇ પડેલા વૃદ્ધ પુરૂષની પાસે આવ્યો. તે વૃદ્ધપુરૂષની છેલ્લી ઘડીયો ગણાતી હતી. તેની લાંબી સફેદ દાઢી લોહીથી લાલ રંગાઇ ગઇ હતી. તે મરણને માટે તરફડીયાં મારતો હતો. તેની એવી દુઃખદ દશા નિહાળી તેની પાસે ઉભા રહેલા સમરસિંહ અને સ્નેહસિંહની આંખ્યોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. તે વૃદ્ધ પુરૂષના માથામાંથી હજી પણ રક્તનો પ્રવાહ વહેતો હતો. તેની નજીકમાં લોહીનું ખાબડું ભરાયું હતું. સમરસિંહે તેના મુખપરથી લોહી ધોઇ નાખવાના ઇરાદે સ્નેહસિંહને પાણી લઇ આવવાનું કહ્યું. સ્નેહસિંહ જળ લેવાને ઝુંપડામાં પ્રવેશ્યો. તે ઝુંપડામાં જતાંજ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અંદર જમીન પર પાથરેલી કામળીપર છ સાત વર્ષની ઉમ્મરના આશરાનાં બે સુકુમાર બાળકો ઘસઘસાટ ઉંઘતાં હતાં. ઝુપડાની ઉપરનો થોડોક ભાગ ઉઘાડો હોવાથી ચંદ્રનું રૂપેરી તેજ તે બે બાળકોના ગૌર મુખ પર પડતું હતું. સ્નેહસિંહે નજીક જઇ વાંકા વળી તેમનાં મુખનું નિરીક્ષણ કર્યું. એવામાંજ તે બન્ને બાળકો અકસ્માત્ જાગી ઉઠયાં અને આંખ્યો ચોળી બાપુ–બાપુ કહી આસપાસ જોવા લાગ્યાં. સ્નેહસિંહે તેમના માથા પર હાથ મૂકી કહ્યું:—"ચાલો, તમારા બાપુ બહાર બેઠા છે, હું તમને તેમની પાસે લઇ જાઉં." કહી સ્નેહસિંહ ત્યાં પડેલો પાણીનો ઘડો લઇ બાળકો સાથે બહાર આવ્યો.

તે બાળકોએ બહાર આવતાંજ વૃદ્ધ પુરૂષને લોહિલુવાણ થઇ જમીન પર પડેલો જોયો. આથી તેઓ હૃદયભેદક ચીશ પાડી તેની નજીક દોડી ગયાં અને તેના દેહ પર પડી રડવા લાગ્યાં.

તેમની કરૂણ ચીશથી રાજા અને સ્નેહસિંહનું હૃદય ભરાઇ આવ્યું. બાળકોના કલ્પાંતથી તેમની આંખ્યોમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો.

તે બાળકોના રૂદનનો સ્વર કાનના ઉંડાણમાં સંભળાવાથી તે વૃદ્ધ પુરૂષને ભાન આવ્યું. તેણે આંખ્યો ઉઘાડી બાળકોના સામે જોઇ તેમના શરીરે હાથ ફેરવતાં ક્ષીણ સ્વરે કહ્યું:—"મારાં બાળકો! રડશો નહિ. હું હવે જાઉં છું."

"બાપુ! ક્યાં જાઓ છો?" બન્ને બાળકો તેના મુખ સામે જોઇ બોલી ઉઠયાં.

"જ્યાં દુઃખ નથી, શોક નથી, એવા પ્રભુના દરબારમાં હું આજે પ્રયાણ કરનાર છું. મારાં ગરીબ બાળકો! તમે હવે નિરાધાર થયાં છો. ઉંચે આભ અને નીચે પૃથ્વી સિવાય અન્ય તમારૂં કોઇ રહ્યું નથી. હા! દુષ્ટે દયાહીન્ કાર્ય કરી પૂર્વ જન્મનું વૈર વાળ્યું છે. હા! અત્યારે મારી પાસે કોઇ છે નહિ કે જેથી હું તેને તમારી ભલામણ કરૂં. હું લાચાર..." તે વૃદ્ધ પુરૂષ વધારે બોલી શકયો નહિ. તેનો કંઠ રૂંધાયો. રાજા સમરસિંહ તત્કાળ તેની નજીક આવી બેઠો અને તે વૃદ્ધ પુરૂષને કપાળે હાથ મૂકી બોલ્યોઃ—"મહાત્મા! દિલમાં દુખી થશો નહિ? નિરાધારનો આધાર પરમાત્મા સર્વત્ર વ્યાપી રહ્યો છે. આપની જે આજ્ઞા હોય તે સુખેથી મને જણાવો?"

રાજાનું આવું બોલવું સાંભળી તે વૃદ્ધ પુરૂષે આંખ્યો ઉઘાડી રાજા સામે જોઇ ધીમે સાદે પૂછ્યું:—"દયાળુ પુરૂષ! તમે કોણ છો? દુષ્ટ દુશ્મનો ક્યાં ગયા?"

"તમારો અંત આણનાર પાપાત્મા તમારા પહેલાંજ યમ સદન પ્રત્યે ગમન કરી ગયો છે. મહાત્મા! હું ચંદ્રાવતીનો રાજા સમરસિંહ છું; અને તમારી છેવટની આજ્ઞા સાંભળવાને આતુર છું." રાજાએ કહ્યું.

"રાજન્! તારૂં કલ્યાણ થાઓ. મારાથી હવે વિશેષ બોલી શકાતું

નથી. મને અસહ્ય વેદના થાય છે. મારો કંઠ સુકાય છે. મને થોડુંક પાણી...પાઓ." તરત સ્નેહસિંહે તેના મુખમાં જળ રેડયું. પુનઃ તેણે બોલવા માંડયું:—"રાજા! તને મારી મરતી વખતની આજ્ઞા છે કે તું આ બે બાળકોને તારી સાથે લઇ જા. તેમનું દુનિયામાં કોઇ નથી. આજથી આ બાળકોનો પિતા તુંજ છે. તું તેમનું પેટના પુત્રની માફક પાલન કરજે." આમ કહી તે વૃદ્ધ પુરૂષે શરીરપર પડેલાં બન્ને બાળકોને માથે હાથ મૂકી કહ્યું:—"બેટા વિજય અને પુત્રી કમળા! તમે આ પાસે બેઠેલા રાજાની સાથે જાઓ. તમે તેમને તમારા પિતા સમાન સમજજો." કહી તેણે તે બે બાળકોના હાથ પકડી બીજા હાથે રાજાનો હાથ પકડી કહેવા માંડયું:—"સત્યવાદી રાજા! જેનો પાલક કોઇ નથી તેનો પાળક રાજા કહેવાય છે. તે પ્રમાણે તું આ મારાં પ્રિય બાળકોનું સારી રીતે પાલન કરજે. તેમને સુખી જોઇ હું સ્વર્ગમાંથી તને આશિષ દઇશ." આટલું કહી તેણે તે બન્ને બાળકોના હાથ રાજાના હાથમાં મૂકયા. બાળકો હૃદયફાટ કલ્પાંત કરી બોલી ઉઠયાં:—"ઓ બાપુ! તમે કયાં જાઓ છો? અમને સાથે લેતા જાઓ. અમે તમારા વિના એક પળ પણ જીવતાં રહેનાર નથી." આવી રીતે બોલતાં તે બાળકો પુનઃ તેના શરીર પર પડી રૂદન કરવા લાગ્યાં. તે વૃદ્ધ પુરૂષે તેમના શરીરે હાથ ફેરવી આશ્વાસન આપ્યું. બન્ને બાળકો શાન્ત થવાને બદલે વધારે રડવા લાગ્યાં. વૃદ્ધ પુરૂષે દયાર્દ્ર નેત્રે વિજય કુમારના સામે જોયું. તેને પોતાની સામે જોઈ રહેલો જોઇ બાળક વિજયે રૂંધાતા કંઠે કહ્યું:—

"કોના ભરોંસાપર તજી, આ બાપુ ચાલ્યા જાઓ છો;
કરી નિરાધાર અવનિમાં, એકાએક ક્યાં જાઓ છો?"

બાપુ ! અમને તજીને ન જશો. દુષ્ટ શત્રુઓ અમને મારી નાંખશે. તમારા વિના અમારૂં કોણ રક્ષણ કરશે ?"

"તમારી રક્ષા કરનાર હવે શ્રી હરી છે અને બીજા આ પવિત્ર રાજન્ છે. મારાં બાળકો !

જેણે રક્ષા કરી ઉદરમાં, તે પ્રભુજી પાળશે,
આશ રાખો તેમની, તે શોક સકળને ટાળશે.
કરી રક્ષા ધ્રુ પ્રલ્હાદની, તે ક્યમ તમને ભૂલશે,
રડો નહિ પ્રિય બાળકો, તે રામ સુખમાં રાખશે."

આવો કરૂણ દેખાવ જોઇ રાજાનું હૃદય ચીરાવા લાગ્યું. તેણે વૃદ્ધ પુરૂષની છેક નિકટ જઇ કહ્યું:—"મહાત્મન્! કોઇ પણ બાબતની ચિંતા કર્યા વિના આ તમારી છેલ્લી ઘડી સુધારજો. હું પ્રભુને હાજર ગણી કહું છું કે જ્યાં સુધી આ દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હું આ બાળકોનું રક્ષણ કરીશ. હું તેમને મારાં પોતાનાંજ સંતાન સમાન સમજીશ. તેમને કોઇ પણ પ્રકારે દુઃખી થવા દઇશ નહિ."

"તારૂં સદા–સર્વદા કલ્યાણ થાઓ." કહી તે વૃદ્ધ પુરૂષે પાસે બેઠેલાં બાળકોને પુનઃ નજીક ખેંચી છાતી સરસાં ચાંપ્યાં અને કમ્મર-માંથી બે સુવર્ણની અંગુઠીઓ કાઢી તેમની આંગળીઓએ પહેરાવતાં કહ્યું:–"બાળકો! ગમે એવી આફત આવી પડે તોપણ આ અંગુઠીઓ ગુમાવશો નહિ. આ અંગુઠીઓના પ્રતાપે આખરે તમારો વિજય થશે. બેટા ! તમે કલ્પાંત કરશો નહિ. હું હવે તમારાથી સદાયને માટે વિદાય થાઉં છું. આ સામે બેઠેલા રાજાને તમારા પિતા સમાન સમજી તેમની આજ્ઞાનું પાલન કરજો." આટલું બોલી તેણે રાજા સામે જોઈ કહ્યું:–"રાજન્!

જાઉં તજી આ બાળકો, સોંપી હરીના શરણમાં,
જાણ્યું નહિ કે આ રીતે, મરણ હશે મમ ભાગ્યમાં;

તું પવિત્ર પૃથ્વી પતિ, અંત વચન આ માનજે,
તુજ પેટ પુત્ર સમ ગણી, આ બાલુડાં પાળજે."

હા! કલ્યાણ. રામ. શ્રી કૃષ્ન. શ્રી...ર...ર...મ..." બસ થઈ ચૂકયું. તે વૃદ્ધ પુરૂષનો કંઠ રૂંધાયો. આંખ્યો ઉંચે ચઢી ગઈ. નાડીયો તૂટવા લાગી. રાજા સમરસિંહ કંઈ પણ પૂછે તે પહેલાં તો તેનો પ્રાણ દેહ પિંજર છોડી અલખ ચેતન્યમાં મળી ગયો. બાળકોએ હૃદય ફાટ આક્રંદ કરી મૂકયું. સમરસિંહ ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો. સ્નેહસિંહ પણ એક નાના બાળકની માફક રૂદન કરવા લાગ્યો. તે પછી થોડીકવારે રાજા સમરસિંહે શાન્ત થઈ પાસે બેઠેલાં બાળકોને છાતી સરસાં ચાંપી સમજાવી છાનાં રાખ્યાં.

અંતે પ્રભાત થવા આવ્યું. આછો-આછો પ્રકાશ અવની પર છવાવા લાગ્યો. વૃદ્ધ પુરૂષના શબને બરાબર સૂવારી રાજા ઝુંપડીમાં ગયો. ઝુંપડીમાં એક કામળી અને એક લાંબી લાકડી પડેલી હતી. એક ખૂણામાં લાકડાનો ઢગલો કરેલો હતો. તે ઢગલાની ઉપર લુગડાના કટકાથી બાંધેલી કંઇક ચીજ પડેલી હતી. રાજાએ તેને હાથમાં લઇ લુગડું છોડી નાખ્યું. અંદરથી એક બ્હેંત લાંબી હાથી દાંતની સમચોરસ પેટી નીકળી. તે પેટી બરાબર રીતે બંધ કરેલી હતી. તેની ઉપર એક કાગળ ચોંટાડી લખેલું હતું કે " આ પેટી કોઇએ ઉઘાડવી નહિ. તેમ છતાં જો કોઇ સાહસ કરી ઉઘાડશે તો તે ઘણો દુઃખી થશે. આ પેટીને ઉઘાડવાનો હક્ક ફક્ત વિજય અને કમળાનોજ છે, તેઓ આ પેટીનાં માલીક છે; તેઓએ પણ જયારે તેમની ઉમ્મર બાવીશ વર્ષની થાય ત્યારેજ આ પેટી ઉઘાડવી."

આવું વાંચતાં રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે તે પેટી

સાથે લઇ લીધી અને ઝુંપડામાંથી બહાર નીકળી સ્નેહસિંહ પાસે આવી પેટી તેને આપી. સ્નેહસિંહે ઉપરનો લેખ વાંચી તેને વસ્ત્રમાં બાંધી દીધી. બાદ બન્ને ભાઇઓએ ઝુંપડામાંથી લાકડાં લાવી ચિતા ખડકી અને તેની પર વૃદ્ધ પુરૂષના મૃત દેહને સૂવાર્યો. રાજાએ ચકમકના પત્થરથી દેવતા પ્રકટ કરી વિજયના હાથે અગ્નિ સંસ્કાર કરાવ્યો. ચિતા ભડભડાટ સળગવા લાગી. અગ્નિની પ્રચંડ જ્વાળાઓ શબને ચારે તરફ વિંટાઇ વળી. વિજય-કમળા છાતીફાટ કલ્પાંત કરવા લાગ્યાં. સ્નેહસિંહ તેમને છાતી સાથે દબાવી છાનાં રાખવા લાગ્યો. લગભગ બે કલાકમાં તો અગ્નિ દેવે તેમનું કામ પૂર્ણ કર્યું.

પ્રભાકર પ્રભુ તેમનાં તેજોમય કિરણોથી પ્રકાશી રહ્યા હતા. હવેજ સમરસિંહને તપાસ કરતાં માલમ પડયું કે અમે ચંદ્રાવતીથી ઘણે દૂર નીકળી આવ્યા છીએ. આ પર્વતની પેલી તરફથી દુર્મદસિંહના તાબાની સરહદ શરૂ થાય છે. બન્ને બંધુઓએ માર્ગ ખોળી જવાની તૈયારી કરી. સ્નેહસિંહે સીટી વગાડી દૂર ચરતા અશ્વોને નજીક બોલાવ્યા. સમરસિંહ કમળાને અને સ્નેહસિંહ વિજયને આગળ બેસાડી ઘોડેસ્વાર થયા. બન્ને બાળકો દયામણે મુખે તેમના ખોળામાં બેસી રહ્યાં. તે પછી રાજાએ અને સ્નેહસિંહે ચિતાની ભષ્મ તરફ એકવાર નજર કરી ઘોડાને ચંદ્રાવતીના માર્ગે મારી મૂકયા.

બરાબર મધ્યાહ્નકાળે તેઓ નગરમાં આવી પહોંચ્યા. તેમને માટે શોધાશોધ થઇ રહી હતી. રાજાને જોઇ સઘળાંને આનંદ થયો. રાજાએ સ્નેહસિંહ સાથે મહેલમાં પ્રવેશ કર્યો. બન્નેને ભૂખ કકડીને લાગી હતી. ભોજન તૈયાર હોવાથી તેમણે સ્નાનાદિક કર્મ કરી વિજય-કમળા સાથે જમી લીધું.

ભોજન કાર્યથી પરવારી રાજાએ રાજપૂરના તમામ વર્તમાન ગુણસુંદરીને જણાવ્યા. રાણીના કોમળ હૃદયમાં સખ્ત આઘાત થયો. તે આંખ્યોમાંથી શ્રાવણ–ભાદરવો વરસાવતી બેશુદ્ધ થઇ ગઇ. સ્નેહસિંહની પત્ની વીરમતીએ તેના માથે ગુલાબજળ છાંટી સાવધ કરી. ગુણસુંદરી રૂદન કરવા લાગી. રાજાએ તેને આશ્વાસન આપી વિજય–કમળાને ત્યાં બોલાવ્યાં. બન્ને બાળકો ગુણસુંદરીને જોતાંજ "એ મારી મોટી બ્હેન" કહી વળગી પડયાં. ગુણસુંદરી પોતાનાં ભાંડુને છાતી સાથે દાબી રૂદન કરવા લાગી. એટલામાં સ્નેહસિંહની પુત્રી વસંતકુમારી કે જેની ઉમ્મર પાંચ વર્ષની હતી તે રમતી–રમતી ત્યાં આવી અને રૂદન કરતી રાણીના આંસુ લ્હોઇ કાલુ–કાલુ બોલવા લાગી. ત્યાર બાદ સમરસિંહ અને સ્નેહસિંહ ત્યાં થોડીકવાર બેસી દરબારમાં ચાલ્યા ગયા. વિજય–કમળા અને વસંત ભેગાં મળી રમવા લાગ્યાં. તેમની આનંદ જનક ખૂમોથી રાજ મહાલય ગાજી રહ્યું.

પ્રકરણ ૪ થું.

" પૂર્વ ઇતીહાસ. "

પૂર્વે આર્યાવર્તના ઉત્તર વિભાગમાં નૌત્તમનગર નામક રમણીય શહેર આવેલું હતું. ત્યાં દુર્મદસિંહ નામનો મહારાજા રાજ્ય કરતો હતો. તેના જેવો જુલમગાર ભુપતિ તે વખતે કોઇજ નહોતો. તેનું રાજ્ય વિસ્તારમાં ઘણું વધેલું હતું. રાજા દુર્મદસિંહ બળવાન અને સ્મૃદ્ધિવાન ગણાતો હતો. તેના રાજકોષમાં અનગળ દ્રવ્ય ભરેલું હતું; છતાં તેના લોભનો થોભ નહોતો. તેને કામ ક્રોધ મોહાદિ રીપુઓ સાથે ગાઢી મિત્રાચારી બંધાએલી હતી. આવા નરાધમ નૃપતિથી રાજા પ્રજા વગેરે થરથર કાંપતા હતાં. ટુંકાણુમાં રાજા દુર્મદસિંહ એ વખતે રાજાના રૂપમાં અવતરેલા રાક્ષસ સ્વરૂપ ગણાતો.

તે પારકાનું સુખ જોઇ બળી મરનાર હતો. સંતાનમાં તેને એક પુત્ર અને એક પુત્રી હતી. પુત્રનું નામ કનકરાજ અને પુત્રીનું નામ રમાસુંદરી હતું. બન્નેની માતા તેમને બાલ્યાવસ્થામાં મૂકીને મરણ પામી હતી. દુર્મદસિંહના રાજ્ય અમલથી રૈયતને લગીર પણ સુખ મળતું નહોતું. આવી રીતે જ્યારે રાજા દુષ્ટ હતો ત્યારે તેનો પુત્ર કનકરાજ અને પુત્રી રમા ગરીબના દુઃખે દાઝનારાં હતાં, પરંતુ પાપી પિતાના ત્રાસથી તેઓ તેમનો એ અમૂલ્ય ગુણ પ્રકાશીત કરી શકતાં નહોતાં. મહારાજા દુર્મદસિંહનાં તાબામાં અનેક નાના-મોટાં રાજ્યો આવેલાં હતાં. તેના તાબાના રાજા-ઠાકોર અને સરદારો તેનાથી નિરં-

તર ભયભીત રહેતા. કોઇ પણ રાજા તેની સામે માથું ઉચકવાની હિંમત કરી શકતો ન હોતો. પરંતુ તેની સામે થઈ શકે એવો ફક્ત એકજ રાજા હતો કે જેનું નામ સમરસિંહ હતું. આખા રાજસ્થાનમાં દુર્મદસિંહ અને સમરસિંહ મોટા મહારાજા ગણાતા. સમરસિંહ ચંદ્રાવતી નગરમાં રાજ્ય કરતો હતો. તે યુવાન રાજા સદ્‌ગુણનો ભંડાર અને પ્રજાને નિરંતર સુખી કરનારો હતો. આવા પવિત્ર રાજાને દુર્મદસિંહ ઇર્ષ્યાની નજરે જોતો અને તેની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ તપાસતો, ચંદ્રાવતી નૌત્તમ નગરથી ઘણું દૂર આવેલું હતું. આ બન્ને રાજ્યો વચ્ચે પરાપૂર્વથી વૈર ચાલ્યું આવતું હતું. સમરસિંહે વૈરનો ત્યાગ કરી સલાહ શાન્તિ કરવાને દુર્મદસિંહને અનેક વખતે સમજાવ્યું હતું પણ પારકાં રાજ્ય પચાવી પડનારા તે રાજાના ધ્યાનમાં ઉતર્યું ન હોતું. તે પ્રપંચી રાજા ચંદ્રાવતીનું અનિષ્ટ કરવાને કારસ્થાન કરતો પણ વીર સમરસિંહ અને તેના લઘુ ભ્રાતા સ્નેહસિંહની કાર્ય દક્ષતાથી ફાવી શકતો ન હોતો. આ વખતે રાજપૂર નામક નાના નગરમાં કેશરીસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનું રાજ્ય દુર્મદસિંહના તાબે હતું. કેશરીસિંહ પ્રતિ વર્ષે પાંચ હજાર સુવર્ણ મુદ્રા ખંડણી તરીકે મોકલતો હતો. આ નાનો રાજા ધર્મીષ્ટ અને પ્રજા પાલક હતો. તેને પણ રાજસિંહ અને ગુણસુંદરી નામક પુત્ર પુત્રી હતાં. માતા–પિતાના પરિશ્રમે બન્ને બાળકો ઉમ્મરે વધતાં સર્વ ગુણ સંપન્ન થયાં હતાં. રાજકુમાર રાજસિંહ ગુણસુંદરીથી પાંચ વર્ષે મોટો હતો. દિવસો આનંદમાં નિર્ગમન થતા હતા. એવામાં પ્રભુ કૃપાએ કેશરીસિંહની રાણીએ ચાર–ચાર વર્ષના અંતરે પુત્ર–પુત્રીને જન્મ આપ્યો. તેમનાં નામ વિજય–કમળા પાડવામાં આવ્યાં. ગુણવંતી ગુણસુંદરી તેનાં ભાઇ બ્હેનને રમાડવા લાગી. વીર રાજસિંહ આખો દિવસ જંગલોમાં ફર્યા કરતો.

રાજસિંહનો બાંધો મજબુત હતો. તેણે તેની સોળ વર્ષની ઉમ્મર થતાં-માંતો વિદ્યા ઉપરાંત શસ્ત્ર–અસ્ત્ર વાપરવાની કળાનું સારૂં શિક્ષણ મેળવી લીધું. તેને શીકારનો ઘણો શોખ હતો. તે હમ્મેશાં જંગલમાં શીકાર કરવાને નીકળી પડતો. એક દિવસના સમાયોગે રાજસિંહ એક વાઘની પાછળ પડતાં નૌત્તમ નગર સુધી આવી પહોંચ્યો. ઉન્હાળાની ઋતુ હોવાથી સખ્ત તાપ પડતો હતો. રાજસિંહના શરીરે પરસેવાના રેગેરેગ વળયા હતા. તેણે આસપાસ નજર કરી જોયું તો જણાયું કે સામે એક બગીચો આવેલો છે. આ બગીચો રાજા દુર્મદસિંહે બનાવ્યો હતો. તેમાં પુરૂષ વર્ગને પ્રવેશવાની સખ્ત મનાઇ હતી. રાજકન્યા રમા હમ્મેશાં સાંજના સમયે આ બગીચામાં ફરવા આવતી હતી. ગરમીથી અકળાએલો રાજસિંહ ઘોડાને લઈ તે બગીચામાં પેઠો. આ વખતે ત્યાં કોઈ પહેરેદાર નહોતો. માળી–મજુરો બગીચાની બીજી બાજુએ કામમાં રોકાએલા હતા. રાજસિંહ ઘોડાને દોરી બેધડક આગળ ચાલ્યો અને વૃક્ષોની ઘનઘોર ઘટાવાળી જગાએ જઇ ઘોડાને ઝાડ સાથે બાંધી આડો થયો. સાંજનો સમય હતો. ઘટાવાળી કુંજમાં શિતળ પવન આવતો હતો. ઉકળાટથી અકળાએલો રાજસિંહ થોડીવારમાંતો નિદ્રાધિન થઇ ગયો. તેને નિદ્રાવશ થયે થોડીવાર થઈ હશે એટલામાંતો તેની પાછળ આવેલા અશોક વૃક્ષની બખોલમાંથી એક કાળો વિષધર નાગ બહાર નીકળ્યો. એ અરસ્સામાંજ ફરવા નીકળેલી રાજકન્યા તેની સાહે-લીયો સાથે ફરતી–ફરતી ત્યાં આવી ચઢી. અચાનક તેની નજર એ તરફ ગઇ. તેણે ચમકીને હાથ લાંબો કરી સાથેની સખીઓને એ પ્રકાર દેખાડયો. મોટા નાગને જોતાંજ સર્વ સખીયોએ ગભરાઇને બુમરાણ મચાવી મૂક્યું. તેમની બુમોથી નિદ્રાવશ થએલો રાજસિંહ ઝબકી ઉઠયો. તેને જાગૃત થએલો જોતાંજ એક સાહેલીએ બૂમ-

મારી કહ્યું:—" ઓ ભાઇ ! ઉભા થઇ જાઓ, તમારી પાછળ મોટો સાપ નીકળયો છે."

સાપનું નામ સાંભળી રાજસિંહ સફાળો ઉભો થયો અને પાછળ દ્રષ્ટિ કરતાં તેની નજરે એક મોટો ભોરીંગ જણાયો. બૂમાબૂમથી એ નાગ આગળ નહિ વધતાં બીજી બાજુએ ફર્યો અને પકડાઇ જવાના ભયે પાણીના રેલાની માફક ચાલવા લાગ્યો. બગીચાના માળી—મજુરો પણ કયારનાએ ત્યાં આવી એકઠા થઈ ગયા હતા. જોત જોતામાં એ કાળો નાગ નજીકમાં આવેલા એક દરમાં પેશી ગયો. માળી વગેરે તેમના કામ પર વળગી ગયા. રમાસુંદરી આડી નજરે રાજસિંહના મુખનું અવલોકન કરી રહી હતી. રાજસિંહ આત્મગત્ બોલતો હતો કે:—" જો આ બાળાઓ સમય સર અહિંયાં આવી ચઢી ના હોત, તો જરૂર એ વિષધર નાગ મારો પ્રાણ લેત." આમ બોલતા રાજપુત્રે રાજકન્યાની પાસે જઇ ઉપકાર માન્યો. રમાએ સ્મિત્ હાષ્ય કરી તેનો પરિચય માગ્યો. રાજસિંહે તેને પોતાનો પૂર્ણ પરિચય કરાવ્યો. રમા તેના રૂપથી અને બોલવાની છટાથી મોહ મુગ્ધ થઇ ગઈ. રાજસિંહે પ્રથમ પરિચય દાખલ આંગળીએથી એક અમૂલ્ય અંગુઠી ઉતારી રમાના હાથ માં મૂકી. રમાએ તે લેવાને ના પાડી; પરંતુ રાજસિંહની હઠ આગળ તેની ના વધારે વખત ટકી શકી નહિ. રમાએ તેની અંગુઠી લઈ થોડીકવાર વિચાર કરી પોતાની આંગળીએથી પણ એક હીરાની વિંટી કાઢી તેને આપી. બાદ રાજસિંહે જવાની રજા માગી. રમાએ "કોઇકિ દિવસ ફરીથી મળજો" કહી રજા માગી. રાજસિંહ ઘોડે સ્વાર થઇ ત્યાંથી ચાલી નીકળયો અને બગીચાના બીજા દ્વારે થઈ રાજપૂરના પંથે પળ્યો. તેના ગયા પછી રમા ઘણીવાર સુધી વિચારગ્રસ્ત અવસ્થામાં ઉભી રહી. તેના કોમળ હૃદયમાં વિચાર કરતી બાળા સખીયો

સાથે મેહેલે આવી. તે દિવસથી તેના હ્રદયમાં રાજસિંહ પ્રત્યેના પ્રેમે નિવાસ કર્યો. દિન પરદિનજતાં એ પ્રેમ બળવત્તર થતો ગયો. રાજસિંહ પણ ચોથે-પાંચમે નૌત્તમનગરમાં આવી રાજકન્યા ને મળી જતો. રાજકન્યાની ચતુર સખીયો બન્નેના મિલનને માટે ગુપ્ત ગોઠવણુ કરી આપતી. ઘણા સમય સુધી આ વાત કોઇના જાણવામાં આવી નહિ. રમાએ રાજસિંહની એક મોટી છબી રાજપૂરથી મંગાવી પોતાના ઓરડામાં રાખી. રમા દિવસનો ઘણો ખરો ભાગ તે છબી પાસે બેસી રહેતી. એ છબીમાંનો રાજસિંહ પ્રત્યક્ષ છે ધારીને તે છબી આગળ ગાન ગાઈ આનંદ કરતી. એક દિવસે રમાસુંદરી છબીની આગળ બેસી એકાદ ગાન ગાઇ રહી હતી, એવામાં રાજા દુર્મદસિંહ એકાએક ત્યાં આવી ચઢયો અને રમાનું કાર્ય નિહાળી વિસ્મય થયો. રમા પણ પિતાને અચાનક ત્યાં આવેલા જોઈ ગભરાઇ. તે સિતારને નીચે મૂકી ઉભી થઈ. દુર્મદે રોષ યુક્ત વદને છબી વિષે પ્રશ્ન કર્યો. અસત્ય બોલવાની પ્રતિજ્ઞા વાળી બાળાએ પિતા સમક્ષ છબીનો સ્પષ્ટ ખૂલાસો કર્યો. એક નાના ઠાકોરના પુત્ર પ્રતિ એક મોટા મહારાજાની પુત્રી ભક્તિભાવ ધરે એ દુર્મદસિંહને ગમ્યું નહિ. તેણે ઘણાં અસભ્ય વચનો રમાને સંભળાવ્યાં. અંતે રમાએ પણ અકળાઇને તેની સાથેજ પરણવાની પિતા સમક્ષ ભિષ્મ પ્રતિજ્ઞા કરી. દુર્મદ ગુસ્સે થઇને ચાલ્યો ગયો. તેણે આ બાબતની છૂપી તપાસ કરી. તેને સઘળી બાબતની ખબર પડી. તે રાજસિંહ પર અત્યંત ગુસ્સે થઇ ગયો. તેણે રમાને નગરની પાદરે આવેલા એક રમણીય નાના મહેલમાં મોકલી દીધી અને આસપાસ સખ્ત પહેરો મૂકી દીધો. રમા રાજસિંહની છબીને સાથે લઈ ગઇ. તે નિરંતર ત્યાં રહી રાજસિંહની જપમાળા જપવા લાગી.

આ વાતને ઘણા દિવસ થઈ ગયા હતા. એક દિવસની સાંજે રાજા

દુર્મદસિંહ તેના પાંચેક સરદારો સાથે બગીચામાં બેસી વાર્તાવિનોદ કરી રહ્યો હતો; એવામાં બગીચાના રક્ષકે ત્યાં આવી એક બારોટના આવ્યાના સમાચાર જણાવ્યા. રાજાએ તેને આવવા દેવાની આજ્ઞા આપી. રક્ષક નમન કરીને ચાલ્યો ગયો અને થોડીવારે એક વયોવૃદ્ધ બારોટને લઇ ત્યાં હાજર થયો. બારોટે રાજાને આશિષ આપી કેટલાંક મનોરંજક કવિતો લલકાર્યાં. રાજાએ તેનાં કવિતોથી ખુશ થઈ ઇનામ આપ્યું. આ ભાટ મુસાફરી કરીને આવેલો હતો. રાજાએ તેને કયાંથી આવો છો એમ પ્રશ્ન પૂછ્યો. જવાબમાં તેણે જણાવ્યું કે "હું ઘણા લાંબા સમયથી યાત્રાએ નીકળ્યો હતો અને ત્રણેક દિવસથી રાજપૂરમાં આવીને રહ્યો હતો. ત્યાંના રાજાનો શિરપાવ લઇ હું આજ ત્યાંથીજ ચાલ્યો આવ્યો છુ." દુર્મદસિંહે રાજપૂરનું નામ સાંભળી ત્યાંની નવાજુની પૂછી. મીઠું મરચું ભભરાવી વાત કહેનાર ભાટે રાજા કેશરીસિંહની તારીફ કરી રાજકન્યા ગુણસુંદરીનાં હદ ઉપરાંત વખાણ કર્યાં. વિષયાંધ રાજા ભાટના વખાણથી મોહ પામ્યો. તેણે તેજ વખતે એક સરદારને રાજા કેશરીસિંહ પાસે તેની કન્યાનું માગુ કરવા મોકલ્યો. તે પછી રાજા સર્વને લઇ મહેલે આવ્યો. રાજપૂર ગયેલા સરદારે ત્યાં જઈ કેશરીસિંહ પાસે કન્યાનું માગુ કર્યું. કેશરીસિંહ પ્રથમ તો ચમકયો. તેણે મન સાથે વિચાર કર્યો. તે દુર્મદસિંહના સ્વભાવને સારી રીતે ઓળખતો હતો. તેની સાથે લગ્ન કરવાથી મારી પુત્રી ભવિષ્યમાં ઘણી દુઃખી થશે; કારણકે વિષયાંધનો મોહ થોડા સમયને માટેજ હોય છે. આવી રીતના અનેક વિચાર કરી અંતે કેશરીસિંહે આવેલા સરદારને સવિનયથી જણાવ્યું કે " મારા જેવા એક નાનકડા રાજાની કન્યા મોટા મહિપતિને ત્યાં શોભે નહિ. " વગેરે વાતો કહી ના પાડી. સરદારે તેને ઘણુંએ સમજાવ્યો પણ તેણે માન્યું નહિં બાદ સરદારે નોત્તમનગર આવી દુર્મદસિંહને સઘળી વાત જણાવી.

દુર્મદ ઘણો ગુસ્સે થઈ ગયો. તેણે તેજ વખતે રાજપૂરને પાયમાલ કરવાની પ્રતિજ્ઞા કરી. નોત્તમનગરમાં યુદ્ધની તૈયારીઓ થવા લાગી.

આ વાતની રમાને જાણ પડતાં તેના દુ:ખનો પાર રહ્યો નહિ. તેના દુ:ખમાં આશ્વાસન આપનાર તેના ભાઇ કનકરાજ વિના અન્ય કોઇ નહોતું. તે આ વખતે તાવની બીમારીથી પીડાતો હતો. રાજસિંહ અને રમાના મેળાપને પણ ઘણા દિવસો થઇ ગયા હતા. બન્ને એક-બીજાને મળવાને ઘણાંજ આતુર થઈ રહ્યાં હતાં, પણ દુર્મદના સખ્ત પ્રતિબંધને લીધે રાજસિંહ રાજકન્યાને મળી શકતો ન હોતો. તે વ્યથિત હૃદયે દિવસો નિર્ગમન કરતો હતો. રમાની તેનાથી અધિક દુ:ખ દાયક સ્થિતિ હતી. તેની પાસે હમ્મેશાં બે દાસીયો રહેતી હતી. તે દાસીયો તેને આશ્વાસન આપતી હતી. રમાએ તેમાંની એક દાસીને સમજાવી જણાવ્યું કે તું મારો એક પત્ર રાજસિંહને પહોંચાડી આવ. દાસી જવાને કબુલ થઇ. રમાએ સર્વ બીના લખી એક પત્ર દાસીને આપ્યો. ચાલાક દાશી રાજપૂરના પંથે વળી. રાજપૂર નૌત્તમ નગરથી બાવીશ માઇલ દૂર થતું હતું. દાશી બીજા દિવસની સાંજે રાજપૂરમાં આવી રાજસિંહને મળી. તેણે સાથે આણેલો પત્ર કુમારના હાથમાં મૂકયો. રમાનો દુ:ખદાયક પત્ર વાંચતાં રાજસિંહના રોમાંચ ખડાં થયાં. તેણે આશ્વાસન યુક્ત એક પત્ર લખી દાસીના હાથમાં આપ્યો; અને તેને કહ્યું કે તું રમાદેવીને ધિરજ આપી જણાવજે કે રાજસિંહ આજથી આઠમા દિવસની મધ્ય રાત્રે તમને ગમે એ પ્રકારે આવીને મળી જશે. દાસી પત્ર લઈ વિદાય થઇ અને રાજકન્યા પાસે આવી પત્ર આપ્યો તથા રાજસિંહનો સંદેશો કહી સંભળાવ્યો.

રમાએ પત્રમાં જણાવેલી વાત રાજસિંહે પોતાના પિતાને જણાવી.

રાજાએ પણ સૈન્યની તૈયારી કરવા માંડી. તે પછી રાજા કેશરીસિંહે રાણી તથા પુત્રની સાથે મસલત ચલાવી ગુણસુંદરીને ચંદ્રાવતીના રાજા સાથે પરણાવી દેવાનો નિશ્ચય કર્યો. તેમણે તેજ વખતે એક પત્ર લખી સાંઢણી સ્વારને ચંદ્રાવતી તરફ રવાને કર્યો. તે સ્વારે ચંદ્રાવતી પહોંચી સમરસિંહને પત્ર આપ્યો. ગુણસુંદરી જેવી ગુણવાન કન્યા સાથે લગ્ન થનાર હોવાથી રાજાને અત્યાનંદ થતો. રાજાએ ખાંડુ લઇ પોતાના ભાઇ સ્નેહસિંહને રાજપૂર મોકલ્યો. કેશરીસિંહે મોટી ધામધુમથી ખાંડા સાથે ગુણસુંદરીનું લગ્ન કર્યું. બાદ સ્નેહસિંહ ગુણસુંદરીને લઇ પોતાના નગરમાં આવ્યો.

આ વાતની રાજા દુર્મદને ખબર પડતાં તેના ક્રોધમાં વૃદ્ધિ થઈ. તે આકળવિકળ થઈ ગયો. તેણે તેજ વખતે રાજા કેશરીસિંહ પર લઢાઇનો પેગામ મોકલી આપ્યો.

આ બધું સાત દિવસમાં બની ગયું. આઠમે દિવસે વીર રાજસિંહ દુર્મદના સૈન્યની ગુપ્ત તપાસને અર્થે અને રાજકન્યાને મળવાને માટે પોતાના એક વિશ્વાસુ મિત્રને લઈ ઘોડેસ્વાર થયો. બન્ને મિત્રોએ નોત્તમ નગરના માર્ગે ઘોડાઓને પૂરપાટ દોડાવી મૂક્યા.

પ્રકરણ ૫ મું.

—:o:—

પૂર્વ ઈતીહાસ ચાલુ.

સૂર્ય ભગવાન સ્વસ્થાને ક્યારનાએ પધારી ગયા હતા. રાત્રિનું રાજ્ય શરૂ થયું હતું. કૃષ્ણપક્ષ હોવાથી સર્વત્ર અંધકાર છવાએલો હતો. આકાશમાં તારાઓ હિરાની માફક ઝગઝગી રહ્યા હતા. આખા દિવસના પરિશ્રમથી શ્રમિત થએલાં જનો નિદ્રાની સુખમય શાન્તિ અનુભવી રહ્યાં હતાં. ધીમે ધીમે મધ્ય રાત્રિનો સમય થવા આવ્યો. રાત્રિ સમસમ અવાજ કરતી વ્યતિત થવા લાગી. કોઇ પણ જાગતું નહોતું. રોંન કરવા નીકળેલા સિપાહીઓ હાથમાં ફાનસો પકડી મહોલ્લાઓમાં ફરતા હતા. તેમણે પહેરેલાં કાળાં વસ્ત્રોથી અને ખભે મૂકેલી લાંબી ડાંગોથી કુતરાં શોર મચાવી શાન્તિને વિખેરી નાખતાં હતાં. આવા સમયે નૌત્તમ નગરની પાદરે આવેલા મહેલના ઓરડામાં રમાસુંદરી તેના વ્હાલાના વિચાર કરતી રાજસિંહની રાહ જોઇ રહી હતી. મહેલમાં આ સમયે કોઇ જાગતું નહોતું. સિપાહીઓ પહેરો ભરી રહ્યા હતા. મહેલની પાછળ આવેલી ગાઢી ઝાડીમાં વસતાં શિયાળવાંના વારંવાર રૂદન ધ્વનીથી રાજકન્યાના વિચારમાં ભંગ પડતો હતો. આખરે વિચાર વમળમાં ગોથાં ખાતી રાજકન્યા ઉભી થઈ અને મુખથી નિઃશ્વાસ નાખી બોલી ઉઠી કેઃ—" હજી રાજસિંહ કેમ નહિ આવ્યા હોય ? શું તેમને અહિં આવતાં કંઇ

વિઘ્ન તો નહિ નડયું હોય? તેમના આવવાનો સમય પણ થઇ ગયો છે." આમ બોલતી તે બાળા સામેની દિવાલ પર લટકાવેલી રાજસિંહની છબી સામે જોઇ રહી. તેણે ઘણીવાર સુધી એ છબીના સામે જોયા કર્યું. તેનો અંતરાત્મા જાણે એ છબીની સાથે કંઇક વાતો ન કરતો હોય એમ તેના મુખપર પ્રકટ થતાં અવનવાં ચિહ્નો ઉપરથી સમજાતું હતું. છબી સામે જોઇ રહેલી બાળાની આંખ્યોમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. તે ગળગળે સાદે બોલી:—"વ્હાલા! શું તમે નહિ આવો? શું તમારા દેદારનાં દર્શન નહિ કરાવો? બોલો, વ્હાલા બોલો?" આમ બોલતી તે બાળા છબીની સામે સજળ નયને જોઈ રહી; પણ તે છાયા છબી તેને શી રીતે પ્રત્યુત્તર આપી શકે? છેવટે રમાસુંદરી અકળાઇને પાછી ફરી અને પુનઃ સોફા પર બેઠી. એવામાંજ તેને કંઇક વિચાર થઈ આવતાં તે ઉભી થઈ અને પલંગ પર પડેલી લીલી સાલ શરીર પર ઓઢી ખુલ્લા જરૂખામાં આવી ઉભી. રમાએ જરૂખામાં આવી બહાર જોયું તો કંઈ જણાયું નહિ. ભિષણ અંધકાર અવનિ પર છવાયો હતો. વૃક્ષો ભૂતની માફક ઉભેલાં ભાસતાં હતાં. સર્વત્ર નિઃસ્તબ્ધતા વ્યાપેલી હતી. એ અરસ્સામાંજ મહેલની પાછળ આવેલી ઝાડીમાં કંઇક ખડખડાટ થયો. રાજકન્યાએ ચમકીને એ તરફ જોયું; તો તેની અત્યત અજાયબીની અંદર જણાયું કે એ ઘોડેસ્વારો તેમના ઘોડાને ધીમે ધીમે ચલાવતા મહેલની સમીપ આવતા હતા. એક ઘોડેસ્વારે તેના હાથમાં લાલ ફાનસ પકડેલું હતું. લાલ રંગના કાચથી પ્રકાશ પણ લાલ રંગનો જણાતો હતો. તેમને જોતાંજ રાજકન્યાની ઉદાશીનતા દૂર નાશી ગઇ. તેનું હૃદય આનંદથી ઉછળવા લાગ્યું. તે આતુર નેત્રે એ તરપ જોઇ બોલી ઉઠી કે:—"આવ્યો, મારા હૃદયનો વિસામો તેનું વચન પાળવાને આવ્યો ખરો. લાવ, હવે હું પણ તેને ઉપર આવવાની અનુકુળતા કરી

આવું." આમ બોલતી રમા અંદર દોડી ગઇ અને થોડીકવારમાં એક લાંબું દોરડું અને એક ફાનસ લઈ પાછી આવી. આવનાર ઘોડેસ્વારો પણ નજીક આવી ઘોડા પરથી નીચે ઉતર્યા. તેમાંના એકે ઘોડાઓને નજીકમાં આવેલા એક ઝાડના થડે બાંધ્યા. આ બન્ને સ્વારો બીજા કોઈ નહિ પણ એકતો રાજસિંહ અને બીજો તેનો મિત્ર અજયસિંહ હતો. તેમણે કાળા ઝબ્બા ઓઢેલા હતા, માથાપર આસમાની રંગના ફેંટા બાંધેલા હતા. તેમનાં મુખ ગૌર અને ઘાટીલાં હતાં. તેમની ઉમ્મર આશરે ચોવીસ–પચ્ચીસ વર્ષની જણાંતી હતી. તેમની કમ્મરે તલવારો લટકતી હતી. બન્ને યુવકોએ થોડીકવાર વિશ્રાન્તિ લઇ મહેલ સામે જોયું. એવામાં અજયસિંહને કંઇક વિચાર સ્ફુરી આવતાં રાજસિંહને પૂછ્યું:—"ભાઇ! આ મહેલ પર કેવી રીતે ચઢી શકશો? અહિં કંઇ પણ ચઢવાનું સાધન મૂકેલું હોય એમ જણાતું નથી. તમે તો કહેતા હતાને કે સર્વ સાધન તૈયાર હશે? પણ અત્યારે અહિંતો કંઇએ જણાતું નથી. ભાઇ! આપણે કેવું વિકટ કામ કરવાને આવ્યા છીએ તે આપ સારી રીતે સમજો છો. આપણે આપણું કામ જલ્દીથી પૂરૂં કરવું જોઇએ; કારણ કે મહેલનો એકાદ પહેરેગીર જો ભોગજોગે આ તરફ આવી ચઢશે તો આપણે અહિંથી સહિસલામત જવું મુસ્કેલ થઇ પડશે."

"વીરા! ગભરાય છે શાને? વીર પુત્રોએ ભયને તો દૂર હાંકી મૂકવો જોઇએ. તારા કહેવા પ્રમાણે જો કોઇ પહેરેગીર આવી ચઢશે તો આ કમ્મરે લટકી રહેલી તલવારથી સ્વર્ગ સદનમાં સિધાવશે." આમ કહી રાજસિંહે એક સંજ્ઞા દર્શક ઝીણી સીસોટી વગાડી. ઉપર ઉભી રહેલી રાજકન્યાએ તત્કાળ ફાનસ બહાર ધરી હલાવ્યું. નીચે ઉભા રહેલા યુવકોના આનંદનો પાર રહ્યો નહિ. રમાએ દોરડાના એક છેડાને ક્યારનોએ એક થાંભલા સાથે બાંધી દીધો હતો. નીચેથી અવાજ

આવ્યા પછી રાજકન્યાએ પુનઃ બીજીવાર ફાનસ હલાવી દોરડાના બીજા છેડાને નીચે ફેંક્યો. એ દોરડાના છેડાને પકડી ઉપર ચઢવાની તૈયારી કરતાં રાજસિંહે બીજા પ્રતિ કહ્યું:—"ભાઈ! હું જાઉં છું. તું બરાબર સંભાળ રાખજે."

"સુખેથી પધારો અને સત્વરે પાછા આવો. હું અહિં ઉભો રહી સંભાળ રાખું છું." અજયે જણાવ્યું.

તે પછી તત્કાળ રાજસિંહે ઉપર ચઢવા માંડયું. રમા સુંદરી જરૂખામાં ફાનસ પકડી ઉભી રહી હતી. જોતજોતામાં તે ઉપર ચઢી આવ્યો. રમાએ હાથ લાંબો કરી તેને ટેકો આપ્યો. રાજસિંહ જરૂખામાં રમા સુંદરી સામે ઉભો રહી હસ્તે વદને બોલ્યો:—"કેમ! કહેવા પ્રમાણે આવી પહોંચ્યોછું ને? દેવી! કુશળતો છો ને?"

"હા, આપે અતિશય પરિશ્રમ લઇ અત્રે આવી દર્શન દેવાની કૃપા કરી છે તેને માટે હું આપની ઉપકારી છું. કહો હવે બીજા કંઈ સમાચાર છે?" રમાએ પૂછ્યું.

"સમાચારમાં મારા પિતાએ તમારા પિતાની માગણી સ્વિકારી નથી. જવાબમાં મારા પિતાએ જણાવ્યું કે એક નાના રાજાની પુત્રી મોટા પૃથ્વીપતિની પત્ની થવાને યોગ્ય નથી. આ જવાબ આપી મારા પિતાએ ગુણસુંદરીને ચંદ્રાવતીના મહારાજા સાથે પરણાવી દીધી છે. આથી તમારા પિતા ઘણા ગુસ્સે થઈ ગયા છે અને મારા સાંભળવા પ્રમાણે સેનાપતિ કજ્જલસિંહને સૈન્યની તૈયારીનો હુકમ પણ આપી દીધો છે." રાજસિંહે જણાવ્યું.

"ખરેખર મારા પિતાની બુદ્ધિ બ્હેર મારી ગઈ છે, જો તેમ ન હોય તો તેઓ કદાપિ આવી ઇચ્છા કરેજ નહિ. નાના રાજાની પુત્રી તે પોતાની પુત્રી પ્રમાણે ગણાય. મારી માતાના મરણ પછી

મારા પિતાની બુદ્ધિમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. હું અને મારો ભાઇ તેમને કંઇક કહેવા જઇએ છીએ તો તરત તેમના ગુસ્સાનાં ભોગ થઈ પડીએ છીએ. મારા બાપુ સારી રીતે જાણે છે કે હું તમને ચાહું છું, તેમ છતાં તેઓ મને બીજા રાજાની સાથે પરણાવવાનું ધારે છે. પિતા તરફથી મારે પણ અત્યંત ત્રાસ સહન કરવો પડે છે." રમાએ કહ્યું.

"તે ત્રાસમાંથી મૂક્ત થવાનો ફક્ત હવે જ એકજ રસ્તો રહ્યો છે અને તે એ કે તમારે આજથી મારા પ્રેમનો ત્યાગ કરવો. રમાદેવી ! તમે એક મોટા રાજાનાં પુત્રી છો. હું એક નાના ઠાકોરનો પુત્ર છું. તમારો અને મારો સંબંધ થવો મૂશ્કેલ છે. માટે અત્યારથીજ મને ભૂલી જાઓ." રાજસિંહે જણાવ્યું.

"શું હું તમને ભૂલી જાઉં ? એક વખત મારા કહેલાનો હૃદય-માંથી ત્યાગ કરૂં ? ના, ના. આકાશ અવનિપર ટૂટી પડે તોપણ હું તમારા પ્રેમનો ત્યાગ કરનાર નથી. આ હૃદય એક વખતે અપાયું છે તે હવે અન્યનું થનાર નથી. વ્હાલા ! હું પિતાના ત્રાસની પરવાહ કરનાર નથી. હું તમને ચાહું છું–મરતાં સુધી ચાહીશ." આમ કહી રમાએ તેનો હાથ પકડયો.

"રમા ! આમ કરવાથી દુઃખના ડુંગરાઓ તળે કચડાવું પડશે. તમારો પિતા કેવો ભયંકર માણસ છે એ જાણોછો છતાં શામાટે સાહસ કરી વિપત્તિના વાદળને માથે ખેંચી લ્યો છો ? તમારા પિતાના ક્રોધથી મારે કદાચ આ સંસારમાંથી વિદાય થવું પડશે; તે પછી તમારૂં શું થશે ?"

"જો તમારૂં અનિષ્ટ થશે તો તરત આ રમા પણ તેના પ્રાણ

ત્યાગશે. મારા પ્રેમમાં નડતર કરવાનો મારા પિતાને હક્ક નથી. આપણો બેલી ઇશ્વર છે. તે અવશ્ય આપણને સહાય કરશે. બોલો, વ્હાલા! તમે મારા પિતાના ભયથી મારો ત્યાગ તો નહિ કરોને ?"

"રમા ! હૃદય દેવી! આ શંકા તમને અત્યારે ક્યાંથી ઉત્પન્ન થઇ ? આ શરીરમાં રક્તનું એક પણ બીંદુ રહેશે ત્યાં સુધી હું તમારો ત્યાગ કરનાર નથી. હું તમારા પિતાના ભયથી લેશ માત્ર ડરતો નથી. હું પ્રાણાંત સુધી તમારૂં કલ્યાણ કરવાને તત્પર છું, હું તમારા માટે રાજ્યપાટ વગેરેનો નાશ થવા દઈશ, અરે તમને ત્રાસ આપનાર દુષ્ટની સામે સમશેર ખેંચી ભયંકર યુદ્ધ રંગ ખેલીશ; તેમાં વિજયા તો મ્હોત સંપાદન કરીશ." રાજસિંહે ઉશ્કેરાઇ કહ્યું.

"અરેરે! આ એક નિર્ભાગિનીને માટે તમારે અત્યંત કષ્ટ સહન કરવું પડશે." આમ કહી રમાએ કપાળ પર કર પ્રહાર કર્યો.

"દેવી! શોકાતુર શામાટે થાવ છો ? શુદ્ધ પ્રેમમાં હમ્મેશાં વિઘ્ન આવી નડે છે. સંકટ એ શુદ્ધ સ્નેહની કસોટી છે." રાજસિંહે જણાવ્યું.

"મારા ધારવા પ્રમાણે હવે ટુંક સમયમાંજ યુદ્ધ ઉપસ્થિત થશે. હું મારા પિતાનો સ્વભાવ સારી રીતે જાણું છું. તે તમારી બ્હેનને ચાહે છે, તે તેમની આશામાં તમારા પિતાએ વિષ રેડ્યું છે. કુમાર! તમારે હવે બહુજ સાવધ રહેવાની જરૂર છે. મારૂં કહેવું માની તમે ચંદ્રાવતીના મહારાજા સમરસિંહની મદદ માગો. તે રાજા સત્યવાદી છે. મારા પિતા તેમને પણ કટ્ટા શત્રુ સમજે છે." રમા એ કહ્યું.

"જે દુષ્ટ છે તે પવિત્ર જનોને પણ હમ્મેશાં દુષ્મનની દૃષ્ટિ એ જુવે છે. રાજકુમારી! તમારૂં કહેવું જો કે સત્ય છે, પરંતુ મદદ માગવાનો સમય હવે રહ્યો નથી. ચંદ્રાવતી ઘણું દૂર છે; તેમજ સેનાપતિ કજ્જલસિંહના છૂપા જાસુસો બારીક નજરે તપાસ રાખે છે."

"ત્યારે હવે શું કરશો ? તમારે કોનો આધાર છે ?" રમાએ અકળાઇને પૂછ્યું.

"આ તલવારનો. જ્યાં સુધી આ હાથમાં સમશેર પકડવાનું સામર્થ્ય છે ત્યાં સુધી આ રાજસિંહ એક પગલું પણ પાછળ ભરનાર નથી. રમાદેવી ! આ વાતને હવે બંધ કરો; કારણ કે ભીંતને પણ કાન હોય છે. બોલો હવે મને જવાની રજા છે ?"

"શું આટલી વારમાંજ ચાલ્યા જશો ?"

"હા, નીરૂપાયે એમ વર્ત્યા વિના છૂટકો નથી. હું કેવા વખતે અને કેવા સ્થળે આવેલો છું તેનો તમે પોતેજ વિચાર કરી જુઓ ? દેવી ! નીચે મારો મિત્ર ખોટી થાય છે. કદાચ તેને કોઈ સિપાહી જોઇ લેશે તો મહા ઉત્પાત થશે; માટે હવે જે કહેવું હોય તે સુખેથી કહી મને જલ્દીથી જવાની રજા આપો ?" રાજસિંહ જણાવ્યું.

"વ્હાલા ! આવો, મારી પાછળ પધારો અને મારી મ્હેમાની સ્વિકારો" કહી રમા તેને અંદર લઇ ગઈ. રાજસિંહે સોફાપર સ્થાન લીધું. રમાએ અગાઉથી તૈયાર કરી રાખેલો મેવા મિઠાઇનો થાળ હાજર કર્યો. રાજસિંહે તેમાંથી ખાઈ લીધું. તે પછી પાણી પી જવાને ઉભો થયો. રમાએ સજળ નયને જવાની રજા આપી. રમા–રાજસિંહ પુનઃ જરૂખામાં આવી ઉભાં, રાજસિંહે દોરડું પકડી કહ્યું,

"દેવી ! હું જાઉં છું."

"હા, પધારો. આ રમાને ભૂલી ના જશો." કહી તેણે રાજસિંહના હાથ ચૂમ્યા.

રણજીત દોરડું પકડી સડસડાટ નીચે ઉતરી પડયો. રમા તેની પાછળ જોઈ રહી. રણજીતને નિર્વિઘ્ને આવેલો જોઇ નીચે ઉભો રહેલો

યુવાન ઘોડાઓને છોડી લાવ્યો. રણજીતે જવાની નીશાનીમાં લાલ ફાનસ હલાવ્યું. રમાએ પણ ફાનસ ઉંચુ કરી જાવ એમ જણાવ્યું. રણજીત અને તેનો મિત્ર ઘોડાપર સ્વાર થઈ ચાલવા લાગ્યા. રમા પણ અંદર ચાલી ગઈ. બન્ને મિત્રો ઘોડાને ધીમે-ધીમે ચલાવતા આગળ જવા લાગ્યા. તેઓ જે રસ્તે થઇને જતા હતા ત્યાં પુષ્કળ ઝાડી આવેલી હતી. તે ઝાડીમાં થોડેક દૂર જતાં તેમને એક અદ્દભૂત દસ્ય દેખાયું; કે જે જોતાં તેઓએ તરત લગામ ખેંચી ઘોડાને આગળ વધતા અટકાવ્યા. તેમની નજરે દૂરના એક ઝાડ નીચે કેટલાક માણસો ગોળ કુંડાળું વળીને બેડેલા જણાયાં. એક માણસ હાથમાં સળગતી મશાલ પકડી ત્યાં ઉભો હતો. તેના પ્રકાશમાં કુંડાળું વળી બેડેલા માણસોને જોઈ બન્ને મિત્રોને વ્હેમ પડયો; આથી રાજસિંહે તેના મિત્રને પૂછ્યું:- "અજયસિંહ! આ મધ્ય રાત્રિએ પેલા લોકો આ ઝાડીમાં કેમ એકઠા થયા હશે?"

"શું ખબર પડે? મને લાગે છે કે તેઓ કોઈ હરામખોરોજ હોવા જોઇએ. જો તેમ ના હોય તો તેઓ શામાટે આ વિકટ જગાએ એકઠા મળી મસલત ચલાવે? શું તેમને બીજી કોઈ જગા નહિ મળી હોય?" અજયસિંહે કહ્યું.

આમ વાત ચાલે છે એટલામાં તો તે કુંડાળું વળી બેડેલાં માણસોની નજર તેમની પર પડી. તેઓ એકદમ ઉભા થઈ ગયા અને રાજસિંહ તથા તેના મિત્રની પાસે દોડી આવી ઘેરો ઘાલીને ઉભા રહ્યા. તેમને આવી રીતે ઉભા રહેલા જોઈ રાજસિંહે મોટેથી બૂમ મારી કહ્યું:-"તમે કોણ છો અને અમને સતાવવાનું શું કારણ છે?"

જવાબમાં એક માણસે આગળ આવી કહ્યું:-"છોકરા! તારૂં ટાયલુંમૂકીદે. તું અમારો ચોર છે. ચોરને પકડવો એ અમારૂં કામ છે"

"કોણ હું ચોર ?" રાજસિંહે પૂછ્યું.

"હા, તું અત્યારે ચોરની માફક રાજકન્યાને મળી અહિં આવ્યો છે. એ આ કજ્જલસિંહથી અજાણ્યું નથી. રાજસિંહ ! તને મારા એક સિપાહીએ જોયો હતો. તેણેજ મને ખબર આપી હતી અને તેથી હું તારા જેવા ચોરને પકડવા માર્ગ રોકીને પડયો છું. બોલ હવે હથીઆર મૂકી સ્વાધિન થવું છે કે આ જંગલમાં મરણ પામી સ્વર્ગમાં જવું છે ?" કજ્જલે પૂછ્યું.

"વીર રાજપૂતોને મૂગે મોઢે શરણ થએલા કદાપિ સાંભળ્યા છે ? એ અભિમાની ! જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આ વીરનાં હથીઆર નીચે મૂકવાનું કહેનાર કોણ છે ? તેં હજી સુધી આ રાજસિંહનું પરાક્રમ નિહાળ્યું નહિ હોય ? તમે સઘળા આ સિંહની સામે શિયાળવાં સમાન છો." રાજસિંહે કહ્યું.

"છોકરા ! મને લાગે છે કે તને તારો કાળ જ આવી રીતે બોલાવે છે. શયતાન..." કજ્જલ આગળ બોલે એ પહેલાં તો અજયસિંહ ઉશ્કેરાઇ બોલી ઉઠયો:—"ચૂપ કર ગુલામ ! બોલતાં શીખ્યો નથી નાદાન ? ચાલ ઝાઝો લવારો શું કરે છે ? તાકાત હોય તો સામે થઇ જા." કહી તેણે તેનો ઘોડો તેની નજીક લાવી ઉભો રાખ્યો. કજ્જલે તેના માણસોને હુકમ આપી દીધો. રાજસિંહે અને અજયસિંહે મ્યાનમાંથી ઝપાઝપ તલવારો બહાર ખેંચી કાઢી. ઝપાઝપી શરૂ થઈ. મશાલના અજવાળામાં તલવારો વિજળીની માફક ઝબકવા લાગી. જોતજોતામાં વીર રાજસિંહે અને અજયસિંહે પાંચ–સાત માણસોને નિર્જીવ બનાવી જમીનપર સૂવારી દીધા. પોતાના માણસોના નાશથી કજ્જલસિંહના કોપનો પાર રહ્યો નહિ. તે તલવાર ખેંચી આગળ ધસી આવ્યો તેના માણ-

સૌએ પણ તેનું અનુકરણ કર્યું. તુમુલ યુદ્ધ મચી રહ્યું, લગભગ એક કલાક થવા આવ્યો પણ કોઇ પાછું હઠતું નથી. એવામાં કજ્જલસિંહે ખભે ભરાવેલું રણશીંગુ વગાડ્યું. તેના અવાજથી રાજકન્યાના મહેલ આગળ પહેરો ભરતા સિપાહીઓ દોડી આવતા જણાયા. "હવે વધારે વખત ફાવી શકીશું નહિ." એમ વિચારી અજયસિંહે રાજસિંહને જતા રહેવાનું સૂચવ્યું. બન્ને વીરોએ અશ્વોને એડી મારી. ચાલાક અશ્વો ચારે પગે ઉછળ્યા અને વિજળીની ઝડપે દુશ્મનોના ઘેરામાંથી પસાર થઇ ગયા. એ જાય, એ જાય કરતા શત્રુઓ તેમની પાછળ પડયા, પણ તેઓ પકડાયા નહિ. આથી નિરાશ વદને સઘળા પાછા ફર્યા. સેનાપતિ કજ્જલસિંહે નગરમાં આવી સર્વ સમાચાર રાજા દુર્મદસિંહને જાહેર કર્યા. રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. બ્હાનું હાથ આવતાંજ તેણે તેજ વખતે કજ્જલસિંહને સૈન્ય સાથે રાજપૂર કુચ કરવાનો હુકમ કર્યો. સવારના પહોરમાં સેનાપતિએ મોટા લશ્કર સાથે કુચ શરૂ કરી.

રાજપૂરમાં એ વાતની જાણ થતાં વીર યોદ્ધાઓ એકઠા થઇ ગયા. તેમની સરદારી રાજસિંહે લીધી. સાંજ પડતાં તો શત્રુઓનું સૈન્ય આવી પહોંચ્યું. રાજપૂરના રાજપૂતો તેઓની મ્હેમાની કરવાને તૈયાર થઇ મયદાનમાં ઉભા રહ્યા. બન્ને પક્ષને યુદ્ધ કરવાની આજ્ઞા મળી ચૂકી. વીર હાક વગાડતા યોદ્ધાઓ એક બીજાનીપર ટૂટી પડી ભયંકર ખેલ ખેલવા લાગ્યા. ભિષણ સંગ્રામ મચી રહ્યો. રાત્રિ પડી પણ યુદ્ધ બંધ રહ્યું નહિ. આકાશમાં ચંદ્ર ઉગ્યો હતો. ચંદ્રિકામાં સૂરાઓની સમશેરો વિજળીની માફક ચમકી રહી હતી. રાજસિંહ—અજયસિંહ અને મહારાજા કેશરીસિંહના પરાક્રમની સીમા નહોતી. તેઓ ઘાસની પેરે શત્રુઓને કાપતા હતા. તેમના વીર યોદ્ધાઓ પણ મરણનો ડર તજી ઝઝુમતા હતા. આ યુદ્ધ છેક સવાર સુધી ચાલ્યું. બન્ને પક્ષમાં ઘણી ખુવારી થઇ હતી. નૌત્તમ-

નગરના મોટા સૈન્ય સાથે રાજપૂરનું નાનકડું સૈન્ય પર્વતની માફક અડગ થઈને યુદ્ધ કરતું હતું. પણ અંતે મોટા સૈન્યના પ્રબળ મારાથી તેમની હાર ટૂટી. ઉપસેનાપતિ અજયસિંહ રણમાં પડયો. રાજપૂરના સૈનિકો પાછળ હઠવા લાગ્યા. શત્રુઓએ ગર્જના કરી ધસારો કર્યો. હવે ટકી શકાશે નહિ, ધારીને રાજસિંહે પોતાના સૈન્યને ધીમે–ધીમે પાછળ હઠાવી રાજપૂરમાં પેસાડી દીધું. રાજપૂરના દરવાજા બંધ કર્યા. શત્રુઓએ ઘેરો ઘાલ્યો. આ ઘેરો બાવન દિવસ સૂધી રહ્યો. અંતે કોટ તોડી શત્રુઓ નગરમાં પ્રવેશ્યા. ભયંકર કાપાકાપી ચાલી રહી. શત્રુઓનું જોર વધવા લાગ્યું. રાજા કેશરીસિંહે જીવનની આશા ત્યાગી રાજગુરૂને પાસે બોલાવી પોતાનાં વ્હાલાં બાળકો વિજય–કમળાને લઈ કોઈ નિર્ભય સ્થાને જવાનું કહ્યું. રાજગુરૂએ જીવના જોખમે રાજવંશની રક્ષા કરવાનું કાર્ય માથે લીધું. રાજા તરત મહેલમાં ગયા અને એક હાથી દાંતની પેટી લઇ આવી ગુરૂના હાથમાં આપતાં બોલ્યાઃ—" મહારાજ ! આ મારાં બાળકોનું રક્ષણ કરજો. તેમને તમારાં સંતાન સમાન સમજજો. તેઓ જ્યારે વીસ વર્ષનાં થાય ત્યારે આ પેટી તેમને આપજો, અને આ અંગુઠીઓ તેમને પહેરાવજો. " કહી રાજાએ પેટીની સાથે બે સુવર્ણની વિંટીઓ ગુરૂના હાથમાં મૂકી. રાજા બીજું કંઈ કહેવા જાય છે એટલામાં તો શત્રુઓ વિજય મેળવી ત્યાં દોડી આવ્યા. રાજગુરૂ કલ્પાંત કરતાં બાળકોને ઉપાડી પસાર થઈ ગયા. અંતે રાજા કેશરીસિંહ પૂર્ણ પરાક્રમ દાખવી સ્વર્ગે સંચર્યા. રાજપૂરના તમામ સૈનિકો અને સરદારો કામ આવી ગયા. કદાચ એકાદ બે જીવતા રહ્યા હશે તે નાશી છૂટયા. સેનાપતિ કજ્જસે રાજમહેલનો કબજો લીધો. તેણે રાજવંશને નિર્મૂળ કરવાને નાનાં બાળકોની તપાસ કરી પણ કંઈ પત્તો મલ્યો નહિ. તેણે એક ઘવાયા થએલા સિપાહીની પાસેથી રાજગુરૂના નાશી જવાની ખબર

મેળવી. તેણે તત્કાળ રાજાની આજ્ઞા મંગાવી એક સૂબેદાર ત્યાં નીમ્યો અને બાકીનું સૈન્ય નૌત્તમનગર મોકલી દઈ તે પચિસેક માણસો સાથે રાજગુરૂની શોધમાં નીકળ્યો. રાજપૂર રંડાઈ ગયું. રાજરાણી રાજાના શબની સાથે સતી થયાં. રાજસિંહના શબનો પત્તો લાગ્યો નહિ. અસંખ્ય મુડદાંના ઢગલામાં તેનો પત્તો ક્યાંથી લાગે. આ સમાચારથી રાજકન્યાને ઘણું લાગી આવ્યું. તે દિવાના જેવી બની ગઇ. તેણે તમામ અલંકારો શરીર પરથી ઉતારી ફેંકી દીધા. દુર્મદે તેને ઘણુંએ સમજાવી પણ તેણે માન્યું નહિ. એક ઝેરી સાપને જોઇ માણસ ચમકે એમ રાજકન્યા પિતાને જોઇ ચમકવા લાગી. તે ચિત્તભ્રમ જેવી થઇ દુર્મદનો તિરસ્કાર કરવા લાગી. આથી તેની પર સખ્ત પ્રતિબંધ રખાયો.

વાચકો ! રાજપૂરના નાશની ખબર રાજા સમરસિંહને જંગલમાં મળી, તેમજ બાળકોની શોધમાં નીકળેલા કજ્જલસિંહનો સ્નેહસિંહના હાથે નાશ થયો. તેનું માથું રાજા દુર્મદને ભેટ મોકલાવી રાજા સમરસિંહ અને સ્નેહસિંહ રાજગુરૂને અગ્નિ સંસ્કાર કરી વિજય–કમળાને લઈ નગરમાં આવ્યા વગેરે આપણે ગત પ્રકરણમાં વાંચી ગયા છીએ એટલે અત્રે તેનો ઉલ્લેખ કરવો નકામો છે. હવે તો આગળ ઉપર શું થાય છે એ જોવાનું છે.

પ્રકરણ ૬ ઠું.

“ભેટ આવેલું માથું.”

अकरुणत्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा ॥
सुजनबन्धुजनेष्वसहिष्णुताप्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥

भर्तृहरि.

સર્વ પ્રાણીઓ ઉપર નિર્દયપણું, કારણ વિના ક્લેશ, પરધન તથા પર સ્ત્રીની ઇચ્છા અને પોતાના સંબંધીઓનું રૂડું સહન ન કરવું, એ ચાર દોષ ખલ પુરૂષોમાં સ્વાભાવિક હોય છે.

ઉપર્યુક્ત અવગુણોથી ભરેલો નૌત્તમનગરનો રાજા દુર્મદસિંહ તેના મહેલમાં આવેલા એક એકાન્ત ભુવનમાં વિચાર વશ થઇ વિરામાસન પર પડેલો હતો.

ગુણસુંદરીની આશામાં નિરાશા પ્રાપ્ત થવાથી તેના શોકની સીમા રહી નહોતી. તે વિષયાંધ રાજા હજી સુધી ગુણસુંદરીનું સ્મરણ વિસારી શક્યો નથી. આજે તે ગુણસુંદરીને પરણનાર ચંદ્રાવતીના રાજા સમરસિંહનો શી રીતે નાશ કરવો તેના વિચારમાં પડયો હતો. એવામાં એકાએક તેના વિચારમાં ખલેલ પડી. દ્વાર રક્ષક સિપાહીએ અંદર આવી નમન કરી કહ્યું:—“મહારાજ! સરદાર કજ્જલસિંહની સાથે ગએલા સિપાહીઓ આવ્યા છે. તેઓ કંઇક અગત્યના સમાચાર જણાવવાને આપ નામદારની પાસે, અંદર આવવાની આજ્ઞા માગે છે.”

"જા, તેઓને અંદર લઇ આવ." રાજાએ આજ્ઞા આપી. સિપાહી ચાલ્યો ગયો અને થોડીવારમાં સિપાહીઓને લઇ પાછો આવ્યો. સિપાહીઓએ રાજાની સન્મુખ ઉભા રહી નીચા નમી ત્રણવાર નમન કર્યું અને પછી હાથ જોડી ગળગળા સાદે બોલવું શરૂ કર્યું:—" અન્નદાતા! ઘણોજ જુલ્મ થઇ ગયો છે, કાળોકેર વર્તાઇ ગયો છે."

"આ શું ઢોંગ છે? જલ્દી ભસી મરો કે શું થયું છે?" દુર્મદે ગુસ્સે થઇ પૂછ્યું.

"મહારાજ! શું કહું? કહેતાં આ જીભ ઉપડતી નથી; છતાં ન છૂટકે જણાવું છું કે સરદાર કજ્જલસિંહનું ખૂન થયું છે." એક સિપાહીએ જણાવી દીધું.

"ઓહ! શું મારા સરદારનું ખૂન! બોલ એવો કોણ છે ખૂન કરનાર જુલ્મી જાલીમ?" રાજાએ બૂમ મારી પૂછ્યું.

"મહારાજા સમરસિંહ."

"શું મારા કટ્ટા શત્રુએજ મારા વફાદાર સરદારનું ખૂન કર્યું છે? સિપાહી! સ્પષ્ટ જણાવ કે એ બધું કેવી રીતે બન્યું છે?"

"અમે સઘળા પેલા રાજદ્રોહીની શોધમાં ફરતા હતા. ઘણી તપાસને અંતે તેનો પત્તો મળી આવ્યો. તે પેલાં બાળકો સાથે પ્હાડી પ્રદેશમાં ઝુંપડું બાંધીને રહેતો હતો. સરદાર કજ્જલસિંહે તેને ઝુંપડીની બહાર ઘસડી કાઢ્યો. અમે તેને બાંધવાની તૈયારી કરવા લાગ્યા. એટલામાં તો એ બુઢ્ઢાએ છૂપાવી રાખેલી સમશેર ખેંચી. તેને સામે થએલો જોઇ સરદાર કજ્જલસિંહના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેમણે તત્કાળ બંદુકના બ્હારથી તેને આ દુનિયાંની પાર કરી દીધો. તે પછી અમે પેલાં બાળકોની તપાસ માટે ઝુંપડી તરફ જવા લાગ્યા; એવામાંજ રાજા સમરસિંહ તેમના ભાઈ સ્નેહસિંહ સાથે ત્યાં આવી

ચઢયા. સ્નેહસિંહે અમને ઓળખી એકદમ હુમલો કર્યો. અમે પણ તત્કાળ તલવારો ખેંચી તેની તરફ ધસ્યા. અમારી અને તેની વચ્ચે ઝપાઝપી શરૂ થઇ. અમે સ્નેહસિંહને મૃત્યુના મુખમાં હોમવાની અણી ઉપર આવ્યા હતા પરંતુ એટલામાં રાજા સમરસિંહે બંદુકના બ્હારથી સરદાર કજ્જલસિંહને ઘાયલ કરી જમીન પર નાખ્યા. અમે લઢવું બંધ કરી સરદારની સારવારને માટે દોડયા; કે તરત સ્નેહસિંહે અમારી આગળ દોડી જઇ સરદારનું માથું ધડથી જુદું કર્યું. અમે સ્તબ્ધ બની ગયા. તે પછી સ્નેહસિંહે સરદારના માથાનું ઘણી ખરાબ રીતે અપમાન કરી અમારી તરફ ફેંક્યું. મહારાજ ! અમે સરદારનું વૈર વાળવા યુદ્ધ કરત પરંતુ કદાચ અમારૂં મ્હોત થાય તો આ સમાચાર આપ નામદારને કોણ જણાવે ? એ હેતુથી અમે સરદારનું માથું લઇ અહિં ચાલ્યા આવ્યા. જુઓ, આ રહ્યું તે માથું." આવી રીતે ખરી ખોટી વાત જણાવી તે સિપાહીએ સરદાર કજ્જલસિંહનું માથું નીચે મૂક્યું. જેના ડોળા નીકળી પડયા છે, જે વિકાળ ભાસે છે અને જેમાંથી હજી રૂધીર ઝરે છે એવા ભયાનક દેખાવના માથાને જોઇ રાજા દુર્મદસિંહ ક્રોધાક્રાન્ત થઇ ગયો. તેની આંખ્યોમાંથી આગ વરસવા લાગી. તે વિરામાસન પરથી ઉભો થઈ પૃથ્વી પર પગનો પ્રહાર કરી બરાડ પાડી બોલી ઉઠયોઃ–" ઓ કજ્જલસિંહ ! ઓ મારા વફાદાર સરદાર ! શું તારૂં અકાળે મરણ થયું ? ફિકર નહિ. હું તારા ખૂનનો બદલો હવે ખૂનથી લઇશ. શયતાન શત્રુઓને જડમૂળથી ઉખેડી નાખીશ. ઓ મારા જુના શત્રુઓ ! હવે થાઓ તમે તૈયાર અને બની જાઓ આ મારી સમશેરના તાબેદાર. હું તમારો સંહાર કરવાને ઘણા દિવસથી વિચાર કરતો હતો, તે મારો વિચાર હવે દ્રઢ થયો છે. તમારા મ્હોતની નહબત ગગનમાં વાગતી સંભળાય છે." આમ બોલતા દુર્મદ

માં ઉભેલા સિપાહીઓ સામે જોઇ કહ્યું:–“ તમે હવે જાઓ. ” સિપાહીઓ નમીને ચાલતા થયા. તે પછી રાજાએ દ્વાર પાસે ઉભેલા પહેરેદારને કહ્યું:–“ દ્વારપાળ. ”

“ શી આજ્ઞા છે મહારાજ ? ” દ્વાર રક્ષકે હાથ જોડી પૂછયું.

“ તું પ્રધાન અને સેનાપતિને જલ્દીથી અહિં બોલાવી લાવ. ”

રાજાની આજ્ઞા સાંભળી દ્વાર રક્ષક ચાલ્યો ગયો અને થોડીવાર પછી પ્રધાન તથા સેનાપતિને બોલાવી રાજા પાસે હાજર થયો. રાજાએ સેનાપતિને જોતાંજ પ્રશ્ન કર્યો:–“ દુર્જનસાલ ! આપણા સૈન્યની હાલ શું વ્યવસ્થા છે ? ”

“ મહારાજ ! આપણું સૈન્ય સારી રીતે છે. સેવકને આ પ્રશ્ન પૂછવાનું અત્યારે શું કારણ છે ? ” સેનાપતિએ પૂછયું.

“ મારો વિચાર ચંદ્રાવતીના રાજા સાથે યુદ્ધનો આરંભ કરવાનો છે. ” રાજાએ જણાવ્યું.

તેનો એકાએક આવો વિચાર સાંભળી પ્રધાન–સેનાપતિ સ્તબ્ધ બની વિચારમાં પડયા. તેમને વિચાર કરતા જોઇ રાજાએ પૂછયું:–“ કેમ શું વિચાર કરો છો ? ”

“ મહારાજ ! અવિનયની ક્ષમા આપશો, ન છૂટકે કહેવું પડે છે કે આપણે જો હાલમાં ચંદ્રાવતીના રજપૂતો સાથે યુદ્ધનો આરંભ કરીશું તો તેમાં ફતેહ પામીશું નહિ. ” પ્રધાને કહ્યું.

“ કારણ ? ” રાજાએ ગુસ્સાથી પૂછયું.

“ કારણમાં એજ કે આપણી પાસે હાલમાં પૂરતું સૈન્ય નથી. તેમજ જે વખતે આપના પિતા અને રાજા સમરસિંહના પિતા વચ્ચે યુદ્ધ થયું હતું, તે વખતે આપણું સૈન્ય શત્રુઓ કરતાં વધારે હતું છતાં

આપણા સૈન્યને માર ખાઇને નાશી છૂટવું પડ્યું હતું. ચંદ્રાવતીના સૈનિકો અને સરદારો યુદ્ધ નિપુણ છે. ત્યાંનો એક સરદાર આપણા દસ સૈનિકોને પૂરો પડે એમ છે. તેમજ ચંદ્રાવતીનો કિલ્લો ઘણોજ મજબૂત છે. તે આખા દેશમાં અભેદ્ય ગણાય છે, ત્યાં જતાં રસ્તામાં પુષ્કળ ખાઇઓ આવે છે, આવાં અનેક કારણોને લીધે હાલમાં યુદ્ધનો આરંભ કરતાં વિચારવાનું છે." પ્રધાને સમજાવ્યું.

"તમારી વાત જો કે સત્ય છે પરંતું મારાથી હવે વધારેવાર આવું અપમાન સહન કરી શકાશે નહિ. તમે સારી રીતે જાણો છો કે તેણે રાજપૂરની રાજકન્યા ગુણસુંદરીની સાથે લગ્ન કરી આપણું નાક કાપ્યું છે, અરે એટલેથી પણ નહિ ધરાતાં તેણે આપણા બહાદુર સરદાર કજ્જલસિંહનું ખૂન કર્યું છે. શું આપણે માથે આ ઓછું કલંક છે ?" રાજાએ રોષ યુક્ત વદને પ્રધાન સામે જોઇ પૂછ્યું.

"હેં ! શું કજ્જલસિંહનું ખૂન થયું ?" બન્ને એ ચમકીને પૂછ્યું.

"હા, જુઓ આ પડ્યું તેનું માથું. કહો આ જેવું તેવું અપમાન કહેવાય કે ?" રાજાએ માથા સામે આંગળી કરી પૂછ્યું.

"ખરેખર, આતો ઘણુંજ ભયંકર અપમાન. મહારાજ ! કજ્જલસિંહનું ખૂન કરનાર કોણ છે ?" પ્રધાને પૂછ્યું.

"સમરસિંહ અને તેના ભાઇ સ્નેહસિંહે આપણા સરદારનો ઘાતકી રીતે અંત આણ્યો છે." આમ કહી રાજાએ તમામ હકીકત કહી સંભળાવી. પ્રધાન અને સેનાપતિ ઘણાજ ગુસ્સે થઇ બોલી ઉઠ્યા, "આનો બદલો ભયંકર રીતે લેવાશે. કજ્જલસિંહના ખૂનના બદલામાં ચંદ્રાવતીના રજપૂતો નૌત્તમનગરના વીર યોદ્ધાઓની સમશેરોથી સ્વર્ગ સદનમાં સિધાવશે. આપણા બહાદુરો શત્રુના નગરને આગ લગાડી વેરાન જંગલ સમાન બનાવશે."

"હા, એમજ થવું જોઇએ. મારા બહાદુરો થાઓ હવે તૈયાર અને કરો આપણા શત્રુઓને દુનિયાંની પાર." રાજાએ ક્રોધથી કહ્યું.

"હા, હવે એમજ થશે; પણ હજી થોડીવાર છે. આપણે આપણું સૈન્ય પૂરતાં સાહિત્યો સાથે વધારી શત્રુને એવી રીતે પાયમાલ કરવો કે તેનું નામ નિશાન પણ ના રહે." પ્રધાને જણાવ્યું.

"તે સઘળું તૈયાર કરવામાં કેટલો સમય લાગશે?" રાજાએ પૂછ્યું.

"આપણે થોડાં વર્ષમાંજ પૂરતી સામગ્રી સાથે તૈયાર થઈ જઈશું. એટલા વખતની આપણી તૈયારી એવી તો સરસ હશે કે જેથી દુષ્મન એકજ ફટકે પાયમાલ થશે અને અજય ગણાતો કિલ્લો જોત જોતામાં જમીનદોસ્ત થઈ જશે." પ્રધાન દુષ્ટબુદ્ધિએ ગણત્રી કરી જણાવ્યું.

"હું મહાપરાણે ત્યાં સુધી ધિરજ ધરી શકીશ. મારા વિશ્વાસુઓ! તમે હવે જાઓ અને યુદ્ધની તૈયારી કરવાનો આજથીજ પ્રયત્ન આરંભો."

પ્રધાન અને સેનાપતિ કજ્જલસિંહનું માથું લઈ ત્યાંથી ચાલ્યા ગયા. દુર્મદસિંહ શૂન્ય થઈ વિચારમાં પડયો.

પ્રકરણ ૭ મું.

"ભયંકર ભુજંગ."

જે સમયે રાજા દુર્મદસિંહે પ્રધાન અને સેનાપતિને યુદ્ધની તૈયારી કરવાનું કહી વિદાય કર્યા, તે વખતે યુવરાજ કનકરાજ પાછળના ઓરડામાં બેઠો હતો. તેણે તમામ વાત સાંભળી હતી. યુવરાજ ઘણો દયાળુ અને ન્યાય અન્યાયને સારી રીતે જાણનાર હતો. તેણે પિતાનો છેલ્લો નિશ્ચય જાણી દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. બાદ થોડીકવાર કંઇક વિચાર કરી તે ઉભો થયો અને ઓરડામાંથી બહાર નીકળી ઉદાશ ચ્હેરે પિતાની સમક્ષ આવીને ઉભો રહ્યો.

તેના સામે નજર કરી રાજાએ પૂછ્યું, "કનક! અત્યારે તારૂં વદન કમળ નિસ્તેજ કેમ જણાય છે?"

"પિતાશ્રી! આજ રાત્રે મને એક ભયંકર સ્વપ્નનો ભાસ થયો છે કે જો તમે રાજા સમરસિંહની સાથેના વૈરનો ત્યાગ નહિ કરો તો આપણું ઘણુંજ ખરાબ થઈ જશે. મને સ્વપ્નમાં એક દિવ્ય પુરૂષ દેખાયો. તેણે મને આજ્ઞા કરી કે તું તારા પિતાને સમજાવ અને પરાપૂર્વથી ચાલી આવેલા વૈરને સમાવી ઉભય રાજા મૈત્રિથી જોડાઓ. બાપુ! ત્યાર બાદ તે પુરૂષ અદશ્ય થઇ ગયો અને હું મારૂં નિત્ય કર્મ કરી આપની સેવામાં હાજર થયો."

"એમ કે! વારૂ તે દિવ્ય પુરૂષ કોણ હતો?" રાજાએ પૂછ્યું.

"મને તો તે કોઇક દેવ સમાન જણાતો હતો." કનકે કહ્યું.

"કનક! તારી મોટી ભૂલ થાય છે. તે દેવ નહિ પણ આપણે રણમાં રોળેલા રાજપૂરના સરદાર પૈકીમાંનો કોઇક અવગતીયો પ્રેત હશે; અને તેજ તને આવી સૂચના કરી ગયો હશે."

"ગમે તે હોય, તે આપણે જોવાનું નથી. પિતાજી! મારૂં હૃદય પણ એમ કહે છે કે વંશપરંપરાથી ચાલી આવેલા વૈરને હવે આટલેથીજ અટકાવો તો બહુ સારૂં. તેમાં આપણું શ્રેય સમાયેલું છે."

"બસ, બહુ થયું. કનક! હું તારા કરતાં ઘણોજ જ્ઞાનીછું. વૈર વધારવું યા ઘટાડવું તે મારી સત્તાની વાત છે. હું રાજા સમરસિંહને પાયમાલ કરીશ ત્યારેજ શાન્ત થઇશ. છોકરા! તું એક બળવાન ભૂપતિનો પુત્ર થઇ આવા કાયરના શબ્દો બોલે છે તેથી મને ઘણુંજ આશ્ચર્ય થાય છે. મારા કુળમાં બળવાન થવાને બદલે તું એક નાર્મદ જેવો જણાય છે." દુર્મદે ક્રોધથી કહ્યું.

"પિતાશ્રી! નાર્મદ અને બળવાનની પરિક્ષા તો સમય આવે સમરાંગણમાંજ થાય છે. બાપુ! આ તમારો કનક આજે સત્ય વદે છે. ચંદ્રાવતીના યુદ્ધમાં આપણો પરાજય મને અત્યારથીજ ભાસે છે." કનકે કહ્યું.

આથી દુર્મદસિંહ ઉશ્કેરાઇ બૂમ મારી બોલી ઉઠયો:—"ચૂપ કર! તારા શબ્દો મારે સાંભળવા નથી. તું મારો પુત્ર થઇ અત્યારે શત્રુની ગરજ સારે છે. છોકરા! હું નહોતો જાણતો કે તું મારી સામે આવી રીતે બોલવાની હિંમત કરી શકીશ. તું મારા પુત્રના સ્વરૂપમાં અવતરેલો એક ઝેરી સાપ છે. હું તારા કહેવા પ્રમાણે કદાપિ કરનાર નથી. હું ચંદ્રાવતી નગરને જમીન દોસ્ત કરીશ, રાજા સમરસિંહનો તેના પરિવાર સહિત સંહાર કરીશ; બસ ત્યારેજ મારા વૈરની પૂર્ણાહુતી

થશે. કનક ! જા, અહિંથી ચાલ્યો જા. હું તારૂં મુખ જોવાને નથી ઇચ્છતો. "

" પિતાજી ! હું પણ તમારી આગળ વધારેવાર ઉભો રહેવાને નથી ઇચ્છતો. પરંતુ આટલું ખાસ કરીને સ્મરણમાં રાખજો કેઃ–" આખરે અધર્મનો પરાજય થાય છે." આ નૌતમગઢનો વિનાશ હું દિવ્ય ચક્ષુથી જોઈ રહ્યો છું. બાપુ !

દુષ્કર્મના કરનાર પર, કોપ કુદરત તણો થાશે;
કરેલા કર્મનો બદલો, ખરેખર આ ભવે મળશે. "

કહી કનકકુમાર તરતજ ત્યાંથી ચાલ્યો ગયો.

તેના ગયા પછી રાજા તેના મહેલમાં ભોજન કરવા ચાલ્યો ગયો. ભોજન કાર્યથી મૂક્ત થઇ દુર્મદસિંહ મધ્યાહ્નકાળે વિચાર ભુવનમાં જવા નીકળ્યો.

વિચાર ભુવન તેના મહેલની પાછળ આવેલું હતું. તેની અંદરના ચોગાનમાં ઝાડ પાન પુષ્કળ ઉગેલાં હતાં. સખ્ત ગરમીમાં ત્યાં શિતળ પવનથી સુખ ઉપજતું હતું. દુર્મદસિંહ ત્યાં આવી આસપાસ ફરવા લાગ્યો. હજી પણ તેના મનમાં એના એજ વિચાર ચાલતા હતા. વિચારને અંતે ગુણસુંદરી યાદ આવતાં તે નિઃશ્વાસ નાખતો હતો. તેનું હૃદય આકુળ–વ્યાકુળ થતું હતું. દુર્મદસિંહ ત્યાંથી આગળ ચાલ્યો અને દૂર પડેલા એક બાંકડા પર બેસી બોલવા લાગ્યોઃ—" હા ! ગુણસુંદરી ! ત્હેં મને નિરાશ કર્યો છે. તું મારા મહેલને શોભાવવાને બદલે રાજા સમરસિંહના મહેલને શણગારવા ગઈ? હાય, તારા વિના મને શૂન્યકાર ભાસે છે. આ આંખ્યો તને જોવાને તલસે છે. સુંદરી ! તું ઘણી શાણી છે. તું ખરેખર મનેજ ચાહતી હોઇશ, પણ મૂર્ખ સમરસિંહ આગળ

તારૂં કંઇ ચાલતું નહિ હોય. હા! સમરસિંહેજ મારા સુખમાં વિષ રેડ્યું છે. ઓ સમરસિંહ! તારા યશોગાન સાંભળી મારા બદનમાં આગના ભભુકા ઉડે છે. તું આ કાળા નાગની સાથે વૈર રાખી સાર નહિ કાઢે. હું તને ગુણસુંદરીની સાથે આનંદ કરતો સાંભળી બળી જાઉં છું. હાય! શું કરૂં? લાચારછું કે હજી તારા નાશની તૈયારી કરવામાં ઘણો વખત નીકળી જશે. બચ્ચા સમરસિંહ! મારી સઘળી તૈયારી પૂર્ણ થતાંજ હું તને હાલ હવાલ કરી નાખીશ. તું મારા જીવતાં આ સંસારમાં કદાપિ સુખ ભોગવી શકીશ નહિ. જેમ શીકારી શીકારની શોધમાં નિસદિન ફર્યા કરે છે, તેમ હું પણ આજથી તારા વિનાશની તૈયારીમાંજ મચી રહીશ. બસ, પછી સમય થતાંજ હું તારા અજીત ચંદ્રાવતી નગરને જમીન દોસ્ત કરી તે જગ્યાએ વેરાન જંગલ બનાવીશ. તારા સુશોભિત મ્હેલને આગમાં હોમી ભષ્મીભૂત બનાવીશ, અને ઓ મારા જુના પ્રતિસ્પર્ધિ! તારી તો હું જીવતાં ચામડી ઉતરાવીશ. હા! ત્યારેજ આ ભડભડાટ સળગતું હૃદય સ્હેજ શાન્ત થશે, અને..." દુર્મદસિંહ આગળ બોલવા જતાં એકાએક અટક્યો, કારણ કે તેને કોઇકના આવવાનો ભાસ થયો. ગુસ્સે થયેલો રાજા ક્રોધ યુક્ત નયને આગંતુકને જોવા લાગ્યો. દુર્મદસિંહે જોયું કે કોઇ એક પ્રચંડકાય પુરૂષ ધીમે પગલે મારી પાસે ચાલી આવે છે. તેને જોઈ તે આશ્ચર્ય પામ્યો અને એક દૃષ્ટે તે આવનારને જોઇ રહ્યો.

તે આવનાર કોઇક મજબૂત અને બળવાન બાંધાનો પુરૂષ હતો. તેણે જાળી વાળું લોખંડી બખ્તર ધારણ કરેલું હતું. બખ્તર પર લાંબી તલવાર લટકતી હતી, અને ઉપરના પટામાં જમૈયો ખોસેલો હતો. માથાપર ટોપ નહિ પહેરવાથી તેનું માથું ખુલ્લું હતું. તેના લાંબા વાળ બન્ને ખભા ઉપર ફેલાઇ રહેલા હતા. તેણે મુખપર કાળો રંગ લગાવ્યો હોય

એમ જણાતું હતું. તેની ઉમ્મર ત્રીસેક વર્ષની અનુમાનથી ધારી શકાતી હતી. આવો કદાવર અને વિક્રાળ દેખાવનો બખ્તરીયો યોદ્ધો ગજરાજની માફક ડોલતો-ડોલતો રાજાની સામે આવીને ઉભો રહ્યો. દુર્મદસિંહ તો તેનો દેખાવ જોઇને સ્તબ્ધજ બની ગયો.

તે યોદ્ધાએ થોડીકવાર એક દૃષ્ટે રાજાની સામે જોઇ રહી ગંભીર નાદે પૂછ્યું.

" રાજા ! આ એકાન્ત સ્થળે અત્યારે શું વિચાર ચાલે છે ? "

તેના પ્રશ્નથી દુર્મદ ચમક્યો અને ઉભો થઇ બોલી ઉઠ્યો. "મારી સામે ચાલી આવવાની હિંમત કરનાર તું કોણ છે ? "

" હું યમરાજ છું. " તેણે ઘોઘારી અવાજે જણાવ્યું.

" અહિં આવવાનું શું કારણ છે ? શું તારે મારૂં કાંઇ કામ છે ? " પુનઃ દુર્મદે પૂછ્યું.

" હા કંઇક એવું છે ખરૂં. કારણકે હું પ્રભુના દરબારમાંથી આવ્યો છું અને તારા મ્હોતનો પેગામ લાવ્યો છું, તે પુરૂષે અટ્ટહાસ્ય કરી કહ્યું.

" શું મારા મ્હોતનો પેગામ ? " દુર્મદે રકત નેત્રે પૂછ્યું.

" હા, શયતાન. " તે પુરૂષે શાન્તિથી જણાવ્યું.

" ઓ ચંડાળ ! જીભ સંભાળ. " દુર્મદ ગુસ્સે થઇ તલવાર ખેંચી તેને મારવા દોડ્યો. પણ તે પહેલાંજ તેની સામે ઉભા રહેલા યોદ્ધાએ લોખંડી પટામાંથી પાંચ નાળીની એક નાની પિસ્તોલ બહાર ખેંચી કાઢી, અને તે રાજાની સામે ધરી ક્રોધથી કહ્યું:-" ખબરદાર ! તું એટલેજ રહેજે. કર્મચંડાળ ! જો એક પણ પગલું આગળ ભરવાની હિંમત કરીશ તો ત્યાંજ તું ઠાર થઇને પડીશ. "

દુર્મદસિંહ જડવત્ બની ગયો, પણ અંતે હિંમત ધરી બોલી ઉઠયો:–"પણ મને જણાવતો ખરો કે તું કોણ છે? અને મને આટલો બધો ભય બતાવવાનું શું કારણ છે?"

"રાજા! હજી તને મારા ભયનો લગીર પણ ભાસ થયો નથી. જો સાંભળ, મારૂં નામ ભુજંગસિંહ છે. હું તારે માટેજ આ પૃથ્વીપર ફરૂં છું. હું અત્યારે તને મારી નાખવાને જો કે સમર્થ છું પણ નહિ, હજી તારે મરવાની વાર છે. તારા પાપના ઘડાને ફુટવાને હજી થોડા સમયની જરૂર છે. બસ તે સમય પૂરો થતાંજ તું મારો ગુલામ બનનાર છે." તે પુરૂષે જણાવ્યું.

"એ તો જ્યારે ભાગ્યમાં થવાનું હશે ત્યારે થશે. પરંતુ તારે અને મારે શું વૈર છે એ તો જણાવ?" દુર્મદે પૂછ્યું.

"ચંડાળ રાજા! તારી પ્રત્યેના વૈરથી હું ચારે તરફથી સળગી વૈર વૈરના પોકારો પાડી ફર્યા કરૂં છું. ત્હેં મારૂં સર્વસ્વ નાશ કર્યું છે, ત્હેં મને આ દુનિયાંની પાર કર્યો છે. હા! એજ વીર તેનું વૈર લેવાને પુનઃ આ પૃથ્વીપર આવ્યો છે. ઓ ઘાતકી રાજા! તારાં દુષ્કર્મોની અવધ નથી. પ્રભુના દરબારમાંથી તારા મ્હોતનો પેગામ નીકળી ચૂકયો છે. તું થોડા સમયમાં મૃત્યુની મુલાકાત લેવાને તૈયાર થજે. દુર્મદ! હું તે વખતે હાજર થઇશ અને હસ્તે મુખડે તું રીબાઇ રીબાઇ ને કેવો દુઃખી થાય છે તે જોઇ ખુબ ખુશી થઇશ. તું..."

"ચૂપ કર." કહી દુર્મદ ગુસ્સે થઈ પુનઃ તેને મારવા ઉત્સુક થયો, કે તરત "એટલેજ રહે શયતાન. તું..." કહી તે પુરૂષે પિસ્તોલ તેના સામે તાકી. દુર્મદ જંખવાણો પડયો. તેનો ક્રોધ હવામાં ઉડી ગયો. તે કંઇક વિચાર કરી બોલવા જાય છે એટલામાં તો પુનઃ તે પુરૂષ કહેવા લાગ્યો, "દુર્મદસિંહ! હવે હું જાઉં છું અને જતાં જતાં જણાવું છું કેઃ–

આ ક્ષણુ ભંગુર સંસારમાં નહિ અમર કે માનવી,
મળશે નતિજો કર્મનો, એ રાખજે હૃદયે ધરી.

આ મહા વાકયનું મનન કરજે અને બને તો જીંદગી સુધારવાનો પ્રયત્ન આદરજે, નહિ તો છેવટે મૃત્યુની મુલાકાત લેવાને તૈયાર રહેજે. એ પાપમાં પ્રવૃત્ત થયેલા રાજા ! આ વીરથી સદાકાળ સાવધ રહેજે. હું પુનઃ તારા પાપની શિક્ષા કરવાને હાજર થઇશ.

પાપી હવે તું ધારજે, બદલો લઇશ મુજ વૈરનો,
સ્હેવાશે નહિ તુજથી હવે, આ દંશ કાળા નાગનો.

બસ સંભાળ. ” કહી તે બખ્તરીયો યોદ્ધો વિદ્યુત વેગે ત્યાંથી ચાલ્યો ગયો. દુર્મદસિંહ સંભ્રમમાં પડયો. બાદ ઘણીવારે તે સાવધ થઇ આસપાસ જોઈ મન સાથે બોલવા લાગ્યોઃ—“ખરેખર ! એ કોઇક શત્રુજ હોવો જોઇએ. પરંતુ આવી રીતે તેને અહિં આવવાની શું મતલબ હશે ? ” તે વિચારમાં પડયો. પણ વિચારમાં તેનું કાંઇ વળયું નહિ. આથી વિચારનો ત્યાગ કરી તે ખીન્ન હૃદયે આસપાસ જોતો મહેલમાં ગયો. મહેલમાં જઇ તેણે ઘણા સૈનિકોને તે પુરૂષની પાછળ દોડાવ્યા, પરંતુ તે પુરૂષ કોઇના હાથમાં આવ્યો નહિ. શોધમાં ગયેલા સૈનિકો નિરાશ વદને પાછા આવ્યા. રાજાએ ઘણા ધમપછાડા માર્યા. અંતે ક્રોધને સમાવી દુષ્ટ દુર્મદ લડાઇની તૈયારીમાં લક્ષ આપવા લાગ્યો.

પ્રકરણ ૮ મું.

" સ્નેહ બાગમાં આનંદ કરતાં બાળકો. "

ભાગીરથી સરિતાના રમ્ય કિનારે એકાન્ત ભાગમાં એક સુંદર બગીચો આવેલો હતો, તે બગીચો મહારાજા સમરસિંહે બનાવરાવ્યો હતો. અંદર અનેક પ્રકારનાં વૃક્ષો શોભી રહ્યાં હતાં. રંગ બેરંગી પુષ્પોનો પમરાટ વ્યથીત હૃદયને પણ ઘડી ભર આનંદ ઉપજાવતો હતો. આ બગીચો વિશાળ હતો. અંદર ફરવા-હરવાને માટે પથ્થરની સડકો બનાવેલી હતી. વિશ્રાન્તિને અર્થે થોડે થોડે અંતરે સુંદર પાટલીઓ ગોઠવવામાં આવેલી હતી. આ બગીચાનું નામ મહારાજાએ પોતાના બંધુના નામ પરથી " સ્નેહ બાગ " રાખ્યું હતું. આ સુંદર બગીચામાં વૃક્ષો ઉપરાંત દેશ પરદેશથી મંગાવી એકઠાં કરેલાં પ્રાણીઓનું એક મોટું સંગ્રહસ્થાન હતું. તેની અંદર માંકડા, રીંછ, હાથી, મૃગ, વાઘ, સિંહ વગેરે જાનવરોને પિંજરામાં પૂરેલાં હતાં.

સાંજનો સમય થવા આવ્યો હતો. ગ્રિષ્મનો ઉકળાટ ધીમે ધીમે શાન્ત થતો હતો. રાજબાગ આ સમયે નિર્જન જણાતો હતો. આવા સમયે તે બગીચામાં એક તેરેક વર્ષની બાલીકા અને પંદરેક વર્ષના બે સુકુમાર છોકરાઓ એક બીજાની આંગળીયો પકડી ચાલતાં ગમ્મત કરતાં આમતેમ ફરતાં હતાં.

વાચકો! આ ત્રણે બાળકોને તમે ઓળખ્યાં હશે? જે તેર વર્ષની સુંદર કુમારિકા છે, તે "સ્નેહસિંહ" ની પુત્રી "વસંત કુમારીછે" અને પંદર વર્ષના જે છોકરાઓ છે તેમાં એક તો આપણો પરીચીત "વિજય કુમાર" છે. જે વિજયને આપણે પ્રથમ છ વર્ષનો જોયો હતો, તે વિજય આજ કાલ કરતાં પંદર વર્ષનો થયો છે. વિજય અને વસંત એક બીજાની સાથે ઘણાંજ હળી-મળી નિશદિન એક બીજાની પાસે રહી નિર્દોષ રમ્મત ગમ્મત કરતાં હતાં; ક્વચિત્ એક બીજાથી સ્હેજ જુદાં પડતાં બન્ને ઘણાં મુઝાતાં હતાં.

તેમની સાથે જે ત્રીજો છોકરો છે, તે વિજય કુમારનો બાલ્ય સ્નેહી ચંદ્રાવતીના નગરશેઠનો પુત્ર છે. તેનું નામ બન્સીલાલ છે. નિશાળમાંથીજ તે બન્નેની મૈત્રિ બંધાઈ હતી. આજે બન્સીલાલે રાજ મહેલમાં આવી વિજયને બગીચામાં ફરવા જવાનું કહ્યું હતું. એ સમયે મહેલમાં કોઇ હતું નહિ. ગુણસુંદરી અને વીરમતી મહેલના કોઇ બીજા ભાગમાં ગયાં હતાં. વિજયની બ્હેન કમળા એક જુદા ખંડમાં રાજકુમારને હિંચકા પર સૂવાડી હિંચકા નાખતી હતી. વિજય અને બન્સી ફરવા જવાને તૈયાર થતા હતા, એવામાંજ વસંત ત્યાં આવી પહોંચી હતી. ત્રણે જણાં કોઇને કહ્યા વિના બગીચામાં ફરવા નીકળી પડયાં હતાં. તેઓ બગીચામાં આમ તેમ ફરવા લાગ્યાં. એવામાં વિજયની દૃષ્ટિએ બે સુંદર કબુતર પડયાં. તેણે વસંતને અને બન્સીલાલને આગળ વધતાં અટકાવી કહ્યું:-" તમે અહિંયાં થોડીક વાર ઉભાં રહો અને આ મારી વાંસળી પકડો, હું પેલાં બે કબુતરને પકડી લાવું." આમ કહી વિજય વાંસળી વસંતના હાથમાં મૂકી ધીમે પગલે કબુતરને પકડવા ચાલ્યો. ચારો ચરતાં પક્ષીઓ તેને જોઈ ઉડવાની તૈયારી કરે એટલામાંજ વિજયે દોડી આવી તેમને પકડી લીધાં. તે પાળેલાં કબુતરને

પકડવા જતાં વિજયના પગમાં ત્યાં પડેલો એક કાંટો પેસી ગયો. તેના પગમાંથી લોહી નીકળવા લાગ્યું. તેણે એ બન્ને પક્ષીઓને તેના બે હાથમાં જુદાં-જુદાં પકડયાં હતાં. તેથી ત્યાં બેસી જઈ તેણે બૂમ મારી, "વસંત! અહિં આવ. મ્હેં આ બે કબુતરને પકડયાં છે, પણ મારા પગમાં એક મોટો કાંટો વાગ્યો છે."

વસંત અને બન્સી તેની પાસે દોડી આવ્યાં. બન્સીએ કબુતર મને આપ એમ કહ્યું, પણ વિજયે ઉડી જાય કહી તેને આપ્યાં નહિ. બન્સીએ નીચે બેસી તેનો પગ ઉંચો કર્યો, અને વસંતે તેના પગમાં ભોંકાઈ રહેલો કાંટો યુકિત પૂર્વક બહાર ખેંચી કાઢયો. ત્યાર બાદ એ ત્રણે જણાં નિર્દોષ રમ્મત-ગમ્મત કરતાં આગળ ચાલવા લાગ્યાં. વિજય ખોડંગતો-ખોડંગતો આગળ હિંડતો હતો. તેને પગમાં કાંટો વાગવાથી વસંતનું દીલ દુખાતું હતું. તે વારંવાર વિજયને પૂછતી હતી કે:-"પગે કેમ છે?" વિજય દર્દની બેદરકારી બતાવી તેને હસ્તે વદને કહેતો કે:-"વસંત! આટલો કાંટો વાગવાથી શું રાજપૂત કુમારને દર્દ થતું હશે કે? આવા સેંકડો કાંટા વાગે તોય પણ હું ગણકારૂં એવો નથી." તેના આવા બોલવાથી વસંત હસી પડતી. બાદ ત્રણે જણાં એક ઉંચા વૃક્ષ પાસે આવીને ઉભાં રહ્યાં. તેની ઉપર લાલરંગનાં સુંદર સુવાસિત પુષ્પો ખીલેલાં હતાં. તે પુષ્પોને જોઈ વસંત બોલી:-"વિજય! આ ઝાડ પર કેવાં સુંદર પુષ્પો ખીલી રહ્યાં છે?"

"ઘણાંજ સુંદર છે. તારે તેમાંથી એકાદ બે લેવાની ઈચ્છા છે કે?" વિજયે પૂછ્યું.

"હા, પણ તેને કેવી રીતે લઈ આવી શકાય? કારણ કે આ ઝાડ તો ઘણું ઉંચું છે?" વસંતે પુષ્પો સામે જોઇ કહ્યું.

વિજય હસીને કહેવા લાગ્યો:-"ઉંચું છે તેથી શું થઈ ગયું?

તમે બન્ને જણાં આ કબુતરને પકડી રાખો, હું ઝાડ પર ચઢી ફુલ લઈ આવું છું." કહી તેણે એકેકુ કબુતર વસંત અને બન્સીના હાથમાં આપ્યું.

વસંત ખુશી થઇ અને હાથમાંના કબુતરને પંપાળી કહેવા લાગી. "વિજય! તું ફુલ લેવાને ઝાડ ઉપર ચઢીશ તો ખરો, પણ કાંટા તારા શરીરમાં વાગશે તો ?"

"ગાંડીરે ગાંડી. શું કાંટા વાગવાના ભયથી રાજપૂત વીર ડરી જઈ તેના સ્નેહીની ઇચ્છા પૂર્ણ કરવાને અચકાશે કે? નહિ, નહિ. હું તારે માટે તો જે કરૂં તે ઓછું છે. મારી વસંતની સઘળી ઇચ્છાઓ પૂરી કરવાને હું તૈયાર છું." કહી વિજય ઝપાટા બંધ ઝાડ પર ચઢી ગયો.

વસંત પ્રસન્ન થઇને જોઇ રહી. એવામાં બન્સીના હાથમાંનું કબુતર તેનો હાથ ઢીલો થતાં એકાએક ઉડી ગયું. તેને ઉડી જતું જોઈ વસંતના હાથમાંનું કબુતર પણ તેને ચંચુ પ્રહાર કરવા લાગ્યું. વસંતના હાથે લોહી નીકળ્યું. તેણે ગભરાઇને તેને પણ છોડી દીધું. બન્ને પક્ષીઓ ગગનમાં ઉડી ગયાં. થોડીવારમાં વિજય ફુલ લઈ નીચે ઉતર્યો; અને પુષ્પો વસંતના હાથમાં મૂકી પૂછ્યું, "મારૂં કબુતર ક્યાં ગયું?"

"તે તો ઉડી ગયું." વસંતે કહ્યું.

"અને તારા હાથમાંનું કબુતર?" વિજયે બન્સીને પૂછ્યું.

"તે પણ ઉડી ગયું." બન્સીએ કહ્યું.

"શામાટે તમે બન્ને જણાંએ તેમને ઉડી જવા દીધાં?"

"અમે કંઈ હાથે કરીને તેમને ઉડી જવા દીધાં નથી. આ જો, તે મારા હાથે લોહી કાઢીને ઉડી ગયું છે." કહી વસંતે તેનો હાથ લાંબો કરી વિજયને બતાવ્યો.

તેના હાથમાંથી લોહી નીકળતું જોઈ વિજય તેની પાસે ગયો;

અને તેનો હાથ હાથમાં પકડી જોવા લાગ્યો. બન્સી પાણીનું ચાંગળું ભરી લાવ્યો. તેનાથી તેના હાથ પરનું લોહી ધોઈ સાફ કરી નાખ્યું.

આવી રીતે રમ્મત–ગમ્મતમાં સાંજ પૂરી થવા આવી, સૂર્ય નારાયણ ભગવાન ગગન મંડળમાં ધીમે ધીમે પ્રવેશવા લાગ્યા. એવું જોઈ વસંતે કહ્યું:–" હવે આપણે પાછાં જઇએ તો સારૂં, કારણ કે આપણે કોઇને કહ્યા વિના અહિં આવ્યાં છીએ, તેથી માતા પિતા ફીકર કરતાં હશે. "

" આપણે કંઈ કોઇનાથી ડરીએ એવાં છીએ કે જેથી તેઓ આપણી ફીકર કરે? આપણે જવાની હજી વાર છે, મારે તને હજી પેલા સિંહની ગમ્મત દેખાડવી છે." વિજયે જણાવ્યું.

" પણ તું આજે વાંસળી વગાડીશ કે નહિ?" વસંતે પૂછ્યું.

" આજે વાંસળી તો એવી સરસ વગાડીશ કે જેથી તું ખુશી ખુશી થઇ જઈશ અને પેલો સિંહ પણ વાંસળી સાંભળી નાચવા કુદવા મંડી પડશે. ચાલો આપણે ત્યાં જઇએ, અને તેને પિંજરામાંથી બહાર કાઢી ફેરવીએ." વિજયે કહ્યું.

" હું તો ત્યાં નહિ આવું. મને તો એ સિંહની ઘણી બીક લાગે છે." બન્સી બોલી ઉઠયો.

" જા, જા. એમાં ડરે છે શું? હું તેને પિંજરામાંથી બહાર કાઢીશ અને આ વસંત તેની સાંકળ ઝાલશે. તે પછી હું તેની પર બેસી વાંસળી વગાડી તમને ખુશ કરીશ." આમ કહી વિજય ત્યાંથી ચાલવા લાગ્યો. ત્રણે જણાં સિંહના પિંજરા આગળ આવીને ઉભાં રહ્યાં. તેમને જોઈ સિંહે ભયંકર ગર્જના કરી. તેના અવાજથી વિજય હસવા લાગ્યો. બન્સી ભયથી ધ્રુજવા લાગ્યો. આ સમયે ત્યાં કોઇ રખવાળ હાજર નહોતો કે તે વિજયને અટકાવે.

સિંહને બૂમ પાડતો જોઇ વિજયે વાંસળી વગાડવા માંડી. તે વાંસળી વગાડવામાં ઉસ્તાદ હતો. વાંસળીના મીઠા સૂરથી ભયંકર વનરાજ શાન્ત થઈ ઉભો રહ્યો. ઘણીવાર સુધી વાંસળી વગાડી વિજયે પિંજરૂં ઉઘાડી સાંકળ ઝાલી સિંહને બહાર કાઢ્યો.

અહા! આશો ચમત્કાર! જે સિંહ થોડીકવાર પર ઘણો ભયંકર અને ઝનુની જણાતો હતો. તે સિંહ અત્યારે ગરીબ ગાય જેવો બની વિજયની પાસે ઉભો રહ્યો. આ સઘળો પ્રતાપ વાંસળીનો હતો. વિજયે વાંસળીના મોહક સૂરથી વનરાજને કેટલાએ દિવસથી વશ કરી દીધો હતો. બન્સી સિંહને જોઇ દૂર નાસી ગયો, અને એક ઝાડને ઓથે છૂપાઈ રહી જોવા લાગ્યો.

વિજય કુમારે હમેશના નિયમ મુજબ સિંહના શરીરે હાથ ફેરવી વસંતને પૂછ્યું, "તારે આની ઉપર બેસવું છે કે?"

"ના, તું એની પર બેસી વાંસળી વગાડ." વસંતે કહ્યું.

"ત્યારે તું આ સાંકળ પકડી આગળ ચાલ. હું આની પર સ્વાર થઈ વાંસળી વગાડું છું." કહી વિજય સિંહ ઉપર સ્વાર થઈ વાંસળી વગાડવા લાગ્યો. વસંત સાંકળ પકડી આગળ ચાલવા લાગી. સિંહ ગરીબ ગાય જેવો બની વસંતની પાછળ ચાલવા લાગ્યો. સિંહ પર સ્વાર થયેલો વિજય મધુર અને મોહક સ્વરે બન્સરી બજાવવા લાગ્યો. આવી રીતે તેમનું સરઘસ બગીચામાં ફરવા લાગ્યું.

આવી રીતે ગમ્મત ચાલી રહી હતી. એ અરસામાં રાજા સમરસિંહ અને સ્નેહસિંહ તેમને શોધતા—શોધતા ત્યાં આવી ચઢયા. તેઓ બગીચામાં આમ તેમ જોવા લાગ્યા તો તેમની નજર છૂપાઇ ઉભેલા બન્સી પર પડી. તરત રાજાએ તેની પાસે જઈ પૂછ્યું,—"છોકરા! અહિં કેમ ઉભો છે? વસંત-વિજય કયાં છે?"

બન્સીએ લાંબો હાથ કરી બન્ને જણાંને દેખાડયાં. સમરસિંહ

અને સ્નેહસિંહ તો તેમની જીવલેણ ગમ્મત જોઈ આભાજ બની ગયા. તેઓ આશ્ચર્ય યુક્ત વદને જોઇ રહ્યા. સિંહને દોરી આગળ ચાલતી વસંત એક ચક્કર લગાવી પાછી પિંજરા આગળ આવી. વિજય નીચે ઉતરી સિંહને પંપાળવા લાગ્યો. વનરાજ પણ જાણે ઘણી મઝા પડી હોય એમ ગેલ કરતો વિજયના પગ ચાટવા લાગ્યો. થોડીવાર તેને પંપાળી વિજયે વાંસળીનો કંઇક અવાજ કર્યો કે જેથી એક છલંગ મારી સિંહ તેના પિંજરામાં દાખલ થઈ ગયો. વિજયે પિંજરૂ બંધ કરી દીધું. ત્યાર બાદ તેઓ ત્યાંથી ચાલતાં થયાં. તેઓ એક બીજાનો હાથ પકડી વાતો કરતાં ચાલતાં હતાં. એવામાં વિજયને બન્સી યાદ આવ્યો. તેણે તેને જોવાને નજર ફેરવી. તેણે બન્સીને એક ઝાડ નીચે બે પુરૂષોની સાથે ઉભેલો જોયો. વિજય વસંતને લઇ ત્યાં ગયો, અને એકાએક રાજા તથા સ્નેહસિંહને જોતાંજ તેઓ સ્તબ્ધ બની ગયાં. સ્નેહસિંહે તે બન્ને જણાંને પાસે ખેંચી છાતી સરસાં દાબ્યાં, અને પછી મૂકી દઈ મહારાજાને પગે લાગવાનું સૂચવ્યું.

બન્ને બાળકો રાજાને પગે પડયાં. રાજાએ વસંતને માથે હાથ મૂકી હસતે વદને વિજયને પૂછ્યું:—"વિજય કુમાર! તું જેમ જેમ મોટો થતો જાય છે, તેમ તારાં તોફાન વધારે વધતાં જાય છે. તું અને વસંત આજે બગીચામાં શું કરતાં હતા?"

"બાપુ! અમે આ બગીચામાં ફરતાં હતાં, એવામાં પેલા પિંજરામાં પૂરાયેલા વાઘે બૂમ પાડી અમને તેની પાસે બોલાવ્યાં. તેથી અમે ત્યાં જઈ તેને બહાર કાઢીને રમાડી પાછો અંદર પૂરી દીધો." વિજયે જણાવ્યું.

સ્નેહસિંહ તેના બોલવાથી હસ્યો. બાદ બાળકોને લઇ રાજા અને સ્નેહસિંહ ત્યાંથી નીકળી મહેલમાં આવ્યા.

પ્રકરણ ૯ મું.

—:૦:—

" સમાચાર. "

આજે વિજયા દશમીનો શુભ દિવસ છે. ચંદ્રાવતીમાં આનંદોત્સવ થઇ રહ્યો છે. નાગરીકો હાથમાં ઝવારા લઈ ઇષ્ટ મિત્રોને ઘેર ગમન કરી રહ્યા છે. એવી રીતે આમોદ–પ્રમોદમાં સાંજ પડવા આવી. એ સમયે મહારાજા સમરસિંહની સ્વારી ચઢવાની હતી. લોકોનાં ટોળેટોળાં સ્વારી જોવાને અગાઉથી આવી રસ્તાની બન્ને બાજુએ ગોઠવાતાં હતાં. લોકોની મેદની એટલી તો મળી હતી કે સિપાહીઓને બંદોબસ્ત રાખવાને ઘણી મહેનત પડતી હતી. બરાબર પાંચ વાગવાનો સુમાર થતાં તોપોના અવાજ થવા લાગ્યા. આથી પ્રજાએ જાણી લીધું કે રાજમહેલમાંથી સ્વારી નીકળી. સ્વારીનો દેખાવ રમણીય હતો. સૌથી આગળ ઉંટ ઉપર નિશાન ડંકો વાગતો હતો. પાછળ ઘોડેસ્વારો–પાયદળ–વાજાંવાળા વગેરેનું સરઘસ ચાલ્યું આવતું હતું. છેક છેલ્લે હાથી પર ગોઠવેલી સુવર્ણની અંબાડીમાં મહારાજા સમરસિંહ નાના રાજકુમારને લઈ બિરાજ્યા હતા. અંબાડીના પાછલા ભાગમાં સ્નેહસિંહ વસંત અને કમળાને લઈ બેઠો હતો. હાથીની બન્ને બાજુએ બે સુંદર અશ્વો પર વિજય અને બન્સીલાલ સ્વાર થયા હતા. આ સમયે વિજયનો દેખાવ આકર્ષક લાગતો હતો. તેને આજે પંદરમું વર્ષ ઉતરી સોળમું બેઠું હતું. મૂળથી તે

ઉમ્મરના પ્રમાણમાં સ્હેજ ઉંચો હતો. તેનું ગૌર બદન બળવાન અને મજબૂત હતું. તેણે આજે ઘણોજ સુંદર પોષાક ધારણ કરેલો હતો, કમ્મરે રત્ન જડિત મૂઠની તલવાર આમ તેમ ઝોલાં ખાતી હતી. તેના માથાનો મણિમય શિરપેંચ સૂર્યના પ્રકાશમાં ચળકાટ મારી રહ્યો હતો. આવો નવ યુવાન વિજયકુમાર પ્રફુલ્લિત વદને આસપાસ જોતો અશ્વને ખેલાવતો હતો. પ્રજા જનોએ મહારાજાને જોતાંજ તેમનો જય ઘોષ કર્યો. વિજય પર દ્રષ્ટિ પડતાં હૃદયમાં આનંદ પ્રવાહ વહેવા લાગ્યો, સ્ત્રીયોની નજરમાં તો કંઈક જુદોજ ભાસ જણાવા લાગ્યો. કુમારી કન્યાઓ તેના જેવો વર મળશે કે નહિ એમ વિચાર કરવા લાગી. ધીમે ધીમે સ્વારી આગળ ચાલવા લાગી. શોખીન લોકો સ્વારીની પાછળ-પાછળ જવા લાગ્યા. આવી રીતે મહારાજાની સ્વારી ફરતી ફરતી ચંદ્રાવતી નગરથી ત્રણ માઈલ દૂર આવેલા એક મોટા મેદાનમાં આવી. તે મેદાનમાં અગાઉથી તંબુઓ ઉભા કરી દેવામાં આવ્યા હતા, મહારાજા સમરસિંહ તેમના મંડળ સહિત સમી પૂજન કરી તે દિવસે એ મેદાનમાં ઉભા કરેલા તંબુમાં બિરાજતા. તે સમયે ત્યાં નાના પ્રકારની રમ્મત-ગમતો થતી. મલ્લ યુદ્ધ-પશુ યુદ્ધ ઉપરાંત દારૂખાનું ફોડવામાં આવતું. તે પછી મહારાજા સરદારો-ભાયાતો વગેરેને યોગ્યતા મુજબ શિરપાવ આપતા.

આજે પણ તે પ્રમાણે સમી પૂજન કરી સમરસિંહ તેમના બંધુ સ્નેહસિંહ સાથે તંબુમાં ગોઠવેલા આસન પર બિરાજમાન થયા. અન્ય અધિકારીઓ અને સરદારો પણ યોગ્યતા મુજબ ગોઠવાઈ ગયા. જોવાને એકઠા મળેલા લોકો પણ જેને જેમ ફાવ્યું તેમ ગોઠવાઈ ગયા. રમતો શરૂ થઈ, પ્રથમ મલ્લ યુદ્ધ થયું. બે કદાવર મલ્લો એક બીજાની સાથે દાવપેચથી કુસ્તી ખેલવા લાગ્યા; તેઓ એક બીજાને હરાવવા

અનેક યુક્તિયો કરવા લાગ્યા. અંતે એક મલ્લે તેના હરીફને જમીન ઉપર પટક્યો. લોકો આનંદ પામી હર્ષ ગર્જના કરવા લાગ્યા. બાદ બન્ને મલ્લોએ મહારાજાના સિંહાસન સમિપ જઈ પ્રણામ કર્યા. મહારાજાએ તેમને યોગ્ય ઇનામ આપી સંતુષ્ટ કર્યા. તે પછી કુકડા, કબુતર વગેરે નાના પ્રાણીઓની લઢાઈ થઇ. તેમાં પણ લોકોને ઓર આનંદ પડયો. નાના પ્રાણીઓના યુદ્ધ પછી બે જંગલી પાડાઓને મસ્ત બનાવી છૂટા મૂકવામાં આવ્યા. તે પાડાઓ કોઇને ઇજા કરે નહિ તેને માટે પૂરતો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. બંદુકો તૈયાર રાખી સિપાહીઓ થોડે થોડે અંતરે ઉભેલા હતા. કદાવર દેખાવના બે જંગલી પાડાઓ મોટી મોટી ચીસો પાડી ભયાનક યુદ્ધ કરવા લાગ્યા. તેમનું યુદ્ધ જોઈ લોકો પણ ભય પામવા લાગ્યા. આખરે એક પાડો લોહી લુહાણ થતાં તેમનું યુદ્ધ અટકાવવાને ખુલ્લી તલવારો વાળા સિપાહીઓ વચ્ચે પડયા. બાદ રક્ષકો આવી પાડાને ત્યાંથી લઈ ગયા. જે સિંહની સાથે વિજયકુમાર રમતો હતો, તે સિંહનું પિંજરૂં પણ ત્યાં લાવવામાં આવ્યું હતું. મહારાજાની આજ્ઞાથી વિજયકુમારે તે સિંહને બહાર કાઢી અનેક પ્રકારની ગમ્મત કરી બતાવી. ત્યાર બાદ તેણે તેની વાંસળી મધુરા સૂરે વગાડી સર્વને ખુશ ખુશ કરી નાખ્યા. તેની વાંસળીના મોહક ગાનથી ત્યાં ઉભેલા લોકો પણ ડોલવા લાગ્યા. ભયંકર વનરાજ તો નાચવા અને કુદવા લાગ્યો. સર્વનાં મન પ્રસન્ન કરી વિજયે વાંસળી વગાડવી બંધ કરી સિંહને પિંજરામાં પૂરી દીધો. મહારાજાએ પ્રસન્ન થઈ તેના ગળામાં હિરાજડિત હાર પહેરાવ્યો. વસંતના આનંદની તો અવધીજ નહોતી. કમળા તેના ભાઇ પાસે જઈ ઓવારણા લેવા લાગી. વિજયે બ્હેનને પાસે બોલાવી આજના શુભ અવસરે આંગળી એથી એક અમૂલ્ય વિંટી કાઢી તેની આંગળીએ પહેરાવી. તેને કમ-

ળાને વિંટી પહેરાવતો જોઈ તરત વસંત તેની પાસે દોડી આવી. વિજયકુમારે તેના મનની ઇચ્છા સમજી ગળામાંથી મોતીની માળા કાઢી તેના કંઠમાં પહેરાવી. બાદ ત્રણે જણાં હસ્તે વદને વાતો કરવા લાગ્યાં. તે પછી રંગબેરંગી દારૂખાનું ફોડવામાં આવ્યું. અંતે તે પૂરૂં થતાં લોકો આનંદ પામી ઘર તરફ વેરાવા લાગ્યાં. રાત્રિ પડી ચૂકી હતી. આકાશમાં નિશા નાથનો ઉદય થઇ ચૂકયો હતો. તેમના તેજથી સૃષ્ટિ પ્રકાશી રહી હતી. મહારાજા તે દિવસે મોડી રાત સુધી ત્યાંજ આનંદ કરવા લાગ્યા. પ્રજા જનોના ચાલ્યા ગયા પછી મહારાજાએ સરદારો સાથે મેવા મિઠાઇઓનો અહાર કર્યો. તે પછી એક સુંદર વારાંગનાને બોલાવવામાં આવી. તેણે મોડી રાત્રિ સુધી મધુર અને મોહક સ્વરે ગાન ગાઈ સઘળાનાં મન રંજન કર્યાં. ગાનને અંતે તેને ખુશ કરી વિદાય કરવામાં આવી. તે પછી મહારાજા નગર તરફ જવાની તૈયારી કરવા લાગ્યા, એ અરસ્સામાંજ તંબુના દ્વારનો રક્ષક અંદર આવ્યો, અને મહારાજાને નમન કરી બોલ્યોઃ–" મહારાજ! બહાર એક ઘોડેસ્વાર આવ્યો છે, તે આપનાં દર્શનની ઇચ્છા દર્શાવે છે."

" તે કોણ છે ? " સ્નેહસિંહે પૂછ્યું.

" તેની મને ખબર નથી, પરંતુ તે કંઇક અગત્યના કામ માટે આવ્યો હોય એમ જણાય છે. સિપાહીએ કહ્યું.

" તેને અંદર આવવા દયો. " સ્નેહસિંહે આજ્ઞા આપી.

સિપાહી નમન કરીને ચાલ્યો ગયો; અને થોડા વખતમાં તે આવનાર માણસને લઈ અંદર આવ્યો. તે આવનારે કાળાં વસ્ત્ર પહેરેલાં હતાં. તેની વય બહુધા ચોત્રીસ–પાંત્રીસ વર્ષની જણાતી હતી. પ્રવાસના પરિશ્રમથી તેનું મુખ ગ્લાની યુક્ત જણાતું હતું. તેણે અંદર આવી મહારાજાને નમન કર્યું; મહારાજા અને સ્નેહસિંહ ઘણીવાર સુધી તેના

મુખ સામે જોઇ રહ્યા. એવામાં સ્નેહસિંહ એકાએક તેને ઓળખી બોલી ઉઠયોઃ-"કોણુ તમે અજબસિંહ કે ?"

"હા, નામદાર! જે અજબસિંહ આપને ઘણા વર્ષ પર વિકટ વગડામાં દુઃખદાયક સમાચાર કહેવાને આવતો મળ્યો હતો, તેજ અજબસિંહ આજે પુનઃ આપની સેવામાં હાજર થયો છે." તેણે જણાવ્યું.

"તમે આટલા બધા સમય સુધી કયાં ગૂમ થઇ ગયા હતા?" રાજાએ પૂછ્યું.

"મહારાજ! મારા મહારાજાનું ખેદાન મેદાન થઇ ગયું, તેનો શોક સહન નહિ કરી શકાવાથી હું થોડાંક વર્ષ તો આમતેમ ફરતો ફર્યો. મારા મનમાં વૈરનો અગ્નિ ભડભડાટ સળગતો હોવાથી મને મુદ્દલે ચેન પડવા માંડયું નહિ. આથી હું ગુપ્ત વેશ ધારણ કરી થોડાક દિવસ પહેલાં દુષ્મનના નગરમાં ગયો. ત્યાં મારા એક ઓળખીતાને ત્યાં નિવાસ કરી હું દુસ્મનના દરબારમાં આવવા જવા લાગ્યો. ત્યાં લઢાઇની તૈયારી થતી હોય એમ માલમ પડયું. મેં મારા મિત્રને તે બાબત વિશે પૂછ્યું, તો તે માસ મિત્રે જણાવ્યું કેઃ—"કજ્જલસિંહના ખૂનનો આરોપ મૂકી જુનું વૈર વાળવા દુર્મદસિંહ ચંદ્રાવતી નગર ઉપર ચઢાઈ લઇ જવાની તૈયારી કરે છે. આ તૈયારી આજકાલ કરતાં ઘણાં વર્ષથી ગુપ્ત રીતે કરવામાં આવી છે." આવા સમાચાર શ્રવણ કરતાંજ મારૂં લોહી ઉકળી આવ્યું અને આ સમાચાર આપને વિદીત કરવા હું તાબડતોબ ઘોડેસ્વાર થઇ અહીં આવી પહોંચ્યો છું."

તેના આવા ચોંકાવનારા સમાચારથી ત્યાં બેઠેલા સઘળા સરદારો ઉશ્કેરાઈ ગયા. શાન્તિનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. અંતે સ્નેહસિંહ વિકટ હાષ્ય કરી બોલી ઉઠયોઃ-"અજબસિંહ! જે દુષ્ટ રાજાની હું ઘણા સમયથી રાહ જોઈ રહ્યો છું, તેનો મુકાબલો હવે ક્યારે થનાર છે?"

"તે પાપાત્મા ઘણું કરીને તેના નગરમાંથી નીકળી ચૂક્યો હશે. તેનો વિચાર ગુપ્ત રીતે હુમલો લાવવાનો છે." અજબસિંહે જણાવ્યું.

"તે ગુપ્ત આવો કે જાહેર આવો તેની આપણને પરવાહ નથી. તેની લાંબા સમયની તૈયારીને એકજ ફટકામાં ધૂળ મેળવવા આ સ્નેહસિંહ તૈયાર છે. તેનું ગમે એટલું પ્રચંડ સૈન્ય હશે તદપિ ચંદ્રાવતીના રણશૂરા યોદ્ધાઓ તેઓને રણશૈય્યા પર સૂવાડવાને સમર્થ છે. અહા ! કેવો અમૂલ્ય સમય! કે જે વૈરીને હું લાંબા કાળથી રોળવાને ઇચ્છતો હતો, હા ! .તેજ શત્રુ વગર વિલંબે અહિં ચાલ્યો આવે છે. ખરેખર તેનો કાળજ તેને અહિં ખેંચી લાવે છે. હું તેને તેના અભિમાનનું યોગ્ય ફળ ચખાડીશ. તેને રણમાં રોળીશ કે કાંતો બંધીવાન બનાવી રીબાવીશ. જે દુષ્ટ રાજાએ વિના કારણે રાજપૂરનો નાશ કર્યો છે, અરે જે નામર્દ રાજાએ હજારો નિરપરાધીનાં લોહી વહેવરાવ્યાં છે, તે નરાધમને તેના પરીવાર સહ સંહારીશ ત્યારેજ શાન્ત થઇશ." આમ બોલતો સ્નેહસિંહ ઉગ્ર દેખાવા લાગ્યો. તેના હોઠ ફરકવા લાગ્યા. હાથ વારંવાર કમ્મરે લટકતી તલવાર તરફ વળવા લાગ્યા. તેના શૌર્યો તેજક શબ્દોથી ત્યાં બેઠેલા સઘળા સરદારો પણ ઉશ્કેરાઈ બૂમ પાડી ઉઠયા, "તેને મારો, પાપાત્માને કાપો. "

આવો પ્રકાર જોઇ મહારાજા સમરસિંહ ઉભા થઈ કહેવા લાગ્યા, "મારા રણસૂર યોદ્ધાઓ ! અત્યારથીજ શામાટે અકળાઈ જાઓ છો. બાપુ ! શાન્ત થાઓ, તમારા ક્રોધને કાઢવાનો સમય હવે નજીકમાં છે. દુષ્ટ દુર્મદની સાથે પરંપરાથી વેર ચાલતું આવે છે. તે વેર શાન્ત થાય એ હેતુથી આપણે આટલા સમય સુધી તેને નહિ સતાવતાં મૌન ધારીને બેસી રહ્યા હતા. જ્યારે આપણે તેનું શુભ ઇચ્છયું ત્યારે એ ચંડાળે આપણું અનિષ્ટ કરી વૈરમાં વૃદ્ધિ કરી છે. દુષ્ટ દુર્મદના જુલ-

મથી પ્રજા પણ કંટાળી ગઇ છે. તેના અધિકારીઓ રાંકડી પ્રજાનાં ગળાં રેંશી તેમની પર જુલમ ગુજારે છે. હા ! એજ નરાધમ રાજાને પ્રતાપે ઘણો ખરો દેશ જંગલ સમાન થઇ ગયો છે. એ સઘળા જુલમનો બદલો હવે તેને બરાબર મળશે. દુર્મદ રણસંગ્રામમાં હોમાશે અને પુનઃ સર્વત્ર શાન્તિ છવાશે. મારા રણસૂર સામંતો! હવે તૈયાર થાઓ અને દુષ્ટ દર્મદનો મદ ઉતારવાને તેમજ તમારા રણ કૌશલ્યની વીરહાક વગાડવાને કાલેજ પ્રયાણ કરો. ” આટલું બોલી રાજા સમરસિંહ શાન્ત થઇ આસન પર બેઠા.

એવામાં રાજ બારોટને ઝનુન ચઢી આવવાથી ઉભા થઈ બોલી ઉઠયા, ઓ રાજપૂત કુળના હિરાઓ! ઉઠો, તૈયાર થાઓ. તમારા માટે અમૂલ્ય સમય આવી પહોંચ્યો છે. તમે પ્રજાપાળક કહેવાઓ છો, પ્રજાને ત્રાસ આપનાર દુષ્ટોને દંડ દેવા સમર્થ છો. દુષ્ટ દુર્મદ પ્રજાને રંજાડનાર છે, ગાય જેવી પ્રજાને ત્રાસમાંથી ઉદ્ધાર કરવો તે તમારૂં કર્તવ્ય છે. વીર યોદ્ધાઓ ! ઉઠો, તમારી વીર હાકથી શત્રુઓનાં ગાત્રો સિથીલ કરો અને દુષ્ટ દુર્મદને તેના અત્યાચારીઓ સાથે ઠાર કરી સંસારમાંથી વિદાય કરો. જેણે આ સંસારમાં જન્મી નામના મેળવી નથી તેનો જન્મારો વૃથા છે. મારા વીરાઓ ! તમે કવિનું આ કહેણુ સાંભળ્યું નથી કે,

નામ રહંતાં ઠક્કરો, નાણાં નહિ રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નહિ પડંત.

માટે તૈયાર થાઓ, અને અરીનું મર્દન કરી પાપીઓનાં બળિદાન દઈ રણચંડીને તૃપ્ત કરો. બોલો “ મહારાજા સમરસિંહનો વિજય.” આટલું બોલી રાજ બારોટે તરવાર ખેંચી.

બારોટનાં વચનોથી સઘળાનાં લોહી ઉકળી આવ્યાં. તેમની આંખોમાંથી ક્રોધાગ્નિ વરસવા લાગ્યો. એવામાંજ સેનાપતિ રણ-

ધારે ઉભા થઇ કહ્યું:—" મહારાજા ! આ સેવકને આજ્ઞા આપો કે તે અત્યારેજ આ થોડાક સરદારો સાથે પ્રયાણ કરી દુષ્ટ દુર્મદને બંધિવાન બનાવી આપના ચરણમાં રજુ કરે."

મહારાજા તેને જવાબ આપે તે પહેલાં તો સ્નેહસિંહ ગાજી ઉઠયો:—" રણધીર ! હું પણ તમારી સાથે આવવાને ઇચ્છુંછું. આજે ઘણા દિવસને અંતે લાંબા સમયની ઇચ્છાને પૂર્ણ કરવાનો અમૂલ્ય અવસર મને મળ્યો છે. હું દુર્મદનો નાશ કરી મારા હાથને તેના રૂધીરથી રંગવાને ઘણોજ આતુર છું. હા ! તે નરાધમે સ્વદેશને કેટલી હાની પહોંચાડી છે ? લોકોનું કલ્યાણ કરવાને બદલે તે સંહારક કાળ રૂપે અવતર્યો છે. બસ એજ તેના મ્હોતનો ડંકો છે."

આમ બોલી તેણે તલવાર ખેંચી. સઘળા સરદારોએ પણ તેનું અનુકરણ કરી હર, હર, મહાદેવની વીરહાક વગાડી. તેમની વીર હાકના પ્રત્યાઘાતથી આખું મેદાન ખળભળી ઉઠયું. તેમનું અપ્રતિમ શૌર્ય નિહાળી રાજા સમરસિંહ ઉભા થઈ બોલ્યા, " મારા સુભટો ! તમારૂં શૌર્ય નિહાળી મને અનહદ આનંદ થાય છે. ચાલો હવે આપણે અત્યારે નગરમાં જઇએ અને પ્રાતઃકાળમાં દરબાર ભરી દુષ્ટ દુર્મદને રોળવા પ્રયાણ કરીએ." કહી મહારાજા તંબુમાંથી બહાર નીકળી હાથીપર સ્વાર થયા. રાત્રિના બાર વાગે સઘળી સ્વારી નગરમાં આવી. મહારાજા—સ્નેહસિંહ વિજય વગેરે રાજ્ય ભુવનમાં ગયા. સરદારો—સૈનિકો પણ પોત પોતાના મકાનો તરફ ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૦ મું.

રણભૂમિ તરફ પ્રયાણ.

નોત્તમનગરના રાજા દુર્મદસિંહે ચંદ્રાવતીથી લગભગ દશેક માઇલના અંતરે આવી છાવણી નાખી. તે અગાઉથી ખાતમી મેળવવા મોકલેલા ગુપ્તચરની આતુરતાથી રાહ જોવા લાગ્યો, બાદ છેક સાંજે ચર્ચા જોવા ગયેલો જાસુસ આવી પહોંચ્યો, અને ચંદ્રાવતી નગરના સૂરાઓનો રણોન્માદ તેમજ તૈયારી વગેરેના સમાચાર કહી સંભળાવ્યા. દુષ્ટ દુર્મદનો વિચાર એકદમ હલ્લો કરવાનો હતો, તેથી યુદ્ધની તૈયારી થઇ ગએલી સાંભળી આશ્ચર્ય પામ્યો. તેણે તેના મનના વિચારને માંડી વાળ્યો. તેણે પ્રધાન દુષ્ટબુદ્ધિ અને સેનાપતી દુર્જનસાલ સાથે ખાનગી મસલત ચલાવી એક પત્ર લખાવ્યો અને તે પત્ર રાજા સમરસિંહને આપવાનું સૂચન કરી એક દૂતને ચંદ્રાવતી તરફ રવાને કર્યો.

છેવટે પ્રાતઃકાળ થયો. ચંદ્રાવતીના રાજમાર્ગો ઘોડાઓની પડગીઓના અવાજથી ગાજી રહ્યા. રણસૂરા રજપૂતો રણગીત લલકારતા દરબારના ચોગાનમાં એકઠા થવા લાગ્યા. દરબાર ગઢ તરફ આવતા સૈનિકોના આયુધોના ખડખડાટ સાંભળી અને સૂર્યના તડકામાં ચળકાટ મારતા ભાલાઓને જોઈ કાયર પુરૂષોના મનમાં ભય ઉત્પન્ન થવા લાગ્યો. રાજમહેલના વિશાળ ચોગાનમાં યોદ્ધાઓ આવીને એકઠા થવા લાગ્યા.

તે ચોગાનમાં ગાદી તકીઆ પાથરવામાં આવ્યા હતા. સમય થતાં મહારાજા સમરસિંહ—સ્નેહસિંહ—સેનાપતિ રણધીરસિંહ વગેરે ત્યાં આવી પહોંચ્યા. મહારાજા ગાદીપર બિરાજ્યા. વિજય અને બન્સી શસ્ત્રઅસ્ત્રથી વિભુષિત થઈ ત્યાં આવ્યા અને મહારાજાને પ્રણામ કરી નીચે બેઠા. સઘળા સરદારો—સામંતો અને સૈનિકો આયુધો સાથે એકત્ર થઇ અને રણભૂમી પ્રત્યે ગમન કરવાને ઉત્સાહીત થઈ રહ્યા. એટલામાં પ્રતિહારે આવીને જણાવ્યું કેઃ—"રાજન્! દ્વાર સમીપે દુર્મદસિંહનો પત્ર લઈ એક દૂત આવેલો છે. આપ નામદારની આજ્ઞા હોય તો તેને અંદર પ્રવેશ કરાવું ?"

સમરસિંહે તેને અંદર આવવા દેવાની આજ્ઞા આપી. તરત દુર્મદના દૂતને ત્યાં લાવવામાં આવ્યો. તેણે નીચા નમી નમન કરીને હાથમાંનો પત્ર સ્નેહસિંહના હાથમાં મૂક્યો. મહારાજાની અનુમતિથી સ્નેહસિંહ પત્ર વાંચવા લાગ્યો.

રાજ રાજેશ્વર સમરસિંહજી!

આ પત્રથી આપને જણાવવામાં આવે છે કે અમે અમારા સૈન્ય સાથે યુદ્ધ કરવાના ઉદ્દેશથી આવી પહોંચ્યા છીએ. તેની તમને ખબર તો પડી હશે ? ઘણા લાંબા સમયથી ચાલી આવતા વૈરને હું તમારો નાશ કરીને શાન્ત કરવાને ઇચ્છુંછું. તમે એક બળવાન રાજાનું બે વખત અપમાન કર્યું છે. પ્રથમ તો ગુણસુંદરી સાથે લગ્ન કરી મારૂં નાક કાપ્યું છે. ગુણસુંદરી પર ખાસ મારો હક્ક હતો. કારણ કે તે મારા તાબાની રાજકન્યા હતી. બીજું તમે અમારા વ્હાલા સરદાર કજ્જલસિંહનું ઘણી ઘાતકી રીતે ખૂન કર્યું છે. આ સઘળા અપરાધનો બદલો વાળવા અને તમારૂં ખેદાન-મેદાન કરવા હું સૈન્ય સાથે ચંદ્ર-

પતી ઉપર વિજય મેળવવાને આવ્યો છું. તમે અમારી સાથે યુદ્ધનો આરંભ કરવા તૈયાર થજો. તેમ છતાં જો તમારો વિચાર યુદ્ધ કરવાનો ન હોય તો ગુણસુંદરીને મારા ચરણમાં હાજર કરી દંડ તરીકે દશ લાખ રૂપિયા આપી અમારા ખંડીઆ રાજા થઇ રહો. જો આ પ્રમાણે તમારા ધ્યાનમાં ન ઉતરે તો યુદ્ધને માટે તૈયાર થજો અને આ દુર્મદસિંહના હાથથી રણ શૈય્યાપર સૂજો. બસ હાલતો એજ.

લી. નૌત્તમગઢાધિપતિ

રાજ રાજેન્દ્ર દુર્મદસિંહ.

પત્ર પૂરો થતાંજ સ્નેહસિંહે અટ્ટહાષ્ય કરી પત્રના ચૂરેચૂરા કરી નાખ્યા. વીરનરોની નાડીઓમાં લોહી ધમધમાટ વહેવા લાગ્યું. તત્કાળ સ્નેહસિંહ ઉભો થઈ ભયાનક ગર્જના કરી દુર્મદના દૂતને કહેવા લાગ્યો:- "જા, જા, અહિંથી ચાલ્યો જા, અને ગર્વમાં અંધ થએલા તારા રાજાને જઇને કહે કે ચંદ્રાવતીના બહાદુરો તારી આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. વળી વધારામાં તે ક્ષત્રિય કુળ કંટકને કહેજે કેઃ—હેં જે અત્યાર સુધી અત્યાચાર કરી વિના કારણે રાજપૂરનો નાશ કર્યો છે, તેનું વૈર લેવાને ચંદ્રાવતીના યોદ્ધાઓ અલ્પ સમયમાં જ તારી સમીપ ભૂખ્યા સિંહની માફક દોડ્યા આવશે. તારા જેવા કુટિલ ઘાતકી રાજાઓના શિરને ધડથી જુદાં કરવા અમારી સમશેરો તૈયાર છે. દૂત! તારા રાજાને વધારામાં સંભળાવજે કે તું હવે અહિંથી જીવતો નૌત્તમગઢ જનાર નથી. ચંદ્રાવતીનગરના રણવીરો તારૂં અને તારા સૈન્યનું બળિદાન આપી ભૂત પ્રેતોને સંતોષશે. તું નૌત્તમગઢમાં મૃત્યુ પામી ચિતામાં ભષ્મ થવાને બદલે ચંદ્રાવતીના સમરાંગણમાં રક્તથી તરબોળ થઈ યમસદનમાં જવાની તૈયારી કરજે. બસ જા. આટલોજ સંદેશો તારા અભિમાની રાજાને સંભળાવજે, અને અમારી ભેટ લેવાને તૈયાર થવાનું કહેજે."

દૂત જવા લાગ્યો કે તરત સેનાપતિ રણધીર તેને અટકાવી કહેવા લાગ્યોઃ–"અસુર અને મારો પણ સંદેશો લેતો જા. તારા અધર્મિ રાજાને કહેજે કે ચંદ્રાવતીના યોદ્ધાઓ તારી ઉપર દયા કરીનેજ આટલા દિવસ સુધી શાન્તતાથી બેસી રહ્યા હતા. પણ આજે અમને અનાયાસે અમૂલ્ય સમય હાથ લાગી ગયો છે. ચંદ્રાવતી ઉપર વિજય મેળવતાં તું અમારી અસીનો ભોગ થઈ પડે નહિ એ વિચારજે. દૂત! તારા રાજાને કહેજે કેઃ—હેં એક સૂતેલા સિંહને જાગૃત કર્યો છે, એક વિષધર નાગને છંછેડ્યો છે. તે અલ્પ સમયમાંજ તારો વિનાશ કરશે. આ ચંદ્રાવતીના વીર નરોના આક્રમણથી તારૂં સૈન્ય ગમે એટલું બળવાન હશે તોપણ ટૂંક વખતમાં છિન્ન ભિન્ન થઈ જશે. ચંદ્રાવતીના વીરો વિષધર નાગ છે–ભયંકર વનરાજ છે. તેઓ એક ગર્જનાથીજ તને અને તારા સૈનિકોને પરલોક પ્રયાણ કરવી દેશે."

રણધીરનાં વાક્યો શ્રવણ કરી દૂત સ્તબ્ધ બની ગયો, અને હમણાં મારો પણ પ્રાણ જશે એમ ધારી પુનઃ મહારાજાને પ્રણામ કરી પલાયન થઇ ગયો. દૂતના ગયા પછી યુદ્ધ વિષે ચર્ચા ચલાવી મહારાજા સમરસિંહ ઉભા થઇ કહેવા લાગ્યાઃ–"મારા સરદારો અને સામંતો! દુષ્ટ દુર્મદનો મદ ઉતારવાને આપણે બપોરેજ અહિંથી ગમન કરવાનું છે. માટે તે પહેલાં ઘેર જઇ સ્ત્રી પુત્રાદિકને સંતોષી તૈયારી થઇ પુનઃ પાછા આવો." મહારાજાની આજ્ઞાથી સર્વ સરદારો અને સૈનિકો જય ગર્જના કરતા ચાલ્યા ગયા. તેમના ગયા પછી સ્નેહસિંહે મહારાજાને પૂછ્યુંઃ–"શું આપ પોતે પણ યુદ્ધ ભૂમિમાં આવવાની ઇચ્છા રાખો છો?"

"સ્નેહસિંહ! તારો આ કેવો પ્રશ્ન? રાજાએ સૈનિકોની સરદારી લઇ યુદ્ધ ભૂમિમાં વીરતાથી લડવું એ ધર્મ છે છતાં તું અત્યારે આવો પ્રશ્ન કેમ પૂછે છે?"

"આપનું કહેવું સત્ય છે. પરંતુ આપ ચંદ્રાવતીમાં નિશ્ચિંત થઇ

રહો. એ નાનકડા મચ્છરને મસળવા માટે આપને તસ્દી લેવાની જરૂર નથી. આ તમારો કનિષ્ટ ભ્રાત અલ્પ સમયમાંજ તેના ટુકડે ટુકડા કરી ઉડાવી દેશે." આમ કહી સ્નેહસિંહે અને સેનાપતિ રણધીરે અનેક પ્રકારે સમજાવી રાજાને નગરમાંજ રાખવાનું કબુલ કરાવરાવ્યું. ત્યાર બાદ સઘળા રાજમહેલ પ્રત્યે ગયા. સ્નાન ભોજન વગેરે કાર્યોથી પરવારી રણસૂરાઓ થોડીવારમાંજ શસ્ત્રઅસ્ત્રથી સજ્જ થઈ તૈયાર થઈ ગયા. સ્નેહસિંહે વિજયને યુદ્ધમાં નહિ આવવાને ઘણોએ સમજાવ્યો પણ તેણે માન્યું નહિ. તેણે યુદ્ધમાં જવાની મહારાજાની બળાત્કારે આજ્ઞા મેળવી. તેણે પોષાક પહેરી સજ્જ થવા માંડયું. વસંત તેને પોષાક પહેરાવામાં અને શસ્ત્ર સજાવવામાં મદદ કરવા લાગી. વીરમતીએ સ્નેહસિંહને કંકુનો ચાંલ્લો કરી અક્ષતથી વધાવ્યો. કમળાએ પણ તેના ભાઈ વિજયને કુમકુમનો ચાંલ્લો કર્યો, વસંતે પુષ્પની માળા પહેરાવી. ત્યાર બાદ વિજયે તેના મિત્ર બન્સીને અને સ્નેહસિંહે મહારાજાને મળી ભેટી જવાની આજ્ઞા માગી. મહારાજાએ આજ્ઞા આપી. વિજય અને સ્નેહસિંહ અશ્વોપર સ્વાર થઈ રાહ જોતા સૈનિકો પાસે આવી પહોંચ્યા. તેમને જોતાંજ અશ્વપર સ્વાર થએલા સેનાપતિ રણધીરે તલવાર ખુલ્લી કરી હર્ષ પોકાર કર્યો. સઘળા સૈનિકોએ પણ તલવારો ખુલ્લી કરી હર્ષ નાદની ગર્જનાથી તેમને વધાવી લીધા. તે પછી સ્નેહસિંહની અનુમતિ મેળવી સેનાપતિએ સૈન્યને ચાલવાની આજ્ઞા આપી. ઘોડેસ્વારો–પાયદળ–વગેરે યુદ્ધ ભૂમિ પ્રત્યે પ્રયાણ કરતા સૈન્યને જોવા મહારાજા, મહારાણી વસંત–કમળા વીરમતી વગેરે ખુલ્લા જરૂખામાં આવીને ઉભાં હતા. સૈનિકોએ મહારાજાને જોતાં જ તલવારો નીચી કરી જય ગર્જના કરી. સ્નેહસિંહ–વિજયસિંહ અને રણધીરસિંહના અશ્વો રાજમહેલ સમીપ આવતાંજ ઉપરથી પુષ્પની વૃષ્ટી થઇ. ધીમે ધીમે સઘળા નગરની બહાર નીકળી ઝપાટાબંધ કુચ કરવા લાગ્યા.

બરાબર મધ્યાહ્ન કાળે તેઓ દુર્મદસિંહની છાવણી નજીક આવી પંહોંચ્યા. રણધીરે આગળ નહિ વધતાં ત્યાંજ યુદ્ધનો આરંભ કરવાનો નિશ્ચય કરી આગળ વધતા સૈન્યને અટકાવ્યું. સામે દુર્મદનું સૈન્ય પણ તૈયાર થઇને ઉભું હતું. યુદ્ધની તૈયારી હતી. ફક્ત સૈનિકોને સરદારોની આજ્ઞાની વાર હતી. દુર્મદના સૈન્યનો સેનાપતિ દુર્જનસાલ હતો. દુર્મદસિંહ તેના પુત્ર કનક સાથે હાથી ઉપર સ્વાર થયો હતો. દુષ્ટબુદ્ધિ પ્રધાન વારેઘડીએ ઘોડો દોડાવી સૈન્યમાં ફરી લશ્કરીઓને સૂચના આપતો હતો.

આ તરફ રણધીરે પણ પોતાના સૈન્યમાં ફરી સૈનિકોની તપાસ કરી. ચંદ્રાવતીના યોદ્ધાઓ તૈયાર થઇ શત્રુની ભેટ લેવા ઉત્સુક થયા, કે તરત સ્નેહસિંહ કહેવા લાગ્યો:—"મારા સુભટો! આવો અમૂલ્ય પ્રસંગ વારે ઘડીએ આપણને મળવાનો નથી. માટે આજે તમારૂં અપ્રતિમ શૌર્ય દર્શાવી દુષ્મનોનાં કાળજાં કંપાવજો. આપણી સામે થએલાં સસલાં જો કે વધારે છે છતાં તેમને સંહારતાં આપણને વાર લાગશે નહિ. તમારા ધસારાની આગળ એ બકરાંઓ છિન્નભિન્ન થઈ નાશી જશે. મારા શૂરાઓ! આજે એવો તો સપાટો લગાવજો કે દુષ્ટ દુષ્મન ફરીથી આપણો મુકાબલો કરવાને ઉભો થાયજ નહિ. બસ આજે તેને અને તેના સૈન્યને તમારા પ્રચંડ વેગથી પગ તળે કચડી નાખો–છુંદી નાખો અને તમારા વીર બાહુઓમાં ચળકતી તૃષાતુર તલવારોને શત્રુઓના રૂધીરથી તૃપ્ત કરો."

સ્નેહસિંહના ભાષણથી સૈનિકો ઉત્સાહિત થઇ બોલી ઉઠયા:–"અમે દુષ્મનોને મારીશું, કાપીશું અને અમારી વીર હાકથી પૃથ્વી ધ્રુજાવીશું." આમ બોલતા વીર સૈનિકોએ મહારાજા સમરસિંહની જય ગર્જના સાથે હર હર મહાદેવનો કાનને ફાડી નાખે એવો પોકાર કર્યો. દુષ્ટ દુર્મદના સૈનિકો ઘડીભર સ્તબ્ધ બની ગયા.

સર્વ સૈનિકોનો રણોત્સાહ જોઈ વીર વિજય આવેશ યુક્ત થઈ

બોલવા લાગ્યોઃ—"ધન્ય છે, વીરનરો ! ધન્ય છે. તમારા બાહુબળથીજ દુષ્ટ દુર્મદનો વિનાસ થશે. જો કે આપણી મોટી ભૂલ થઈ છે કે તે ચંડાળ રાજાને અદ્યાપિ પર્યંત જીવતો રહેવા દીધો છે. જો નાના મોટા રાજા રજવાડાઓએ ઐક્ય કરી તેને ઉગતોજ દાબી દીધો હોત તો તે આટલો બધો બળવાન થઇ આપણી સામે યુદ્ધ કરવાની હિંમત કરત નહિ. તે દુષ્ટ રાજાએ સત્તા અને બળ મળતાં તેનો દુરૂપયોગ કર્યો છે. તેણે રાંકડી પ્રજાને દુઃખ દેવામાં કસર રાખી નથી. નાના રાજાઓ તેનાથી ભય પામી તેનો જુલમ સહન કરે છે. બિચારા બાયલા રાજાઓ તેનાથી થરથર કાંપે છે. તે સઘળાને દુઃખ મૂક્ત કરવા આપણે હવે તેને જડમૂળથી ઉખેડી નાખવાની જરૂર છે. બહાદુરો! તમારાં વીર વચન સાંભળી મને ખાત્રી થાય છે કે તમે અવસ્ય તેના પર વિજય મેળવી ચારે તરફ વીરહાક વગાડશો. આ સંસારમાં અવતાર ધારણ કરી જે ક્ષત્રિય વીરોએ પરાયાના કલ્યાણને અર્થે શત્રુઓની સાથે સમરાંગણમાં ઉતરી પોતાનું શૌર્ય દર્શાવ્યું નથી, જે વીરનરોએ પ્રજાના ઉદ્ધારને અર્થે દુષ્ટ દુર્મદ જેવા જુલમી—ઘાતકી—અને ઘાતકી રાજાઓ સામે યુદ્ધનો આરંભ કરી વીરહાક વગાડી નથી, જે બહાદુરોએ ગૌ-બ્રાહ્મણને પીડનારા અત્યાચારીઓનાં શિરને તેમની સમશેરોથી છેદયાં નથી, તેમનો જન્મ વૃથા ગયો સમજજો. શત્રુને વધવા દેવાથી આજે આપણી તો કાલે બીજાની બુરી દશા નકી થવાનીજ. પરંતુ તેની ખબર નાના રાજાઓને પડતી નથી. તેઓ તો દુષ્ટ દુર્મદની ગુલામી ઉઠાવી નીરંતર મદિરા ભાંગ—ચાંજામાં ચકચૂર થઇ રાંડીરાંડોની માફક બેસી રહ્યા છે. એવા નામ બોળુઓને ભગવાને શામાટે આ પૃથ્વી ઉપર અવતાર આપ્યો હશે? આખું માથુ ભલે ધડથી જુદું થઇ જજો પણ આ ચણા જેવડું નાનકડું નાક ન જશો. એવું આગળના વીરપુરૂષો સમજતા હતા. મારા શૂરાઓ ! ચંદ્રાવતીના

વફાદારો ! તમે આગળના વીરનરોના પ્રાક્રમ સાંભળ્યાં હશે ? અહા ! તેમનું કેટલું શૌર્ય ! તેઓ દુર્મદથી ડરનારા ક્ષત્રિય રાજાઓના જેવા બિકણ, વ્યસની, વેષ્યા વિલાસી, અને હાજી હા કરનારા નહોતા, તેઓ તો મહા બળવાન્, ચરણના પ્રહારથી ધરણીને ધમધમાવનારા ભડવીરો હતા, તેમનામાં સ્વદેશ પ્રાતિનો ઝરો અખંડ પ્રવાહે વહેતો હતો. તેઓ ટેકને માટે પ્રાણ આપતાં વિચાર કરતા નહિ. ધારેલા કામને પૂર્ણ કરવું યાતો દેહનું બળિદાન આપવું એજ તેમનો મૂળ મંત્ર હતો. એ મંત્રના પ્રતાપથીજ જોકે આજે તેમને થઇ ગયે ઘણાં વર્ષો વહી ગયાં છે છતાં તેમનાં યશોગાન ચારે તરફ ગવાઇ રહ્યાં છે. જ્યારે એવા નિપુણ વીર યોદ્ધાઓ એ સમયે હતા, ત્યારે અત્યારે કેટલાક માઈ કાંગલા, સિંહના શીકારને બદલે હરણ અને સસલાં મારનારા, તેમજ બીજાની મદદથી બહાદુરી મારનારા, અપંગો અને નિરાશ્રિતોનો તિર-સ્કાર કરનારા વ્યસની–પ્રમાદી રાજવીરો હસ્તી ધરાવે છે. હા! તેમનાથી દુષ્ટ દુર્મદની સામે શું થઈ શકે ? તે નરાધમનો તો નાશ કરવાને આ ચંદ્રાવતીના વિજયી યોદ્ધાઓ તૈયાર થયા છે. બહાદુરો ! તમારાથી દુષ્ટ દુષ્મન કાંપે છે એ ખચિત યાદ રાખજો. આખરે સત્યનો વિજય છે અને દુષ્ટ દુર્મદનો પરાજય છે. બસ હવે યા હોમ કરી શત્રુના સૈન્ય પર ટૂટી પડો અને તમારા હાથનો સ્વાદ નોત્તમનગરનાં સસલાંઓને ચખાડો." આટલું લંબાણ ભાષણ કરતાં વીર વિજય ઉશ્કેરાઈ ગયો. તેનું મુખ મંડળ લાલચોળ થઇ ગયું. તેણે ઉન્મત અવસ્થામાંજ સમશેર બહાર ખેંચી અને વીર ગર્જના કરી પુનઃબોલી ઉઠયો. "ચાલો, ચંદ્રાવતીના હિરાઓ! હવે ચાલો." કહી વિજયે અશ્વને એડી મારી આગળ કર્યો. ઉશ્કેરાએલા વીરો પણ હર હર મહાદેવનો પોકાર કરી શત્રુઓ પર આક્ર-મણ કરવા તૈયાર થયા અને સરદારોની આજ્ઞાની રાહ જોઇ રહ્યા.

પ્રકરણ ૧૧ મું.

—:૦:—

પાપી પકડાયો.

યુદ્ધનાં રણતુરો વાગ્યાં. સૈનિકો ડોલવા લાગ્યા. સરદારોની આજ્ઞા મળતાંજ સૈનિકો મહાવેગથી એક બીજાની ઉપર તૂટી પડ્યા. યુદ્ધનો આરંભ થઈ ચૂક્યો. મારો, મારો, કાપો, કાપોના કર્ણ ભેદક શબ્દો ઉપરાંત હર, હર મહાદેવની ભયાનક ગર્જનાઓ સંભળાવા લાગી. રણશૂરા યોદ્ધાઓની તલવારો સડસડાટ અવાજ કરતી શત્રુઓનાં કાળજાં ચીરવા લાગી. ભાલાઓ ઉછળવા લાગ્યા. સુસવાટા કરતાં તીર છૂટવા લાગ્યાં. ઘાયલ થઇ પડતા સૈનિકોની ચીસો સંભળાવા લાગી. યુદ્ધ નિપુણ સ્નેહસિંહ અને રણધીરસિંહ મહાન્ પરાક્રમ દર્શાવતા સૈનિકોને ઉશ્કેરી દુશ્મનોને કાપવા લાગ્યા. તલવારોની અથડા અથડી; ભાલાઓની ઘોંચા-ઘોંચી અને બંદુકોમાંથી છૂટતી ગોળીઓના મારાનો તો સૂમાર નહોતો. તીરોથી આકાશ ઢંકાઈ ગયું. ધૂળના ગોટાથી સૂર્ય મંડળ ઝાંખું જણાવા લાગ્યું. ચંદ્રાવતીના બહાદુરો કારમી કીકીઆરી કરતા મહા વેગથી આગળ ધસે જતા હતા. તેમના ધસારાથી શત્રુ પક્ષના સૈનિકો ટપોટપ નીચે પડવા લાગ્યા. દુષ્ટ દુર્મદસિંહ હાથી ઉપર બેસી સૈનિકોને ઉશ્કેરતો હતો. બન્ને પક્ષ મારવું કે મરવું ધારીને લઢવા લાગ્યા. વીર વિજય ક્રોધાક્રાન્ત થઇ ચારે તરફ ઘુમવા લાગ્યો.

તેનું શૌર્ય નિહાળી શત્રુઓ સ્તબ્ધ થવા લાગ્યા, વિજય હાથમાંની તલવારથી શત્રુઓને કાપતી મોટી ગર્જના કરી પોતાના સૈન્યને ઉશ્કેરી કહેતો હતો કેઃ—"વધો, બહાદુરો! આગળ વધો. તમારા અપ્રતિમ શૌર્યથી દુશ્મનો નિસ્તેજ થઇ પાછા હઠે છે. આ અમૂલ્ય સમય જવા ન દયો. તમારા બાહુ બળથી શત્રુઓને કાપો, મારો અને એકદમ આગળ વધો." આમ બોલતો વિજય ઘોડાને દોડાવતો આગળ વધવા લાગ્યો. વીર યોદ્ધાઓ ભૂખ્યા વાઘની માફક શત્રુઓ પર ટૂટી પડી તેમને કાપવા લાગ્યા. અપૂર્વ પરાક્રમ કરતા વિજયને જોઈ સ્નેહસિંહ અને રણધીરસિંહ પણ ભયાનક ગર્જના કરી શત્રુઓને ઘાસની માફક કાપવા લાગ્યા. ચંદ્રાવતીના યોદ્ધાઓનું રણકૌશલ્ય નિહાળી દુર્મદસિંહ ઘડીભર સ્તબ્ધ બની ગયો. ચંદ્રાવતીના યોદ્ધાઓના અતુલ પરાક્રમથી શત્રુ સૈનિકો નાશવાની તૈયારી કરવા લાગ્યા. એટલામાંજ સેનાપતિ દુર્જનસાલ અને પ્રધાન દુષ્ટબુદ્ધિએ દોડી આવી તેમને અટકાવ્યા. તેઓએ કેટલાકને ભય તો કેટલાકને ઉસ્કેરી આગળ વધવાનો હુકમ કર્યો. દુર્જન અને દુષ્ટબુદ્ધિ ઘોડાઓને એડી મારી શત્રુ પક્ષમાં ઘુસ્યા. સૈનિકો પણ કારમી ગર્જના કરી પુનઃ ટૂટી પડયા. એવામાં લાગ સાધી દુર્મદસિંહે કોઈ જાણે નહિ એવી રીતે પોતાના રક્ષક સૈન્યને લઇ હાથીને બીજી બાજુએ ફેરવ્યો, અને એકાએક સ્નેહસિંહની પાછળ આવી હુમલો કર્યો. તેનું એવું છળ—કપટ જોઈ સ્નેહસિંહ ઉશ્કેરાઈ ગયો, તેણે મહાન્ ક્રોધથી અશ્વને એડી મારી દુર્મદના હાથી ઉપર તલપાવ્યો. નિમકહલાલ અશ્વ ચાલાકીથી ઉછળ્યો અને હાથીના દંત શૂળ પર બે પગ અને બાકીના બે નીચે રાખી અદ્ધર રહ્યો. હાથી તેની સુંઢમાં અશ્વને સપડાવે એ પહેલાંજ સાહસીક સ્નેહસિંહે તલવારના એકજ ઝટકે તેની સુંઢ ઉડાવી દીધી. હાથી કારમી ચીસ નાખી જમીન પર પડયો અને થોડી-

વાર તરપડીયાં મારી ત્યાં ને ત્યાંજ મરણને શરણ થયો. હાથીનો મ્હાવત નીચે પડી ચગદાઈ મુઓ. નીચે પડેલા દુર્મદ અને કનકકુમાર ચપળતાથી ઉભા થઈ ગયા. બે સરદારો આ દેખાવ જોતાંજ ત્યાં દોડી આવ્યા, અને પોતે નીચે ઉતરી ઘોડા પર દુર્મદ અને કનકને બેસારી દીધા. પુનઃ પાછું તુમુલ યુદ્ધ મચી રહ્યું. આવી રીતે આ તરફ ચાલી રહ્યું હતું ત્યારે બીજી બાજુએ દુર્જન અને રણધીર વચ્ચે ભયંકર યુદ્ધ મચી રહ્યું હતું. દુર્જનનો ધસારો જબરો હતો. પૂર્ણ પરાક્રમથી લઢતો રણધીર ઘણીવાર સુધી તેની સામે ટકાવ કરી શક્યો. તેના શરીર પર ઘણા જખમો થયા હતા, તે લોહીથી આખા શરીરે રંગાઇ ગયો હતો, છતાં પણ એ વીર યોદ્ધો હિંમતથી શત્રુઓને સંહારતો હતો, પરંતુ આ વખતે તે તેના સૈન્ય સાથે શત્રુઓથી ઘેરાઈ ગયો હતો. તેનો જીવ જોખમમાં આવી પડયો હતો. તેની ખબર તેને નહોતી. દૂર યુદ્ધમાં મચેલા વિજયની દૃષ્ટે એકાએક ત્યાંનો દેખાવ દેખાયો. તેણે તરત પોતાની સાથે યુદ્ધ કરતા અજબસિંહને એ દેખાવ દેખાડયો. બન્ને જણા થોડાક સૈનિકોને લઇને યુક્તિથી દુર્જનની પાછળ નીકળી આવ્યા. દુર્જન ગભરાયો. તે પાછો ફરી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ઘેરાઈ ગયેલો રણધીર તેના સૈનિકો સાથે રૌદ્ર ગર્જના કરી દુષ્ટોની ઉપર તૂટી પડયો. “ધુમો, પૂર્ણ પરાક્રમથી ધુમો.” આમ બોલતો વિજય દુસ્મન દળમાં ધુમવા લાગ્યો. યુદ્ધની ભયંકરતા વધી પડી. લોહીની નદીઓ વહેવા લાગી. સૈનિકો મરી ગયેલા સૈનિકોના મુડદા પર પગ દઇને થેકવા લાગ્યા. દુર્જનસાલની સ્થિતિ કફોડી થઈ પડી. ચંદ્રાવતીના યોદ્ધાઓ સિંહ સમાન ગર્જના કરી આગળ ધસી આવ્યા. દુર્જનની દશા નિહાળી દુષ્ટ બુદ્ધિ તેના સૈન્ય સાથે ત્યાં દોડી આવ્યો, તેને અટકાવવા વિજયે તેનો ઘોડો ફેરવ્યો. દુષ્ટબુદ્ધિ અને વિજય વચ્ચે જબરૂં યુદ્ધ થવા લાગ્યું.

વિજયના શરીરે પણ નાના મોટા મળી ઘણા જખમો થયા હતા. તેની દરકાર નહિ કરતાં વિજય રૌદ્ર રૂપ ધારી દુષ્ટબુદ્ધિના સામે યુદ્ધ કરવા લાગ્યો. બન્નેના સૈનિકો મરણીઆ થઈ લઢવા લાગ્યા. એ અરસ્સામાં જ સમય સાધી વીર વિજયે ઘોડાને કુદાવ્યો અને એકજ ઝટકે દુષ્ટ બુદ્ધિને જમીન ઉપર સૂવાડયો. દુષ્ટબુદ્ધિને જમીન પર પડેલો જોઇ તેના સૈનિકો નાસવા લાગ્યા. વિજયના યોદ્ધાઓ નાસતા શત્રુઓની પાછળ પડી તેમને કાપવા લાગ્યા. દુષ્ટબુદ્ધિના મરણથી ચંદ્રાવતીના યોદ્ધાઓએ જયધ્વનિથી ગગન ગજાવી મૂક્યું. "ધન્ય છે! વીર વિજયને ધન્ય છે." કહેતા સ્નેહસિંહ અને રણધીર તેની પાસે દોડી આવી શત્રુઓને સંહારવા લાગ્યા. દુષ્ટબુદ્ધિના મરણથી દુર્મદસિંહ ગભરાયો. તેણે નાસતા સૈનિકોને અટકાવવાને ઘણોએ પ્રયત્ન કર્યો પણ તે તેના પ્રયત્નમાં નિષ્ફળ નિવડયો, તેણે વિજયની આશાનો ત્યાગ કર્યો. તત્કાળ તેણે બ્યુગલ વગાડી દુર્જનને સૈન્ય સાથે બોલાવ્યો. દુર્જન યુક્તિસર દુષ્મન દળમાંથી નીકળી જઇ દુર્મદને મળ્યો. તેમના ઘણા ખરા સૈનિકોનો ઘાણ નીકળી ગયો હતો. કેટલાક નાસી છૂટયા હતા. તેમની પાસે હવે થોડુંજ સૈન્ય રહ્યું હતું. બાકી રહેલા સૈન્યને ઉત્તેજીત કરી દુર્મદસિંહ પ્રબળ વેગથી શત્રુઓની ઉપર ટૂટી પડયો. દુર્મદ, દુર્જન અને કનકકુમાર મહા વેગથી યુદ્ધ કરવા લાગ્યા.

રાત્રિ ક્યારનીએ પડી ચૂકી હતી. નભમંડળમાં ચંદ્રનો ઉદય થયો હતો. પરંતુ યુદ્ધ બંધ થયું નહિ. સૈનિકોનાં આયુધો ચંદ્રની ચંદ્રિકામાં ચળકવા લાગ્યાં. દુષ્ટ દુર્મદ કાળરૂપ ધારી શત્રુઓને સંહારવા લાગ્યો. તેના બાકી રહેલા સૈનિકો ટપોટપ નીચે પડવા લાગ્યા. શત્રુ પક્ષનો વિજય જોઇ દુર્જને રાજાના કાનમાં કહ્યું કેઃ—"હવે વિજયની આશા નથી. નાહક પ્રાણનો નાશ થશે, જીવતા હોઇશું તો ફરીથી જોઈ લઇશું, માટે

અહિંથી હવે નાશી છૂટવું સારૂં છે." દુર્મદના ધ્યાનમાં તેની વાત ઉતરી. તેણે તત્કાળ ઘોડાને એડી મારી પાછો ફેરવી પૂર વેગે નાસવા માંડયું. તેની પાછળ દુર્જન અને કનક થોડાક સૈનિકો સાથે નાસવા લાગ્યા. તેમને પલાયન થતા જોઇ રણધીર રૌદ્ર ગર્જના કરી સૈનિકોને કહેવા લાગ્યો, "બહાદુરો! દોડો, દોડો, શત્રુઓ નાશી જાય છે. તેમને પકડો, બાંધો અને ચંદ્રાવતી લઇ ચાલો." આમ કહેતો રણધીર ઘોડાને પૂર વેગથી દોડાવી નાશી જતા શત્રુઓની પાછળ પડયો. દુર્જન અને કનકના ઘોડાઓ તીર વેગે દોડી જતા હતા. દુષ્ટ દુર્મદ થોડાક સૈનિકો સાથે પાછળ પડી ગયો હતો. જોતજોતામાં દુર્મદને તેના નાનકડા સૈન્ય સાથે ચંદ્રાવતીના યોદ્ધાઓએ પકડી પાડયો, દુર્મદ ઘેરાઇ ગયો. તેણે લાંબી નજરે જોયું તો જણાયું કે દુર્જન અને કનક સુખ રૂપે ઘણે દૂર નીકળી ગયા છે. હવે તો પકડાવા કરતાં મરવું સારૂં. આમ નિશ્ચય કરી તે જુજ રહેલા માણસો સાથે શત્રુઓ ઉપર તૂટી પડયો. તેના જુજ રહેલા માણસો થોડીવારમાં યમસદનમાં રવાને થઈ ગયા. દુર્મદનો ઘોડો ઘવાયો. લોહીથી રંગાએલો અને શરીરે ઘવાયેલો દુર્મદ હાથમાં તલવાર પકડી શત્રુઓની વચમાં પગપાળો ઘુમવા લાગ્યો. તેણે મરવાનો નિશ્ચય કર્યો હતો. તેની આંખ શાટી હતી. તે અસંખ્ય સૈનિકોને ધસી આવતા અટકાવતો હતો. હવે સમય આવ્યો છે ધારી સ્નેહસિંહ અશ્વને દોડાવી તેની સન્મુખ ધસી આવ્યો, અને ભયાનક ગર્જના કરી બોલ્યો:—ઓ દુષ્ટ દુર્મદ! જો જીવતા રહેવું હોય તો હથિયાર મૂકી શરણ થા."

તેનું બોલવું નહિ ગણકારતાં દુર્મદ તેની સામે દોડયો. તેને દોડી આવતો જોઇ સ્નેહસિંહે હાથમાંના લાંબા ભાલાનો તેને પ્રહાર કર્યો. તેના બખ્તરનો નાશ થઇ ગયેલો હોવાથી દુર્મદ ભાલાના આઘાતથી જમીન ઉપર પડયો; કે તરત સ્નેહસિંહ વિકાળ વાઘની માફક છલંગ

મારા ઘોડેથી ઉતરી તેની છાતી પર ચઢી બેઠો; અને ક્રોધના આવેશથી કટાર ખેંચી તેનો નાશ કરવા હાથ ઉંચો કર્યો. આવો પ્રકાર જોતાંજ વિજય અને રણધીર ત્યાં દોડી આવ્યા. રણધીરે સ્નેહસિંહનો કટાર વાળો હાથ પકડી લીધો. સ્નેહસિંહ ક્રોધ યુક્ત નેત્રે બોલી ઉઠયો, "રણધીર! મારૂં કામ કરતાં શા માટે અટકાવો છો? મારો હાથ મૂકી દો અને આ પાપીનું પાપ પૂર્ણ હૃદય ચીરવા દો."

"નહિ, મારા બહાદુર સરદાર! શત્રુને આવી રીતે સંહારવો આપને યોગ્ય નથી. તેને હાલ બંધિવાન બનાવી મહારાજાની પાસે લઈ ચાલો. આપણા નગરજનો પણ જાણશે કે પાપી દુર્મદ આવો હતો." આમ કહી તેણે સ્નેહસિંહની કટાર છીનવી લીધી. સ્નેહસિંહ તેની છાતી ઉપરથી ઉભો થઈ ગયો. બાદ તેને બંધિવાન બનાવી સુખપાલમાં સૂવારી વિજયનાં વાજાં વગાડતા સૈનિકો ચંદ્રાવતી તરફ ગમન કરવા લાગ્યા. રાત્રિના પાછલા પ્હોરે દુર્મદને કેદ કરી વિજયી યોદ્ધાઓ નગરમાં પ્રવેશ્યા. પ્રજા જનો જાગૃત થઇ ગયાં, અને આનંદના પોકારો કરવા લાગ્યાં. રાજા સમરસિંહે સ્નેહસિંહ, રણધીર અને વિજયને ગાઢ આલિંગન આપ્યું. હર્ષના પોકારોથી શાન્ત રાત્રિ ગાજી ઉઠી. તેજ વખતે મોટો દરબાર ભરવામાં આવ્યો. ઘાયલ દુર્મદને કેદખાનામાં પૂરવામાં આવ્યો. રણશૂરા યોદ્ધાઓને મહારાજાએ ઇનામ આપ્યાં. તે પછી સર્વને જવાની આજ્ઞા આપી મહારાજા આપ્ત જનોને લઈ મહેલમાં પધાર્યા. સ્નેહસિંહ–વીરમતીને વિજય વસંત અને કમળાને મળી–ભેટી સુખમય રાત્રિ ગુજારવા લાગ્યા,;રણધીર અને મહારાજા સમરસિંહ યુદ્ધના પ્રસંગની વાતો કરી આખરે નિદ્રાધિન થઇ ગયા.

પ્રકરણ ૧૨ મું.

" વાઘે ઘેરેલી મૃગલી. "

આજે શરદ પૂર્ણિમાની રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. દુષ્ટ દુર્મદને બંદિખાનામાં પૂરાયાને પાંચ દિવસ થયા હતા. ચંદ્રાવતીના નાગરીકો આનંદોત્સવ કરી રહ્યા હતા. આકાશમાં શશાંક શીત જ્યોત્સનાઓથી પ્રકાશી રહ્યો હતો. નગરજનો ચાંદની અવલોકવાને ટોળેટોળાં મળી નગર બહાર નીકળી આનંદ કરવા જતાં હતાં. ચંદ્રાવતીથી થોડેક દૂર એક ઘીચ ઝાડીમાં શ્રી અંબિકા દેવીનું સુરમ્ય મંદિર આવેલું હતું. તેની ચારે તરફ મજબૂત કોટ બાંધેલો હતો. સ્વચ્છ ચાંદની ખીલી રહી હતી છતાં દેવીનું સ્થળ આ સમયે વિકટ અને ભયકારક ભાસતું હતું. મંદિરની પાછલી બાજુએ ઝાડોની ઘન ઘોર ઘટાઓ આવી રહી હતી. અંબિકાના દહેરામાં આ સમયે ઉર્વસી સમાન એક સુંદર બાળા માતાજીની પૂજામાં ધ્યાનસ્થ થઇને બેઠેલી હતી. તેણે શરીર ઉપર લીલું અંબર ધારણ કરેલું હતું. દેવીની સન્મુખ ઘીના દીપક પ્રકટાવેલા હતા, તેના પ્રકાશમાં એ ગૌરાંગનાના કંઠમાં લટકી રહેલો હિરાનો હાર વિજળીની સાફક ઝબકી રહ્યો હતો.

પ્રિય પાઠકો ! આ સુંદર બાળા અન્ય કોઇ નહિ પણ વિજય કુમારની બ્હેન " કમળાકુમારી " હતી. ક્ષત્રિય વીરોનો યુદ્ધમાં વિજય થવાથી તેમજ તેને આજે પૂર્ણિમાનું વ્રત હોવાથી તે બે સિપાહિઓને

સાથે લઇ માતાજીના પૂજનાર્થે આવેલી હતી. તેની સાથે આવેલા સિપાહીઓ કોટના દ્વાર આગળ બેઠા હતા. ઘણો સમય વ્યતિત થતાં કમળાએ આંખ્યો ઉઘાડી દેવીની સ્તુતિ કરવા માંડી:–" હે આદ્ય શક્તિ જગત્ અંબા! આપને આ બાળકીના અનંત કોટી પ્રણામ છે. હે ભગવતિ ! આપે મહિષાસુર, ચંડ–મુંડ આદિ દુષ્ટ દૈત્યોને મારી આ પૃથ્વીનો ભાર ઉતારી ભક્તજનોને સહાય કરી છે, તમારી કૃપાથીજ ચંદ્રાવતીના યોદ્ધાઓએ દુષ્ટ દુર્મદનો પરાભવ કરી તેને બંધિખાનામાં પૂર્યો છે. તમે નિરંતર ભક્તની વારે ચઢો છો. એવાં કૃપાળુ મંમાયા ! આ બાળકીના વારંવાર આપના ચરણમાં પ્રણામ છે. માતા ! અમે ભાઇ–બ્હેન આપને શરણે છીએ. આ સંસારમાં અમે માતા–પિતા વિનાનાં છીએ. અમારાં માતા પિતા કોણ છે તે અમે જાણતાં નથી.

આવાં નિરાધાર બાળકોનાં માતાજી આપજ છો. મા ! તમે તમારાં બાળકોના મનની ઇચ્છા સારી રીતે સમજો છો. દેવી ! અમારાં પાલક માતા પિતાનું સદા સર્વદા શુભ કરજો, અને ચંદ્રાવતીનું રક્ષણ કરી રાજા સમરસિંહને ચીરાયુ કરજો." આવી સ્તુતિ કરી કમળાએ પુનઃ દેવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે પછી કમળા ત્યાંથી જવાને ઉભી થઇ. તે દહેરાની બહાર નીકળે એ અરસ્સામાંજ પાછળની ઝાડીમાંથી એકાએક ચાર પાંચ કદાવર માણસોએ નીકળી આવી તેને પકડી લીધી. કમળા બૂમ મારે એ પહેલાં તો તેના મુખપર હાથ ઢાંકી આવનાર માણસો ત્વરીત ગતીએ તેને ઉપાડી ચાલતા થયા. કમળા ગભરાઇ ગઈ. તેણે છૂટવાને માટે અનેક તરફડીયાં માર્યાં; પણ તે છૂટી થઇ શકી નહિ. તેને ઉપાડી જનારા માણસો અલ્પ સમયમાં ઘનઘોર ઝાડી વટાવી એક ખુલ્લા ચોગાનમાં આવ્યા. તે ચોગાનમાં સ્વચ્છ ચંદ્રિકા ચળકાટ મારી રહી હતી. તે સ્થળે એક વૃક્ષની નીચે એક બળવાન

બાંધાનો માણુસ કાળો જબ્બો ઓઢીને ઉભેલો હતો. તે ઘણોજ બિહા-મણો અને કદરૂપા ચ્હેરાનો જણાતો હતો, તેના જબ્બા ઉપર લાંબી તલવાર લટકતી હતી. તેના વાળ છૂટા હોવાથી તેની ભયાનક મુખ-મુદ્રા પર વિકાળતાનો ભાસ પ્રદર્શિત થતો હતો. આવનાર માણુસોને નજીક આવવા દેઈ તે પુરૂષ બોલ્યો:-"કેમ! મારૂં કહેવું ખરૂં પડ્યું ને?"

"હા, નામદાર! આખરે આપનું કહેવું ખરૂં પડયું છે." કહી આવ નાર માણસોએ કમળાને નીચે મૂકી. કમળા ભયથી વિહ્વળ બની એક બાજુએ ઉભી રહી. તેને ભય પામતી જોઈ ઝાડ નીચે ઉભેલો પુરૂષ ધીમે ધીમે તેની નજીક આવી બોલ્યો:—"સુંદરી! ભય પામશો નહિ, હું તમને દુઃખ દેવાને ચાહતો નથી."

તેના શબ્દો સાંભળી કમળામાં હિંમત આવી. તે નમ્ર શબ્દે બોલી:-"ભાઇ! જ્યારે તમારી ઇચ્છા મને દુઃખ દેવાની નથી, ત્યારે આવી રીતે મને પકડી લાવવાનું શું કારણ છે?"

'કારણમાં એજ કે તમે માબાપ વિનાનાં છો;તમે પરાયા ઘેર રહી પેટ ભરો છો; તેથી તમને દુઃખ મૂક્ત કરવાના ઇરાદે અહિં લાવવામાં આવ્યાં છે, વળી મ્હેં એવું સાંભળ્યું હતું કે રાજા સમરસિંહના મહેલમાં કમળા કરીને એક રૂપસુંદરી રહે છે, તે ઘણી દુઃખી છે;અને તેને દુઃખ મૂક્ત કરવાની જરૂર છે. આથીજ મ્હેં આ સાહસ ખેડયું છે."

તેના માર્મીક શબ્દો સાંભળી કમળા ભયથી ધ્રુજવા લાગી, પરંતુ આખરે હિંમત રાખી બોલી, "ભાઇ! તમારૂં નામ શું છે?"

"મારૂં નામ દુર્જનસાલ છે. હું નૌત્તમનગરનો વીર સેનાપતિ છું. સુંદરી! ગભરાશો નહિ. હું મારા રાજા દુર્મદસિંહને છોડાવવાની

યુક્તિમાં આમતેમ ફરતો ફરૂં છું. મ્હેં અહિંથી થોડેક દૂર એક અજાણી જગામાં છાવણી નાખી છે" તેનું આવું બોલવું સાંભળી કમળા સ્તબ્ધ બની ગઈ. તે એક શબ્દ પણ બોલી શકી નહિ. આથી પુનઃ દુર્જનસાલ કહેવા લાગ્યોઃ—" રમણી ! કેમ બોલતાં નથી ? તમે શા માટે મારાથી ભયભીત થાઓ છો ? હું વાઘ નથી કે જેથી તમને ખાઇ જઇશ. મધુરી મુગ્ધા ! હું તો તમારે લાયક એક સુંદર પુરૂષ છું."

" હે હરી ! હવે મારી શું દશા ?" કહી કમળાએ ગાઢ નિઃશ્વાસ નાખ્યો.

તેનો નિઃશ્વાસ સાંભળી દુર્જનસાલ કહેવા લાગ્યો, " સુંદરી! તમે નિઃશ્વાસ શાને નાખો છો ? તમારે તો હવે આનંદ કરવો જોઇએ. તમે હવે સુખની પરિસિમાએ પહોંચશો. હું થોડા દિવસમાંજ ગમે એ યુક્તિએ મારા મહારાજાને છોડાવી તમને નૌત્તમનગરમાં લઈ જઇશ; અને મોટા સમારંભથી તમારી સાથે લગ્ન કરીશ. કહો, તે પછી તો તમે સ્વર્ગ સુખ ભોગવશો કે નહિ ?"

આમ કહી તે નરપશુ કમળાના મુખ સામે એકાગ્રતાથી જોઈ રહ્યો.

તેનાં વચનો કમળાને હાડોહાડ લાગી આવ્યાં. તે મનમાં ભયભીત થતી હતી, પરંતુ અંતે હિમત રાખી બોલી ઉઠી, " નામર્દ! મને ઉપાડી લાવવાનું કારણ હું હવે સારી રીતે સમજી ગઇ છું, પરંતુ તારૂં કહેવું કોટી કાળે ફળીભૂત થવાનું નથી."

" અરે ! હાં, હાં, આટલી બધી અકળાઈ શાને જાય છે ? હજી તો પ્હેલો પ્રસંગ છે. મૃગનયની ! હું તને કેટલાએ દિવસથી ચાહું છું, હું તને નિશદિન યાદ કરી ઝુરૂં છું. તારા નામથીજ મને તારી મોહિની લાગેલી છે. મન મોહિની ! હું નૌત્તમનગરનો બળવાન સેનાપતિ છું.

મારી સાથે પ્રેમ બાંધી લગ્નથી જોડાઇશ તો ભવિષ્યમાં સુખની પરિસીમાએ પહોંચીશ."

"ઓ મૂર્ખ! તારો રાજા કેદમાં પડયો છે, અને તું ચંદ્રાવતીના વીર યોદ્ધાઓનો માર ખાઇ આમ તેમ ભરાતો છૂપાતો થયો છે. બસ ત્યારનો તું કેટલો બળવાન છે એતું મને સારી રીતે ભાન થયું છે. તું તો મારા પિતા સમાન છે. દુર્જનસાલ! વિચાર કર? હું તો તારી પુત્રી બરાબર છું. મારા પ્રત્યે તારી કુટિલ દૃષ્ટિ કદાપિકાળે થવી જોઇએ નહિ. સમજ, ઉંડા અંતરથી વિચારી જો. ત્હેં ઘણુંજ પાપ કર્મ કર્યાં છે, તે પાપની શિક્ષા જોકે ભારે છે તદપિ હજુ નીતિને પંથે ચઢી ખરા હૃદય થી પશ્ચાતાપ કરીશ તો તારા અપરાધની ક્ષમા શ્રીહરી અવશ્ય આપશેજ.

આ સંસાર પાપ પૂન્યનાં ફળ ઉત્પન્ન કરવાનું વિશાળ ક્ષેત્ર છે, તેમાં જેવું વાવશો એવું લણશો અને જેવાં કર્મ કરશો તેવાં ફળ પામશો." કમળાએ કહ્યું.

તેનું લંબાણુ વિવેચન સાંભળી દુર્જનસાલ ખડખડાટ હસી પડી બોલ્યોઃ—"કમળા! હરિણાક્ષી પ્રેમદા! તારૂં કહેવું જો કે ખરૂં હશે પણ તેની અસર હાલ મને થાય એમ નથી. જેમ ભૂખ્યાની આગળ અપવાસનો ઉપદેશ, અને મદનના બાણથી વિંધાયેલાની આગળ જ્ઞાનનો ઉદેપશ નકામો છે, તેમ મારી આગળ તારો ઉપદેશ અત્યારે વૃથા છે. હું તારા કાતિલ કટાક્ષના પ્રતાપે ઘાયલ થયો છું. તારા ગૌર બદનના તેજથી અંજાઇ દિવાનો થયો છું. રસ સરિતા! હું તારા ગુલે ગુલાબી ગાલના ચુંબન વિના અકળાઉં છું–મુંઝાઉ છું. કમળા! પ્રિય કમળા! તું તો મારૂં ગુલે ગુલાબ છે. મારીપર દયા કર, મને નિરાશ ના કર."

"ધિક્કાર છે તારી જાતને. હા! જેવો રાજા એવો સેનાપતિ. એક

દુષ્ટ તો બીજો ભ્રષ્ટ. એક ઘાતકી તો બીજો પાતકી; તેને ઉપદેશ ક્યાંથી લાગે ? દુર્જન ! પુત્રી પર કુદષ્ટિ કરતાં લગીર તો વિચાર કર ?"

દુર્જનઃ—" કોણુ પુત્રી અને કોણુ પ્યારી ? સુંદરી ! હું તો આ સંસારમાં સર્વને એકજ નજરે જોઉં છું. અહંબ્રહ્માસ્મીના ઉપદેશથી સર્વને સમાન ગણુનાર છું. હૃદયમાં જે પળે જે ઇચ્છા થાય તેને પૂર્ણુ કરનાર છું, બસ તેથીજ તું મારી પુત્રી નહિ પણુ મારી પ્યારી છે. સુંદરી !

મદન શરથી વિંધાએલો, ન જુવે અન્ય તો કાંઇ
કોણુ ભગિની કોણુ પુત્રી બસ પ્રેમની છે સૌ સગાઇ.

" ચૂપ કર પાપાત્મા. " કમળા ઉશ્કેરાઈ તેને બોલતો અટકાવી આગળ કહેવા લાગી:-" પામર પશુ ! તું તારી જીભને આગળ લંબાવીશ નહિ. ત્હેં હજી સતી બાળાઓના શિયળનો પ્રભાવ જોયો નથી. સિંહના બાળને સંતાપનાર શૃગાલ ! યાદ રાખજે કે તારી સામે એક વીર પુત્રી ઉભી છે."

દુર્જનઃ-" અને તું પણુ વિચારજે કે તારી સામે એક બળવાન વીર ઉભો છે. તે તેના શીકારને સપડાવ્યા સિવાય રહેનાર નથી. કમળા ! વિચાર કર, શું હું તારે લાયક નથી ? જો તું મારી સાથે રાજી ખુશીથી પરણીશ તો ભવિષ્યમાં મોટી મહારાણી થઇશ. "

કમળાઃ—" ઓ રજપૂત કુળ કંટક ! શું સિંહના શીકારને સસલાએ સપડાવ્યો સાંભળ્યો છે ? નેવનાં નીર મોભે ચઢેલાં જોયાં છે ? અરે ઓ દુષ્ટ ! તું એક વીર પુત્રીને આવાં વચનો સંભળાવતાં શરમાતો કેમ નથી ? જા, જા, ઓ કાળ મુખા સર્પ ! તું ઝટપટ અહિંથી ચાલ્યો જા."

દુર્જનઃ—"ઓ મારી મનહરણી! હું તો તને હવે કોટી કાળે છોડનાર નથી. હું તને બળાત્કારથી પણ પરણીશ, તારી ખીલતી જુવાની લુંટીશ અને મારી પ્રિયતમા કહેવરાવીશ. કમળા! જો તું સીધા રીતે નહિ માને તો હું અત્યારેજ યા હોમ કરી તારા પરવાળા સમાન અધરોષ્ટનું પાન કરી ભ્રષ્ટ કરીશ. તું અત્યારે મારા સ્વાધિનમાં છે, એનું તને ભાન છે?"

કમળાઃ—"હા, ભાન છે, પરંતુ મને ભ્રષ્ટ કરતાં તું કદાચ નષ્ટ ન થાય એની પૂરેપૂરી સંભાળ રાખજે. ઓ મૂઢ!

આ ઘોર અત્યાચાર છે, આ નાશ બીજ વવાય છે
બસ એજ નિરંતર નાદ આજે, ગગનમાંથી થાય છે;
રવિ ચંદ્ર બન્ને દે પુરાવો. સર્વ વિશે સહુ વાતનો,
છે એક સાક્ષી, દિવસનો, ને એક સાક્ષી રાતનો."

રા. ઠક્કુર.

દુર્જનઃ—"બસ, બસ બહુ થયું. મને તારા કહેવાની લેશ માત્ર અસર થનાર નથી. ખરેખર, તારી હઠ જબરી છે, પણ એનું પરીણામ સારૂં નહિ આવે."

કમળાઃ—"પરીણામની મને પરવાહ નથી."

દુર્જનઃ—"શું આજ વિચાર?"

કમળાઃ—"હા, એ ખરા હૃદયનોજ વિચાર. ઓ કામાંધ! તારો વિચાર કોટી કાળે પણ ફળીભૂત થનાર નથી."

"એમ! ત્યારે હું પણ હવે જોઉં છું કે હવે મારો વિચાર પાર પડે છે કે નહિ?" કહી દુર્જનસાલ કમળાને આલિંગન આપવા

દોડયો, તરત કમળા અંબરમાંથી કટાર ખેંચી કાઢી વાઘણુ સમાન ગર્જના કરી બોલી ઉઠીઃ—"નરાધમ! પશુ! એક ડગલું આગળ વધતાં વિચાર કરજે, નહિ તો આ ચળકતી કટાર તારી છાતીમાં સ્થાન લેશે, અને સતી બાળાઓના શિયળ પર તરાપ મારનારને નર્ક કુંડમાં મોકલશે." આમ કહી ઉશ્કેરાએલી કમળા હાથમાં કટાર પકડી ઉભી રહી.

કામાંધ દુર્જન તેના કહેવા પર લક્ષ નહિ આપતાં તેનું ધારેલું સિદ્ધ કરવાને કમળાના શરીર પર ધસ્યો. કામમાં અંધ થએલા પશુની દશા જોઇ કમળા ચેતી ગઇ. શિયળના નાશનો સમય નિકટ આવેલો જોતાંજ કોમળ કમળા શૌર્યથી કંપવા લાગી. તેના શરીરમાં સિંહના બળનો સંચાર થયો; અને તેણે એજ પળે નિકટ આવેલા દુર્જનના ખભા પર જોરથી કટારનો પ્રહાર કર્યો. દુર્જનના ખભામાંથી અસ્ખલિત્ રક્તની ધારા નીકળવા લાગી. તે જમીન પર ઉથલી પડયો.

પ્રકરણ ૧૨ મું.

——:o:——

દાનો દુશ્મન.

કમળા તેને લાત મારવા દોડી; કે તરત દુર્જને બૂમ મારી દૂર ઉભેલા તેના માણસો પ્રત્યે કહ્યું:—"આને પકડો, બાંધો."

દુર્જનનો અવાજ સાંભળી સિપાહીઓ આગળ ધસી આવી કમળાની આસપાસ ફરી વળ્યા. તેઓ તેને પકડી બાંધે એ અરસ્સામાંજ કાળો જબ્બો ઓઢી એક માણસ ત્યાં ધસી આવ્યો; અને રૌદ્ર ગર્જનાથી બોલી ઉઠયો, "હરામખોરો! શા માટે આ અબળાને સતાવો છો? તમે આવાં કામ કરવાને અત્યારે નીકળ્યા છો કે?"

સઘળા સિપાહીઓ તેને ઓળખી ભયભીત બની ગયા, અને એક શબ્દનો ઉચ્ચાર નહિ કરતાં ત્યાંજ ઘુંટણીએ બેસી ગયા.

તે આવનાર સુંદર યુવાન હતો. ચંદ્રના પ્રકાશમાં તેના ગૌર મુખ પર ઓરજ પ્રકારનું તેજ પ્રકાશતું હતું. આવા રૂપવાન યુવાને થોડીકવાર કંઇક વિચાર કરી ઘુંટણીએ બેઠેલા સિપાહીઓને પૂછયું:—"આ બાળા કોણ છે અને તમે તેને શા માટે સતાવતા છો?"

"નામદાર! અમે આ બાઇને ઓળખતા નથી. સરદાર દુર્જનસાલની આજ્ઞાને માન્ય રાખી અમે તેને નજીકમાં આવેલા અંબિકા દેવીના મંદિરમાંથી ઉપાડી લાવ્યા છીએ." એક સિપાહીએ જણાવ્યું.

"દુર્જનસાલ ક્યાં છે?" તે યુવાને પૂછયું.

દુર્જન કટારના ઘાથી બેશુદ્ધ થઈ પડેલો હતો, તેના સાંમે આંગળી કરી સિપાહીએ કહ્યું. "દુર્જનસાલને આ સ્ત્રીએ કટાર મારી છે, તેથી તે બેશુદ્ધ થઇ પડયા છે."

"ઠીક, હવે તમે દુર્જનને ઉપાડી આપણા મુકામ પર ચાલ્યા જાઓ. હું થોડીવારમાં ત્યાં આવું છું."

"જેવી આજ્ઞા." કહી સઘળા સિપાહીઓ બેશુદ્ધ દુર્જનને ઉપાડી ત્યાંથી ચાલ્યા ગયા. તેમના ગયા બાદ એકલો રહેલો યુવાન શાન્ત ઉભેલી કમળાના સામે થોડીકવાર નિહાળી બોલ્યો:—બાળા ! તમે કોણ છો અને આવું સાહસ કરવાનું શું કારણ છે?"

"મને સાહસ કરવાની ફરજ પાડનાર આ દુર્જનસાલ છે. હું અંબિકાની પૂજા કરવા આવી હતી. પૂજાની સમાપ્તિ કરી બહાર નીકળતાં જ તે દુષ્ટે મને પકડાવી મંગાવી હતી."

"તમને પકડાવી મંગાવવાનું કારણ?"

"મારા પ્રત્યે તેની કુટિલ વાસના હતી. તે મને અનેક પ્રકારે સમજાવવા લાગ્યો. છેવટે તેનું કહેવું મ્હેં માન્ય ના કર્યું તેથી તે પાપાત્મા મારી ઉપર જુલમ ગુજારવા ધસ્યો કે મ્હેં પણ મારી કટારથી તેને ઘા કરી મારો બચાવ કર્યો."

"શાબાશ, વીર પુત્રીને લાયકનુંજ કામ તમે કર્યું છે."

"અને તમે પણ સમયસર અત્રે આવી પરોપકારનું મહાન્ કાર્ય કર્યું છે." કમળાએ કહ્યું.

"બાળા! તમારૂં નામ જણાવશો ?"

"હા, મારૂં નામ કમળા છે."

"ચંદ્રાવતીના રાજમહેલમાં જે કમળા નામે કુમારિકા નિવાસ કરે છે, તે તમે કે કોઈ બીજાં?"

"નહિ, એ કમળા હુંજ છું."

તે યુવાન આશ્ચર્ય પામી થોડીક ક્ષણ મૌન રહ્યો. અંતે તેણે પૂછ્યું. "કમળા! જો તમારી ઇચ્છા હોય તો હું તમને ચંદ્રાવતી સુધી મૂકવા આવું."

"ચંદ્રાવતી સૂધી મૂકવા આવવાની જરૂર નથી, મને અંબિકાના મંદિર સૂધી મૂકી જશો તો ચાલશે."

"જેવી તમારી ઈચ્છા, ચાલો." કહી તે યુવાને આગળ ચાલવા માંડયું. કમળા પણ આવા સુંદર રૂપવાન યુવાનના પરોપકારી કાર્યથી તેનાં વખાણ કરતી પાછળ–પાછળ ચાલવા લાગી. બન્ને મૌનતાથી ચાલતાં હતાં. થોડીવારમાં તેઓ ઘનઘોર ઘાડી ઝાડીમાં થઇને આગળ ચાલવા લાગ્યાં. હજી તો તેઓ તે ઝાડી પસાર કરી બહાર નીકળ્યાં નથી એટલામાંજ તે ઘાઢી ઝાડીમાંથી એક કદાવર આકારનો માણસ હાથમાં ખુલ્લી તલવારે ત્યાં ધસી આવ્યો, અને બન્નેને આગળ વધતાં અટકાવી પૂછવા લાગ્યોઃ—"ખબરદાર! તમે કોણ છો અને આ સમયે કયાં જાઓ છો?"

"તે પહેલાં તમે જણાવો કે તમે કોણ છો અને આવી રીતે અમને પૂછવાનું શું કારણ છે?" યુવાને પૂછ્યું.

તે માણસે જવાબ આપવાને બદલે તેણે ઓઢેલા જબ્બામાંથી ગુપ્ત ફાનસ કાઢયું. કારણ કે ત્યાં આગળની ઝાડીને લીધે ભયંકર અંધકાર વ્યાપેલો હતો. હાથમાંના ફાનસના પ્રકાશથી પેલા યુવાન અને કમળાનું મુખ જોઈ તે માણસ ભયંકર ગર્જના કરી બોલી ઉઠયોઃ–"છોકરા! હું

તને ઓળખી ગયો છું. તારે જો મને ઓળખવો હોય તો ઓળખજે કે હું તારો યમરાજ છું."

"મારે ને તારે શું વૈર છે ?" યુવાને પૂછ્યું.

"તારે અને મારે વૈર નથી, પણ તું જાણતો તો હશે કે એક દુષ્ટ માણસના પાપથી તેનાં આપ્તજનોને પણ પાપના છાંટા ઉડયા વિના રહેતા નથી. તારા વડિલે ઘણોજ અત્યાચાર ગુજારેલો છે, તેણે અનેક નિરપરાધીઓના પ્રાણ લીધા છે. બસ એજ કારણથી તું મારો શીકાર છે. હું તારો નાશ કરી તે ચંડાળના હૃદયમાં શોકની હોળી સળગાવીશ; અને પછી તેનો પણ ઘાતકી રીતે અંત આણીશ."

"ક્ષત્રિય પુત્રનો પ્રાણ લેવો એ કાંઈ નાના બાળકના ખેલ નથી. મારો પ્રાણ લેતાં તારે મારી સાથે યુદ્ધ કરવું પડશે, તેમાં તારો કે કાંતો મારો વિજય થશે."

"ભલે, હું તારી સાથે યુદ્ધ કરવાને તૈયાર છું."

"તે પહેલાં હું તારૂં નામ જાણવાને ઇચ્છું છું ?"

"મારૂં નામ "ભુજંગસિંહ છે." તારો પિતા મને સારી રીતે ઓળખે છે." ચાલ સાવધ થઈ તૈયાર થા ?"

"હોંશીયાર." કહી તે યુવાન જમ્ભામાંથી સમશેર ખેંચી તેની તરફ દોડયો. બન્નેનું યુદ્ધ થવા લાગ્યું. કમળાતો આ અકસ્માત જોઈ સ્તબ્ધ બની ગઈ. તે ઉભી હતી ત્યાંને ત્યાંજ સ્થિર થઈ બન્નેનું યુદ્ધ જોવા લાગી. બન્ને વીરો ચારે તરફ તલવારો ફેરવી પોત પોતાનો બચાવ કરવા લાગ્યા, પણ લાગ મળતાં એક બીજાને પ્રહાર કરવાને ચૂકતા નહિ. બન્નેનું યુદ્ધ ઘણીવાર ચાલ્યું નહિ. યુવાનની સામે યુદ્ધ કરતા ભુજંગસિંહે એક જબરો ફટકો લગાવ્યો. યુવાને તે ફટકો તેની તલવાર પર

ઝીલ્યો, પણ એમ કરવા જતાં તેની તલવાર હાથમાંથી છૂટી જમીન પર પડી. તે શસ્ત્રહીન્ થયો. તેની પાસે બીજું કાંઈ શસ્ત્ર હતું નહિ. તેની તલવાર નીચે પડતાંજ ભુજંગસિંહે પણ તેની તલવાર મ્યાન કરી રૌદ્ર ગર્જના કરી તેની ઉપર હલ્લો કર્યો, અને તે સુંદર યુવાનને જોતજોતામાં તેણે તેના પ્રચંડ બાહુથી જમીન ઉપર પટક્યો. તેને નીચે નાખી ભુજંગસિંહ ભેઠમાંથી કટાર ખેંચી હાથ ઉંચો કરી કહેવા લાગ્યો:–"છોકરા! મરણ અગાઉ તારે કંઇ કહેવું છે ?"

"ના, તારી કટાર મારા પેટમાં હુલાવી દે. હું આ સંસારના અત્યાચારથી કંટાળ્યો છું અને તેથી જલ્દીથી પ્રભુના દરબારમાં જવાને ઇચ્છું છું."

"હા, હવે એમજ કર." કહી ભુજંગસિંહ વિકટ હાસ્ય કરી તેનું ખૂન કરવાને ઉત્સુક થયો. પેલી તરફ ઉભી રહેલી કમળા આ દેખાવ જોતાંજ કંપી ઉઠી. તે તત્કાળ ત્યાં દોડી આવી અને ભુજંગસિંહનો કટાર વાળો હાથ પકડી રોષ યુક્ત વદને કહેવા લાગી:—"સબુર કરો. નિઃશસ્ત્રનો પ્રાણ લેતાં વિચાર કરો. જો તમારે તેનો પ્રાણ લેવો હોય તો આ કોમળ હૃદયમાં પ્રથમ તમારી કટાર ભોંકી દયો."

તેનાં વચન સાંભળી ભુજંગસિંહ ગુસ્સે થવાને બદલે હસ્યો અને તેની સામે જોઈ બોલ્યો:—"છોકરી! હું તને ઓળખું છું. તું ઘણી દયાળુ અને પવિત્ર છે. તારા વખાણ ચારે તરફ થાય છે. કમળા! તું જેને બચાવવા ચાહે છે તેને તું ઓળખે છે કે ?"

"ના." કમળાએ જવાબ આપ્યો.

"સાંભળ, આનું નામ "કનકકુમાર" છે, અને તે દુષ્ટ દુર્મદનો પાટવી કુમાર છે." ભુજંગસિંહે કનકની છાતી પરથી ઉભા થઇ કહ્યું.

"હં !" કહી કમળા આશ્ચર્યે ચકિત્ થઈ ગઇ. તે થોડીકવાર કંઈક વિચાર કરી બોલી:–"ભુજંગસિંહ! શત્રુ હો કે મિત્ર હો, પણ દુઃખ સમયે તેની પર દયા કરવી એ સર્વત્ર મનુષ્યની ફરજ છે. કનકકુમાર હાલ નિઃશસ્ત્ર છે, તેનો ઘાત કરવો એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. તેમજ તમારૂં નામ જો કે ભુજંગસિંહ છે પણ તમારા હૃદયમાં દયાની ઉંડી લાગણી હોય એમ અનુમાન થાય છે. દુર્મદ દુષ્ટ છે; એ હું સારી રીતે સમજું છું; પરંતુ આ કનકકુમારની થોડા સમયની મુલાકાતથી હું સમજી શકી છું કે તે એક ધર્મ નિપુણ અને પાપીઓને ધિક્કારનારા પવિત્ર પુરૂષ છે. તે રાક્ષસ કુળમાં જન્મેલા દેવ છે. ભુજંગસિંહ! હું તમને વિનંતી કરીને કહું છું કે તેમની પર દયા કરો."

"કમળા! કમળા! હું તારી ઉપર પ્રસન્ન થઇ તારી વિનંતીનો સ્વીકાર કરૂં છું. બાળા! તારૂં કહેવું સત્ય છે. આ કનક ખરેખર પવિત્ર છે. પણ શું કરૂં? તેના જુલ્મી પિતાના જુલમથી હું ઉશ્કેરાયેલો છું. હું દુર્મદનો નાશ કરવાને ચાહું છું. તેના અત્યાચાર યાદ કરતાં હું ક્રોધની જ્વાળાથી બળું છું અને તે વખતે અંધ થઈ ન કરવાનાં કામ કરૂં છું. હું આજ નહિ તો કાલ એમ ગમે તે દિવસે દુષ્ટ દુર્મદનો ઘાતકી રીતે અંત આણીશ. હું તેને અત્યારેજ જ્યાં હોય ત્યાં જઈ મારી નાખવા સમર્થ છું, પણ...થાય છે. હજુ તેના મ્હોતની વાર છે." આમ કહી ભુજંગસિંહ થોડીવાર શાન્તતાથી ઉભો રહી પછી નીચે પડેલા કનકને ઉભો કરી કહેવા લાગ્યો:—"કનક! આ કમળાના પ્રતાપે તું જીવતો જાય છે. તું નિરંતર પરોપકાર કરી તારૂં નામ દિપાવજે અને તારા ઘાતકી પિતાના પ્રકોપમાંથી નિરપરાધીઓને બચાવજે. છોકરા! હું જાઉં છું. આપણી મુલાકાત હવે કોઈ ભયંકર પ્રસંગેજ થશે." કહી ભુજંગસિંહ વિજળી વેગે ત્યાંથી ચાલ્યો ગયો, અને જોતજોતામાં ઘનઘોર ઝાડીમાં ગૂમ

થઈ ગયો. આવી રીતે એકાએક આવી પડેલા પ્રસંગથી કનક મહાન્ વિચારમાં પડયો. એવામાં કમળાએ પૂછ્યું:–“ હવે આપણે ચાલીશું ? ”

“ હા, ચાલો. ” કહી બન્ને મૌનતાથી ચાલવા લાગ્યાં. બાદ થોડીવારે તેઓ અંબિકાના મંદિરે આવી પહોંચ્યાં. દ્વારમાં પ્રવેશતાં કમળાએ નજર કરી જોયું તો જણાયું કે તેની સાથે આવેલા નોકરો ત્યાંને ત્યાંજ બેશી રહ્યા છે. કમળાને દેવિના પૂજનમાં ઘણીવાર થતી તેની માહિતી તેઓને સારી રીતે હોવાથી તેઓ હજી ત્યાં બેસી રહી કમળાની રાહ જોઇ રહ્યા હતા. તેમને જોઇ કમળા કનકને કહેવા લાગી:–“રાજકુમાર ! હવે આગળ શ્રમ લેવાની આપને જરૂર નથી. મારા નોકરો હજી બેઠેલા છે, તેમની સાથે હું રાજમહેલમાં જઇશ.”

“ત્યારે હવે મને જવાની રજા છે ?” કનકે પૂછ્યું.

“ હા, પધારો; આપનો આજે મારી ઉપર મહાન્ ઉપકાર થયો છે ?”

“ અને તમારો પણ મારી ઉપર શું ઓછો ઉપકાર થયો છે ? કમળા ! તમે આજે મારા જીવનતું રક્ષણ કર્યું છે. તમારો ઉપકાર હું જીવન પર્યંત ભૂલનાર નથી. કમળા ! બીજી એક વાત તમને જણાવું છું તે ખાસ કરીને યાદ રાખજો કે:–“ ચંદ્રાવતી અને નૌત્તમનગરના વૈર હજી આટલેથીજ શાન્ત થશે નહિ. ભવિષ્યમાં ભયંકર પ્રસંગ ઉપસ્થિત થશે એમ મને ચોક્કસ ભાસે છે. હું શત્રુ કુમાર છું પણ તમારાં અનહદ ગુણનો ગુલામ છું. કમળા ! આપણે એક બીજાને મળ્યાં હતાં તેની નિશાની તરીકે હું તમને મારી વિંટી આપું છું તેનો સ્વિકાર કરો.” કહી કનકે આંગળીએથી એક વિંટી કાઢી કમળાને આપી.

કમળાએ આનંદથી તેની વિંટીનો સ્વિકાર કરી પોતાની આંગળીએથી વિંટી કાઢી તેને આપતાં કહ્યું:–“ શત્રુ પણ મિત્ર થાય છે,

અને સંકટમાં અમૂલ્ય મદદ કરે છે. એવા તમારા ગુણુથી આકર્ષાઇ હું આપને મારી વિંટી આપું છું તેનો અંગીકાર કરો."

કનકે આંગળીએ વિંટી પહેરી કહ્યું:—" કમળા ! હવે હું જાઉં છું અને જતાં જતાં જણાવું છું કે આજના પ્રસંગની વાત કોઇને જણાવશો નહિ. પવિત્ર બાળા ! તમે મને નિરંતર યાદ આવશો, તમે પણ કોઇકિ દિવસ મને સંભારજો."

કમળાએ સ્મિત્‌હાસ્ય કરી માથું નમાવ્યું. કનકે ત્યાંથી ચાલવા માડયું. તે જ્યાં સુધી દૃષ્ટિ મર્યાદામાંથી અદૃશ્ય થયો નહિ ત્યાં સુધી કમળા તેની પાછળ જોઇ રહી. તે નજરની બહાર જતાં કમળા દ્વાર આગળ બેઠેલા નોકરોની પાસે આવી. સેવકો ઉભા થયા. પૂજાની સામગ્રિ જે થાળમાં ભરી લાવી હતી તે થાળ દેવીના મંદિરના દ્વાર આગળ પડેલો હતો, તે સેવક પાસે મંગાવી તેણે તેમની સાથે રાજમહેલ તરફ પ્રયાણ કર્યું. આજના બનાવના વિચાર કરતી કમળા મધ્યરાત્રે રાજમહેલમાં દાખલ થઇ ગઇ.

પ્રકરણ ૧૩ મું.

અપકાર પર ઉપકાર.

ચંદ્રાવતીના રાજમહેલના એક વિશાળ રમણીય દિવાનખાનામાં આજે મોટો દરબાર ભરાવાનો છે. દુર્મદસિંહના શરીરે આરામ થઈ જવાથી આજ તેને સભામાં લાવવામાં આવનાર છે. દરબાર ભરાવાનો સમય થતાં સામંતો–સરદારો અને નગરના પ્રતિષ્ઠિત નાગરીકો સભા ગૃહમાં આવી તેમને માટે ગોઠવેલા આસનો ઉપર સ્થાન લેવા લાગ્યા. અલ્પ સમયમાં દરબાર ગૃહ ચીકાર ભરાઇ ગયું. સઘળા જનો મહારાજાની રાહ જોઇ રહ્યા. એટલામાંજ બહાર ઉભેલા પ્રતિહારનો અવાજ સંભળાયો કેઃ—સમરસિંહ મહારાજને ઘણી ખમા. આવો અવાજ શ્રવણ કરતાં સભાજનો સાવધ થઈ ગયા અને મહારાજાના પ્રવેશ દ્વાર તરફ આતુરતાથી જોઇ રહ્યા. મહારાજા સમરસિંહે–સ્નેહસિંહ સાથે પ્રવેશ કરી વચ્ચોવચ્ચ ગોઠવેલા સુવર્ણ સિંહાસન પર સ્થાન લીધું. બાદ થોડીવારે વિજય–બન્સી અને સેનાપતિ રણધીર સિંહ દરબારમાં ઉપસ્થિત થયા અને મહારાજાને નમન કરી તેમના આસનો પર બિરાજમાન થયા. સઘળે શાન્તિનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. એવી રીતે થોડોક સમય વિત્યા બાદ મહારાજા સમરસિંહે પાસે બેઠેલા એક સરદારને કહ્યું:—"તમે જાઓ અને કારાગૃહમાંથી દુર્મદસિંહને અહિં લાવો." જેવી આજ્ઞા. કહી સરદાર ત્યાંથી ચાલ્યો ગયો અને અલ્પ સમયમાં દુર્મદસિંહને લઈ આવી ત્યાં હાજર થયો. દુર્મદસિંહ

જો કે કેદી હતો પણ મહારાજા સમરસિંહની દયાથી તેને કંઈ પણ દુઃખ હતું નહિ. તે રાજ્ય કેદી છે એ જણાવવાના હેતુથી ફક્ત તેના હાથે સુવર્ણની બેડી જડેલી હતી. દુષ્ટ દુર્મદ આ સમયે તદ્દન શાન્ત જણાતો હતો, તેનું મુખ દયામણું દેખાતું હતું. દરબારમાં પ્રવેશ કરી તે એક બાજુએ ઉભો રહ્યો. ત્યાં બેઠેલા જનો તેને તિરસ્કારની નજરે જોઇ રહ્યા. થોડીવાર મૌન પ્રવર્ત્યા પછી મહારાજા સમરસિંહે સ્હેજ રોષ યુક્ત વદને પૂછ્યું:—"દુર્મદસિંહ! શું વિચાર ચાલે છે?"

"મારા હૃદયમાં ચાલતા વિચાર મારા મનને અત્યારે ઘણું દુઃખી કરે છે." દુર્મદે નીચું જોઇ જણાવ્યું.

"એટલે?"

"રાજા સમરસિંહ! આજ પર્યંત હું નહોતો જાણતો કે ચંદ્રાવતીના વીર પુરૂષો આટલા બધા બળવાન હશે? અરે બળની સાથે તેમનામાં ધર્મના પણ ઉત્તમ ગુણો ભરપૂર ભરેલા છે. એજ કારણથી આપનો સુખ વૈભવ સ્વર્ગ સમાન શોભી રહ્યો છે, અને આ દુષ્ટ દુર્મદ પરાજીત થઇ તમારી સમક્ષ ઉભો રહ્યો છે."

"દુર્મદસિંહ! તેનું કારણ તમે પોતેજ છો. જો તમે સદાચરણથી ચાલ્યા હોત તો તમે પણ ઘણું સુખ સંપાદન કરી શકત. તમે જુલ્મી કામ કરી સર્વત્ર ત્રાસ વર્તાવ્યો છે. અમારી સાથે નાહકનું વૈર બાંધી તમે તમારી ખરાબી હાથે કરીનેજ કરી છે. હજી પણ સમજશો તો સુખી થશો, હજી કાંઈ બગડી ગયું નથી." સમરસિંહે કહ્યું.

"હું આપના અમૂલ્ય ઉપદેશનો અંગિકાર અવશ્ય કરીશ; અને સદાકાળ આપનો ઉપકારી રહીશ. આપ મને જો મૂક્ત કરશો તો હું હવેથી સારી રીતે રાજ્ય ચલાવી પ્રજાને સુખી કરીશ." દુર્મદે જણાવ્યું.

તેનાં વચનો સાંભળી રાજાએ સ્નેહસિંહ તરફ જોઇ પૂછ્યું:—"સ્નેહસિંહ! આ દુર્મદસિંહને હું મૂક્ત કરવાને ઇચ્છું છું અને તેમાં તારી સલાહ માગું છું?"

સ્નેહસિંહ:—"મહારાજ! અવિનયની ક્ષમા આપશો. આ દુર્મદ અત્યારે જે જે વચનો બોલે છે, તે તદ્દન જુઠાંજ વદે છે. તેનો સ્વાર્થ અત્રેથી છૂટવામાંજ છે. તે નૌત્તમગઢ પહોંચતાંજ પુનઃ આપણી સાથે યુદ્ધનો આરંભ કરવા તૈયાર થશે."

સમરસિંહ:—"તેથી શું? ચંદ્રાવતીના યોદ્ધાઓનો તેને અનુભવ તો થયો છે, છતાં જો બીજીવાર આવશે તો મરણના મુખમાં હોમાશે. શું આપણે તેનાથી ડરીએ છીએ?"

સ્નેહસિંહ:—"પણ હાથે કરીને શા માટે ઉપાધી કરવી જોઇએ; હાથમાં સપડાએલા શીકારને શા માટે મૂક્ત કરવો જોઇએ?"

સમરસિંહ:—"ત્યારે તારો શું વિચાર છે?"

સ્નેહસિંહ—"મારો વિચાર તો તેને સ્વર્ગપૂરીમાં મોકલી આપવાનો છે. કારણ કે તે જ્યાં સુધી જીવશે ત્યાં સુધી આપણાથી શાન્તિથી રહી શકાશે નહિ."

સમરસિંહ:—"આપણી ક્ષમા માગી મૂક્ત થનારને મારી નાખવામાં મહાન્ પાપ સમાએલું છે. વળી દુર્મદ અત્યારે આપણું શરણુ યાચે છે અને કરેલાં કર્મને માટે પશ્ચાતાપ કરે છે."

સ્નેહસિંહ—"તે અહિંથી મૂક્ત થવાને જેટલા ઢોંગ નહિ કરે એટલા ઓછાંજ છે. મહારાજ! આપ જાણુતા તો હશો કે નદિ કિનારે બેઠેલો બગ કેવો શાન્ત થઇને બેસી રહે છે? વાઘ પિંજરામાં પૂરાએલો હોય છે ત્યારે કેવો ગરીબ જેવો દેખાય છે?"

સમરસિંહ—" તારૂં કહેવું જો કે સત્ય છે; પણ હવે આ દુર્મદસિંહ એવી રીતે વર્તે તે હું માની શકતો નથી. તેમજ આપણે અપકારની ઉપર ઉપકાર કરી મહાન્ ધર્મ બજાવવાનો છે."

સ્નેહસિંહ:—"અપકાર પર ઉપકાર કરવાથીજ આ વીર ભૂમિના મહાન્ મહિપતિઓ કપટી યવનોના હાથે કપાઇ મુઆ છે. બંધુ! વિચારો, હાથમાં આવેલા શત્રુને જીવતો ના જવા દો. મહાન્ પુરૂષનું પણ વાક્ય છે કે:-શીકારમાં સપડાએલા સિંહને પિંજરામાં પૂરી મૂકવો કે કાંતો તેને ઠાર કરવો કે જેથી ભવિષ્યમાં તે કોઇને નડે નહિ."

સમરસિંહ:—" હું તારૂં વચન અત્યારે માન્ય રાખી શકતો નથી. તું ધર્મના સિદ્ધાંતો સમજી શકતો હોય એમ જણાતું નથી. દુષ્મન પર દયા કરવી એ ન્યાય છે, અને તેથીજ દુર્મદને જવા દેવામાં આપણો યશ છે."

સ્નેહસિંહ:—" બંધુ! સાહસ થાય છે. ભવિષ્ય મને અંધકાર-મય ભાસે છે. દુષ્મન પર દયા કરવી જોઇએ એ હું પણ સમજી શકું છું. પરંતુ તે દયા આવા વિષધર સર્પ પર નહિ."

સમરસિંહ:—સ્નેહસિંહ! તારૂં મગજ આજે ખસી ગયું હોય એમ મને જણાય છે."

સ્નેહસિંહ:—" અને મને પણ ભાવી વિપરીત હોય એમ પ્રત્યક્ષ ભાસે છે."

સમરસિંહ:—" હું તારૂં કહેવું કબુલ કરનાર નથી."

સ્નેહસિંહ:—" હા, હું પણ સમજું છું કે જે થવાનું છે તે મિથ્યા થનાર નથી."

સમરસિંહ:—" તું મારો નાનો ભાઈ થઇ આ સભા ગૃહમાં મારી સામે જવાબ આપતાં શરમાતો નથી?"

સ્નેહસિંહઃ—" શા માટે શરમાઉં? સત્ય વસ્તુ જણાવતાં શા માટે શરમાઉં?"

સમરસિંહઃ—"હું અત્યારે તારા દેખતાંજ દુર્મદને માન સાથે વિદાય કરીશ."

સ્નેહસિંહઃ—" અને હું પણ તમારા દેખતાંજ તેને અત્રે જમીન દોસ્ત કરીશ."

સમરસિંહઃ—" શું તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ? "

સ્નેહસિંહઃ—"સ્વદેશના કલ્યાણને અર્થે હું સૌ કાંઈ કરી શકીશ."

" ચૂપ કર નાદાન. " કહી સમરસિંહ ઉશ્કેરાઈ આસનપરથી ઉતરી સ્નેહસિંહના સામે આવી ઉભા રહ્યા. સ્નેહસિંહ પણ ગુસ્સાથી રાતો પીળો થઈ ગયો હતો. સભાજનો સ્તબ્ધ બની ગયા હતા. વાતને વધી પડેલી જોઇ સેનાપતિ રણધીર બન્નેની વચ્ચમાં આવી તેમને શાન્ત પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેનાં વચનની દરકાર નહિ કરતાં સમરસિંહ ક્રોધ યુક્ત વદને સ્નેહસિંહને કહેવા લાગ્યાઃ—" જા, હું તને અત્યારે જવા દઉં છું. તું અહિંથી ચાલ્યો જા. હું તારૂં મુખ જોવા નથી ઇચ્છતો." કહી મહારાજ સમરસિંહ પુનઃ આસન પર બેઠા.

સ્નેહસિંહ શાન્ત થયો હતો. રાજાનાં વચન સાંભળી તેની આંખ્યોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. તે ઘુંટણીએ પડી ગદગદ કંઠે બોલ્યો—" મહારાજ! હું આપનું વચન માન્ય કરી અત્યારે અત્રેથી જાઉં છું. પણ જતાં–જતાં જણાવું છું કેઃ–જે વિષધરને આપ જીવતો જવાદો છો, તેજ કાળા નાગથી ભવિષ્યમાં આપને ઘણુંજ સહન કરવું પડશે. ચંદ્રાવતીનો નાશ હવે નજીકમાંજ હોય એમ મને જણાય છે. વડીલ ભ્રાત! હજી સમય છે. આ દુષ્ટ દુર્મદથી ચેતજો. તે ભયંકર શત્રુ છે." આટલું કહી સ્નેહસિંહ તત્કાળ

દરબાર ગૃહનો ત્યાગ કરી ચાલ્યો ગયો. સભાજનો તેની પાછળ જોઇ રહ્યા. પુનઃ શાન્તિ છવાઈ ગઈ. કોઇ પણ એક શબ્દ બોલતું નહોતું. સઘળાને સ્નેહસિંહનું કહેવું સત્ય ભાસતું હતું. તે પછી મહારાજા સમરસિંહે દુર્મદના હાથેથી સુવર્ણની બેડી કાઢી નખાવી પોતાની સાથે બેસાર્યો. દુર્મદ જાણે ખરો મિત્ર બની ગયો હોય એવી રીતે વાતો કરવા લાગ્યો. રાજા સમરસિંહે તેનું ઘણું સન્માન કર્યું. બાદ તેનો યોગ્ય સત્કાર કરી, તેમજ તેને શુભ શીખામણો દેઈ સમરસિંહે તેને વિદાય કરી દીધો. તેના ગયા પછી સભા પણ વિસર્જન કરવામાં આવી. સમરસિંહ મહેલમાં ચાલ્યા ગયા. સભાજનો પણ આજના દિવસના બનાવના તર્ક-વિતર્ક કરતા પોતપોતાના ગૃહ તરફ ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૫ મું.

કપટીઓની કપટ જાળ.

ઉપરોક્ત બનાવને બની ગએ ઘણા દિવસો થઈ ગયા હતા. દુર્મદસિંહ તેના નગરમાં આવી રાજ્ય ચલાવતો હતો. તેણે રાજા સમરસિંહ સાથે જે સારી રીતે વર્તવાનું કબુલ કર્યું હતું, તે સઘળું હવામાં ઉડી ગયું. કારણકે તે મૂળથીજ પ્રપંચી અને રાજ્ય લોભી હતો. વળી તેની નવી રાણી કપટકળા મહા કારસ્થાની હતી. તેના મનમાં કંઇક ઓરજ પ્રકારના વિચાર રમણ કરી રહ્યા હતા. તે દુર્મદના ભવિષ્યની ભયંકરતામાં વધારો કરનારી જ્વાળમુખી દેવી હતી, તેણે હાર ખાઇ આવેલા દુર્મદને લાખો કુવચનો સંભળાવ્યાં, તે વિલાસ વખતે દુર્મદને ધિક્કારી વિકાળ વાઘણની માફક પડી રહેવા લાગી. આથી દુર્મદે અકળાઇને ચંદ્રાવવતીનો નાશ કરવાની ભિષણ પ્રતિજ્ઞા કરી. તે પછી તે ચંદ્રાવતીનો નાશ કરવાને અનેક પ્રપંચ જાળ ગોઠવવા લાગ્યો, તેના ગુપ્તચરો ચંદ્રાવતીની ચારે તરફ ફરી ત્યાંની છૂપી બાતમી મેળવવા લાગ્યા. સમરસિંહ અને સ્નેહસિંહ જુદા પડવાથી દુર્મદને અત્યાનંદ થયો હતો. તેણે દુર્જનસાલની સલાહ લઈ પ્રથમ તો સ્નેહસિંહને ભોળવવાનો નિશ્ચય કર્યો. સ્નેહસિંહ ભોળો અને દેવી ભક્ત છે, તે હમેશાં દેવી અંબિકાનાં દર્શને આવે છે. આવી માહિતી દુર્મદને મળેલી હોવાથી તેણે દુર્જનને કહ્યું:—" સેનાપતિ ! જો સ્નેહસિંહને ભોળવવો હોય તો એક યુક્તિ છે; પરંતુ તે યુક્તિનો અમલ કરવામાં બાહોશ માણસની જરૂર છે."

"નામદાર ! એ યુક્તિ શું છે તે તો જણાવો ? તેનો અમલ કરવાને આ સેવક તૈયાર છે." દુર્જને કહ્યું.

"દુર્જન ! તને ખબર તો હશે કે સ્નેહસિંહ જેવો બળવાન્ છે, તેવોજ ભોળો પણ છે. તે દેવીનો સાચ્ચો સેવક છે. તે હમેશાં અંબિકા દેવીનાં દર્શન કરીનેજ ભોજન જમે છે. માટે તેને દેવી સ્વરૂપેજ ઠગવાની યુક્તિની જરૂર છે." દુર્મદે જણાવ્યું.

"આપ નામદારના કહેવાનો ભાવાર્થ હું બરાબર સમજી ગયો. એવી ઠગ વિદ્યાઓમાં આપનો આ સેવક ઘણોજ પ્રવિણ છે. હું સ્નેહસિંહને એવી તો પ્રપંચ જાળમાં સપડાવીશ કે જેથી તત્કાળ આપણું ધાર્યું કાર્ય સિદ્ધ થશે."

"હા! જો એમ થાય તો ઘણા દિવસના વૈરની આગ જલ્દીથી બુઝાય. દુર્જન ! જ્યારે ચંદ્રાવતીનું રાજ્ય આપણા હાથમાં આવશે અને રાજા સમરસિંહનો તેના પરીવાર સાથે નાશ થશે, ત્યારેજ આ સળગતું હૃદય શાન્ત થશે."

"ત્યારે લ્યો હવે હું રજા લઉં છું." દુર્જને કહ્યું.

"ક્યાં જવાની રજા માગો છો ?" દુર્મદે પૂછ્યું.

"પ્રપંચ જાળનાં પાટીઆં ગોઠવવા અને સ્નેહસિંહને ભોળવવા હું અત્યારેજ શત્રુના રાજ્ય તરફ જવાને ચાહું છું. કારણકે ચંદ્રાવતીનો વૈભવ મારાથી હવે વધારે વાર જોઈ શકાતો નથી. રાજા સમરસિંહનું ખેદાન મેદાન કરવાને હું ઘણોજ આતુર છું. મહારાજ ! એ કામ જલ્દીથી પૂરૂં થાય એ વિચારથીજ હું અત્યારે ત્યાં જઇશ અને કાલથીજ મારી પ્રપંચ જાળનો પ્રયોગ શરૂ કરીશ."

"વારૂં તું એકલો જઇશ કે કોઈ બીજાને સાથે લેતો જઇશ ?"

" હું મારા બે શિષ્યોને સાથે લેતો જઈશ, કારણકે તેઓ પણ પ્રપંચ વિદ્યામાં ઘણા પ્રવિણ છે."

" તેમનાં નામ શું છે ?"

" એકનું નામ પ્રપંચપ્રસાદ અને બીજાનું નામ શઠરાય છે. "

" ખરેખર ! તેમનામાં નામ પ્રમાણેજ ગુણો હોવા જોઇએ. તું તારા સાથિતો સાથે ત્યાં જઈ જલ્દીથી કામ પૂરૂં કરી પાછો આવ એટલે મને નિરાંત થાય."

" આપ નિશ્ચિંત રહો, હું જલ્દીથી તે કામને પૂરૂં કરી પાછો આવીશ. લ્યો મહારાજા ! હવે હું રજા લઉ છું."

" હા, સુખેથી જાઓ, શત્રુઓથી સાવધ રહેજો." કહી દુર્મદ મહેલમાં ચાલ્યો ગયો. રાજાની રજા લઈ નીકળેલો દુર્જનસાલ તેણે કહેલા બે માણસોને સાથે લઇ તેજ વખતે ચંદ્રાવતી જવાને નીકળી પડયો. ત્રણે જણા ઘોડેસ્વાર થએલા હતા. તેથી સાંયકાળ પડતાં પહેલાં તો તેઓ ચંદ્રાવતીને પાદરે આવી પહોંચ્યા. તેઓ અંબિકા દેવીની પાછળ આવેલી ઘીચ ઝાડીમાં આવી ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને ઘોડાઓને છૂટા ચરવા મૂકી દઈ ત્રણે જણા વિચાર કરવા બેઠા. તેઓએ મોડા સુધી વિચાર કરી પોતપોતાનાં કામ વ્હેંચી લીધાં. દુર્જને દેવી સ્વરૂપે સ્નેહસિંહને ભોળવવાનું માથે લીધું. પ્રપંચપ્રસાદે અને શઠરાયે પોતે કરવા ધારેલી યુકિત તેના કાનમાં કહી સંભળાવી, એથી દુર્જન પ્રસન્ન થયો, આખરે બીજા દિવસની રાત્રિ પડી. અંધકાર અવનિપર પથરાયો. સ્નેહ સિંહને દર્શને આવવાનો સમય હવે થયો હશે ધારીને દુર્જન ઉભો થયો, અને અંબિકાના મંદિરમાં પ્રવેશ્યો. પરંતુ દહેરાનું અવલોકન કરી તત્કાળ બ્હાર નીકળ્યો. તે પછી કંઇક વિચાર ગોઠવી તે દેવીના દેહરાની પાછળ આવેલા એક જાળીઆ આગળ આવીને ઉભો રહ્યો.

રાત્રિ પડી ચૂકી હતી, કૃષ્ણપક્ષ હોવાથી અંધકાર સઘળે વ્યાપેલો હતો. આવે સમયે દેવીના જાળીઆ પાસે ઉભેલા દુર્જનને કોઇક માણસનો ત્યાં આવવાનો ભાસ થયો. તે તત્કાળ સાવધ થઇ શાન્તતાથી ઉભો રહ્યો. આવનાર માણસ યોદ્ધા જેવો જણાતો હતો. તે કંઇક વિચારમાં નિમગ્ન થઈ નીચું જોઇ ચાલ્યો આવતો હતો.

તે આવનાર અન્ય કોઇ નહિ પણ સ્નેહસિંહ હતો. મહારાજા સાથે થયેલા સંવાદથી તે ખીન્ન થઇ ગયો હતો. દુર્મદના જીવતા જવાથી તે નિસ દિન ચિંત્તાથી વ્યાકુળ રહેતો હતો. તેને પોતાના થયેલા અપમાનની લેશ માત્ર પણ ચિંત્તા નહોતી, કારણ કે તે ભ્રાતૃભકત ગુણજ્ઞ પુરૂષ હતો. જો કે તે રાજા સમરસિંહનો પિત્રાઈ ભાઈ થતો હતો તદપિ તે રાજાને તેના સહોદર વડિલ બંધુ પ્રમાણેજ સમજીને વિનયપણે વર્તતો હતો. તે આજ-કાલના ભાઇઓ જેઓ નહોતો. આ જમાનાના ભાઇઓ તો એક બીજાનું અનિષ્ટ કરતાં લગીર પણ વિચારતા નથી. તેઓ સ્વાર્થને માટે પોતાના સગાભાઇનો પણ ઘાત કરતાં ડરતા નથી. સ્નેહસિંહ વીર હતો, તેની સાથે તે ઘણોજ ભોળો અને વિશ્વાસુ હતો. તે દેવીનો અડગ ભક્ત હતો. તેના મનમાં ભીતિ એટલીજ લાગતી હતી કે દુર્મદ છૂટો થઈ ચંદ્રાવતી પર ફરીથી આફત લાવશે, કારણ કે તે સારી રીતે જાણતો હતો કે તે દુષ્ટ અને પ્રપંચી છે. તેણે ઘણી વખત તેની છળ–કપટતા સાંભળી હતી. રાજા સમરસિંહ ધર્મપરાયણ, નીતિજ્ઞ, ટેકી, વીર અને શરણાંગતનું રક્ષણ કરનાર હતો. તે કોઇને કટુવચનથી બોલાવતો નહિ. સ્નેહસિંહ અને સમરસિંહનો વિક્ષેપ પ્રારબ્ધવશાતજ થયો હતો. ક્ષત્રિયનું વચન કદાપિ વ્યર્થ જાય નહિ. એથી રાજા સમરસિંહ ઘણા દિવસ થયા છતાં સ્નેહસિંહનું મુખ જોતા નથી. તે કારણથી તે પોતે પણ મનમાં ઘણું મુઝાતા હતા, આથી તેમનું મન ઉદ્વેગ યુકત રહેવા લાગ્યું.

સ્નેહસિંહ પણ બંધુની આજ્ઞાને માન્ય રાખી એકાન્ત વાસ ગુજારતો હતો. તે હમેશાં રાત્રે દેવિના મંદિરે આવી માતાને નમન કરી દુઃખોદ્‌ગાર કાઢતો હતો. આજે પણ રીવાજ મુજબ સ્નેહસિંહ માતાજીના મંદિરે આવ્યો અને પછી અંદર પ્રવેશી દેવીને સાષ્ટાંગ પ્રણામ કરી માતાની સન્મુખ બેઠો. તે એકજ દ્રષ્ટે દેવીના મુખ સામે જોઈ રહી ધીમે ધીમે બોલવા લાગ્યોઃ—"હે ! આદ્યશકિત મહામાયા ! તમને આ બાળકના પ્રણામ છે. ભગવતી ! તમે અમારાં મંગળ-કર્તા છો. તમે દુષ્ટ જનોને મારી ભકતજનોને તારો છો. એવાં કૃપાળુ માતા ! તમે અમને સ્હાય કરજો. બંધુ સાથે કલહ થવાથી ચંદ્રાવતીનું ભવિષ્ય કાળથી ઘેરાયું હોય એમ મને ભાસે છે. હું રાત્રિએ આવતાં ભયંકર સ્વપ્નોમાં દુષ્ટ દુર્મદને વિક્રાળ સ્વરૂપે ખુલ્લી તલવારે દોડી આવતો અવલોકું છું. ધોળે દિવસે ચંદ્રાવતીના દુર્ગપર કાળા કાગને કકળાટ કરતા સાંભળું છું. તેથી મારા મનના સંશયમાં વૃદ્ધિ થાય છે કે આ ભાવીની થનાર ઉથલ પાથલતુંજ સૂચન છે. હે જગત અંબા ! જો મારૂં ધારવું સત્ય થનાર હોય તો તેમાંથી રક્ષણ કરવું આપનાજ હાથમાં છે. દેવી ! આ ચંદ્રાવતીનું અને રાજા સમરસિંહનું મંગળ કરજો અને......" સ્નેહસિંહ આગળ બોલે એ પહેલાં તો એકાએક બહારથી ઝીણો અવાજ આવ્યોઃ—"સ્નેહસિંહ ! તારૂં ધારવું સત્ય છે, ચંદ્રાવતીનો અલ્પ સમયમાંજ નાશ થનાર છે." અવાજ બંધ થયો, સ્નેહસિંહ ચમકયો, તે સંભ્રમમાં પડી દિઙ્‌મુઢ બન્યો. તેનું મન આકુળ—વ્યાકુળ થવા લાગ્યું. તે મનમાંજ બોલી ઉઠયો કે—"અરે ! શું આ દેવીનીજ આગાહી હશે ? હા, ના. ત્યારે આ બોલનાર કોણ ?" કહી સ્નેહસિંહ ચારે તરફ જોવા લાગ્યો. તેને કોઇ જણાયું નહિ. તેને શત્રુનો ભાસ થયો. તે દહેરાની બહાર નીકળી ચારે તરફ જોવા લાગ્યો. સ્નેહસિંહ જે જાળીઆ પાછળ દુર્જન ઉભો હતો તે

તરફ ચાલ્યો. તેને આવતો જોઇ દુર્જન તત્કાળ ત્યાંથી ખસી ઘાસમાં ચત્તોપાટ સૂઇ રહ્યો. ત્યાં ઘાસ ઉંચુ ઉગેલું હતું, રાત્રિનો અંધકાર ચારે તરફ પથરાએલો હોવાથી સ્નેહસિંહ તેને જોઇ શક્યો નહિ. તે દેવીની પ્રદક્ષિણા કરી પુનઃ મંદિરની અંદર પ્રવેશ્યો, અને અનિમેષ દૃષ્ટિએ દેવીના મુખ સામે જોઈ રહ્યો. પેલી તરફ ઘાસમાં પડેલો દુર્જન વળી પાછો ઉભો થઈ જાળીઆ સમીપે ગયો અને અવાજ બદલી બોલ્યોઃ—" સ્નેહસિંહ! તું ઘણો વ્હેમી હોય એમ મને જણાય છે. તું મારાં વચન સત્ય માનજે."

" ખરેખર ! દેવી પોતેજ આ સૂચના કરે છે." આમ આત્મગત્ બોલી સ્નેહસિંહ એકદમ ઉભો થઈ અકળાઈ બોલી ઉઠ્યો.

" હે આદ્યશક્તિ ! શું આપ આ સત્ય વદો છો ? શું ચંદ્રાવતીનો નાશ થશે ?"

" નિઃસંશય એમજ થશે." પુનઃ અવાજ સંભળાયો.

" જો એમ થવાનું હોય તો તેમાંથી તારનાર પણ આપજ છો. તે ભયંકર પ્રસંગ અટકાવવાને માતા આપજ સમર્થ છો." કહી સ્નેહસિંહ દીન્ વદને ઉભો રહ્યો. એટલામાં વળી પાછો અવાજ સંભળાયો.

" સ્નેહસિંહ! ભાવી નિથ્યા થતું નથી. હું પણ હવે આ સ્થળેથી વિદાય થઇ મારા મૂળ સ્થાનકે જાઉં છું. તું ભાવી વિપત્તિથી શોક કરીશ નહિ. કારણ કે રાજાનું આયુષ્ય હવે પૂરૂં થયું છે, અને તેથીજ તેને દેવલોકમાં જવાનું નિર્માણ થયું છે. સ્નેહસિંહ! આમાં તને અડચણ આવશે નહિ, તારૂં પ્રારબ્ધ તો પ્રકાશમાન છે. બસ તું હવે વિશેષ જાણવાને ઇચ્છીશ નહિ, હું જાઉં છું." કહી પાછળ ઉભેલો દુર્જન ત્યાંથી નીકળી ધીમે પગલે ઝાડીમાં બેઠેલા તેના માણસો પાસે ગમન કરી ગયો. દુર્જનને આવેલો જોઈ શઠરાય ઉભો થયો, અને સ્ત્રીનો પોશાક ધારણ કરી નગરમાં જવાના માર્ગ વચ્ચે એક ઝાડ નીચે બેઠો.

દેવીના મંદિરમાં ઉભેલો સ્નેહસિંહ વ્યાકુળ હૃદયે થોડીકવાર ત્યાં

ઉભો રહી બહાર નીકળ્યો, અને પછી અનેક તર્ક—વિતર્કમાં નિમગ્ન થઇ ભગ્ન હૃદયે નગર તરફ પ્રયાણ કરવા લાગ્યો. રજની પોતાનું સ્વરૂપ ઘોર અંધારા જેવું જણાવી રહી હતી. રસ્તામાં ઉગેલાં વૃક્ષો કાળા ઓળાની માફક વિક્રાળ સ્વરૂપે વિકાશી રહ્યાં હોય એમ જણાતું હતું. સ્નેહસિંહ આવતો માલમ પડવાથી વૃક્ષ નીચે બેઠેલો શઠરાય કૃત્રિમ ડસકાં ભરી રડવા લાગ્યો. તેનો સૂર સ્ત્રીના અવાજને મળતો આવતો હતો. તેણે હવે તેના પ્રપંચનો પાઠ ભજવવો શરૂ કર્યો. કાળી રાત્રે અબળાનું કરૂણ કલ્પાંત સાંભળી વિચાર મગ્ન સ્નેહસિંહ ચમકયો, અને આ વળી નવું કૌતક શું હશે?" એમ વિચારી તે સંભળાતા અવાજ તરફ જવા લાગ્યો. સ્નેહસિંહે ઉતાવળે પગલે ત્યાં જઈ જોયું તો તેની નજરે ડસકાં ભરી રડતી એક સ્ત્રી જણાઇ. તેને રડતી જોઇ સ્નેહસિંહે નજીક જઇ પૂછ્યું:—"બાઈ! તમે કોણ છો અને આવી કાળી રાત્રે આ સ્થળે એકલાં બેશી શા માટે રડો છો?"

તેનો પ્રશ્ન સાંભળી શઠરાય ગદ્દગદ્દ કંઠે ધીમેથી બોલ્યો:—"ભાઇ! હું રાજાની ભાગ્યદેવી છું. ચંદ્રાવતીનું ભાવિ ભયંકર હોવાથી હું હવે આ નગરનો ત્યાગ કરીને જનાર છું. સમરસિંહ જેવા ધર્માત્મા અને પવિત્ર રાજાનું સ્વર્ગ ગમન નિર્માણ થયેલું હોવાથી મારૂં હૃદય ભરાઇ આવવાથી હું અત્યારે રડું છું."

"ઓ પ્રભો! આશો ગજબ!" તેનું કહેવું સાંભળી માથે જાણે વિજળી પડી હોય એમ ચમકી સ્નેહસિંહ પુનઃ બોલી ઉઠયો:—"હા! ભાગ્યદેવી! શું તમે પણ રૂઠયાં છો? દેવી! આ ભયંકર પ્રસંગ પ્રાપ્ત થવાને કયા સમયનું નિર્માણ થયું છે?"

"સ્નેહસિંહ! તે કાળ હવે નજીકમાંજ છે. બે ત્રણ દિવસો જતાં તને તેનાં ચિહ્નો પ્રત્યક્ષ માલમ પડશે."

સ્નેહસિંહ સ્તબ્ધ બની મનમાં મુઝાવા લાગ્યો. તે આખરે

ખૂમ પાડી બોલી ઉઠયોઃ–"હા! રાજા સમરસિંહ! તમારે માથે અનિવાર્ય દુઃખ આવી પડનાર છે. ખરેખર આ દૈવનોજ કોપ છે. અરે! પણ ચંદ્રાવતીનો સૂર્ય શું અસ્ત થશે? હા, ત્યારે મારૂં શું થશે? થનાર હશે તે થશે. આ સ્નેહસિંહ પણ સદાકાળને માટે પૃથ્વી પરથી અદૃશ્ય થશે, કારણ કે બંધુના મરણથી તે એક ક્ષણ પણ જીવન ધારણ કરી શકશે નહિ. ગમે એમ થાઓ, દૈવ કોપો યાતો ભાવી રૂઠો પણ આ સ્નેહસિંહ પૂર્ણ પરાક્રમથી વિપત્તિના વાદળને ચીરશે કે તેના બંધુ સાથે સ્વર્ગમાં પ્રયાણ કરશે." આમ બોલતો સ્નેહસિંહ ઉગ્ર દેખાવા લાગ્યો. તેની ઉગ્રમૂર્તિ નિહાળી શઠરાય ભયથી ધ્રુજવા લાગ્યો, અને જલ્દીથી પ્રપંચ નાટકને પૂર્ણ કરવાની ઇચ્છાથી તે ઉભો થઈ બોલ્યોઃ—"સ્નેહસિંહ! તારૂં ધાર્યું થનાર નથી, કારણકે ભાવીના લેખ વૃથા જતા નથી. રાજાનું મૃત્યુ અવશ્ય થશે, પરંતુ તને તો યશજ પ્રાપ્ત થશે. લે હવે હું જાઉં છું." કહી તે ત્યાંથી ઉતાવળે પગલે ચાલતો થયો અને જોતજોતામાં દૂર ચાલ્યો ગયો. તેને જતો રહેલો જોઈ સ્નેહસિંહ સાવધ થયો અને ખૂમ પાડી બોલી ઉઠયોઃ—"ઉભાં રહો, ઓ ચંદ્રાવતીનાં ભાગ્યદેવી! એક ક્ષણ વાર ઉભાં રહો. હું તમને જવા દેવાને નથી ઇચ્છતો." કહી સ્નેહસિંહ તેની પાછળ દોડવા લાગ્યો. તેને દોડી આવતો જોઈ શઠરાય એક ઝાળાને ઓથે નીચે બેશી ગયો. સ્નેહસિંહ તેની નજીકમાં થઇને ગયો પરંતુ અંધકારને સબબે તેને જોઇ શકયો નહિ. તેને દૂર જવા દઈ શઠરાય ત્યાંથી નીકળી બીજા રસ્તે થઈ તેના મિત્રોને આવી મળ્યો.

પેલી તરફ દોડતો સ્નેહસિંહ ઘણે દૂર આમ તેમ ફર્યો પણ તેને કોઇ નહિ જણાવાથી અંતે નિરાશ થઈ મંદ પગલે નગર ભણી જવા લાગ્યો.

પેલી તરફ ઝાડીમાં બેઠેલાં પ્રપંચના પુતળાંઓ ધારેલું કામ પાર પડયું ધારી ઉભાં થયાં. તેમના ઘોડા નજીકમાં ચરતા હતા. તેમની પાસે જઇ

દૂર્જને પ્રપંચપ્રસાદને પૂછ્યું:–" અમારૂં કામ તો હવે પૂરૂં થયું છે અને તારૂં કામ બાકી રહ્યું છે. બોલ તું તારૂં કામ કેવી રીતે પૂરૂં કરી શકીશ ?"

પ્રપંચપ્રસાદે તેના કાનમાં કેટલીક ખાનગી વાત કરી કહ્યું કે તમે " પેલી...જગાએ મહારાજા તથા સૈનિકો સાથે છૂપાઈ રહેજો. હું અવશ્ય સ્નેહસિંહને ત્યાં સમજાવી લાવીશ."

દૂર્જન પ્રસન્ન થઇ બોલ્યો:–" ત્યારે હવે અમે જઇએ છીએ. તું પણ તારૂં કામ પૂરૂં કરી જલ્દીથી ત્યાં આવી મળજે. " કહી તે અને શકરાય ઘોડેસ્વાર થઇ પ્રપંચપ્રસાદના ઘોડાને દોરી ચાલ્યા ગયા. પ્રપંચપ્રસાદ પણ વધારે વાર ત્યાં નહિ રોકાતાં ચંદ્રાવતી તરફ પ્રયાણ કરી ગયો.

અહા ! કેટલી દુષ્ટ બુદ્ધિ! એક પવિત્ર રાજાનું સર્વસ્વ નાશ કરવાને કેટલા પ્રપંચો થાય છે? ઓ જગત્નાં મનુષ્યો! તમે શા માટે આટલા બધા છળકપટમાં પ્રવૃત્ત થાઓ છો? તમને જોઇતું સુખ ઇશ્વર આપે છે છતાં શા માટે દુષ્ટ માર્ગનો આશ્રય કરો છો? તમે જાણો છો કે કોઇ સદાકાળ જીવવાનું નથી છતાં શા માટે ક્ષણીક સુખને વશ થઈ સ્વાર્થ સાધવાને એક બીજાનાં લોહી રેડો છો? સત્યનો જય અને પ્રપંચનો પરાજ્ય છે એ વાકય સારી રીતે જાણો છો છતાં શા માટે પવિત્ર જનોને સંતાપવા પ્રપંચ જાળ બિછાવો છો? શાસ્ત્રમાં જણાવેલું છે કે સર્વ જનસમાજે આ સંસારમાં જન્મ ધારણ કરી નીતિમય જીવન ગુજારવું જોઇએ કે જેથી જીવનનું સાર્થક થાય છે. ઓ બુદ્ધિવાન્ મનુષ્યો ! ભલે તમે ગરીબ હો યાતો તવંગર હો, ભલે તમને અન્ન વસ્ત્ર ના મળે, તદપિ નીતિનો ત્યાગ કરી અધર્મનો આશ્રય કરશો નહિ. તમારૂં મન અનીતિ આદરવાને ભમાવશે, તમે અધર્મી લોકોને સુખ વૈભવ ભોગવતા જોશો, અને તેથી તમને પણ સુખની ઇચ્છાથી નીતિને તિલાંજલી દેવાનું મન થઈ આવશે. પરંતુ તે સુખને તમે ધિક્કારજો અને આ મહા વાકય સ્મરણમાં રાખજો કે અધર્મનું સુખ

ક્ષણીક છે, અને ધર્મનું સુખ ચિરકાળને માટે છે. અધર્મી મનુષ્યો ભલે આ સંસારમાં સુખ વૈભવો ભોગવે પણ અંતે તેમને દુષ્કર્મના પ્રતાપે અગ્નિ કુંડનું અસહ્ય સંકટ સહન કરવું પડશે. માટે એવા દુઃખકારક અધર્મનો આશ્રય નહિ કરતાં નીતિમય જીવન ગુજારો. નીતિમાં કદાચ પ્રાણ હાની થાય તો થવા દેજો, પરંતુ નીતિથી વિચલિત થશો નહિ. તે તમને મરણ પછી અક્ષય સુખ આપશે. નીતિનો આશ્રય કરવાથી કદાચ ભુખનું દુઃખ સહન કરવું પડે તોપણ તમે ડરશો નહિ. તમે પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ રાખજો. તે દયાળુ તમને દુઃખી થવા દેશે નહિ.

અન્ન વસ્ત્રની લેશ પણ કરવી ન ચિંતા ભ્રાત
ચૌદ ભુવનનો તમ શિરે, સમર્થ બેઠો તાત.

આ વાકયનું હમેશાં મનન કરજો. દયાળુ પ્રભુને તમારી લાગણી ઘણી છે. તે તમારૂં કષ્ટ વિદારવાને સદાકાળ તૈયાર છે. તમેજ વિચાર કરી જુઓ કે માતાના ઉદરમાં તમારૂં રક્ષણ કરનાર કોણ હતું? ભયંકર જંગલમાં ઉગેલાં તરૂવરોની વૃદ્ધિ કોણ કરે છે? તે કોણ છે? અરે એતો સૌનું કલ્યાણ કરનારજ પ્રભુ છે. જેણે તમને જન્મ આપ્યો છે તેજ તમારૂં રક્ષણ કરનાર છે. જો તમારો રસ્તો નીતિનો હશે તો જરૂર ઇશ્વિર તમને સ્હાય કરશે. પ્રારબ્ધવશાત્ નીતિનો આશ્રય કરતાં દુઃખ ભોગવવું પડે તો ભોગવવું પણ દુઃખથી ડરવું નહિ. મહા બળીષ્ટ અને વૈભવી રાજા નળ—હરીશ્ચંદ્ર વગેરેને નીતિનું અનુકરણ કરતાં અત્યંત સંકટ સહન કરવું પડયું હતું. પરંતુ તેઓ તેમના દૃઢ ટેકમાંથી લગીર પણ ડગ્યા નહોતા. આવાં આવાં દૃષ્ટાંતો જાણો છો, સમજો છો છતાં ઓ સંસારના મનુષ્યો! તમે શા માટે પાપનો આશ્રય કરો છો?

વાચકો! તમે હવે કંટાળ્યા હશો? તમે પણ ચાલો અને જુવો કે હવે શું થાય છે. અધર્મનો વિજય થાય તો ગભરાશો નહિ. તમે ધિરજ ધરીને જો જો કે આખરે અધર્મના આશ્રયકારોની કેવી દશા થાય છે.

પ્રકરણ ૧૬ મું.

પ્રેમ મિલન.

દયાના દાતાએ અજબ પ્રિત બક્ષી જગતમાં,
પ્રીતિએ ગુંથાયું સકળ જગ જોતાં નજરમાં;
પ્રસૂતીની પીડા નહિ જ કદી વંઝા ઉર ઠસે,
પ્રીતિની રીતિ ન્યારી, પુરણ અનુરાગી સમજશે.

નારાયણ.

પ્રેમ એક એવી વસ્તુ છે કે જેનો સર્વમાં નિવાસ હોય છે. પશુ–પક્ષી જડ–ચૈતન્ય વગેરેમાં પણ પ્રેમ રહેલો છે. પ્રેમ પરમેશ્વર છે. પ્રેમ વિનાનો સંસાર સ્મશાનવત્ છે.

મધ્યાહ્નનો સમય થયો હતો. ભાસ્કર ભગવાન સખ્ત તાપથી વ્યાપી સંતાપતા હતા. આ સમયે સ્નેહસિંહના મહાલયના એક સુશોભિત દિવાનખાનામાં “વિજયસિંહ” સુવર્ણે મઢેલા કોચમાં નિદ્રાધીન થઇ સૂતેલો હતો. ઉંઘમાં પણ તેને શાન્તિ હોય એમ જણાતું નથી; તેના હૃદયમાં કંઇક કુતુહલ વર્ધક ચેષ્ટાનો વ્યાપાર ચાલી રહ્યો હોય એમ અનુમાન થાય છે.. એ અરસામાં અંદરના ભાગમાંથી વસંતકુમારી તેને શોધતી–શોધતી ત્યાં આવી ચઢી. તે સદ્ગુણી અને સુંદરતાનો નમુનો હતી. વિજય અને વસંત બાલ્યકાળથી ભેગાં રહી મોટાં થયાં હતાં.

તેઓની નિર્દોષ રમત–ગમ્મતની હવે પૂર્ણાહુતી થઇ ગઇ હતી. બન્નેનો નિર્દોષ પ્રેમ હવે કંઇક ઓરજ પ્રવાહે વેહેવા લાગ્યો હતો. વસંતે મનમાંજ દૃઢ નિશ્ચય કરી દીધો હતો કે:–"હું વિજયની સાથેજ પરણીશ." તેનો એવો સંકલ્પ વિજય જાણતો નહોતો. વસંત વિજયને ઘણી પ્રેમચેષ્ટાથી સમજાવતી હતી કે તું મારો પ્રિય થા. પરંતુ પ્રેમના પ્રથમ અનુભવીને સમજણ પડતી નહોતી કે વસંતના પ્રેમમાં શું તત્વ સમાએલું છે. તે તો તેને હજી સુધી નિર્દોષજ માનતો હતો. આજે વસંત વિજયના વિચારથી વ્યાકુળ બની ગઈ હતી. પ્રેમનો નીશો તેની રગેરગમાં પ્રસરી તેને સતાવી રહ્યો હતો. આથી અકળાઇ વસંત વિજયને શોધતી તેની પાસે આવી પહોંચી. વિજય ગાઢ નિદ્રામાં પડેલો હતો. તેના લાંબા વાળ તેના તેજસ્વી કપાળ પર છૂટા છવાયા પથરાયા હતા. ઉંઘમાં પડેલા વિજયનું મુખ વસંત ઘણીવાર સુધી નિહાળી રહી. ધીમે ધીમે તેનું શરીર ધ્રુજવા લાગ્યું. હૃદય અકળાવા લાગ્યું. તે મનમાં જ બોલવા લાગી કે:– "અહા! શું રમણીય કાન્તિ! ખરેખર પ્રભુએ ખાસ મારે માટેજ આને બનાવ્યો હશે. વિજય! વ્હાલા વિજય! તું નિદ્રાને પરહરી જોતો ખરો કે આ તારી વસંતની અત્યારે કેવી સ્થિતિ થઇ છે. વ્હાલા! હું પરવશ બની ગઈ છું:અને તું તો શાન્ત થઈ ઉંઘે છે. હું પ્રેમમાં મસ્તાન થઈ તારા દેદારનાં દર્શન કરી રહી છું. વ્હાલા! હજી મને તું ક્યાં સુધી નિરાશ કરીશ? બસ એકવાર તું મને કહે કે વ્હાલી વસંત તું તો મારી પ્રિયતમા છે." આમ મનમાં બોલી વસંત કંઇક થઈ આવતાં કોચ પર બેઠી અને તેનું સુકોમળ મુખ વિજયના અધરોષ્ટ તરફ લઈ જવા લાગી. પણ એટલામાં કંઇક વિચાર આવતાં અટકી. તેણે મુખ ઉંચુ લઈ લીધું. તે સાહસીક મનને ઠપકો દેવા લાગી. ધીમેધીમે તેની આંખ્યો ઘેરાવા લાગી. તે પુનઃ મનમાંજ બોલવા લાગી કે:–" વિજય! વ્હાલા! હવે જાગ્રત થા. વધારે વાર

સ્વભાવ નહિ. આ તારી વસંત પ્રેમાગ્નિથી બળી રહી છે, માટે જાગ્રત થઈ તારા સુકોમળ બાહુ વડે આલિંગન આપી મને શીતળ કર. પ્રિયતમ! હું હવે તારીજ છું, તું મારો છે. બાલ્યકાળથી રોપેલા બીજની સમય થતાં વૃદ્ધિ થઈ છે. તે મને અકળાવે છે, સતાવે છે. વ્હાલા,

પ્રેમનો પ્યાલો પીએ શુદ્ધ સાન તેને રહે નહિં,
અજબ નીશા નસે નસે અરે હાયરે! વ્યાપી રહી—પ્રેમનો.
પ્યાલો પીને મદમસ્તને અલમસ્ત કાયા આ થઇ,
ડરૂં નહિ દુનિયાં થકી રસિયાનો ટોપ ધરી રહી—પ્રેમનો.
ધુણી લગાવી કામની ને નાથ નિરંજન નામ સહી,
પ્યાલો પીને અલખ જગાવું, રસિક રસીલા તુંહી તુંહી—પ્રેમનો.

રા. ઝવેરી.

બસ તુંજ, વ્હાલા! તુંજ આ દેહમાં રમણ કરી રહ્યો છે. વિજય! આ તારી ઘેલી વસંતને પ્રેમ રોગ શરૂ થયો છે. તે રોગને દૂર કરનાર વૈદ્યરાજ ફક્ત તુંજ છે. ઉઠો, વ્હાલા વૈદ્યરાજ! હવે જાગ્રત થાઓ; અને આ પ્રેમ રોગીનીને તારા બાહુમાં દબાવી પ્રિયતમા કહી બોલાવો. વ્હા..." વસંત આગળ બોલતાં અટકી. ઉંઘમાં પડેલા વિજયે એકાએક પાસુ ફેરવ્યું. તેનો હાથ વસંતના ખોળામાં પડ્યો. વસંત ચમકી, તેના શરીરમાં તનમનાટ થઇ રહ્યો. તેણે કંપતા હાથે વિજયનો હાથ તેના હાથમાં લઇ હૃદય સાથે દાબ્યો. રમણીના સુકોમળ હૃદય સ્પર્શથી વિજયની નિદ્રા એકદમ ઉડી ગઈ. તેની આંખ્યો ઉઘડી ગઇ. તે વસંતનો વિચિત્ર વ્યાપાર જોતાં જ સફાળો ઉઠી પલંગમાંથી નીચે ઉતરી બોલી ઉઠ્યો,—"હાં, હાં, વસંત! આ શું કરો છો?"

વસંતે શરમાઇને નીચે જોયું. બોલવાનું મન છતાં તે બોલી શકી

નહિ. તેની આંખ્યોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. વિજય આશ્ચર્ય પામી રૂમાલથી તેનાં અશ્રુ લ્હોઇ પૂછવા લાગ્યો:—"વસંત! આજે આ બધું શું છે? તમે આમ બેબાકળાં કેમ બની ગયાં છો? તમને શું થાય છે? બોલો, કેમ બોલતાં નથી?"

"શું બોલું? મારાથી બોલાતુંજ નથી." વસંતે ઊંચે જોઇ જવાબ આપ્યો.

"કેમ! શા માટે બોલાતું નથી?" વિજયે પૂછ્યું.

"એક એવો દુષ્ટ દુષ્મન મારી પાછળ પડ્યો છે કે તે મને બોલવા દેતો જ નથી."

"શું દુષ્મન?"

"હા, તે બોલવાનું મન છતાં પણ બળાત્કારે બોલતાં અટકાવે છે."

"એવો કયો સબળ દુષ્મન છે કે તે નરાધમ તમને એવી રીતે સતાવે છે?"

"તેને હું પણ ઓળખી શકિત નથી. તે અદૃશ્ય રહી અત્યારે મારી પાસે ઉભો રહ્યો છે."

"આશ્ચર્ય! વસંત! તમારા બોલવામાં મને કાંઇ પણ સમજ પડતી નથી. વારૂ તમારૂં હૃદય ક્યારનું આવી રીતે વ્યાકુળ બની ગયું છે?"

"કાલ રાતથીજ તે દુષ્મને મને સતાવવાનું શરૂ કર્યું છે."

"તમને સ્વપ્ન તો નથી આવ્યું ને?"

"હા, એવુંજ કંઇક થયું છે."

"ત્યારે તો એ સ્વપ્નના ભાસથીજ તમે આમ ઘેલાં જેવાં બની ગયાં છો. વારૂ કહો જોઇએ કે તમે સ્વપ્નમાં શું શું જોયું હતું?"

"તમે મારી પાસે બેસો તો હું કહું, કારણ કે એ વાત કહેતાં મને કંઇક થઈ જાય છે."

"લ્યો, હું આ બેઠો." કહી વિજય તેની નજીક જઈ બેઠો. વસંત અને તેની વચ્ચ એક હાથનું અંતર રહ્યું. તે લગીર પાસે ખસી અને સ્વપ્ન કહેવા લાગી:—"જાણે કે હું કાલે મારા મહેલમાં સૂતી હતી, એવામાં એક અલબેલો પુરૂષ મારી પાસે આવી મારા પલંગ પર બેઠો. તે ઘણો સુંદર હતો. તેને જોઇ હું ગાંડી ઘેલી થઈ ગઈ. વિજય! તેનું મુખ તમારા જેવુંજ હતું. મ્હેં તેને મારી સાથે લગ્નથી જોડાવાની વિનંતી કરી. તે દયાળુએ મારી વિનંતી સ્વીકારી છેવટે મને હૃદય દાન દીધું." આટલું કહી વળી પાછી વસંત વિજયની નજીક જવા ખસી. વિજય આઘો ખસી બોલ્યો:—"ત્યારે તો તમે સ્વપ્નામાં પરણ્યાં નહિ વારૂ ?"

"હા, અમે પરણી આનંદ કરવા લાગ્યાં; અને એ આનંદમાં રાત્રિ પણ પૂરી થઇ."

"વારૂ પછી ?"

"પછી જાણે એમ બન્યું કે અમે બન્ને જણાં પ્રાતઃકાળમાં ફરવા નીકળ્યાં. અમે પ્રેમથી એક બીજાની સાથે વાતો કરવા લાગ્યાં. એવામાં દૈવવશાત્ અમારી વાતમાં વાંધો પડ્યો અને તેથી મારો રસીક વર આ રસીકાને મૂકી રીસાઇ ચાલ્યો ગયો. હું મનમાં ઝુરવા લાગી. તેને આસપાસ શોધતી મહેલમાં આવી પહોંચી. તેને ઘણે સ્થળે ખોળ્યો પણ તે મારા મનમોહનનો પત્તો મળ્યો નહિ. આથી થાકી કંટાળી હું મહેલમાં આમ તેમ ફરવા લાગી. એ અરસ્સામાં એક દાસીએ આવી જણાવ્યું કે તમારો પ્રિયતમ અંદરના ઓરડામાં સૂતો છે. હું તેના પ્રેમમાં એટલી તો ઉન્માદિની બની ગઈ હતી કે તે દાસીનું કહેવું સાંભળી હું તત્કાળ ત્યાં દોડી ગઈ. ત્યાં જઇ જોયું તો ખરેખાત મારા પ્રિયતમ ભર ઉંઘમાં પડેલા હતા. હું ઘણીવાર સુધી ઉભી રહી તેના મુખ દર્શનનો લાભ લેવા લાગી.

આખરે મારાથી રહેવાયું નહિ. હું પલંગ પર તેની પાસે બેસી પ્રેમ ચેષ્ટાઓ કરવા લાગી." વચ્ચમાં વિજય બોલ્યોઃ—"એટલું બધું કરતાં પણ તે મૂર્ખ જાગ્યો નહિ કે ?"

"ના, તમે શા માટે મારા વ્હાલાને હલકા શબ્દથી સંબોધો છો ?" કહી વસંત વળી તેની નીકટ જવા લાગી.

વિજય તેનાથી દૂર ખસતાં બોલ્યોઃ—"પ્રેમીનું મન કેટલું અકળાએલું હોય છે તેનું ભાન તમારા પ્રેમીને નહિ હોવાથી મ્હેં તેને મૂર્ખ કહ્યો. ચાલો હવે નહિ કહું. વારૂ આગળ ચલાવો કે પછી શું થયું ?"

"પછી જાણે એમ બન્યું કે તે મારા વ્હાલાએ ઉંઘમાં એકાએક પાસુ બદલ્યું. તેનો હાથ મારા ખોળામાં પડ્યો. તેને લઈ હું મારા હૃદય સાથે દાબવા લાગી, એટલામાં તેની પણ ઉંઘ ઉડી ગઇ. તે જાગૃત થઇ મને પૂછવા લાગ્યો કે તું આમ વ્યાકુળ કેમ બની ગઈ છે ? મ્હેં તેને વાતમાં ઉડાવ્યો. હું કૃત્રિમ રડવા લાગી. તે મારાં અશ્રુ લુછતાં શાન્તિ આપવા લાગ્યો. તે મને રડતી જોઈ તેનું કારણ પૂછવા લાગ્યોઃ—મ્હેં તેને મારી અકળામણની વાત કરવા પાસે બેસાડ્યો. તે હોંસથી મારી વાત સાંભળવા લાગ્યો. વાત કહેતાં હું તેનામાં તન્મય થવા લાગી. તેને આલિંગન આપવા ધીમે ધીમે તેની નજીક ખસવા લાગી; પણ મારો ભોળો પ્રેમી દૂરને દૂર ખસવા લાગ્યો, કહો વિજય ! આવી રીતે વર્તવું તેને ઘટે કે ?"

વિજય આશ્ચર્ય પામી થોડી વાર શાન્ત રહી બોલ્યોઃ—"ખરા પ્રેમીને આવી રીતે વર્તવું યોગ્ય નહિ. હાં વારૂ પછી શું થયું."

"પછી શું થયું તે તમે પણ જોઇ શકો છો ?"

"શું હું જોઈ શકું છું ?" વિજયે આશ્ચર્ય પામી પૂછ્યું.

"હા, તે દૃશ્ય તમે ખરેખાત જોઇ શકો છો." કહી વસંત

તેની છેક પાસે ગઇ અને તેનો હાથ પકડી દબાવવા લાગી. વિજય આઘો ખસી શક્યો નહિ. તે વસંતની વાત શ્રવણ કરી આશ્ચર્ય યુક્ત થઇ તર્કવિતર્ક કરવા લાગ્યો. તેને વિચારમાં જોઇ વસંતે સ્મિત હાસ્ય કરી પૂછ્યું,—"શું વિચાર કરો છો?"

"મને તમારા કહેવામાં કંઇ પણ સમજણ પડતી નથી. તમે જે કહ્યું તેના વિચાર કરૂં છું. વસંત! હું તો અત્યારે કંઈ પણ જોઇ શકતો નથી."

"શું તમે મારા પ્રિયતમને જોઇ શકતા નથી?" વસંતે પૂછ્યું.

"ના, ના, હું સત્ય વદું છું કે મને કંઇ પણ દેખાતું નથી."

"ઘણી નવાઇની વાત. વારૂ તમારા મનમાં તો કંઇ નથીને?" વસંતે પૂછ્યું.

"વસંત! મારૂં મન નિર્મળ છે. હું તને જેટલો ચાહું છું એટલો આ વિશ્વમાં પ્રભુ સિવાય બીજા કોઇને ચાહતો નથી. ખરેખર તારો પ્રિયતમ કોઈક ભાગ્યશાળીજ હશે. તેને જોવાને હું ઘણોજ આતુર છું." વિજયે કહ્યું.

"તમે તેને જોઈ ગુસ્સે તો નહિ થઈ જાઓને?" વસંતે પૂછ્યું.

"અરે જા, જા; એમ તે બને કે?" વિજયે જણાવ્યું.

"વારૂ ત્યારે ઉભા થાવ અને મારી પાસે ઉભા રહો. હું મારો પ્રિયતમ તમને બતાવું." કહી વસંત તેનો હાથ પકડી ઉભી થઈ અને ઘુંઘટો કાઢી બોલીઃ—"વિજય! જો, જો; બરોબર મારા પ્રિયતમને અવલોકજે. હું મારા પ્રાણાધિકનો હાથ હાલ મારા ખભા પર મૂકું છું." આમ કહેતાંજ તેણે વિજયનો હાથ પોતાના ખભા પર મૂક્યો. વિજળીના ચમકારાની માફક એક ક્ષણમાં વિજય સઘળું રહસ્ય સમજી ગયો.

તેણે તરત તેનો હાથ ખેંચી લેતાં કહ્યું:—"વસંત! વસંત! આ શું કરો છો? આ તો ઘણુંજ સાહસ થાય છે."

"અરે! એ સાહસમાંજ વસંત-વિજયનું શ્રેય થાય છે. વ્હાલા! તુંજ મારો નાથ-મારો પ્રાણ-હવે જે કહું તે તુંજ છે. દિલદાર! હવે વધારે વાર મને તલસાવ નહિ." કહી વસંત તેની કોટે વળગી પડી.

વિજય ગભરાયો. તેને શું બોલવું તેની સમજ પડી નહિ. તે આખરે અકળાઇને બોલી ઉઠયો:—"વસંત! મને મૂકી દે, કોઈ જોશે તો મહા ઉત્પાત થશે."

"વ્હાલા! ગભરા નહિ. તારો વાંકો વાળ કરનાર આ વિશ્વમાં કોઇ નથી. પ્રેમના ઐકયમાં કોઇની દરકાર નથી. વ્હાલા વિજય! હવે તું તારા સ્વમુખે કહે કે તું મારી છે."

વિજયનું હૃદય પીંગળ્યું. તેનામાં મૂળથી પ્રેમનો ઝરો તો હતો જ, તે પ્રેમમાં વળી વૃદ્ધિ થતાં બોલ્યો:—"વસંત! જ્યારે તારો મારા પ્રત્યે દૃઢ પ્રેમ છે, અને તું મારી સાથે સંસારમાં વિચરવા તૈયાર થઇ છે, ત્યારે હું પણ પરમાત્માને વચમાં રાખીને કહું છું કે તું હવે મારી છે. આ વિજયની સહચારીણી હવે તુંજ છે. બસ થયું? હવે મને જવા દે. તારા પિતા કદાચ આવી ચઢશે તો આપણ બન્નેની ફજેતી થશે."

"આપણી ફજેતી તો નહિ થાય પણ તેઓ કદાચ જોશે તો જલ્દીથી આપણને પરણાવી દેશે. વ્હાલા! ગભરાય છે શાને? આવ હું તને મારા બાહુ પિંજરમાં દબાવું." કહી પ્રેમ ઘેલી વસંત તેને આલિંગન આપવા દોડી. વિજય આઘો ખસી ગયો. એટલામાં અંદરથી કોઇ બોલતું હોય એમ સંભળાયું:—"બેટા વસંત! તું ક્યાં છે?"

"વસંત! માતાજી આવતાં હોય એમ લાગે છે, માટે સાવધ થા અને તેમનો સત્કાર કર." વિજય ચમકી બોલી ઉઠયો.

" હું સાવધ છું." કહી વસંત તેની માતાના સામે ગઇ. વીરમતી તેને સામી આવતી મળી અને તેને માથે હાથ મૂકી બોલી:—' વિજય ક્યાં છે ? '

" આ રહ્યો માતાજી." કહી વિજયે પાસે આવી તેને પ્રણામ કર્યા. તેના વાંસે સસ્નેહે હાથ ફેરવતાં વીરમતીએ કહ્યું:—" વિજય ! તારો મિત્ર બન્સીલાલ ક્યારનોએ આવી તારી રાહ જુવે છે, અને તું તો અહીં બેશી રહ્યો છે."

" તે ક્યાં છે ? " વિજયે પૂછ્યું.

" અંદરના દિવાનખાનામાં બેઠો છે. તે તને મૃગયા રમવાને તેડવા આવ્યો છે." વીરમતીએ જણાવ્યું.

" ત્યારે હું જાઉં છું." કહી. વિજય ત્યાંથી નીકળી બન્સીને મળ્યો. બન્સીએ તેને મૃગયા રમવા જવાની ઇચ્છા જણાવી. તરત વિજયે હા પાડી પોષાક પહેર્યો. થોડીવારમાં સસ્ત્રઅસ્ત્રથી સજ્જ થઇ બન્ને મિત્રો ઘોડેસ્વાર થઈ જંગલ તરફ નીકળી પડ્યા.

પ્રકરણ ૧૭ મું.

—:o:—

" જંગલમાં કૌતક. "

બન્સીલાલ વિજયસિંહનો પરમ મિત્ર હતો. તે સદ્‌ગુણી અને પરોપકારી હતો. આખા રાજ કુટુંબનો તેના ઉપર અનિર્વાય સ્નેહ હતો. બન્ને જણા અશ્વોને પૂરપાટ દોડાવતા જંગલમાં ઘણે દૂર નીકળી આવ્યા. તેમણે આસપાસ ફરી શીકારની ઘણી શોધખોળ કરી પણ શીકાર હાથ લાગ્યો નહિ. આથી થાકી કંટાળી તેઓ પાછા ફર્યા; અને ચંદ્રાવતીની સરહદ પર આવેલા સત્યેશ્વર મહાદેવના શિવાલયમાં પ્રવેશ્યા. આ શિવાલય પુરાણું હતું, તેમાં કોઇ રહેતું ન્હોતું. તેઓ અંદર જઈ મહાદેવને પ્રણામ કરી બહાર નીકળ્યા, અને પાસે આવેલા એક વૃક્ષની નીચે વાતો કરવા બેઠા. વાતોમાં ને વાતોમાં વિજયસિંહે વસંત સાથે બનેલા પ્રસંગની વાત મિત્રને કહી સંભળાવી. બન્સી આનંદ પામ્યો ને તેને ધન્યવાદ આપવા લાગ્યો. વાતને અંતે વિજયે તેને પૂછ્યું:—" ભાઈ ! હવે તને પણ કોઇ પ્રેમ પાત્ર મળી જાય તો મને ઘણોજ આનંદ થાય."

તેનું કહેતું સાંભળી બન્સી બોલ્યો:—" વિજય ! મારા વિવાહની વાત હાલ ચર્ચાય છે. આપણા કોષાધ્યક્ષ મોહનરાયની નાની પુત્રી સુધા ઘણી સુંદર છે. તેને હું ચ્હાઉં છું. પ્રભુ કૃપાએ તે પણ મને ચાહે છે. તેની સાથેજ મારો વિવાહ થશે."

"શું તું ખરૂં કહે છે ? જો સુધા સુંદરી સાથે તારૂં લગ્ન થાય તો તું ઘણોજ સુખી થાય. કારણ કે પ્રેમ લગ્નથી આ સંસારમાં સ્વર્ગ સુખ ભોગવાય છે. કારણ કે,

પ્રેમ એ ઐશ્વર્ય આત્માનું અલૌકિક રત્ન છે,
પ્રેમ ઇશ્વિર પ્રાપ્તિનો, ઉચ્ચત્તમ સહજ સુયત્ન છે.
પ્રેમ નિરવ સાધના, આરાધનાનો પંથ છે,
પ્રેમ ગુઢ ગંભીર તત્વોથી ભર્યો સદ્ગ્રંથ છે.

પ્રેમ વિનાનાં થએલાં લગ્ન જીવનની બરાબાદી કરે છે. બન્સી ! સુધા સદગુણનો ભંડાર છે. તે તારો સંસાર સોના સમાન સોભાવનારી રમણી છે." વિજયે જણાવ્યું.

આમ વાત ચાલે છે એટલામાં ત્યાં કોઇક આવતું હોય એમ જણાયું. બન્ને જણાએ જોયું તો તેમની નજરે બે સુંદર બાળાઓ હાથમાં પૂજાનો થાળ લઈ ત્યાં ચાલી આવતી નજરે પડી. તેમને જોઇ બન્સી બોલી ઉઠયો:—"વિજય ! જે સુધાનાં તું વખાણ કરતો હતો તેજ સુંદરી તેની સખી મનોરમા સાથે શિવ પૂજનાર્થે આવતી હોય એમ જણાય છે."

"જો એમ હોય તો આપણે હવે અહિં બેસી રહેવું ઉચીત નથી, કારણ કે તેઓ આપણને જોઈ શરમાશે ને તેથી તેમના પૂજનમાં વિઘ્ન પડશે." વિજયે જણાવ્યું.

"ત્યારે આપણે હવે નગરમાં જઇશું ?"

"ના. તું ઉભો થા, આપણે આપણા ઘોડા લઇ આ દહેરાની પાછળ જઈ બેસીએ." આમ નિર્ણય કરી તેઓ અશ્વોને દોરી દહેરાની પાછળ આવી ત્યાં આવેલા એક વૃક્ષ નીચે બેઠા.

પેલી તરફ પૂજન કરવા આવેલી બાળાઓ પણ શિવ મંદિર

આગળ આવી પહોંચી. કોષાધ્યક્ષ મોહનરાયની પુત્રી સુધા અત્યંત સુંદર અને સદ્‌ગુણનો ભંડાર હતી. તેનું વય બહુધા પંદરેક વર્ષનું હતું. તેના તેજસ્વી મુખ ઉપર કંઇક ઓરજ ભાવ પ્રદર્શિત થતા હતા. તેણે અત્યારે સોળે શણગાર શરીર પર ધારણ કર્યા હતા. તેનું ગૌર લલાટ ભવ્ય દેખાતું હતું; અને તેના મધ્ય ભાગે કુમ કુમનો ઝીણો ચાંલ્લો તેના સૌભાગ્યનો સાક્ષી ભૂત હોય એમ ભાસતો હતો. આવી સર્વાંગ સુંદર સુંદરી પૂજનનો થાળ દ્વાર સમીપ મૂકી તેની સખી સાથે ત્યાંના ઉપવનમાં આમ તેમ ફરવા લાગી. થોડીવાર શાન્તિથી ફર્યા પછી મનોરમા બોલી:—"બ્હેન! શું વિચાર કર્યા કરો છો? હજી લગ્નની તો ઘણીવાર છે."

"સખી! મારી મશ્કરી શાને કરે છે? દરેક કુમારિકાને કંઇને કંઇક વિચાર થાય તો હું વિચાર કરૂં એમાં શું નવાઇ?"

"હાસતો, હવે શામાટે વિચાર ન થાય? કન્યાવસ્થા બદલાઈ યૌવાવસ્થા પ્રાપ્ત થઈ, તેની સાથે તમારા ચિત્તમાં પણ ચટપટી થવા લાગી. સુધા બ્હેન! તમારૂં સર્વાંગ મદનના બાણથી વિંધાતું હોય એમ મને જણાય છે. પરંતુ હવે તેને શીતળ કરવાના સમયની બહુ વાર નથી. કાલેજ પિતાજી કહેતા હતા કે સુધાને બન્સીલાલ સાથે હવે પરણાવી દઇએ તો ઠીક. બ્હેન! તમને બન્સીલાલ ગમશેને? તમે તેમની સાથે પ્રેમ પ્રસંગ પાડી વાતચીતનો લાભ મેળવ્યો છે કે નહિ?"

"મનોરમા! તું તો આજે કંઇક વાયરે ચઢી હોય એમ લાગે છે, હજી તો કંઇએ ઠેકાણું થયું નથી તે પહેલાં આવી રીતે કેમ પૂછે છે?"

"ઠેકાણું તો ક્યારનુંએ થઈ ગયું છે. બ્હેન! તમે હવે થોડા દિવસમાંજ પરણીને પનોતાં થયાં સમજજો. પરંતુ જ્યારે સાસરે જશો ત્યારે આ સખીને સંભારશો કે નહિ?"

"મનોરમા ! તું આજે આમ કેમ બોલે છે ? તું તો મારી વ્હાલી બ્હેન છે. તને કદાપિ કાળે ભૂલી જવાયજ નહિ. માટે જવાદે હવે એ વાત અને ચાલ આપણે પ્રભુનું પૂજન કરીએ." કહી સુધા શિવાલયમાં પ્રવેશી. બન્ને બાળાઓ શંકરનું યથા વિધિ પૂજન કરવા લાગી. પૂજનને અંતે સુધા પ્રભુને પ્રણામ કરી આરતી ઉતારવા લાગી. મનોરમા ઘંટડી વગાડવા લાગી. એવામાં એક કૌતક થયું. શિવાલયના પડી ગએલા એક ખંડીએરમાંથી ઘંટડીનો અવાજ સાંભળી એક કાળો નાગ પાછળથી નીકળી આવ્યો; અને તે સુધાના પગે વિંટળાઇ વળ્યો. સુધા ભયભીત થઈ. તેના હાથમાંથી આરતી નીચે પડી ગઈ. મનોરમા બૂમેબૂમ પાડવા લાગી. અલ્પ સમયમાં તો સુધા કારમી ચીશ પાડી બેશુદ્ધ થઇ જમીન પર પટકાઈ પડી. શિવાલયની પાછળ વિશ્રાન્તિ લેતા વિજય અને બન્સી મનોરમાની બૂમો સાંભળી તત્કાળ ત્યાં દોડી આવ્યા. બન્સી સર્પને જોતાંજ ભય પામી બે ડગલાં પાછળ હઠયો. વીર વિજય હિંમતથી સુધાની પાસે ગયો અને યુક્તિ પૂર્વક સર્પનું મુખ પકડી લીધું. વિજયે તેની ચુડ છોડાવવાને ઘણુંએ બળ કર્યું, પણ તે વિષધરની ચુડ છૂટી નહિ. સુધાના સુભાગ્યે દંશ કર્યા પહેલાંજ વિજયે તેનું મુખ પકડી લીધું હતું. ઘણો પ્રયત્ન કરતાં જ્યારે તેની ચુડ વછુટી નહિ ત્યારે વિજયે પણ તેને ગુંગળાવવાને ઘણાજ જોરથી તેનું મુખ દબાવ્યું. થોડીવારમાં એ વિષધારી સર્પ ગુંગળાઇ બળહીન્ થવા લાગ્યો. તેની મજબૂત ચુડ ધીમે ધીમે શિથિલ થવા લાગી. એ તકનો લાભ લઈ વિજયે બીજા હાથે જોત જોતામાં તેને સુધાના પગથી દૂર કર્યો. તે પછી તેને ખુબ જોરથી આમ તેમ વીંઝી નરમ કરી વિજયે દૂર ફેંકી દીધો. વિજયના હાથમાંથી છૂટી દૂર પડેલો સર્પ થોડીવાર સુધી અચેતન થઇ જમીન પર પડી રહ્યો. બાદ ચૈતન્ય આવતાં ધીમે ધીમે

ત્યાંથી ચાલ્યો ગયો. સુધાને સર્પના પાશમાંથી છોડાવી વિજય બન્સીને કહેવા લાગ્યો, "બન્સી ! ત્હારા હૃદય ધનનું ઇશ્વરે રક્ષણ કર્યું છે. તું હવે પાસે આવ અને તેને સાવધ કર. હું હવે જાઉં છું, કારણ કે ભોજન સમય થવા આવ્યો છે. મહેલમાં સઘળાં મારી રાહ જોઇ બેસી રહેશે. તું પણ સુધાને સાવધ કરી જલ્દીથી નગરમાં આવજે."

"ભાઈ! આપનો આજે મારી ઉપર મહાન્ ઉપકાર થયેલ છે. તમે હવે સુખેથી પધારો, હું પણ જલ્દીથી નગરમાં આવું છું." કહી બન્સીએ વિજયનો ઉપકાર માન્યો. મનોરમા તો તેનું ગૌર બદન અને સાહસ જોઈ તેના સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહી હતી. વિજય મહાદેવને પ્રણામ કરી બહાર નીકળી અશ્વપર સ્વાર થઇ ત્યાંથી ચાલી નીકળ્યો. તેના ગયા પછી બન્સી અને મનોરમાએ શીતળ જળ છાંટી સુધાને સાવધ કરી. તે સાવધ થઇ અને બન્સીને જોઇ શરમાઈ નીચું જોઇ ઉભી રહી. મનોરમાએ તેને સઘળી વાતથી માહેતગાર કરી. સુધા મનમાંજ વિજયનો ઉપકાર માની આડી નજરે બન્સીના સામે જોઇ રહી. તેણે બોલવાને ઘણીએ હિંમત કરી પણ તે બોલી શકી નહિ. બન્નેને એકાન્તમાં રહેવા દેવાની ઇચ્છાથી મનોરમા શિવાલયમાંથી બહાર નીકળી પગથીઆ પર બેઠી. તેને બહાર નીકળી ગએલી જોઈ સુધા મનમાં મુંઝાવા લાગી. પ્રેમનો પ્રથમ અનુભવી બન્સી પણ ધ્રુજવા લાગ્યો. તેને શું બોલવું, શું કરવું વગેરે કાંઇએ સુઝયું નહિ. તેઓ એક બીજાના સામે જોતાં ઘણીવાર સૂધી મૌનતાથી ઉભા રહ્યાં. અંતે સઘળી હિંમત એકત્ર કરી સુધા ધીમે પણ મૃદુ અવાજે બોલીઃ—"આપનો આજે મારી પર મહાન્ ઉપકાર થયો છે."

રૂપાની નાની ઘંટડીમાંથી નીકળતા સૂરની માફક તેનો કોમળ અવાજ સાંભળી બન્સી બોલ્યોઃ—"સર્વ માણસને દુઃખમાં મદદ કરવી

એ દરેક મનુષ્યોનો ધર્મ છે. સુંદરી ! મ્હેંતો આમાં કાંઇએ કર્યું નથી. તમે મારાં થવાનાં છો, એથી તમારે માટે જે કાંઇ કરવું પડે તે ઓછુંજ છે, તેમાં ઉપકારની આવશ્યકતા નથી."

"અહા ! બોલતાં તો ઘણું સારૂં આવડે છે, તમે આવું મીઠું મીઠું બોલતાં કયાંથી શીખ્યા ? શું વિજયસિંહે આવું બોલતાં શીખવાડયું છે ? હાં ! પણ વારૂ તે અહિંથી એકાએક કેમ ચાલ્યા ગયા ?" સુધાએ પૂછ્યું.

"આપણે પ્રેમનાં પ્રથમ અનુભવી છીએ. આપણને એક બીજાને એકાન્તમાં મળવાનો આ પ્હેલોજ પ્રસંગ છે. તેમાં વિઘ્ન કર્તા નહિ થઇ પડવાની ઇચ્છાથી મારો મિત્ર મને તમારી ભલામણ કરી અહિંથી ચાલ્યો ગયો છે." બન્સીએ જણાવ્યું.

"એમ કે ? ત્યારે તમે હવે આ એકાન્તનો લાભ કેવા પ્રકારે લેવા ધારો છો ?" સુધાએ પુનઃ હાસ્ય યુક્ત વદને પૂછ્યું.

"સુધા સુંદરી ! આપણે હવે ટુંક મુદતમાં લગ્ન ગ્રંથીએ જોડાવાનાં છીએ. તે પહેલાં આપણા હૃદયમાં વહેતા પ્રેમના ઝરાને વાર્તા રૂપે બહાર કાઢી મનને પ્રસન્ન કરી એકત્ર કરવું એજ આ એકાન્તનો લાભ લેવાને હું ઇચ્છું છું." બન્સીએ કહ્યું.

"શું હજી તમારા અને મારા પ્રેમનું ઐકય થયું નથી ? વ્હાલા ! હુંતો તમારી થઇજ ચૂકી છું. હિંડતાં, ચાલતાં, અને સ્વપ્નામાં પણ તમારી મોહક મૂર્તિનાં દર્શન કરૂં છું. પછી તમારા હૃદયની વાત તો તમે જાણો ?"

"મોહિની ! મારૂં હૃદય જુદું નથી. મ્હેંતો ક્યારનીએ તને આ હૃદયમાં છૂપાવી દીધી છે. હૃદય વલ્લભા ! આવ, મારી પાસે આવ. હું તને આલિંગન આપી મારા મુંઝાતા મનને શાન્તિ આપું." કહી બન્સીએ

તેની નજીક જઈ તેને ગાઢ આલિંગન આપ્યું. સુધા તેના હૃદય સાથે દબાઇ ઉભી રહી. પ્રેમોન્મત્ બન્સીએ તેની દેવીને હૃદયમાં આસન પર પધરાવી, તેના સુકોમળ ગુલે ગુલાબી ગાલ પર બે ચાર ચુંબન લઈ પ્રેમના ઉપાશકે પ્રેમનું ઐક્ય કર્યું. સુધા શરમાઇ—લજવાઇ તેના બાહુ પિંજરમાંથી નીકળી દૂર ઉભી રહી સ્મિત હાષ્યથી હસવા લાગી. પ્રેમની તાલાવેલીથી તપ્ત થએલો બન્સી પુનઃ તેની નજીક જઇ તેના ખભાપર હાથ મૂકી કહેવા લાગ્યોઃ—" સુધા ! પ્રિયતમા ! તને મેળવી હું ભાગ્યવાન થઇશ. હવે તો જલ્દીથી તારા પિતાજી આપણને પરણાવી દેતો સારૂં. આજથી તારો વિયોગ મને બાળીને ભષ્મ કરશે. સુંદરી ! પ્રેમ શું ચીજ છે તેનો આજે મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. તારા વિનાની એક પળ પણ હવે મને એક કલ્પ સમાન લાગશે."

" જેવી તમારી દશા થશે એવી આ દાશીની પણ સમજવી. વ્હાલા ! ધિરજ ધરી થોડા દિવસ વ્યતિત કર્યા સિવાય છૂટકો નથી. તમારા દેદારનાં દર્શન વિના હવે મને ચેન પડનાર નથી. મારા હૃદયમાં રહેલા પ્રેમે મને એવી તો ઉન્મત્ બનાવી મૂકી છે કે કાંઈ કહેવાની વાતજ નહિ."

" મનમોહની ! પ્રેમની ખૂબી નિરાળીજ છે. પ્રેમ એ અજબ ચીજ છે. પ્રેમનો પંથ આ સૃષ્ટિમાં ન્યારોજ છે. પ્રેમિ જનોને વિયોગ સમાન એકે દુઃખ નથી. સુંદરી ! જ્યાં સુધી આપણે એક બીજાના સમાગમમાં આવ્યાં નહોતાં ત્યાં સુધી પ્રેમની પરિપક્વ દશા થઈ નહોતી. ખરેખર ! જ્યાં સુધી પ્રેમથી એક બીજાનાં હૃદય આકર્ષાયાં નથી અને મદનના બાણુ હૃદયમાં વાગ્યાં નથી, ત્યાં સુધીજ મન સ્વસ્થ રહી શકે છે, પરંતુ પશ્ચાત મદનનો પ્રતાપ તેના શિષ્યને કેટલો સંતાપે છે—રીબાવે છે તે તેના અનુભવી સિવાય બીજાને ખબર પડતી નથી. મૃગલોચની!

તારા પ્રેમનો એવો તો અજબ ચમત્કાર થયો છે કે હું તને જોઇ સર્વસ્વ ભૂલી ગયો છું. અહા ! પ્રેમનો પ્રભાવ કેવો પ્રબળ છે તેનું મને આજેજ ભાન થયું છે. ખરેખર ! આ સંસારમાં શુદ્ધ પ્રેમ એજ સ્વર્ગ છે. પ્રેમ વિનાનું જીવતર વ્યર્થ છે. ”

“ આપનું કહેવું યથાર્થ છે. આપ તો પ્રેમના પૂરેપૂરા પંડિત છો. પ્રેમનું મહત્વ આપની પાસેથી હું આજ બરાબર જાણી ગઇ છું. કહો હવે બીજી કાંઈ આજ્ઞા છે ?”

“ આજ્ઞામાં હવે એજ કે સમય ઘણો થઇ ગયો છે, થોડીવાર પછી અંધકાર અવનિને ઢાંકી દેશે; માટે આપણે સુખ રૂપે અહિંથી ગમન કરીએ તો સારૂં ? ”

“ જેવી આપની ઇચ્છા. ” કહી સુધા મનોરમાને જોવા આસપાસ જોવા લાગી. પ્રેમ સંવાદમાં તે મનોરમાને ભૂલી ગઇ હતી. ‘અરે ! શું તેણે અમારી વાતો સાંભળી હશે ? ’ આમ વિચારી તે મનમાં શરમાવા લાગી. આટલીવાર સુધી મનોરમા શિવાલયની બહાર પગથીઆ ઉપર બેસી રહી બન્નેનો સંવાદ સાંભળતી હતી. તેમની વાતચીત પૂરી થતાં તે હસતી–હસતી અંદર આવી. તેને જોઇ બન્સી અને સુધા શરમાવા લાગ્યાં. શરમની જરૂર નથી. કહી મનોરમાએ થોડીવાર સુધી વાક્ય વિનોદ ચલાવ્યો. બાદ ત્રણે જણાં પ્રભુને પ્રણામ કરી આનંદીત વદને નગર તરફ જવા લાગ્યાં. રાત્રિ પડતાં પહેલાં તો તેઓ નગરમાં આવી પહોંચ્યાં. સુધાનું મકાન આવતાં બન્સી સજળ નયને તેની રજા માગી છૂટો પડયો; અને પોતાના મહાલય તરફ ગયો. તેની પાછળ જોઇ રહેલી સુધા તેને અદૃશ્ય થતાં એક દિર્ઘ નિઃશ્વાસ નાખી મનોરમા સાથે મહાલયમાં પ્રવેશી.

પ્રકરણ ૧૮ મું.

"સ્નેહસિંહ સપડાયો."

બડે બડેકુ દુઃખ હે, છોટે સે દુઃખ દૂર,
તારે સબ ન્યારે રહે, ગૃહે શશી ઓર સુર.

ચંદ્રાવતીના પાદરે આવેલી ઘનઘોર ગાઢી ઝાડીમાં અંબિકા દેવીની પાછળના એકાન્ત સ્થાનમાં એક વૃક્ષ નીચે એક ઝુંપડી આવેલી હતી. રાત્રિના બીજા પ્રહરનો આરંભ થઇ ચૂકેલો હતો. સઘળે અંધકાર વ્યાપેલો હતો.ત્યાં આવેલી એ ઝુંપડીમાં અત્યારે ઝાંખો દીપક બળતો હતો. સર્વત્ર નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. આમ તેમ ઉડતાં નિશાચર પક્ષીઓ કર્કશ સ્વરે અમંગળ સૂચવતાં હતાં.

આ સમયે તે ઝુંપડીની અંદર એક ભગવાં વસ્ત્ર ધારી સાધુરામ પદ્માસન લગાવીને બેઠો હતો. તે પ્રભુના ધ્યાનમાં ધ્યાનસ્થ હોય એમ તેની મુખ મુદ્રા પરથી જણાતું હતું. તેની સામે એક બળવાન બાંધાનો તરૂણ પુરૂષ કાળો ઝભ્ભો ઓઢીને વિચારમાં ગરકાવ થઇ બેઠેલો હતો. તે વિચારમાં વારંવાર ગાઢ નિઃશ્વાસ નાખતો હતો. એવી રીતે ત્યાં ઘણીવાર સૂધી મૌન પથરાઇ રહ્યું. અંતે તે સાધુરામ આંખ્યો ઉઘાડી પ્રભુના નામનો ઉચ્ચાર કરી બોલ્યોઃ—"બચ્ચા સ્નેહસિંહ ! હવે

વિચારમાં તારૂં કંઇ પણ વળનાર નથી. તું અનેક પ્રયત્નો કરીશ તદપિ ભાવિ મિથ્યા થનાર નથી. ચંદ્રાવતીનો નાશ ભવિષ્યમાં નિર્માણ થએલોજ છે; માટે સ્વસ્થ થા. ”

વાચકો ! તમે આ બન્ને જણાને ઓળખી ગયા હશો ? એક તો આપણો પરિચીત .સ્નેહસિંહ છે અને બીજો દુર્જનસાલનો સાગ્રીત પ્રપંચપ્રસાદ છે. તે સાધુનો સ્વાંગ ધારણ કરી સ્નેહસિંહને ફસાવવા આવ્યો છે. તેણે બે દિવસથી ઘણો પરીશ્રમ લઇ સ્નેહસિંહને કપટ જાળમાં ફસાવ્યો છે, આજ તેના પ્રપંચની પૂર્ણાહુતી છે. આજ સાયંકાળથીજ સ્નેહસિંહ તેની ઝુંપડીમાં આવ્યો છે. ચંદ્રાવતીનું ભયંકર ભવિષ્ય સાંભળી તેના હૃદયમાં દુઃખનો દારૂણ દાવાનળ સળગી રહ્યો છે. તે સાધુનું કહેવું સાંભળી સ્નેહસિંહ બે હાથ જોડી આર્જવતાથી કહેવા લાગ્યોઃ—“ મહાત્મન્ ! આપ ભૂત ભવિષ્ય જાણવાને શક્તિવાન છો. સાધુ પુરૂષ સર્વદા પરોપકારાર્થેજ પોતાનું જીવન વ્યતિત કરે છે. પ્રભો ! કૃપા કરીને જણાવો કે ઉલટેલા ભાવિને સુધારવાનો હવે કોઇ પણ ઉપાય રહ્યો છે કે નહિ ? ”

તેનું બોલવું સાભળી તે સાધુરામ સ્હેજ રોષ યુક્ત વદને બોલ્યો,

“ મ્હેં તને એકવાર જણાવી દીધું છે કે જે થવાનું છે તે અવસ્ય થવાનુંજ છે. છતાં વારંવાર પૂછીને શા માટે મારૂં માથુ ફોડાવે છે ? જા, ચાલ્યો જા અહિંથી. ”

“ દયાળુ ! આપનો ક્રોધ સમાવો અને ચંદ્રાવતીનું અકલ્યાણ થતું અટકાવો. આપ તો પ્રભુ સમાન છો, બગડેલા ભાવીને સુધારવાને સમર્થ છો. પ્રભુ ! અમારી ઉપર કૃપા કરો. ” કહી સ્નેહસિંહે તેના ચરણમાં પ્રણામ કર્યા. પછી તે લુચ્ચો સાધુરામ થોડીકવાર શાન્ત રહી કંઇક

વિચાર ગોઠવી બોલ્યો:—" સ્નેહસિંહ ! ચંદ્રાવતી પ્રત્યે તારી અપૂર્વ ભક્તિ જોઈ હું અત્યંત પ્રસન્ન થયો છું. વારૂં, તું અત્યારે મારી સાથે આવીશ ? "

" ચંદ્રાવતીના કલ્યાણને અર્થે આપ કહેશો તો હું ભયંકર અગ્નિ કુંડમાં પણ કુદી પડીશ. પ્રભુ ! આપ કહો ત્યાં આવવાને હું તૈયાર છું. " સ્નેહસિંહે જણાવ્યું.

" અહિંથી થોડેક દૂર મ્હારા એક ગુરૂજી રહે છે." તેમની પાસે હું તને અત્યારે લઈ જવા ઇચ્છું છું. તું તેમને પ્રણામ કરી તારા હૃદયની વાત જણાવજે. તે મારાથી સમર્થ છે, ચંદ્રાવતીનું અનિષ્ટ અટકાવવાને ફક્ત એકલા એજ શકિતવાન છે. બોલ, તારો આવવાનો વિચાર છે કે ? " સાધુએ પૂછ્યું.

" હું આ પળેજ આપની સાથે આવવાને તૈયાર છું. કહી સ્નેહ-સિંહ ઉભો થયો. સાધુરામ પણ તૈયાર થઇ તેની સાથે ચાલવા લાગ્યો. બન્ને જણા કાળી રાતે ઝડપથી પગ ઉપાડતા આગળ વધવા લાગ્યા. પ્રપંચનું પાટીયું બરાબર ગોઠવાયેલું જોઇ પ્રપંચપ્રસાદના આનંદનો પાર રહ્યો નહોતો. સ્નેહસિંહ દુઃખી હૃદયે વિચારોમાં તદ્રુપ બની તેની પાછળ ચાલ્યો જતો હતો. રાત્રિ ઘોર અંધકારમયી હતી. માર્ગમાં આડા ઉતરતા સર્પો ફુફવાટ મારતા ચાલ્યા જતા હોય એમ ભાસ થતો હતો. નિશાચર પક્ષીઓના અમંગળ સૂચક શબ્દો વારંવાર સંભળાતા હતા. છતાં પણ સ્વદેશ પ્રેમી સ્નેહસિંહ સાધુરામની સાથે નિડરતાથી ચાલ્યો જતો હતો. તેઓ બરાબર મધ્યરાત્રે એક ભાગેલા ખંડિએર આગળ આવી અટક્યા. ત્યાં આવતાંજ પ્રપંચપ્રસાદે એક પ્રકારનો વિચિત્ર અવાજ કર્યો. સ્નેહસિંહ ચમક્યો. ખંડિએરમાં કંઇક ખડખડાટ થયો. તેને

ચમકેલો જોઇ તરત તે સાધુરામ બોલી ઉઠયોઃ—" સ્નેહસિંહ ! ભય પામવાનું કંઈ કારણ નથી. મ્હેં અત્યારે જે વિચિત્ર અવાજ કર્યો તે તો ફક્ત મારા ગુરૂજીને આદેશરૂપ વંદના દર્શક છે. એ શબ્દથી મારા ગુરૂજીને મારા આગમનની ખબર પડી હશે અને તેથી તેઓશ્રી અલ્પ સમયમાં તેમના મંડળ સાથે આપણને અત્રે આવી મળશે."

'ત્યારે આપણે હવે અહિંજ ઉભા રહીએ તો સારૂં." સ્નેહસિંહે જણાવ્યું.

"હા, આપણે હવે આગળ જવાની જરૂર નથી." કહી પ્રપંચી પ્રપંચપ્રસાદે ફરીથી સંજ્ઞા સૂચક અવાજ કર્યો. તેના અવાજનો પડઘો રાત્રિના શાન્ત સમયે ચારે તરફ ગાજી રહ્યો. થોડીવારમાં તેમની તરફ એક કાળી આકૃતિ ચાલી આવતી જણાઈ. તેને જોતાંજ પ્રપંચપ્રસાદ બોલી ઉઠયોઃ—" સ્નેહસિંહ ! જો, સામેથી મારા ગુરૂજી આવતા જણાય છે. તું અહિં ઉભો રહી તે આવે એટલે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરજે."

" આપની આજ્ઞાનુસાર વર્તવાને આ સેવક તૈયાર છે. " કહી સ્નેહસિંહ તેને નમન કરવાને તૈયાર થઈ ઉભો. ગાઢા અંધકારમાં ચાલી આવનાર માણસના મુખનું અવલોકન કરવું અશકય હતું. અલ્પ સમયમાં તો તે ચાલી આવનાર માણસ સ્નેહસિંહની સમક્ષ આવીને ઉભો રહ્યો. તેને જોતાંજ સ્નેહસિંહે લાંબા થઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેને નીચે પડેલો જોઈ તે આવનાર માણસે તેને ઉભો કરવાના ઉદ્દેશથી નીચે બેસી તેના માથે હાથ મૂકી યુક્તિથી તેનાં ગળામાં કંઇક સાંકળ જેવું નાખી દીધું. તેની સાથેજ પાછળ ઉભેલા પ્રપંચપ્રસાદે સ્નેહસિંહના બન્ને પગમાં સાંકળનો બીજો છેડો ભરાવી દીધો. તત્કાળ સ્નેહસિંહ ચીસ પાડી બોલી ઉઠયો કેઃ—" હા ! શું દગો. " કહી તે જેવો ઉભો થવા ગયો કે તરત સાંકળના બંધનથી નીચે પડી ગયો. દુષ્મનનો દગો નિહાળી સ્નેહસિં-

હની આંખ્યોમાંથી અગ્નિના તનખા ઝરવા લાગ્યા. તે મોટેથી બૂમ મારી બોલી ઉઠયો:—" ઓ નીચ કૃતઘ્ની ! મારી સાથે આવી રીતે વર્તવાનું શું કારણ છે ? "

" કારણમાં એજ કે તને અમારો કેદી બનાવી ચંદ્રાવતી નગર હાથ કરવાનું છે. સમજ્યો ? " પ્રપંચપ્રસાદે કહ્યું.

" સમજ્યો, હવે બરાબર સમજ્યો, પરંતુ યાદ રાખજો કે ચંદ્રાવતીના યોદ્ધાઓ તમને આ દગાનું ફળ પૂરેપૂરૂં ચખાડશે. ઓ નરાધમ સાધુ ! મને જણાવતો ખરો કે તું અને આ આવનાર તારો ગુરૂ કોણ સુવા છો ? "

" સ્નેહસિંહ ? જીભ સંભાળ. તું એવી રીતે બોલી અગારૂં ભયંકર અપમાન કરે છે. તું જાણે છે કે આ સમયે તારી સમીપે કોણ ઉભા છે ? " પ્રપંચપ્રસાદે પૂછ્યું.

" હા, તું એક નીચ દગાખોર સાધુ અને બીજો તારો કર્મ ચંડાળ ગુરૂ મારી સામે અત્યારે ઉભા છે. " સ્નેહસિંહ ગર્જી ઉઠયો.

" નહિ, સ્નેહસિંહ તારી મોટી ભૂલ થાય છે. જેને તું મારા ગુરૂજી જાણે છે તે સાધુ નથી, પણ નૌત્તમગઢના રાજ રાજેન્દ્ર મહારાજા દુર્મદસિંહ છે અને હું તેમનો કનિષ્ટ નોકર નામે પ્રપંચપ્રસાદ છું."

" ઓ વિભો ! હા ! અંતે તે કાળા નાગે દંશ દીધો ખરો." કહી સ્નેહસિંહે નિઃશ્વાસ નાખ્યો. એટલામાંજ દુર્મદ બોલ્યો.

" કાં સ્નેહસિંહ ! ચંદ્રાવતીના દરબારમાં મને મરણને શરણ કરવા તૈયાર થયો હતો તે તું કે કોઈ બીજો ? કેમ હવે તને તેનું યોગ્ય ફળ મળ્યું ને ? "

" હા, ઓ નરાધમ ! જો તેજ વખતે મ્હેં તને યમસદન તરફ ર્‌વાને કર્યો હોત તો આજે મારી પર આવું મહાન્ સંકટ આવત નહિ.

હા! રાજા સમરસિંહ! તમે એક કાળા નાગને જીવતો છોડી હાથે કરીને માથે મ્હોત માગી લીધું છે. ઓ વિશ્વાસઘાતી રાજા! ત્હેં ક્ષત્રિય પુત્રને નહિ છાજતું ભયંકર કામ કર્યું છે. જો તું ખરેખરો બળવાન હોય તો મને બંધન મૂક્ત કરી મારી સામે થઇ જા."

"સાંપને સાણુસાથી પકડી માટલામાં પૂર્યા પછી તેને બહાર કાઢવો તે મૂર્ખ માણસનું કામ છે." દુર્મદે કહ્યું.

"વારૂ હવે જણાવ કે તારો શું વિચાર છે?" સ્નેહસિંહે પૂછ્યું.

"ચંદ્રાવતીનો નાશ કરી રાજા સમરસિંહને રીબાવી–રીબાવીને મારવાની મને ઘણીજ હોંશ છે અને–"

"ચૂપ કર ચંડાળ." કહી સ્નેહસિંહ અત્યંત આવેશથી તેને મારવા ધસ્યો; પણ સાંકળોના બંધનથી તે આગળ વધી શક્યો નહિ. દુર્મદ ખડખડાટ હસી પડી બોલ્યોઃ–"સ્નેહસિંહ! હજી પણ તું ભોળો ને ભોળો રહ્યો. તારી ભોળાઇ તને પોતાનેજ દુઃખમાં દબાવે છે. માટે જો તારે સુખી થવું હોય તો મારી માગણી કબુલ કર?"

"તારી શું માગણી છે?" સ્નેહસિંહે વિકટ સ્વરે પૂછ્યું.

"તું અમારી સાથે મળી જઇ ચંદ્રાવતી હાથ કરવામાં મદદગાર થા. હું રાજા સમરસિંહનો નાશ કરી તને ત્યાંની ગાદી ઉપર બેસારીશ. હું તને મારા સગા ભાઇની માફક..."

"બસ, બહુ થયું. તારી જીભને એટલેથીજ અટકાવ. ઓ નર પિશાચ! શું તું મને તારા પક્ષમાં લઇ મારા ભ્રાતાનું સર્વસ્વ નાશ કરવાને ઇચ્છે છે? ઓ ઘોર ઘાતકી! શું તું આ સ્નેહસિંહના હૃદયથી હજી અજાણ્યો છે? પરમાત્મા! આ સ્નેહસિંહને કદાપિ સ્વર્ગનું રાજ્ય મળે તદપિ તે તેના બંધુનું અનિષ્ટ કદાપિ નહિ ઇચ્છે. શું તું એમ ધારે

છે કે આ સ્નેહસિંહ પ્રાણુ જવાના ભયે તેના ભાઇનો અને તેના દેશનો નાશ કર્તા થશે? ના, ના, તારૂં ધારવું નકામું છે. કદાચિત્ આ આકાશ આ ક્ષણેજ તૂટી પડે, પૃથ્વીનો પ્રલય થાય, મેરૂ ચલાયમાન થાય, સૂર્ય તેની સ્થાપિત જગાએથી ખસી અવળી દિશામાં ગમન કરે, પરંતુ આ સ્નેહસિંહ પોતાના બંધુને અને જન્મ ભૂમિના પ્રેમને કદાપિ કાળે નહિ ત્યાગશે તે નહિ જ ત્યાગશે. જે શુદ્ધ ક્ષત્રિય વીર છે, તે તારા જેવા દાંભીક બની પારકાને પીડાકાર થવાને બદલે પ્રાણનું વિસર્જન કરવાને હોંસથી તૈયાર થશે. દુર્મદ! દુર્મદ! તારો વિનાશકાળ પાસે આવી લાગ્યો હોય એમ જણાય છે. મને બંધીવાન બનાવી તું ખુશી થઇશ નહિ. ચંદ્રાવતીનો એક પણ યોદ્ધો જ્યાં સુધી જીવતો હશે ત્યાં સુધી તને એક તસુ પણ આગળ વધવા દેશે નહિ."

"સ્નેહસિંહ! તારો બકબકાટ અત્યારે નકામો છે. મ્હેં એવી તો યુક્તિ કરી છે કે જે ચંદ્રાવતીને તું અજીત માને છે, તે નગરના અલ્પ સમયમાં ચૂરેચૂરા થઇ જશે, અને અંદરના તમામ યોદ્ધાઓના ફૂરચે ફૂરચા ઉડી જશે."

"હેં! તું આ શું કહે છે?"

"હું ખરૂં કહું છું. જો સાંભળ, મ્હેં આ જગાએથી તે ઠેઠ રાજમહેલ સુધી એક લાંબી સુરંગ ખોદાવી છે; અને ચંદ્રાવતીના કિલ્લાની દિવાલ નીચે દારૂની સુરંગ ભરી મૂકી છે. અમે કાલે કે પરમ દિવસે આ સુરંગ વાટે અંદર પ્રવેશીશું અને સુરંગ ફોડી કિલ્લાની દિવાલ ઉડાવીશું. બાદ અંદર પ્રવેશી રાજા સમરસિંહને અમારો શીકાર બનાવી ત્યાંનું રાજ્ય હસ્તગત કરીશું."

તેની ગોઠવણુ સાંભળી સ્નેહસિંહ ધ્રુજી ઉઠયો. તે બેબાકળો બની મનમાં બોલી ઉઠયો:—"અરે હાય! આ શો ગજબ! દુષ્ટ દુષ્મને કાળો

ફેર કરવા ધાર્યો છે. હાય! ચંદ્રાવતી! વ્હાલી જન્મ ભૂમિ! તારૂં પતન હવે નજીકમાંજ છે. ઓ વાડલ ભાઈ! તમારા શિરે કાળચક્ર ભમે છે. ઓ–હાય! પાપીઓની પ્રપંચ જાળમાં હું ફસાઈ ચૂક્યો છું. ઓ વિભુ! હું શું કરૂં કે જેથી સર્વેનું રક્ષણ થાય? હા! દૈવજ રૂઠ્યો હોય એમ સમજાય છે. હા! એક કવિએ કહ્યું છે કે,

જેના શિરે ભાવિ વિપદ્ ફરે છે,
નિર્ભાગી તે ભ્રષ્ટ મતિ બને છે;
ઉન્મત્ત થાયે ભૂલી સાન શુદ્ધિ,
વિનાશ કાળે વિપરીત બુદ્ધી.

બંધુ સમરસિંહ! તમે મારૂં વચન નહિ માનતાં શત્રુને જીવતો જવા દીધો. હા! તેજ દુષ્ટ દયાનો ગેરઉપયોગ કરવાને તૈયાર થયો છે. ખરેખર દુષ્ટના દગાની જાળ અજબ છે, તેમાંથી બચવું હવે મુસ્કેલ છે. ઓ મારાં આપ્ત જનો! હું તમને હવે પ્રભુના ભરોસા પર છોડું છું. મારો ઉપાય નથી. ભાઈ! પ્રિયતમા વીરમતી! મારા અપરાધની ક્ષમા કરજો. આ જન્મમાં આપણો મેળાપ હવે થવાનો નથી. હા! કેવું ઘોર સંકટ! ઓ, આહ! આ દુઃખ નથી સહન થતું. દેશની દુર્દશા થનાર સાંભળી આ પ્રાણ ગભરાય છે. ઓહ! પ્રાણ જાય છે. મન...મું...ઝાય છે." સ્નેહસિંહ વધારે બોલી શક્યો નહિ. તેની આંખ્યોએ અંધારાં આવી ગયાં, અને તેના અંતિમ્ શબ્દની સાથેજ વીર સ્નેહસિંહ મૂર્છિત થઇ ધરણીપર ઢળી પડ્યો. તત્કાળ દુર્મદે કમ્મરે લટકાવેલું રણશીંગુ વગાડયું. જોતજોતામાં ત્યાં સેંકડો સૈનિકો એકઠા થઇ ગયા. તેમાંના બે જણાને પાસે બોલાવી તેમના કાનમાં કંઇક સૂચના કરી સ્નેહસિંહને ઉઠાવી જવાનું સૂચવ્યું. રાજાની સૂચનાને સમજી તરત તે બન્ને સિપાહીઓ

એક મ્યાનો લઈ આવ્યા અને તેની અંદર સ્નેહસિંહને નાખી નૌત્તમ-નગર તરફ વિદાય થઈ ગયા. ત્યાર બાદ દુર્મદસિંહ પોતાના સૈનિકોને સંબોધી કહેવા લાગ્યોઃ—"મારા શૂરા સૈનિકો! આપણા વફાદાર સરદાર પ્રપંચપ્રસાદે એક બળવાન શત્રુને આપણા સપાટામાં સપડાવ્યો છે. તે દુષ્મન ઘણોજ કાર્યદક્ષ હતો. તેની આગળ આપણી સઘળી ગોઠવણો અત્યાર સુધી નકામી હતી. તે મહાન્ શત્રુ આપણા પંજામાં ફસાવાથી હવે આપણો માર્ગ મોકળો થયો છે. બસ હવે કાલે મધ્ય રાત્રે આ સુરંગવાટે અંદર પ્રવેશો અને ચંદ્રાવતીને સર કરી આપણા વૈરની વસુલાત કરો. મારા વફાદારો! તમારાથી ઘુમાય એટલું ઘુમજો, લુંટાય એટલું ધન લુંટજો અને ત્યાંની રૈયત પર ત્રાસ, ત્રાસ વર્તાવજો. મારી તરફની તમને પૂર્ણ પરવાનગી છે."

"મહારાજની આજ્ઞા ઉઠાવવાને અમે તૈયાર છીએ. અમે ચંદ્રાવતીને સપાટ મેદાન કરીશું ત્યારેજ શાન્ત થઇશું." સિપાહીઓ ગર્જના કરી બોલી ઉઠયા. તેમના શૌર્યથી આનંદ પામી દુર્મદે સર્વ જણાને જવાની આજ્ઞા આપી. અસંખ્ય સૈનિકો જોતજોતામાં ગયેબ થઇ ગયા. ત્યાં આગળ ફક્ત દુર્મદસિંહ, કનક કુમાર, સેનાપતિ દુર્જનસાલ અને પ્રપંચપ્રસાદ રહ્યા. કનક કુમાર એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના બનેલો પ્રકાર અવલોકી રહ્યો હતો. તે પિતાના કૃત્યને માટે મનમાં અત્યંત સંતાપ કરતો હતો, પરંતુ તે બિચારાનું કંઇ પણ વળતું નહોતું. સર્વના ગયા પછી દુર્મદે દુર્જનની સાથે ચંદ્રાવતીને સર કરવાની કેટલીક યુક્તિઓ વિષે વાતો કરી. બાદ મોટા મળસકે તેઓ પણ વિશ્રાન્તિ લેવાને ચાલતા થયા.

પ્રકરણ ૧૯ મું.

ચઢતી પડતીના ચમકારો.

લેખ કર્મના શું ટળે, સજ માનવ તું શુદ્ધ
કર્મ યોગથી તો થયું, પાંડવ કૌરવ યુદ્ધ.

કાળી રાત્રિએ ભિષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. જનસમાજ નિદ્રાને શરણે પડેલો હતો. મધ્ય રાત્રિનો સમય ચાલતો હતો. શ્વાનના રૂદન ધ્વનિથી ભયનો ભાસ થતો હતો. પહેરેગીરો રોન ફરવાને નીકળ્યા હતા. સર્વત્ર શાન્તિનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. એ અરસ્સામાંજ એકાએક શાન્તિનો ભંગ થયો. રાજ મહેલની ઉતર દિશાએ આવેલા ચંદ્રાવતીના કિલ્લા આગળ એકાએક ભયંકર અવાજ થયો, આખો કિલ્લો ધ્રુજી ઉઠયો. પુનઃ બીજો, ત્રીજો, એમ ધડાકા ઉપર ધડાકા થવા લાગ્યા. લોકો નિદ્રાને પરહરી સફાળા જાગી ઉઠયા. રક્ષકો ગભરાટથી કિલ્લા તરફ દોડવા લાગ્યા. એ તરફનો કિલ્લો જમીન દોસ્ત થઇ ગયો હતો, અને તેની અંદરથી દુષ્ટ દુર્મદના સૈનિકો દોડી આવતા હતા. દુષ્મનોનો દગો જોઈ રક્ષકોએ બૂમરાણ મચાવી મૂક્યું. રાક્ષસી કૃત્ય કરનારા દુષ્મનો તેમની ઉપર ટૂટી પડયા, મારો, કાપોના પોકાર કાળી રાત્રે સંભળાવા લાગ્યા. વીરનરોનાં લોહી ઉકળી આવ્યાં, અને હાથમાં આવ્યું તે હથીઆર લઇ ટૂટેલા કિલ્લા તરફ દોડવા લાગ્યા. સેનાપતિ રણધીર અલ્પ સમયમાં તૈયાર થઇ ગયો, અને જેટલા એકઠા કરાય એટલા સૈનિકોને લઇ દુષ્મનને અટકાવવ

દોડયો. મધ્ય રાત્રે તુમુલ યુદ્ધ મચી રહ્યું. ચંદ્રાવતીના વીર યોદ્ધાઓ શત્રુઓની સામે શૌર્યથી લઢવા લાગ્યા. શત્રુઓની સંખ્યા વધારે હતી, તેમાં કિલ્લો તૂટવાથી તેમના શૌર્યમાં વૃદ્ધિ થઈ હતી. તેમના જબરા હલ્લાથી ચંદ્રાવતીના વીર યોદ્ધાઓ પૂર્ણ પરાક્રમ કરી એક પછી એક રણમાં સૂતા હતા.

રાજ મહેલમાં પણ જબરો કોલાહલ મચી રહ્યો હતો. રાજા સમરસિંહ શસ્ત્ર સજી તૈયાર થતો હતો. તેના અંગરક્ષકો મહેલના ચોગાનમાં ઉભા રહી વીરનાદ કરતા હતા. દુર્મદનો દગો સાંભળી સમરસિંહના ક્રોધનો પાર રહ્યો નહોતો. તેને ગુણવાન સ્નેહસિંહનાં વાકયો યાદ આવ્યાં, તેના મુખપર ગ્લાની છવાઈ ગઈ. રાજાએ તૈયાર થઇ પાસે ઉભેલી ગુણસુંદરીને કહ્યું, "દેવી! હવે જવાની રજા આપો. મારા શૂરા સરદારો આતુરતાથી મારી રાહ જોઈ રહ્યા છે."

"નાથ! આ ભાવિ વિપત્તિમાં મને ભયનો ભાસ થાય છે.

હા! દુષ્ટે દગો કર્યો છે. પ્રિયતમ! આમાં શું થશે તેની મને સમજ પડતી નથી." ગુણસુંદરીએ ગળગળે સાદે કહ્યું.

"પ્રિયે! ભાવિ ગમે તેવું ભયંકર હોય પણ તેની દરકાર વીર પુત્રો રાખતા નથી. તેઓ તો સ્વદેશના રક્ષણમાંજ પ્રાણની આહુતી આપવાનું શ્રેષ્ટ સમજે છે. આ યુદ્ધમાં ચંદ્રાવતીનો વિનાશ છે. મારા સ્નેહસિંહનાં વાકયોનું મને અત્યારે સ્મરણ થાય છે. પ્રિયા! જે થવાનું હશે તે થશે. દુષ્ટ દુર્મદ પણ આ સમરસિંહનું પાણી જોશે કે મહાન્ વૈભવી રાજા કાયર નથી. દગાખોર દુષ્મનો દારૂની સુરંગથી કિલ્લાનો નાશ કરી ભયાનક કાળી રાત્રે આપણી અસાવધતાનો પ્રસંગ પ્રાપ્ત કરી નગરમાં ઘુસ્યા છે. દેવી! આ રાત્રિ તે મારા સુખનો અને

તારા સૌભાગ્યનો અંતિમ્ સમય છે. ભાવિ બગડેલું છે, શત્રુઓના જયનાદથી માલમ પડે છે કે તેમનું જોર વધારે છે, તેથી વિજયની આશા રાખવી વ્યર્થ છે.” રાજાએ જણાવ્યું.

“મારા સૌભાગ્ય ચંદ્ર! હું એવી કાયર રજપૂતાણી નથી કે આપને જતાં અટકાવું. નાથ! મારી એક વિનંતી સ્વીકારો અને કૃપા કરી મને યુદ્ધમાં સાથે આવવાની આજ્ઞા આપો. મને આપની સાથે યુદ્ધમાં આવવાની ઘણીજ હોંસ છે.” કહી ગુણસુંદરી રાજાના ગળે વળગી પડી. તેને અલગ કરતાં પુનઃ સમરસિંહ કહેવા લાગ્યોઃ—“રાણી! આ સમયે તમને યુદ્ધમાં લઈ જવાં તે હું યોગ્ય ધારતો નથી. આ સમય વિકટ છે, તેમજ દુશ્મનોનો દગો છે. માટે મારી સાથે આવવાની ઇચ્છાનો ત્યાગ કરી પ્રભુનું સ્મરણ કરો કે જેથી આપણો વિજય થાય.”

“વ્હાલા! શા માટે આ દાશીને તરછોડીને ચાલ્યા જાઓ છો? હું તમારી સાથે આવ્યા વિના રહેવાની નથી.” કહી રાણી રાજાનો માર્ગ રોકી ઉભી. રાજાએ તેને ઘણીએ સમજાવી પણ તેણે માન્યું નહિ. રાજા વિચારમાં પડયો. બહાર ખૂમરાણ મચી રહ્યું હતું. બંદુકોના બ્હાર અને શત્રુઓની જય ગર્જના ચારે તરફ ગાજી રહી હતી. અંતે રાજા રાણીને ખભે હાથ મૂકી કહેવા લાગ્યો. “દેવી! આ શું કરો છો? ક્ષત્રિય વીરને શા માટે જતો અટકાવો છો?

પ્રિયે ઘેલાં કરો શું આમ ક્ષાત્ર ધર્મ વિરૂદ્ધનાં,
જવાદે હઠ ત્યજી વ્હાલી, વાગે રણતૂર યુદ્ધનાં.”

“નહિ, નહિ, ચકોરી ચંદ્રથી કદાપિ દૂર રહી શકશે નહિ. વ્હાલા!”

મન વિષે અતિ હોંશ છે, તમ સાથ યુધ્ધે આવવા,
શત્રુ તણાં શિર છેદવા ને ક્ષાત્ર ધર્મ બજાવવા.

છું તમ તણી દાસી અને અર્ધાંગના હું આપની,
તે અંગ અર્ધું જાય છે, પછી દેહ આ શા કામની.
+ + + + +
મમ હૃદયમાં છે કોડ રહીને જોડમાં લઢવા તણા,
સ્વામી તણી બની ઢાલ ઝીલું ઘાવ હું દુષ્મન તણા.
સમરાંગણે રહી સાથમાં, લઢશું અગર મરશું ખરે,
ક્ષત્રી મરે છે યુદ્ધમાં, નામર્દ જન ઘરમાં મરે."

આટલું કહી પુનઃ રાણી રાજાના પગમાં પડી આગળ કહેવા લાગી.

" મારા કેશર ભીના કંથજી, મમ કોડ તો પૂરા કરો,
અરિ સૈન્યને સંહારવા, લઇ સંગ દાસી પરવરો;
હું આવવાથી આપના, બળમાં નહિ ખામી પડે,
દયો શત્રુને જાણવા કે, યુદ્ધમાં સ્ત્રીયો લઢે."

આટલું કહી રાણી આતુર નયને રાજાની સામે જોઈ રહી. સમરસિંહનું હૃદય ભરાઇ આવ્યું. તે ગળગળે સાદે તેને શાન્ત કરી કહેવા લાગ્યો:-" રાણી ! આ વખતે આ શું કરો છો ?

શાણી જો સંભળાય છે શર તણા, ખખડાટના નાદ તહિં,
મૂકી દયો હઠ આ નહિ કામની, આવા પ્રસંગોની મહિં,
ક્ષત્રિયો છે જીવતા જગ મહિં, સમશેરને ઝાલવા,
ત્યાં સુધી મધુરાનને ! તમ તણા ન કાર્ય ત્યાં તો જવા.
(સા. વ.)

જવા દયો, શાણી સુંદરી ! મને જલ્દીથી ત્યાં જવા દયો. મારા શૂરાઓ સ્વર્ગમાં પલાયન થાય છે, તેમની પાસે મને જવા દયો. સુંદરી ! મારી આજ્ઞા માનો, અને તમારાં બાળકોનું રક્ષણ કરો." કહી રાજા

રાણીને દૂર કરી ચાલવા લાગ્યો; કે તરત વિજયસિંહ સજ્જ અસ્ત્ર ધારણ કરી ત્યાં દોડી આવી કહેવા લાગ્યો:–" બાપુ! ઉભા રહો, મને મૂકીને ક્યાં જાઓ છો ?"

" કોણ વિજય ? શું તું યુદ્ધમાં આવે છે ?" રાજાએ તેની સામે જોઈ પૂછ્યું.

" સમય આવે યુદ્ધ ભૂમિમાં નહિ જતાં કાયરની માફક ઘરમાં ભરાઈ બેસી રહેવા કરતાં શત્રુઓની સાથે સામી છાતીએ લઢી સ્વર્ગમાં સંચરવું તે પૂન્યવાનનાજ પ્રારબ્ધમાં સુજાયેલું છે. તો આવો અવસર હું કેમ ચૂકું ?"

" ધન્ય છે, વીર બાળક! તને ધન્ય છે." કહી સમરસિંહ આગળ જવા ડગલું ભરે એટલામાં તો વસંત ત્યાં દોડી આવી કહેવા લાગી:—" બાપુ! આ વિજયસિંહે અક્ષમ્ય અપરાધ કર્યો છે. હું યુદ્ધ ભૂમિમાં જવાને તૈયાર થતી હતી, એટલામાંજ તે મને અંદર-પૂરી અહિં આવતા રહ્યા છે. તે મને યુદ્ધમાં આવવાની ના પાડે છે. હું તેમની દરકાર રાખતી નથી, પણ આપ પૂજ્ય પિતાની અનુમતિ ઇચ્છું છું."

" સમરસિંહ ક્ષણ પર્યંત આશ્ચર્ય યુક્ત બની તેનો વીરાંગના સમાન વેશ નિહાળી કહેવા લાગ્યા:—" પુત્રી! તું યુદ્ધમાં શા માટે આવવાને ઇચ્છે છે ? આજના યુદ્ધમાં પ્રાણ હાની સિવાય બીજો કશો લાભ થનાર નથી. માટે તું રાજ મહેલમાં રહે તો ઘણું સારૂં."

" નહિ પિતાજી! હું આ મહેલમાં એક પળવાર પણ રહેવાને ખુશી નથી. હું યુદ્ધ ભૂમિમાં આવી આપની સાથે રહી શત્રુઓનાં કાળજાં ચીરીશ. બાપુ! દુષ્મનો પણ ક્યારે જાણશે કે ચંદ્રાવતીમાં વીર બાળાઓ

વસે છે? આજના યુદ્ધમાં ભલે સૌના પ્રાણુનો વિનાશ થશે, પરંતુ તે વીર નરોનાં નામ સદાકાળ કાયમ રહી જશે. પિતાજી!

પાપી પ્રપંચી પિડવા, ચંડી સમી બળવાન છું;
બળિદાન દેવા શત્રુનું, હું કાળ કેરી કાળ છું.
સ્વદેશ રક્ષા કાજ હું, આતુર ક્રોધાક્રાન્ત છું;
સમરાંગણુમાં આ સમે, લડવાને તૈયાર છું.

માટે મને સાથે લઇ જાઓ. હું આપની સાથે આવ્યા વિના રહેનાર નથી."

તેના શૌર્ય પૂર્ણ વાક્યો સાંભળી મહારાજા બોલી ઉઠયાઃ—"ધન્ય છે? વીર તનયા! તને ધન્ય છે. રણ યજ્ઞમાં પ્રાણનું બળિદાન આપવા તૈયાર થએલી બાળા! તારૂં નામ ચિરકાળ સુધી કાયમ રહેશે."

"અસ્તુ! આપની આશિષ સફળ થાઓ." કહી વસંત જવાને તૈયાર થઈ ઉભી. એટલામાં વીરમતી ત્યાં આવી પહોંચી. પુત્રીને અને વિજયને કુમકુમની અરચા કરી કહેવા લાગીઃ—"મારાં બાળકો! રણભૂમિમાં શૌર્યતાથી લઢી તમારાં યશોગાન ચારે તરફ ગવરાવજો. જાઓ વિજય કરો." વસંત અને વિજય માથું નમાવી આગળ ચાલ્યાં. રાજા સમરસિંહે એકવાર સતૃષ્ણ નયને રાણીના સામે જોઈ ત્યાંથી ચાલવા માંડયું. ગુણસુંદરી ગભરાવા લાગી. વીરમતી સમય વર્તી તેને સમજાવી અંદર લઇ ગઈ.

ત્રણે જણાં રાહ જોઇ ઉભેલા સરદારો પાસે આવી પહોંચ્યાં. વીર યોદ્ધાઓએ મહારાજાને જોઈ કાનને ફાડી નાખે એવો જયઘોષ કર્યો. ત્યાં આગળ લગભગ ત્રણશોએક સૈનિકો એકઠા થયેલા હતા. તેમની સાથે યુદ્ધમાં જવા મહારાજા અશ્વ પર સ્વાર થયા. વસંત-

વિજય પણ પોતપોતાના અશ્વો પર આરૂઢ થઈ ગયાં. સઘળા જવાની તૈયારી કરે છે એ અરસ્સામાંજ એક ઘોડેસ્વાર દોડતે ઘોડે મહારાજાની પાસે આવી ગળગળે અવાજે કહેવા લાગ્યો. મહારાજ! કાળો કેર થઈ ગયો છે, દુષ્ટ દુષ્મનોએ દગો કર્યો છે, આપણા સૈનિકો પતંગીઆની માફક ઝીંપલાવી પડયા છે. અંધકારને લીધે દુષ્મનો આપણા સૈન્યને ઘાસની માફક કાપી નાખી આગળ દોડયા આવે છે. વફાદાર ગુલાબસિંહ, સરદાર નિપુણસિંહ અને સેનાપતિ રણધીરસિંહ પૂર્ણ પરાક્રમ દાખવી સ્વર્ગે સંચર્યા છે."

"શું મારા વ્હાલા સરદારો સ્વર્ગે ગયા?" આમ બોલતો સમરસિંહ ઉગ્ર આવેશથી ત્યાં ઉભેલા સૈનિકોને કહેવા લાગ્યો:-"મારા બહાદુર યોદ્ધાઓ! દુષ્ટ દુષ્મનને તમારા શૌર્યનાં દર્શન કરાવવાનો સમય આવી પહોંચ્યો છે. આપણે તે કાયર અને પાખંડી શત્રુથી લગીરે ડરવાનું કારણ નથી. ચંદ્રાવતીના વીર યોદ્ધાઓ તેમની છાતી ચીરી દગાનું પૂરેપુરૂં વૈર વાળશે. ઓ વીર યોદ્ધાઓ! તમારાં પરાક્રમનાં ચારે દિશાએ યશોગાન ગવાય છે, બસ આજ પણ એજ આવેશથી શત્રુઓ પર તૂટી પડો અને રણમાં ઝુઝી લેવાય એટલો યશ લઇ લ્યો. મારા સુભટો! તમારે બે લાભ છે. જીવશો તો કીર્તિ મેળવશો અને વીરતાથી લઢી રણમાં પડસો તો અપ્સરાને વરી સ્વર્ગ સુખ ભોગવશો. બસ હવે થાઓ તૈયાર, અને મ્યાનમાંથી ખેંચો તમારી તલવાર. દોડો, યા હોમ કરીને દોડો અને પાપાત્માઓને રણમાં રોળી રણચંડીને તૃપ્ત કરો."

"અમે તૈયાર છીએ, દુષ્મનનાં શિરચ્છેદવાને ઘણાજ આતુર છીએ. તેમાં ફક્ત મહારાજાની આજ્ઞાનીજ વાર છે." આમ બોલતા શૂરા સૈનિકોએ કાળની જીભ સમાન તલવારો મ્યાનમાંથી ઝોઝપ બહાર ખેંચી કાઢી.

તરત સમરસિંહે કુળ દેવીની જય પોકારી અશ્વને દોડાવી મૂકયો. થોડીવારમાં તો મહારાજા તેમના સૈનિકો સાથે ધસી આવતા દુષ્મનો પર તૂટી પડયા. દારૂણ યુદ્ધ મચી રહ્યું. વફાદાર સૈનિકો મરણીઆ થઈ યુદ્ધ કરવા લાગ્યા. રાજા સમરસિંહનો ક્રોધ અસીમ હતો. તેમની લાંબી તલવાર ચારે તરફ ફરી શત્રુના બે ભાગ કર્યા વિના રહેતી નહોતી. વીર વિજય અને વસંત પૂર્ણ આવેશથી ઘુમતાં હતાં. બન્ને જણા લોહીથી લાલચોળ રંગાઇ ગયાં હતાં. મરણીઆ થઈ લઢતા ચંદ્રાવતીના યોદ્ધાઓ પર્વતની માફક અડગ રહીને દુષ્મનોની ટક્કર ઝીલતા હતા. એવામાંજ રાજા સમરસિંહે કારમી કીકીયારી કરી. વીર પુત્રોએ ગગન ભેદી ગર્જના કરી શત્રુઓ સામે પુનઃ આક્રમણ કર્યું. તેમના અતુલ શૌર્યથી ઝાંખા થઈ દુર્મદના સૈનિકો પાછા હઠવા લાગ્યા. દુર્મદે અને દુર્જને તેમને ઘણાએ અટકાવ્યા પણ તેઓ ટકી શક્યા નાહ. તેઓએ પાછળ હઠવાનું જારી રાખ્યું. " ધિક્કાર છે નામર્દો " કહેતા ચંદ્રાવતીના યોદ્ધાઓ તેમની પાછળ પડી કાળો કેર વર્તાવવા લાગ્યા. જોતજોતામાં તો તેમણે શત્રુઓને કિલ્લાની બહાર બે માઇલ સૂધી મારી કાઢયા. પાછળ હઠવામાં દુર્મદના સૈન્યનો ઘાણ નીકળી ગયો. હવે તો મારવું કે મરવું ધારીને દુર્મદ અને દુર્જન સૈન્યને ઉશ્કેરી આગળ દોડયા. આ યુદ્ધમાં કનકકુમાર નહોતો. તે છાવણીમાં રહી નવા સૈન્યની મદદ મોકલતો હતો. તેને પાછળ હઠવાની ખબર મળતાં તરત બીજાં નવાં માણસો મદદને માટે મોકલી આપ્યાં. મદદ જોઈ દુર્મદના સૈનિકોમાં પુનઃ હિંમત આવી. પાછું તુમુલ યુદ્ધ શરૂ થયું. ચંદ્રાવતીના યોદ્ધાઓ એક પછી એક રણમાં સૂવા લાગ્યા. અસંખ્ય સૈનિકોમાં થોડા સૈનિકો શું કરી શકે ? થોડીવારમાં તો ચંદ્રાવતીના તમામ યોદ્ધાઓ પૂરા થઇ ગયા. મહારાજા હતાશ બની ગયા. તેમણે વિજય અને વસંતના સામે

દયાદ્ર નેત્રે જોયું. આ સમયે આકાશમાં પાછલી રાતનો ચંદ્રમા ઉગ્યો હતો, સમરસિંહ અને વિજય વસંતને વચ્ચે રાખી પકડાવા કરતાં મરવું શ્રેષ્ટ સમજીને દુષ્મનોની સામે યુદ્ધ કરતા હતા. શત્રુઓ ચારે તરફથી તેમને ઘેરી પકડી લેવાનો પ્રયત્ન કરતા હતા. એવામાંજ દુર્મદે પાછળથી દોડી આવી તેના હાથમાંનો લાંબો ભાલો સમરસિંહ પર ફેંક્યો. સમરસિંહના શરીર પર નાના મોટા મળી ઘણા જખમો થયા હતા. તેમાં દુર્મદના ભાલાના પ્રહારથી વધારો થયો. દુષ્ટનો ભાલો મર્મ સ્થળમાં વાગવાથી તે ઘોડાપરથી નીચે ઉથલી પડયા. શત્રુઓ જયનાદ કરવા લાગ્યા, દુષ્ટ દુર્મદ ક્રોધથી આંધળો બની સમરસિંહનો નાશ કરવા ઘોડેથી નીચે ઉતરી દોડયો. તે તેની તલવારથી મહારાજાનો વધ કરે એ પહેલાં તો વીર વિજય ઘોડા પરથી પડતું નાખી ત્યાં દોડી આવ્યો, અને હાથમાંની તલવારવડે દુર્મદને ઘા કર્યો. સુભાગ્યે વિજયની તલવારનો ઘા તેના પાસામાં થયો. દુર્મદ ઝીણી ચીસ પાડી જમીન પર બેશુદ્ધ થઇ પડયો. તેના સૈનિકો વિજય અને વસંતની ઉપર તૂટી પડયા. અંતે તે વીર બાળકો પણ શત્રુઓથી પકડાઇ ગયાં. તેમના હાથ પગમાં સાંકળો નાખવામાં આવી બાદ તેમને ત્યાંથી લઇ જવામાં આવ્યાં. રાજા સમરસિંહને પણ બેશુદ્ધાવસ્થામાં બેડીઓ જડી તેજ વખતે દુર્જને નૌત્તમનગર તરફ મોકલાવી દીધા. વિજય અને વસંતને છાવણીમાં મોકલાવી દુર્જન સૈન્ય સાથે ચંદ્રાવતીમાં પ્રવેશ્યો.

આ સમયે એક ઘોડેસ્વાર દૂર વૃક્ષ નીચે ઉભો રહી યુદ્ધ અવલોકતો હતો. રાજા સમરસિંહનો પરાજય જોઇ તે ઘોડેસ્વારે એક દિર્ઘ નિઃશ્વાસ નાખી ઘોડાને ત્યાંથી પૂરપાટ દોડાવી મૂકયો; અને અલ્પ સમયમાં રાજમહેલ સમીપ આવી ઘોડેથી નીચે ઉતર્યો. તેણે આસપાસ જોઇ એક ઝીણી સિસોટી વગાડી. તત્કાળ ત્યાં આગળ પંદરેક કદાવર બાંધાના સશસ્ત્ર માણસો દોડી આવીને ઉભા રહ્યા. તેમાંના ચાર માણ-

સોને બે સુખપાલો લાવવાની આજ્ઞા કરી તે ઘોડેસ્વાર મહેલમાં ગયો. અંદર સર્વના શોકની સીમા નહોતી. તે આવનાર માણસે ત્યાં આવી સઘળી બીના જણાવી. રાણી ગુણસુંદરી છાતી માથું કુટવા લાગી. તેને અનેક પ્રકારે આશ્વાસન આપી આવનાર માણસે પોતાની સાથે આવવા સૂચવ્યું. ગુણસુંદરી અને વીરમતી તેને નહિ ઓળખવાથી જોઈ રહ્યાં. તેમના મનનો ભાવાર્થ સમજી તે માણસ કહેવા લાગ્યોઃ—"તમે સર્વ મારી બ્હેનો છો. તમે આજથી મને તમારો ભાઇ ગણજો; બ્હેનો! દુશ્મનો આવી પહોંચે તે પહેલાં તમે મારી સાથે ચાલો."

"ભાઇ! તમે કોણ છો?" વીરમતીએ પૂછ્યું.

"હું વૈરની આગથી બળતો, દુર્મદના નાશને માટે પ્રયત્ન કરતો અને નિર્દોષનું રક્ષણ કરવા અત્યારે અહિં આવેલો એક રાજપૂત છું.'

"તમારૂં નામ." ગુણસુંદરીએ પૂછ્યું.

"મારૂં નામ ભુજંગસિંહ છે. બ્હેન! ચાલો, વખત ગુમાવવાનું કારણ નથી. દુશ્મનો આવી પહોંચશે તો નાહક વિપત્તિમાં ફસાવું પડશે."

"ભાઈ! તમારે વિશ્વાસે અમે આવીએ છીએ, અમારૂં રક્ષણ કરનાર હવે તમેજ છો." કહી ગુણસુંદરી નાના રાજકુમારને લઈ કમળાને બોલાવવા બૂમો પાડવા લાગી, પરંતુ કમળા આવી નહિ. સેવકો આખા મહેલમાં ફરી વળ્યા પણ કમળાનો ક્યાંઇએ પત્તો લાગ્યો નહિ. છેવટે નિરૂપાયે ગુણસુંદરી જવાને આગળ થઈ. તેની પાછળ વીરમતી અને ઉપસેનાપતિની પત્ની સુમિત્રા હાથમાં જવાહિરના દાબડા લઇ ચાલવા લાગ્યાં. બીજી બે ચારેક દાસીઓ પણ સાથે જવા લાગી. બહાર બે સુખપાલો તૈયાર હતી. તેમાં સર્વને બેસારી ભુજંગ-

સિંહ તેના માણસો સાથે ચંદ્રાવતીમાંથી નીકળી ઘોર અરણ્ય તરફ વિદાય થઈ ગયો.

તે પછી થોડીવારે દુર્જનસાલ તેના અસંખ્ય સૈનિકો સાથે ત્યાં આવી પહોંચ્યો. સૈનિકોને નગર લુંટવાની આજ્ઞા આપી તેણે થોડાક માણસો સાથે રાજ્ય મહેલમાં લૂંટ ચલાવી. મહેલના રક્ષકોને મારી નાખવામાં આવ્યા. દાસીઓને કેદ કરી નૌત્તમનગર રવાને કરી દીધી. દુષ્ટના સૈનિકોએ નગરમાં ત્રાસ–ત્રાસ વર્તાવો દીધો. અનેક નિરપરાધીઓને મારી નાખવામાં આવ્યાં, કેટલાંક નગરજનો જીવ બચાવવાને નાશી છૂટયા. એવા ભયંકર પ્રસંગના છાવણીમાં રહેલા કનકકુમારને જાણ પડતાં તે તરત અશ્વપર સ્વાર થઈ નગરમાં આવ્યો અને ઠેકાણે ઠેકાણે પોતાના સરદારોને દોડાવી જુલ્મ અટકાવ્યો. સૈનિકો લૂંટેલો માલ લઈ રાજ્ય મહેલ આગળ એકત્ર થયા. તે પછી ઘાયલ રાજા દુર્મદસિંહને સુખપાલમાં સૂવારી ત્યાં લાવવામાં આવ્યો. દુર્જનસાલે તેમની તબીયતના સમાચાર પૂછી ચંદ્રાવતી વિષે સલાહ પૂછી. ચંદ્રાવતાની ગાદીએ કનકને બેસારવાનું કહી પોતાને નૌત્તમનગર લઈ જવાનું જણાવ્યું. તેણે કનક અને દુર્જનને કેટલીક સૂચનાઓ આપી તેજ વખતે નૌત્તમનગર તરફ પ્રયાણ કર્યું. ત્યાર બાદ કનકકુમાર તેના સરદારો સાથે નગરની વ્યવસ્થામાં રોકાયો અને દુર્જનસાલ છાવણી તરફ ઉપડી ગયો.

પ્રકરણ ૨૦ મું.

વસંત અને વિજય.

" સ્વદેશ પ્રેમિ વીરને, પ્રાણની પરવાહ નહિ,
ક્રોડ સુખ આવી મળે, પણ ટેકથી ચળતા નથી "

ભાનુ ભગવાનનો ઉદય થઈ ગયો હતો. જે રાજ્ય મહેલમાં રાજા સમરસિંહ દરબારીઓ સાથે બિરાજમાન થતા હતા, તે દરબારી હોલમાં આજે મોટો દરબાર ભરવામાં આવ્યો હતો. દુર્મદના સરદારો, સૈનિકો, અને ચંદ્રાવતીના નાગરીકોથી દરબાર ચિકાર ભરાઇ ગયો હતો. પ્રજા જનોનાં મુખ ઉતરી ગયાં હતાં. તેઓ શત્રુના ભયથી ન છૂટકે દરબારમાં આવીને હાજર થયા હતા. રાજા સમરસિંહના સિંહાસનપર આજે કનકકુમાર બેસવાનો હતો. તે હજી દરબારમાં આવ્યો નહોતો.

સેનાપતિ દુર્જનસાલ તેની આતુરતાથી રાહ જોઇ બેસી રહ્યો હતો. જ્યારે ઘણીવાર થઇ છતાં કનકકુમાર આવ્યો નહિ ત્યારે દુર્જને સિપાહીઓને વસંત તથા વિજયને ત્યાં હાજર કરવાનું ફરમાવ્યું. સિપાહીઓ ચાલ્યા ગયા અને થોડીવારમાં વસંત-વિજયને લઇ ત્યાં હાજર થયા.

વિજયના હાથે લોઢાની પાતળી સાંકળ બાંધેલી હતી. તેનું માથુ ઉઘાડું હતું. હજી સૂધી તેના શરીર ઉપર લોહીથી રંગાએલાંજ વસ્ત્રો

હતાં. જખમોમાંથી લોહી નીકળતું હતું, તોપણ વીર વિજય શત્રુથી નહિ ગભરાતાં હિંમત રાખી વનરાજની માફક ભર સભાની વચ્ચે આવીને ઉભો રહ્યો. વસંત છુટી હતી. તે પણ વિજયની જોડેજ દરબારમાં ઉભી રહી. બે સિપાહીઓ ખૂલ્લી તલવારો સાથે તેમની બન્ને બાજુએ ઉભા રહ્યા. તેમની દયાદ્ર સ્થિતિ જોતાં જ પ્રજાજનોનાં નેત્રોમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી. નૌત્તમનગરના સરદારો વિજયને હિંમતથા છાતી કાઢીને ઉભેલો જોઈ મનમાંજ તેની પ્રસંસા કરવા લાગ્યા. ઘણીવાર સુધી ત્યાં શાન્તિ ફેલાઇ રહી, અંતે દુર્જને ઉભા થઇ બોલવું શરૂ કર્યું:—" વિજયસિંહ ! તારો હવે શું વિચાર છે ? અમારા પક્ષમાં રહી સુખ ભોગવવું છે કે દુઃખમાં રીબાઇને મરવું છે ? છોકરા ! પૂર્ણ વિચાર કરજે. તું તારી સ્થિતિનું બરાબર અવલોકન કરજે અને પછીથીજ મને જવાબ આપજે ? "

" મ્હેં પૂર્ણ વિચાર કરી મૂકેલોજ છે. વીર પુત્રો શત્રુની દયાથી જીવવા કરતાં મૃત્યુને વધુ પસંદ કરે છે. હું તમારા જેવા હરામીઓના પક્ષમાં મળી પાપ કર્મમાં પ્રવૃત્ત થવા કરતાં સત્ય નિષ્ટાથી મારા અન્નદાતાની તરફ વફાદાર રહી સ્વર્ગનું સુખ સંપાદન કરવામાં ઘણીજ મહત્વતા સમજું છું. " વિજયે નિડરતાથી જણાવ્યું.

" શું તારો આજ જવાબ ?" દુર્જને લાલચોળ નેત્રો વડે તેના સામે જોઇ પૂછ્યું.

હા, આ " વીર રાજપૂતનો એજ જવાબ. " વિજયે જવાબ આપ્યો.

" વારૂ વસંત ! તારો શું વિચાર છે ?" દુર્જને વસંતને પૂછ્યું.

" જે વિજયસિંહનો જવાબ એજ મારો જવાબ." વસંતે જણાવ્યું.

" વસંત ! વિચાર કર, તું શા માટે નાહક મૃત્યુના મુખમાં જવાને ઇચ્છે છે ?"

"તે મારે સમજવાનું છે. વીર પુત્રીઓ પોતાનું ગૌરવ શામાં સમાયેલું છે એ પોતે સારી રીતે સમજી શકે છે."

"ઠીક ત્યારે, થાઓ હવે તૈયાર અને બની જાઓ અમારાં તાબેદાર."

"ક્ષત્રિય પુત્રો મરણુને સાથે રાખીનેજ ફરે છે, તેમને તૈયાર થવાની જરૂર નથી. મૃત્યુથી ડરનારા અને તેનાથી કંપનારા તો ફક્ત તારા જેવા કુટીલ ગુલામોજ હોય છે." વિજય વચમાં બોલી ઉઠયો.

"શું હું ગુલામ?" દુર્જન ગુસ્સે થઈ બૂમ પાડી ઉઠયો.

"હા, તું એક નીચ તુખમનો પ્રપંચી ગુલામ છે, આ પૃથ્વીના ભાર રૂપ છે, છતાં શા માટે આટલું અભિમાન ધરાવે છે?" વસંત બોલી ઉઠી.

"તું મને ગમે એવો કહે પણ હાલ તો હું આ ચંદ્રાવતીનો માલીક છું; તમારા પ્રાણ હરનાર યમરાજ છું. તમારા શબ્દો સાંભળી આગથી બળું છું, અને તેથી તમને મારી નાખવા અત્યંત આતુર છું." દુર્જને ક્રોધથી કહ્યું.

"નામર્દ ! તારા શરીરમાં આગ લાગો કે ગમે એ થાવ એની અમને દરકાર નથી. તારામાં કેટલું શૌર્ય છે તે હું સારી રીતે જાણું છું, અને તેથીજ તને બોલીને બળ બતાવનાર શ્વાન સમાન સમજું છું. એ પાપના પુતળા ! ત્હેં ઘોર અત્યાચાર કર્યો છે. એક સત્યવાદી રાજાને દગાથી દુનિયાંની પાર કર્યો છે. બસ એજ તારા કાળચક્રની સાબિતી છે. દુર્જન ! ચંદ્રાવતીની પ્રાપ્તિથી તું મનમાં ફુલાઇશ નહિ. આ વીર વસુધાનો પ્રભાવ તો કંઇક ઓરજ છે. યાદ રાખજે કે અહિંના જડ પદાર્થો પણ ચૈતન્યવાન્ થઈ તમને સુખે જંપવા દેશે નહિ." વિજયે ઉશ્કેરાઇ જણાવ્યું.

"છોકરા! તારા જીભ હદથી વધારે કામ કરે છે, તું તેને હદમાં રાખ. જે દુર્જનસાલને તું અપશબ્દોથી બોલાવે છે, તે કેવો બળવાન્ છે તેની તને રણાંગણમાં તો ખબર પડી છે. ચંદ્રાવતીના વીર યોદ્ધાઓને મચ્છરની માફક મસળી નાખનાર આ દુર્જનનું અપમાન કરવાથી તારા દુઃખમાં ઘણોજ વધારો થાય છે." દુર્જને કહ્યું.

"બળની બડાઈ મારનાર ગધેડા! તારામાં તાકાત હોય તો મને છૂટો કરી મારી સામે થઈ જા. તે પછી તને તરત માલમ પડશે કે આપણા બન્નેમાં બળવાન કોણ છે. તું કહે છે કે મૃત્યુના દુઃખમાં વધારો થયો છે. પણ ઓ મૂર્ખ! તું કેમ સમજ તો નથી? કે લોઢાની સાંકળથી બંધાઈને તારૂં અપમાન કરનાર આ વીર શત્રુઓની વચમાં ઉભો રહ્યો છે; તે તેનું ભવિષ્ય સારી રીતે સમજે છે અને મહાન્ ભયંકર દુઃખથી મરવામાં પોતાની મહત્વતા સમજે છે. સાંભળ.

દુનિયાંમાં દુઃખ પામતાં, મળતી અતિ મોટાઈ;
તાતે તેલ તળાઈને, પામે વડાં વડાઈ."

"ચૂપકર શયતાન." કહી દુર્જનસાલ વધુ ઉશ્કેરાઈ તેના સરદારો, પ્રત્યે કહેવા લાગ્યોઃ—"મારા બહાદુરો! તમે જોયું ને કે આ શત્રુના છોકરાએ મારૂં હડ હડતું અપમાન કર્યું છે. માટે ઉભા થાઓ અને તેના પડખામાં ઉભેલી વસંતને ત્યાંથી પકડી લઇ તે ચંડાળને સત્વર કાપી નાખો કે જેથી તે બોલતો બંધ થઈ જાય." તેની આજ્ઞા શ્રવણ કરી દશેક સરદારો આસનપરથી ઉઠી વિજયની નજીક જવા લાગ્યા, તેમને આવતા જોઈ વિજય ભયંકર ત્રાડ મારી બોલી ઉઠયોઃ—"ખબરદાર! એટલેજ રહેજો. આ વસંતના શરીરે સ્પર્શ કરતાંજ સમજજો કે આ કાળો નાગ તેના ફુંફવાટથી તમને બાળીને ભષ્મ કરશે."

તેનો ભયંકર અવાજ સાંભળી આગળ વધતા સૈનિકો અટકીને ઉભા રહ્યા. આવું જોઈ પુનઃ દુર્જનસાલ બૂમ પાડી કહેવા લાગ્યો. "સરદારો ! શા માટે ડરો છો ? જાઓ, એકદમ આગળ વધો અને વસંતને પકડો." વળી પાછા સરદારો આગળ વધ્યા અને તેઓ જેવા વસંતને પકડવા જાય છે કે તત્કાળ વિજયે વાઘની માફક છલંગ મારી આગળ આવેલા એક સરદારના માથામાં સાંકળ વાળા હાથે પ્રહાર કર્યો. તે સરદારનું માથું ફુટી ગયું. લોહીની ધારા વહેવા લાગી. એટલામાં તો વીર વિજય અત્યંત ઉશ્કેરાઇ ત્રાડ પાડી બોલી ઉઠયો:—" ઓ નૌત્તમનગરના નામર્દો ! આ વનરાજને છંછેડી હવે શું સાર નીકળે છે તે જોવાને તૈયાર થઈ જાઓ. આ ચંદ્રાવતીનો વીર પુત્ર તમારા સર્વની વચ્ચમાં લોઢાની સાંકળથી બંધાઇને ઉભો છે છતાં તે કેવો કાળો કેર વર્તાવે છે તે જુઓ. ઓ પાખંડીઓ ! જુઓ, જુઓ, ધારી ધારીને જુઓ કે આ તમારી લોખંડી સાંકળની શું દશા થાય છે." આમ બોલતાંજ તેણે અત્યંત જોરથી એક આંચકાની સાથેજ લોઢાની સાંકળ તોડી નાખી. તેના કાંડામાંથી લોહી નીકળવા લાગ્યું. તેની આંખ્યો ફાટી ગઇ. તેણે તત્કાળ છલંગ મારી પાસે ઉભેલા એક સરદારના હાથમાંથી તલવાર છીનાવી લીધી અને રૌદ્ર ગર્જનાથી બોલી ઉઠયો, "આવો, આવો, જેનાથી અવાય એ મારી પાસે આવો. ઓ નૌત્તમનગરના ગુલામો ! આવો, યુદ્ધનો ખેલ ખેલવા એકેક આવો કે સામટા આવો." કહી વિજય વસંતને પડખામાં રાખી એક હાથથી તલવાર ઉંચી કરી વિક્રાળ સ્વરૂપે ઉભો રહ્યો. તેની ભયાનક મુખ મુદ્રા નિહાળી સઘળા દિઙ્મુઢ બની ગયા. કોઈ પણ સરદાર અગર સિપાહી આગળ વધવાની હિંમત કરી શક્યો નહિ. પ્રજાજનો તેના શૌર્યથી પ્રસન્ન થઇ મનમાં પ્રભુ પાસે તેનું મંગળ યાચવા લાગ્યા. સરદારોને તથા સિપાહી-

ઓને સ્તબ્ધ-બનેલા જોઇ દુર્જનસાલ ક્રોધથી કંપી કહેવા લાગ્યોઃ-" ઓ નૌત્તમનગરના વફાદારો! હું આજ સુધી નહોતો જાણતો કે તમે આવા ડરપોક અને નામર્દ છો. તમારી હાજરીમાં મને એક શત્રુ બાળક ન કહેવાનાં વચનો સંભળાવે છે, તે સાંભળીને તમે મરી જાઓ. તમારા અપમાનથી શું મુખ લઇને અહિં ઉભા છો ? જાઓ, જાઓ, સમુદ્રમાં પડી આત્મ હત્યા કરીને મરી જાઓ." તેના શબ્દોથી સરદારો ઉશ્કેરાઈ ગર્જના કરી બોલી ઉઠયાઃ—" સરકાર ! આજ્ઞા આપો કે જેથી અમે તેના ચૂરેચૂરા કરી નાખીએ ? "

" શાહાબાશ ! તમે આખરે પરીયાનું પાણી રાખ્યું તો ખરૂં. મારા સુભટો ! જાઓ, આગળ વધો અને તે બન્નેના કાપી કટકેકટકા કરો." દુર્જને આજ્ઞા આપી. સરદારો તલવારો ખેંચી આગળ વધ્યા. વિજય તલવાર ઉંચી કરી કુદી પડવા ઉત્સુક થયો કે તરત વસંતે તેનો હાથ પકડી આગળ વધતો અટકાવ્યો અને ધસી આવતા શત્રુઓને રોષથી કહેવા લાગીઃ—" થોડીવાર સબુર કરો, અને તમે તમારા સરદાર સાથે મારા બે બોલ સાંભળી લ્યો. જે ચંદ્રાવતીને હાથ કરી તમે અભિમાનમાં આંધળા થઈ પાપ કર્મમાં તદ્રુપ બન્યા છો પરંતુ ભવિષ્યમાં સાવધ રહેજો. અમે વફાદારીથી પ્રાણનું વિસર્જન કરવાને તૈયાર છીએ. તે પહેલાં હું તમને જણાવું છું કે અમારા મૃત્યુનો દંડ તમને ઘણોજ ભારે થઈ પડશે; અને અલ્પ સમયમાં તમારે માથે ભયંકર મૃત્યુનો પેગામ આવી ચૂકશે. દુર્જન ! તું પણ જાણજે કે તારૂં અને તારા અધર્મી રાજાનું ઘણુંજ ઘાતકી રીતે મૃત્યુ થશે. બસ, હવે આવો અને અમારા પ્રાણ લેતાં શું થાય છે તે જુવો. " કહી વસંત હિંમતથી ઉભી રહી. સરદારો આગળ વધ્યા. વિજયે કારમી ત્રાડ પાડી. શૌર્યથી તેનું સમસ્ત શરીર ધ્રુજી ઉઠયું. ભયંકર પ્રસંગ

નિકટ આવી પહોંચ્યો, પણ એ અરસ્સામાંજ કનકકુમાર ત્યાં ઉપસ્થિત થયો, અને તેણે ભયંકર પ્રસંગ નિહાળી હાથ લાંબો કરી આગળ વધતા સરદારોને અટકાવી સર્વને પોતપોતાના આસનો પર બેસવાનું કહી દૂર્જનને પૂછ્યું:-

"સેનાપતિ! દરબારમાં આ શું તોફાન છે?"

દુર્જને વિજય તરફ હાથ લંબાવી કહ્યું:—"કુમાર શ્રી! તોફાનમાં ફક્ત આ શત્રુ શયતાનનું પ્રબળ કામ છે. તેણે આજે મારૂં અને મહારાજાનું હડહડતું અપમાન કર્યું છે."

"વિજયસિંહ! શું આ સત્ય વાત છે?" કનકે પૂછ્યું.

"હા, વીરપુત્રને છાજતુંજ મ્હેં કાર્ય કર્યું છે.' વિજયે જણાવ્યું.

કનક તેનાં વચન સાંભળી હસ્યો. તેણે પછી ઘણા માનથી વસંત વિજયને બોલાવી પોતાની પાસે બેસાડયાં; અને બનેલા બનાવ વિષે દિલગીરી જાહેર કરી કહ્યું:-"વિજયકુમાર! તમારામાં વીરપુત્રને લાયકના તમામ ગુણ ભરેલા છે. હું તમને મારા મિત્ર બનાવવા ઈચ્છું છું. બોલો, તમે મારા મિત્ર થશો કે?"

વિજય વિચાર કરી બોલ્યો:-"રાજકુમાર! તમે સદગુણના ભંડાર છો. રાક્ષસના કુળમાં પવિત્ર દેવનો અવતાર જોઇ હું ઘણો આશ્ચર્ય પામું છું અને તમારા અમૂલ્ય ગુણથી આકર્ષાઈ હું તમારી મિત્રતા કબુલ કરૂંછું."

"ઘણોજ ઉપકાર થયો. તમે આપણી મિત્રતાની યાદમાં આ-હિરાજડીત સમશેર સ્વિકારો, અને બ્હેન વસંત તમે પણ આ મણિ-માળા તમારા કંઠમાં ધારણ કરો." કહી તેણે સમશેર વિજયને અને મણિમાળા વસંતને આપી. વસંત-વિજયે તેની બક્ષિસનો આનંદથી સ્વીકાર કર્યો. બાદ તેમને સારાં વસ્ત્ર ધારણ કરાવી કનક કહેવા લાગ્યો:-"વિજય કુમાર! હવે આપની શું ઈચ્છા છે?"

"મારા અન્નદાતાનું શ્રેય કરવાની મારી અત્યંત ઉત્કંઠા છે, અને તેથી હું અને વસંત અત્રેથી જવાની આજ્ઞા માગીએ છીએ."

"તમારે જવાની શું જરૂર છે? હું તમને એક મોટી જાગીર કાઢી આપીશ કે જેથી તમારૂં જીવન સુખમાં ગુજરશે." કનકે કહ્યું.

"કનક કુમાર! તમે ક્ષત્રિયોના ધર્મથી જાણીતા છો છતાં કેમ ભૂલો છો? તમે જો કે હાલ મારા મિત્ર થયા છો, પરંતુ મારા માલીકના શત્રુ કુમાર હોવાથી એક લેખે તમે પણ મારા શત્રુજ ગણાઓ. હું આપની આપવા ધારેલી જાગીરનો સ્વીકાર કરવા ખુશી નથી. વીરપુત્રો શત્રુની દયાથી તેના આપેલા દાનનું ગ્રહણ કરતા નથી; અમે અમારૂં ગુમાવેલું તલવારના બળથી આપના પિતાની પાસેથી પાછું મેળવીશું." વિજયે જણાવ્યું.

કનકકુમાર આશ્ચર્ય યુક્ત થઈ બોલ્યો:—"જ્યારે તમે મારા મિત્ર થયા છો ત્યારે હવે અમારી સાથે લડવાનો શા માટે વિચાર રાખો છો?"

"અમે જેનું અન્ન ખાઈ આટલાં મોટાં થયાં છીએ તેના શ્રેયમાં આ પ્રાણ જાય એમાંજ અમે અમારી મહત્વતા સમજીએ છીએ. સમરાંગણમાં પિતા પુત્ર મિત્ર વગેરે જે કોઈ હોય તેની સામે યુદ્ધ કરવું એજ ક્ષત્રિયનો પ્રાચિન ધર્મ છે. તમે મારા મિત્ર છો, પણ રણભૂમીમાં શત્રુ કુમાર તરીકે અમારી સામે આવશો. તે સમયે મારે તમારી સાથે યુદ્ધનો ખેલ ખેલવો પડશે. રાજકુમાર! તમારા પિતાના અત્યાચારથી ભવિષ્યમાં ભયંકર પ્રસંગ ઉપસ્થિત થશે, અને તેજ વખતે તમારા પૂર્ણકળાથી તપતા સૂર્યનો અસ્ત થશે. તેમ..." વિજય એકાએક બોલતો બંધ થયો. કારણ કે બહારથી કાનને ફાડી નાખે એવા અવાજથી

કોઇક બોલી ઉઠયું:—"કનક! વિજયે ભાખેલી ભવિષ્ય વાણી સત્ય થશે અને કુકર્મીઓ દૈવના કોપથી રીબાઇ રીબાઇને મરશે."

આવો ગયબી અવાજ સાંભળી સઘળા સ્તબ્ધ બની એક બીજાની સામે જોઈ રહ્યા. સિપાહીઓએ બહાર નીકળી ઘણી તપાસ કરી પણ તે બોલનારનો પત્તો લાગ્યો નહિ, આથી ગ્લાની યુક્ત થઇ કનકે વિજયને મળી ભેટી જ્યાં જવું હોય ત્યાં જવાની રજા આપી. વસંત વિજય તેના સદ્‌ગુણનાં વખાણ કરતાં ત્યાંથી ચાલતાં થયાં. બન્ને જણાં બન્સીને ઘેર ગયાં. બન્સી ચાર પાંચ દિવસથી તાવથી સખ્ત પીડાતો હતો. તે તેમને જોઈ ઉભો થઇ ભેટી પડયો. તેમણે ઘણીવાર સૂધી વાતો કરી હૃદયનો ભાર ઓછો કર્યો. બાદ વિજયે જવાની આજ્ઞા માગી. બન્સીએ તેમને ત્યાં રહેવાનું ઘણુંએ સમજાવ્યું પણ તેમણે માન્યું નહિ. બન્સી કલ્પાંત કરવા લાગ્યો. આથી વિજયે તેની પાસે જઇ તેના કાનમાં કંઇક વાત કહી સમજાવ્યો. અંતે બન્સીએ તેમને ભોજન કરાવી વિદાય કર્યાં. વસંત–વિજય નગરની બહાર નીકળી અઘોર અરણ્ય તરફ ચાલવા લાગ્યાં. તેમના ગયા પછી કનકકુમારને ચદ્રાવતીની ગાદી ઉપર બેસારવાની ક્રિયા થઇ. અમૂઝાતા પ્રજાજનોને કનકે શાન્તિદાયક ભાષણ કરી શાન્ત પમાડયા. છેવટે સૈનિકોને પણ મનમાનતા શિરપાવ આવી દરબાર વિસર્જન કરવામાં આવ્યો. વસંત વિજયને નિર્વિઘ્ને છોડી મૂકેલાં જોઇ દુર્જનસાલના ક્રોધનો પાર રહ્યો નહોતો. તેણે મનથી કનકને અનેક કુવચનો સંભળાવ્યાં. દરબાર વિસર્જન થતાં તે પણ ક્રોધથી બળતો ભવિષ્યની કંઇક છૂપી ગોઠવણના તર્ક વિતર્ક કરતો ચાલતો થયો.

પ્રકરણ ૨૧ મું.

—:o:—

"દુષ્ટનું દુષ્કર્મ."

"પાપી પ્રપંચી જન તણો, વિજય ધારવો દિન ચારનો;
પણ સત્યવાદી સદા સુખી, એ ન્યાય વિભુ દરબારનો."

જ્યાં રાજા સમરસિંહનું શાન્તિદાયક રામરાજ્ય હતું. ત્યાં હવે દુષ્ટ દુર્મદનું દુ:ખદાયક રાજ્ય શરૂ થયું હતું. પ્રજાની ઉપર અત્યંત જુલમ ગુજરવા મંડ્યો. આબરૂદાર લોકોની વહુ દિકરીઓથી બહાર નીકળી શકાતું નથી. દ્રવ્યવાન માણસોની પાસેથી પૈસા પડાવવાને અધિકારીઓ અનહદ જુલમ ગુજારવા લાગ્યા. કનકકુમાર જો કે દયાળુ હતો, પણ તે હજી અનુભવી હતો. આથી તે બરાબર બંદોબસ્ત રાખી શકતો નહોતો. ઉપરાઉપરી લોકોની ફરિઆદો આવતી તે સાંભળી લોકોને તે આશ્વાસન આપતો. કનકકુમાર ઘણી તપાસ રાખતો હતો પણ જુલમ ગુજારનારાઓની તેને ખબર પડતી નહોતી. આવી રીતે સમય વ્યતિત થતો હતો; એવામાં એક દિવસે કનકકુમાર વેષ બદલી ચારેક અંગ રક્ષકોને સાથે લઈ મધ્ય રાત્રિના સમયે નગરમાં ફરવા નીકળ્યો. ચારે દિશામાં અંધકાર છવાઈ રહ્યો હતો. સર્વત્ર શાન્તિ પથરાયેલી હતી. કનક તેના અંગરક્ષકો સાથે નગરના મધ્ય ભાગમાં થઇને આગળ ચાલવા લાગ્યો. થોડેક દૂર જતાં તે એકાએક

અટકીને ઉભો રહ્યો. તેના અંગરક્ષકો પણ દિઙ્મુઢ બનીને ઉભા રહ્યા. એનું કારણ એ હતું કે તેમને ત્યાંથી થોડેક દૂર ચાલી જતા ચાર પાંચ માણસોના કાળા ઓળા જણાયા. કનક આંખ્યો ખેંચી તેમની તરફ જોવા લાગ્યો તો તેની નજરે પાંચ કદાવર પુરૂષો કાળા ઝભ્ભાથી શરીરને ઢાંકી ચાલ્યા જતા જણાયા. એ લોકો કોણ હશે અને આ કાળી રાત્રે કઇ તરફ જતા હશે? આમ વિચાર આવતાં કનક તેના અંગરક્ષકોને લઇ ઝડપથી તેમની પાછળ પાછળ જવા લાગ્યો. તે પાંચે પુરૂષો ગલીકુંચીઓ વટાવતા-વટાવતા આખરે એક મોટી હવેલી આગળ આવીને અટક્યા. એ હવેલી કોષાધ્યક્ષ મોહનરાયની હતી. કનક અને તેના માણસો તેઓની ચર્ચા જોવાને થોડેક દૂર છૂપાઇને ઉભા રહ્યા. એ અરસ્સામાંજ તે પાંચ માણસોમાંથી એક બોલ્યો:—"સરદાર! આપણે જેને ઉપાડવાને આવ્યા છીએ, તે અત્યારે ક્યાં સૂતી હશે?"

"મારા ધારવા પ્રમાણે તો તે આ ખુલ્લા દેખાતા જરૂખામાં જ સૂતેલી હશે." જવાબ મળ્યો.

"એતો જાણે સમજ્યા, પણ તેને ત્યાંથી નીચે લાવવી શી રીતે? અહિંથી ઉપર ચઢતાં જો નીચે સૂતેલા સિપાહીઓ કદાચ જાગી ઉઠશે તો આપણી શું દશા થશે?"

"એમાં તે વળી શું દશા થવાની છે? જો કદાચ તેઓ જાગી ઉઠશો તો આપણી સમશેરોને સ્વાધિન થઇ જમીન ઉપર પડશે." મારા બહાદુરો! હું કેવો બળવાન છું અને કેવો સત્તાવાન છું તેની તમને ખબર છે છતાં શા માટે ડરો છો? અરે કદાચ મોહનરાય જાગે તોપણ શું થઈ ગયું? આ દુર્જનસાલનું રાજ્ય છે, અને તે ધારે તે કરી શકવાને સમર્થ છે. માટે મારા શૂરાઓ! તમે આ પાછલી બાજુએ થઇને ઉપર ચઢો અને એ રઢીયાળી સુધાને નીચે ઉપાડી આવો."

" જેવી આજ્ઞા." કહી ચારે જણા પાછળની બાજુએથી ગોખલામાં પગ ટેકવી ઉપર ચઢવા લાગ્યા.

આ નિશાચરો અન્ય કોઇ નહિ પણ સેનાપતિ દુર્જનસાલ અને તેના સાથીતો પ્રપંચપ્રસાદ તથા શઠરાય છે. તેઓ તેમના સિપાહીઓ સાથે સુધા સુંદરીને ઉપાડવા આવ્યા છે. કારણકે દુર્જનસાલ સુધાને જોઈ તેની ઉપર મોહિત થયો હતો. સુધાને પોતાના સ્વાધિનમાં લેવાને તેણે ઘણીએ યુક્તિ-પ્રયુક્તિઓ કરી હતી પરંતુ કોઈ ઉપાયે તે તેના હાથમાં આવી નહોતી. આથી તે આજ રાત્રિને સમયે તેનું હરણ કરવાનો નિશ્ચય કરી તેના માણસો સાથે નીકળ્યો હતો. ચંદ્રાવતી નગરમાં દુર્જનના પ્રતાપથીજ જુલ્મ-ત્રાસ-વગેરે વર્તાતો હતો.

પેલી તરફ છૂપાઇ રહેલા કનકકુમારના જાણવામાં પણ સઘળું રહષ્ય આવી ગયું. દુર્જન આવો દુષ્ટ છે તેની તેને સ્વપ્ને પણ આશા નહોતી. તે મનમાંજ બોલી ઉઠયો કેઃ-" દુર્જન ! હું તને આજ સુધી ઘણોજ લાયક માણસ સમજતો હતો. પરંતુ આજ તારા ગુણની મને સંપૂર્ણ ખાત્રી થઇ ગઈ છે. ખરેખર મારા પિતાએ તેમના જેવોજ એક પાપ બુદ્ધિવાળો સેનાપતિ મેળવ્યો છે; અને તેથીજ પિતાની બુદ્ધિમાં કંઈ ફેરફાર થતો નથી. આ ચંદ્રાવતી નગરમાં થતા જુલ્મમાં પણ તે પાપીનો હાથ અવશ્ય હોવોજ જોઇએ. બચ્ચા દુર્જન! હવે તારા પાપનો ઘડો સંપૂર્ણ ભરાઇ ચૂક્યો છે. તારી કુટિલતા આ આંખ્યો અત્યારે પ્રત્યક્ષ અવલોકી રહી છે. તું તારા મનમાં એમ સમજતો હોઇશ કે રાજા દુર્મદનો તું જમણો હાથ છે, પણ તેમાં તારી ભૂલ છે. રાજા દુર્મદ તો અત્યારે દૂર છે અને ચંદ્રાવતીની સત્તા હાલ મારા હાથમાં છે. હું અવસ્ય તને તારા પાપનું પ્રાયશ્ચિત કરાવીશ, પછી ભલે હું મારા પિતાના કોપને પાત્ર થઇશ." આમ મનમાં બોલી કનકકુમાર શાન્તિથી

સર્વે પ્રકાર અવલોકવા લાગ્યો. આટલી વારમાં તો ઉપર ચઢી ગએલા માણસો સુધાને ઉપાડી નીચે ઉતરવા લાગ્યા. દુર્જનસાલ આનંદ પામ્યો. થોડીવારમાં સુધાને લઇ ત્રણે જણા દુર્જનની પાસે આવ્યા. સુધા ધાઢ નિદ્રામાં હતી. તેને તે લોકોએ ઘણી જ સફાઇથી હાથમાં ઉપાડી હતી કે તે જાગી ઉઠે નહિ. બાદ સઘળા ત્યાંથી ચાલવા લાગ્યા. જેવા તે આગળ જવા લાગ્યા કે તરત કનકે તેના અંગરક્ષકોને કંઇક ખાનગી સૂચના કરી દીધી. બાદ તે તેઓની પાછળ જઇ કોપયુક્ત શબ્દે બોલ્યો:–"ઓ કાળી રાત્રે કાળું કૃત્ય કરનારા કુટિલો! ઉભા રહો, આગળ વધશો નહિ."

સઘળાઓએ ચમકીને પાછળ જોયું. દુર્જનસાલ તેની સામે આવી ડોળા ધુરકાવી બોલ્યો, "અરે,! તું કોણ છે અમને અટકાવનાર ?"

"તે જાણવાની તારે જરૂર નથી. ઓ પિશાચરાજ! તું જવાબ આપ કે આવું પાપકર્મ કરવાનું શું કારણ છે?" કનકે પૂછ્યું.

"અરે ઓ કાળના કોળીયા! તું વળી કારણ પૂછનાર કોણ મુઓ છે? જા, છાનોમાનો ચાલ્યો જા, નહિ તો ક્યાંક અંધારી કોટડીમાં પૂરાઇ ભૂખે તરશે મરી જવું પડશે."

"મારે મરવું પડશે કે તારે તેની તને હમણાંજ ખબર પડશે. નરાધમ! તું સેનાપતિ જેવા મહાન્ પદને પામી લોકોનું કલ્યાણ કરવાને બદલે આવાં નીચ કર્મો કરે છે કે? અરે જે તારી બ્હેન-પુત્રીઓ કહેવાય તેની ઉપર કુદૃષ્ટિ કરે છે? બસ તારા પાપનો પૂરાવો આ અત્યારે હાજર છે, અને તેથી તું મારો કેદી છે."

"શું તું મને કેદ કરીશ ?" દુર્જને પૂછ્યું.

"હા, કેદ કરીશ અને તારા અપરાધનો ન્યાય કરી હું તારી જીવતાંજ ચામડી ઉતરાવીશ." કનકે ક્રોધથી કહ્યું.

"નાદાન છોકરા! મને લાગે છે કે તારૂં મ્હોત જ તને આવી રીતે બોલાવે છે. અલ્યા! જણાવતો ખરો કે મને મારનાર તું કોણ છે?"

"હું કનકકુમાર."

"હેં!" કહી દુર્જન ચાર ડગલાં પાછળ હઠયો. તેના માણુસો પણ તેને ઓળખી ધ્રુજી ઉઠયા. તેમના હાથમાંથી સુધા નીચે પડી ગઈ. તે નીચે પડતાં જ જાગૃત થઈ અને બેબાકળી બની ચીસ પાડી ઉઠી; તેને ભયગ્રસ્ત થએલી જોઇ કનકે કહ્યું:—"બ્હેન! તું ભય પામીશ નહિ. આવ, આમ મારી પાસે આવ." કહી કનક તેને પોતાની તરફ ખેંચી લઈ તેના સરદારો પ્રત્યે કહેવા લાગ્યો:—"મારા સરદારો! શું જોઇ રહ્યા છો? આ ચંડાળોને એકદમ પકડી લઇ અત્યારે કોટડીમાં પૂરી મૂકો." તેની આજ્ઞા સાંભળી સરદારો દુર્જન અને તેના માણસોની આસપાસ ફરી વળ્યા. આવું જોતાં જ દુર્જન કોપયુક્ત વદને તલવાર ખેંચી બોલી ઉઠયો:—"કનક! મને પકડતાં પહેલાં વિચાર કરજે. તું મને કોની આજ્ઞાથી પકડે છે? તું એક બાળક છે અને માત્ર નામનો જ રાજા છે."

"ચૂપ કર, હું તારૂં કંઇ પણ સાંભળવાને નથી ચાહતો. તારાં અનેક પાપ જાણતાં મારા હૃદયમાં કોપ માતો નથી. સરદારો! લઇ ચાલો આ સર્વ કર્મ ચંડાળોને." પુનઃ કનકે આજ્ઞા આપી.

"સત્પુર, મને લઈ જતાં પહેલાં તો તમારા લોહીની નદી વહેશે. આ દુર્જન કાળો નાગ છે અને તે મોટી ઉથલપાથલ કરવાને સમર્થ છે."

"એમ તો થઈ જા તૈયાર, હું તને અત્યારેજ મોકલું છું સ્વર્ગને દ્વાર." કહી કનક તલવાર ખેંચી તેની તરફ ધસ્યો. આવો ભયંકર મામલો જોઇ શઠરાય અને પ્રપંચપ્રસાદ યુક્તિપૂર્વક ત્યાંથી નીકળી નાશી ગયા. દુર્જન અને તેનો બાકી રહેલો એક માણુસ પૂર્ણ જોશથી

કનકની સાથે લઢવા લાગ્યા. તેમના શોર બકોરથી મોહનરાય શેઠ પણ જાગી ઉઠયા અને નોકર ચાકરો સાથે ત્યાં દોડી આવ્યા. હવે હું જરૂર પકડાઇ જઇશ એમ ધારીને દુર્જનસાલ ભયાનક ગર્જના કરી કુદયો; અને લાગ જોઇ કનકની પર તલવારનો પ્રહાર ક્યો. કનકે તેની તલવારનો પ્રહાર પોતાની તલવાર પર ઝીલ્યો. આથી કનકના અંગરક્ષકો ઘણાજ ઉશ્કેરાઇ ગયા. તેમણે જોત જોતામાં દુર્જનના માણસને કાપી નાખ્યો. છેવટે દુર્જન લઢતો—લઢતો પાછલે પગલે નાસવા લાગ્યો. તે તલવાર ફેરવવામાં ઘણો નિપુણ હતો. તેણે ઘણીવાર સુધી પોતાનો બચાવ ક્યો. બાદ લાગ મળતાં દુષ્ટ દુર્જને કારમી કીકીયારી કરી સરદારો સામે ધસી રસ્તો ક્યો; રસ્તો મળતાંજ લઢવું છોડી દઇ દુર્જનસાલ મૂઠીઓ વાળીને નાઠો. કનકના સરદારો તેને પકડવાને દોડયા, પણ તે પાપનું પુતળુ હાથ આવ્યું નહિ. આથી નિરાશ થઈ સઘળા કનકની પાસે પાછા આવ્યા.

ત્યાર બાદ કનકે મોહનરાયને સળી સર્વે વાતથી વાકેફગાર કરી સુધાને તેમને સ્વાધિન કરી. દુષ્ટ રાજાના દાના પુત્રનું કામ જોઈ મોહનરાય પ્રસન્ન થઇ ઉપકાર માનવા લાગ્યો; કનકે ઉપકારનો પ્રત્યુતરવાળી ત્યાંથી ગમન કર્યું. તેણે રાજ મહેલમાં આવી એક પત્રમાં દુર્જનસાલનાં નીચ કૃત્યો અને પોતાની ઉપર ખૂની હુમલો કરી નાશી જવું વગેરે બાબત લખી તેજ વખતે એક ઘોડેસ્વારને પત્ર આપી નૌત્તમ નગર તરફ વિદાય કર્યો.

વાચકો! ચાલો આપણે પણ એ ઘોડેસ્વારની પાછળ નૌત્તમનગર તરફ પ્રયાણ કરીએ, કારણ કે ત્યાં પણ ઓરજ પ્રકારની લીલા થઈ રહી છે.

પ્રકરણ ૨૨ મું.

" પ્રિય દર્શન. "

તને ચાહુ છું, એ કદી નવ પડયા શબ્દ શ્રવણે,
હવે એ શબ્દોના હૃદય ભણકાર મુજ સુણે;
કહેતી આંખો તે કયમ પ્રિય મુખે તેં નવ કહ્યું,
અરે! તેને માટે તૃષિત ઉર આ છેવટ રહ્યું.

કલાપી.

રાત્રિના ભયંકર અંધકારનું સામ્રાજ્ય સર્વત્ર છવા-વાએલું હતું. વર્ષાઋતુનો સમય હોવાથી આકાશ મેઘાચ્છાદિત્ થએલું હતું. પ્રતિક્ષણે વિજળીયોના ચમકારા થતા હતા. દેડકાં આદિ જળચર જંતુઓના કુતુહલ વર્ધક અવાજ સંભળાતા હતા. રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. આ સમયે નૌત્તમનગરના વિશાળ રાજમહેલમાં આવેલા એક સુંદર ઓરડામાં રાજકન્યા રમાદેવી પોતાની સામે બાજઠ પર મૂકેલી એક મોટી છબીને એક ચિત્તે અવલોકી રહી છે. છબીની બન્ને બાજુએ સુવર્ણની દીવીઓમાં ઘીના દીપક પ્રકટાવેલા છે. છબીને સુવાસિક પુષ્પોનો હાર પહેરાવેલો છે. રમા તે છબીની સામે જોઇ રહી ધ્યાનસ્થ થએલી છે. ધ્યાનમાં મિંચાએલાં નેત્રોમાંથી અશ્રુધારા નીકળી રહી છે. રાજ પુત્રી જે છબીનું ધ્યાન ધરી રહી છે, તે રાજપૂરના પાટવી રાજકુમાર રાજસિંહની છબી

હતી રમાને જ્યારથી રાજપૂરના નાશની તેમજ રાજસિંહના સ્વર્ગ ગમનની ખબર પડી ત્યારથી તે કિશોર કન્યાએ સુંદર વસ્ત્રોનો ત્યાગ કરી ભગવી કંથા ધારણ કરી હતી. સંસારમાં તે વૈરાગ્ય અનુભવી રહી હતી. તેને ખાવું, પીવું, ફરવું વગેરે કાંઈ પણ ગમતું નહોતું તે તેનો ઘણો ખરો સમય રાજસિંહની છબી આગળ બેસી રહી વ્યતિત કરતી હતી. રમા રાત્રિએ પણ તે છબીની પાસેજ સૂઈ રહી આજ મારો પતિ છે એમ ધારીને તે મન–વચનને કર્મથી તેનું ધ્યાન ધરી રહી હતી રાજા દુર્મદે તેને દુઃખ દેવામાં બાકી રાખ્યું નહોતું. તેણે રાજસિંહને ભૂલવાને માટે રમાને અનેક વખતે કહ્યું; પરંતુ રમાએ તેના શબ્દોની દરકાર નહિ કરતાં છેવટે ખૂલ્લું જણાવી દીધું હતું કે, "જેને મ્હેં એક વખતે મારો કહી આ હૃદય અર્પણ કર્યું છે તેને જીવતાં સુધી તો ભૂલી શકાય એમ નથી. હું એક સદગુણી માતાની પુત્રી છું; મારા મુખમાંથી નીકળેલું વચન પ્રલયકાળે પણ ફરનાર નથી. બાપુ! આપનાથી દેવાય એટલું દુઃખ મને દ્યો; હું આપનો જુલ્મ સહન કરવાને તૈયાર છું. આપના કષ્ટથી મારી કસોટી થાય છે; અને તે કસોટી સ્વર્ગમાં ગએલો મારો રાજસિંહ અદૃશ્ય રહી જોયા કરે છે. પિતાજી! હું તેની છું અને મરણ પછી પણ તેની સેવામાં ઉપસ્થિત થનાર છું."

રમાનું આવું બોલવું સાંભળી છેવટે દુર્મદ અકળાઇને ત્યાંથી ચાલ્યો જતો.

આજે પણ રમા ઘણીવાર સુધી ધ્યાનસ્થ દશામાં બેશી રહી. છેવટે તેણે નેત્રો ઉઘાડી સજળ નયને છબીની સામે જોઈ બોલવા માંડયું, "પ્રિયતમ! આ વસુંધરા વીર વિહીન્ થઇ ગઇ છે. અત્યાચારી રાજાનો અત્યાચાર સર્વત્ર ફેલાઇ રહ્યો છે. રાંકડી પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહી છે; તેમનું

દુઃખ મારાથી જોઇ શકાતું નથી. હા! ક્રૂર પિતાએ સદાચારી રાજા સમરસિંહનું સત્યાનાશ વાળ્યું છે, અરે એટલેથી પણ નહિ વિરામતાં ત્યાંની રાંકડી પ્રજાનું દ્રવ્ય પણ લુંટી લીધું છે. અરેરે! પરમાત્માએ જે રાજાને પ્રજાપાલક બનાવ્યો છે; અરે જેના શિરે સર્વના સુખ–દુઃખનો આધાર લટકી રહ્યો છે; હાય તેજ ભૂપતિ કુસંગે ચઢી અત્યાચારી થઈ પાલકને બદલે ભક્ષક થાય તો ગાય જેવી પ્રજાની દયા કોણ ખાય ?

પ્રિયતમ! આવો, અને તમારી સાથે સ્વર્ગમાં આવેલા યોદ્ધાઓને લઈ આ ગરીબ પ્રજાની વ્હારે ચઢો. જો તમારાથી તેમ ના બને તો આ તમારી દાસીને તમારી પાસે સ્વર્ગમાં બોલાવી લ્યો. આ ભૂમિપર દુષ્ટોનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે. પાપી અને પૂન્યવાનને સદાકાળથી વૈર ચાલ્યું આવે છે; એ આપ જાણો છો, છતાં આ તમારી દાશીને આપનાથી શામાટે વિમુખ રાખો છો? દેવ! હવે દયા કરો." કહી રાજકન્યા છબીને પ્રણામ કરી ઉભી થઇ આરતી ઉતારવા લાગી. આરતી ઉતારી પુનઃ રમા ત્યાં બેશી છબીની સામે જોઈ રહી. એ અરસ્સામાં દુર્મદ ત્યાં પ્રવેશ કર્યો. પુત્રીનું કાર્ય જોઇ તેને ઘણોજ ગુસ્સો ચઢયો પણ તે વખતે શાન્ત રહી તેણે પૂછ્યું:—" રમા! દિવસ ને રાત આ શું કર્યા કરે છે?"

રમાએ તેની સામે જોઇ ગંભીર અવાજે કહ્યું:—" પિતાજી! હું મારા હૃદયના દેવની પૂજા કરી તેનું ધ્યાન ધરૂં છું."

" મ્હેં તને અનેક વખત કહ્યાં છતાં તું શા માટે એ મરી ગએલા દુષ્ટ દુષ્મનનું ધ્યાન ધરી દુઃખી થાય છે? તું જાણે છે તો ખરી કે તે તને આ જન્મમાં તો હવે મળવાનો નથી, છતાં શા માટે તું તારો અવતાર રદ કરે છે?

"માટે તું હવે ડાહી થા, અને તે દુષ્ટના વિચાર તારા મગજમાંથી કાઢી નાખ. હું તને કોઇ રૂપવાન પૃથ્વીપતિ સાથે પરણાવી સુખી થઇશ એમ કરીશ." દુર્મદે તેને સમજાવતાં કહ્યું.

"પિતાજી! આપનું કહેવું જો કે સત્ય હશે પરંતુ હવે આ દેહે તો બીજા કોઇની સાથે લગ્ન નહિ કરી શકાય. હું જીવનપર્યંત કૌમારાવસ્થામાં રહી આ છબીનુંજ ધ્યાન ધરીશ. બાપુ! મારા અડગ નિશ્ચયથી શ્રી ભગવાન્ મારી ઉપર પ્રસન્ન થશે અને તેજ સર્વાન્તર યામી પ્રભુ મરણ પછી મને મારા નાથની સાથે પરણાવશે."

"છોકરી! તું આ શું બોલે છે? તું ગાંડી તો નથી થઇને?"

"હું ગાંડી છું કે ડાહિ છું તેની શા માટે તમે ચિંત્તા રાખોછો? બાપુ! જો આપ મારૂં શુભ ઇચ્છતા હો તો અહિંથી ચાલ્યા જાઓ, અને મને મારા વ્હાલાના ધ્યાનમાંજ આ એકાન્ત વાસમાં રહેવા ઘો. આ છબી તો મારા મનમાં જડાઇ ગઈ છે. બાપુ!

મૂર્તિ મનમાં માની લઉ, મમ પ્રિયની આમ;
રાત દિવસ રસના રટે, રાજસિંહનું નામ."

"અરે હા! મારા મહેલમાંજ મારા શત્રુનું આવી રીતે ધ્યાન ધરાય એ મારાથી કેમ જોઈ શકાય?"

"પિતાજી! જેને તમે શત્રુ માનો છો, તે શત્રુ તો મરણને મળી સ્વર્ગમાં ગયો છે, અરે તેના રાજ્યનું પણ તમે સત્યાનાશ વાળી નાખ્યું છે; છતાં શા માટે હજી તેના પ્રત્યે શત્રુ ભાવ રાખો છો?"

"હું સઘળું સમજું છું; તારે મને શિખામણ દેવાની કાંઇજ જરૂર નથી. છોકરી! તું હાથે કરીને તારા ભવિષ્યને બગાડે છે. હાથે

કરીને દુઃખથી મરવા માગે છે. હું તને વારંવાર કહી ચૂકયો છું કે રાજપૂરનો રાજકુમાર મરી ગયો છે, છતાં તેનું ધ્યાન ધરવામાં તારો શો ભેદ સમાયેલો છે એ મારાથી સમજાતું નથી."

"બાપુ! ભેદ કશો નથી, પરંતુ પૂર્વજન્મના કંઇક સંસ્કારે કરીનેજ તેનામાં મારી લગ્ની લાગી રહી છે."

"આમ વર્તવાથી શું તું તેને મળી શકીશ?"

"હા, આ જન્મમાં નહિ મળું તો અવશ્ય બીજા જન્મમાં તો તેને મળીશજ.'' પિતાજી! આ મારો દૃઢ ટેક છે. એ ટેકના પ્રભાવથીજ હું મારા વ્હાલાને હમેશાં મારાં અંતર ચક્ષુથી મારી સમીપ જોયા કરૂં છું."

"અરે ગાંડી છોકરી! તું આ શો ઢોંગ લઇને બેઠી છે? શું આ જડ છબીમાં રહેલા રાજસિંહને તું તારો સ્વામી માને છે? રમા! આમાં તારી મોટી ભૂલ થાય છે."

"પિતાજી! તમે જેને જડ માનો છો, તેને હું ચૈતન્ય માનું છું. તમારી અને મારી દૃષ્ટિમાં વિષમ ફેર છે. બાપુ! તમે જે છબીને નકામા ધારો છો તેમાંતો મારૂં સર્વસ્વ સમાયેલું છે. આમાંનો રાજસિંહ મારો નાથ છે—મારો પ્રાણાધાર છે. બાપુઃ—

"દિલદાર કહું શિરતાજ કહું, મમનાથ કહું સહુ એજ હવે;
સ્વામી કહુ, મનમોહન કહું, દિલ ચોર કહું સહુ એજ હવે.
સ્વર્ગસદને વસેલો છે, પણ હૃદય રમણ એ મારો છે;
સત્ય વદુ ઓ બાપુ મારા, સદા સ્વામી એ મારો છે."

આમ બોલતી રમા પુનઃ છબીની સામે જોઈ રહી. દુર્મદ વિચા-

રમાં પડયો. અને હવે શું કરવું એના તર્કવિતર્ક કરવા લાગ્યો. એવામાં એક સરદારે ત્યાં આવી તેને નમન કરી કહ્યું:—"મહારાજ ! ચંદ્રાવતીથી એક સરદાર આવ્યો છે, અને તે કુમારશ્રીનો પત્ર લાવ્યો છે."

"ક્યાં છે તે પત્ર ?" દુર્મદે પૂછ્યું.

"આ રહ્યો મહારાજ." કહી તેણે એક પત્ર રાજાને આપ્યો. દુર્મદે પત્રને ઉકેલી વાંચવા માંડયો. તે પત્ર કનકે લખેલો હતો. તેમાં દુર્જને કરેલા તોફાનનું વર્ણન લખેલું હતું. દુર્જન નાશી ગયો એ વાંચતાં દુર્મદ ઉશ્કેરાઇ બોલી ઉઠયો: "ખરેખર! છોકરાએ મોટી ભૂલ કરી છે." આમ બોલી થોડીવાર કંઇક વિચાર કરી તેણે ત્યાં ઉભેલા સરદારને પૂછ્યું:—"સરદાર ! રાજા સમરસિંહની તબીયત હવે સારી થઇ છે ને? તેના ઘા બરાબર રૂઝાયા છે કે નહિ?"

"હા, રાજા સમરસિંહ હાલ પૂર્ણ તંદુરસ્તીમાં છે." તેણે જણાવ્યું.

"ઠીક, ત્યારે હવે આપણે તેનો અને સ્નેહસિંહનો ફેંસલો કરી નાખવો જોઇએ. જ્યાં સુધી એ બન્ને જીવતા છે ત્યાં સુધી આપણે માથે કાળચક્ર ફર્યા કરે છે. સરદાર ! કાલ બપોરે હું ત્યાં જઇ તેઓને છેવટનો હુકમ જણાવનાર છું અને તે પછી મધ્યરાત્રે તેમનો જીવન દીપક ઘણી ઘાતકી રીતે બુઝાવી નાખનાર છું. આ બાબતની નવા સેનાપતિ શૈલરાજને ખાનગી સૂચના આપજે."

"બહુ સારૂં. બીજી કંઈ આજ્ઞા છે ?"

"ના."

સરદાર નમન કરી ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાર બાદ દુર્મદસિંહ પણ ત્યાં વધારે વાર નહિ રોકાતાં ધ્યાનસ્થ પુત્રી તરફ એક વિકાળ નઝર ફેંકી ચાલતો થયો.

તે પછી જ્યારે મધ્ય નિશા થવાનો અમલ થયો ત્યારે રમાદેવી ધ્યાનમાંથી જાગૃત થઈ આસપાસ જોવા લાગી. પિતાને ગએલા જોઇ તે મનમાં આનંદ પામી, અને રાત ઘણી જવાથી નિદ્રા લેવાને ઉભી થઇ. તેણે બાજઠ પર ગોઠવેલી છબીને ઉપાડી પલંગ પર પધરાવી અને પોતે પણ એજ પલંગમાં એક બાજુએ સૂઇ રહી. બાદ વ્હાલાંના વિચાર કરતી રમાને અલ્પ સમયમાં નિદ્રા દેવીએ તેના સ્વાધિનમાં લઇ લીધી.

વાદળાં વિખરાઈ ગયાં હતાં, પવન પ્રચંડ વેગથી વ્હાતો હતો, કૃષ્ણપક્ષની પંચમી હોવાથી ચંદ્ર પણ નીકળ્યો હતો. સર્વજનો નિદ્રાને શરણે પડેલાં હતાં. આ સમયે આસ્માની રંગના ઘોડા પર સ્વાર થએલો એક રૂપવાન રાજવંસી તરૂણ પુરૂષ દુર્મદના રાજ્ય મહેલની પછીતે આવી ઘોડા પરથી નીચે ઉતર્યો. તે ઘોડેસ્વારનો બાંધો મજબૂત હતો. તે શસ્ત્રઅસ્ત્રથી સજ્જ થએલો હતો. તેનું ગૌરવદન ચંદ્રના તેજથી પ્રકાશતું હતું. તેણે માથા પર મણિમય શિરપેચ બાંધેલો હતો. તેની ઉમ્મર બહુધા બત્રીસેક વર્ષના આશરાની જણાતી હતી. તેણે ઘોડાને એક ઝાડ સાથે બાંધી રાજમહેલ સામે જોયું. તેની નજર રમાના ઓરડાના જરૂખાની ઉઘાડી રહી ગએલી એક નાની બારીપર પડી. તત્કાળ તેણે ખોગીરમાંથી ઘો કાઢી દિવાલ પર ફેંકી. ઘો સજ્જડ ચોંટી ગઇ. ત્યાર બાદ તેને પૂંછડે બાંધેલું દોરડું પકડી તે તરૂણ પુરૂષ સડસડાટ ઉપર ચઢી ગયો અને જોતજોતામાં તો તે બારી વાટે અંદર પ્રવેશ્યો. અંદર પ્રવેશેલો પુરૂષ બળતા દીપકોને નિસ્તેજ કરતો બેધડક અંદર ચાલવા લાગ્યો. એની રીતે ચાલતો ચાલતો તે જાણે ભોમીયો ના હોય એવી રીતે ઠેઠ રાજકુમારીના ઓરડામાં આવ્યો. રાજકુમારી આ સમયે ભરનિદ્રામાં પડેલી હતી. ત્યાં એક નાની બત્તી પ્રકાશી રહી હતી. તેના

પ્રકાશમાં તે પુરૂષ પલંગ પાસે જઈ કુમારીના સામે જોઇ મનમાં બોલ્યોઃ– "હા! આજ મારી પ્રિયતમા. અરેરે! તે દુઃખથી રિબાઇને કેવી નિસ્તેજ બની ગઈ છે."

આમ મનમાં બોલી તે તરૂણ પુરૂષે વાંકા વળી તેના ગૌર મુખ પર ચુંબન લીધું. ચુંબન સ્પર્શથી રાજકન્યા સફાળી જાગી ઉઠી. તે થર થર ધ્રુજતી ઉભેલા પુરૂષના સામે જોવા લાગી. તેનો ગભરાટ સમજી તે પુરૂષ શાન્ત અને મૃદુ અવાજે બોલ્યોઃ—"રમા! ગભરાઇશ નહિ, તું મારાથી ભય પામીશ નહિ. હું કોઈ દુષ્ટ પુરૂષ નથી."

"ત્યારે તમે કોણ છો?" રમાએ ધ્રુજતે પગે પૂછ્યું.

"જેનું તું નિશદીન તારા હૃદયમાં ધ્યાન ધરે છે, અને જેને તું સ્વર્ગમાં મળવાને ઇચ્છે છે, તેજ રાજસિંહ અત્યારે તારી સામે ઉભો છે. રાજકન્યા! આ દીપકના પ્રકાશમાં તું મારા મુખ સામે જો અને મને ઓળખ કે હું તે જ છું કે કોઈ બીજો?"

રમાએ સંભ્રમમાં પડી તેના મુખ સામે જોયું અને તેને ઓળખી એકાએક આશ્ચર્યની બૂમ પાડી બોલી ઉઠીઃ—ઓહ! આ શું! અરે આતો મારો રાજસિંહ! ઓ મારા પ્રભુ! તમે ખરેખર રાજસિંહ પોતેજ છો. વ્હાલા! શું આ દાશીની આખરે દયા આવી ખરી?" કહી રમા તેના કંઠે વળગી પડી.

તેને હૃદય સાથે દાબી તે પુરૂષ કહેવા લાગ્યોઃ—"હૃદય વલ્લભા! તારા અડગ ટેકથી હું તને સ્વર્ગમાંથી મળવાને અહિં આવ્યો છું. પ્રિયતમા! ત્હેં મારે માટે ઘણુંજ સંકટ સહન કર્યું છે."

"એમાં મ્હેં વિશેષ કાંઇએ કર્યું નથી. પ્રભુ! આ પલંગ પર પધારો, હું આપની પૂજા કરૂં."

રાજસિંહ પલંગ પર બેઠો. રમાએ છબીની પૂજાને માટે તૈયાર રાખેલા સામાનમાંથી તેનું પૂજન કરી તેના ગળામાં પુષ્પનો હાર પહેર્યો. તે પછી કબાટમાંથી મેવા મિઠાઇનો થાળ કાઢી પલંગ પર મૂકી ખાવાને વિનંતી કરી. રાજસિંહે તેને પાસે ખેંચી તેના કપોલ પ્રદેશ પર ચુંબન લઇ તેને પોતાની સાથે ખાવાનું સૂચવ્યું. બન્ને જણાં આનંદથી એક બીજાની સાથે વાતો કરતાં ખાવા લાગ્યાં. બાદ ખાલી ટાટને નીચે મૂકી રાજકન્યા તેના ચરણુ ચાંપવા લાગી. તે ચરણુનો સ્પર્શ કરે એ પહેલાં રાજસિંહ નીચે ઉતરી કહેવા લાગ્યો:—"પ્રિયે! ચરણુ સ્પર્શની તું અધિકારી નથી, તું તો મારા હૃદયની દેવી છે. પ્રિયતમે! હવે પાછલી રાત્રિનો સમય થવા આવ્યો છે. આનંદમાં વખત પણુ જલ્દીથી પસાર થઇ ગયો છે. થોડીવાર પછી સવાર પડશે. માટે હવે મને જવાની આજ્ઞા આપો."

"પ્રિયતમ! આ દાસીને તજી ક્યાં જશો? શું મને સ્વર્ગમાં સાથે નહિ લઇ જાઓ? વ્હાલા! આવી રીતે આપને ક્રૂર થવું ઘટતું નથી. હું તમને નહિ જવા દઉં." કહી રમા તેના પગ આગળ બેઠી.

"રમણી! શા માટે આમ કરે છે? જો હું ક્રૂર હોત તો હું તને સ્વર્ગમાંથી શા માટે મળવાને અહિં આવત? પ્રિયા! હવે તારો નિવાસ પણુ અહિં ટુંક વખતને માટેજ છે. હું તને જલ્દીથી મારી પાસે બોલાવી લઇશ. વ્હાલી! દુ:ખી થઇશ નહિ. લે હવે હું જાઉં છું."

"વ્હાલા! મને વિસારશો નહિ. આપનો વિયોગ હવે સહન થતો નથી. હું અહિં ઘણી દુ:ખી છું."

"તું શા માટે દુ:ખી થાય છે? તારી ભક્તિથી પ્રભુ પ્રસન્ન થયા

છે અને તેજ કૃપાળુ પ્રભુ હવે જેમ બને એમ જલ્દીથી આપણું મિલન કરાવવા ઇચ્છે છે. રમા ! તું મારૂં એક કામ કરીશ ?"

"નાથ ! આપ કહોતો આપના ચરણમાં આ પ્રાણ અર્પણ કરૂં. વ્હાલા ! બોલો આપની શું ઇચ્છા છે ?"

"હું એક પરોપકારી કામ કરાવવાને ઇચ્છું છું. તારા પિતાએ કેદ કરેલા સત્યવાદી રાજા સમરસિંહને અને તેના બંધુને બંધન મૂક્ત કરવા ચાહું છું."

"આપ દેવ છો, સર્વે ઠેકાણે જવાને સમર્થ છો. કહો પ્રભુ ! એમાં મને શું આજ્ઞા છે ?"

"હું તારી પાસેજ તેમને બંધન મૂક્ત કરાવવાને ઇચ્છું છું. વ્હાલી ! તું તારી દાસીઓની સાથે કાલ મધ્યરાત્રે ત્યાં જજે, અને જલ્દીથી તેમને બંધન મૂક્ત કરજે. કારણ કે તારો ઘાતકી પિતા દયાહીન્ થઇ તેમનો અંત લાવનાર છે. વ્હાલી ! આ કામ પરોપકારનું છે. તે કામ કરવા જતાં તને કાંઇ વિઘ્ન નડે તો હું આ વિંટી તને આપું છું. લે આ વિંટીથી વિઘ્ન દૂર થશે." કહી તેણે આંગળીએથી એક વિંટી કાઢી તેની આંગળીએ પહેરાવી. રમા આશ્ચર્યમાં ગરકાવ થઇ અજબ નયને તેની સામે જોઇ ગળગળા સાદે કહેવા લાગી, "પ્રભો ! આ દુખીયારીની દાઝ અંતરમાં ધરજો અને જેમ બને એમ જલ્દીથી આ નરકાગારમાંથી મારો ઉદ્ધાર કરજો.

વ્હાલા ! હુંતો વ્હાલે જોઇશ વાટ,
અંતરના બેલી તણોરે ઉચાટ;

વળી વળી વિનવું પડી તમ પાય,
રસીક વ્હેલા આવજો.... ... વ્હાલા.
તું તો મારો ચંદ્ર હું તારી ચકોર,
થઇશ નહિ છેક અરે તું નઠોર;
નથી મારી અહિં ખરે કોઈ ઓથ,
રસીક વ્હેલો આવજે.... ... વ્હાલા.

પ્રણામ, પ્રભુ ! પ્રણામ. ”

“ કલ્યાણ, કલ્યાણી ! તારૂં સદા સર્વદા શુભજ થશે. સ્વસ્થ થા, હું જાઉં છું. ” કહી તે વિદ્યુત વેગે ત્યાંથી ચાલતો થયો અને અલ્પ સમયમાંજ આવ્યો હતો તે રસ્તે થઇને બહાર નીકળી ઘો ઉખાડી ઘોડે-સ્વાર થઈ રસ્તે પડ્યો.

રમા સંભ્રમ યુક્ત ઉભી રહી. તે મનમાંજ બોલવા લાગી કે:—“ અરે ! આતે સ્વપ્ન કે સત્ય ? શું મારો રાજસિંહ સ્વર્ગમાંથી આવ્યો હશે ? આ સ્વપ્ન તો નહિ હોય ? ના, ના, મારા વ્હાલાની વિંટી મારી પાસે આ રહી. ” કહી રમા વિંટીને વારંવાર જોવા લાગી. બાદ ઘણીવાર સુધી બનેલા પ્રસંગનું મનન કરતી રમા પલંગમાં મુકેલી છબીને બાજઠપર પધરાવી પુનઃ ધ્યાન ધરવા લાગી.

પ્રકરણ ૨૩ મું.

દેવ અને દાનવ.

હંસે ઉંદર એક કાદવ પડ્યો દીઠો જતાં જે ઘડી,
ખોળે લઈ નવરાવીયો જળ વિષે ગંગા તણામાં પડી,
ટાઢે કંપિત ધારી પાંખ લપટ્યો ત્યાં પાંખ કર્દી બધી,
આપે છે ફળ એવું દુષ્ટ જનતો, ડાહ્યા જનોને નકી.

દરેક મનુષ્યને આ દુનિયામાં સારા ખોટાનો અનુભવ થયા વિના રહેતો નથી. દુષ્ટ માણસો પોતાનું કલ્યાણ કરનારનું અકલ્યાણ કરતાં ડરતા નથી. રાજા સમરસિંહે બંધુનું કહેલું નહિ માની દુષ્ટ દુર્મદની દયા ખાઈ તેને જીવતો મૂક્યો તેનું શું પરિણામ આવ્યું તે સૌને વિદીત છે. કહ્યું છે કે "દયા ડાકણને ખાય." દયા દુષ્ટોને પીંગળાવી શક્તિ નથી. માટે પ્રત્યેક મનુષ્યોએ આ જમાનામાં દુષ્ટ અને ગુણચોર માણસોથી દૂર રહેવું જોઇએ.

નૌત્તમનગરની પૂર્વ દિશાએ એક કિલ્લો આવેલો હતો. તેમાં નાના-મોટા કેદીઓને રાખવામાં આવતા હતા. એ મોટા કિલ્લામાં લગભગ પચાસેક કોટડીઓ આવેલી હતી. તે ઉપરાંત બીજો એક મોટો સુંદર અને સફાઇબંધ દેખાવનો ઓરડો એક બાજુએ આવેલો હતો. તેની અંદર સમરસિંહ અને સ્નેહસિંહને પૂરવામાં આવ્યા હતા. બન્ને ભાઇઓ

એકબીજાની જોડાજોડ આવેલા હતા પણ તેઓ જાણતા નહોતા કે અમે બન્ને એક બીજાની પાસે છીએ. કારણકે તે ઓરડાની વચ્ચે એક દિવાલ ચણી તેના બે ભાગ પાડવામાં આવ્યા હતા. બહારથી જોનારને એકજ ઓરડો માલમ પડતો. આ દિવાલની છેક ઉંચે એક નાનું જાળીયું પવનને માટે મૂકેલું હતું. તેથી સ્નેહસિંહના ખંડમાં પ્રકાશ અને પવન આવતો હતો. અંદર દિવાલમાં એક લોઢાનું મજબુત બારણું હતું. તે ત્રીજે દિવસે ઉઘાડી સ્નેહસિંહને ખાવાનું આપવામાં આવતું. આવી રીતે કષ્ટ ભોગવતા બન્ને બંધુઓ એકબીજાની થડમાં ફક્ત દિવાલની આડથી જુદા જુદા રહેતા હતા. અમે આટલા પાસે છીએ તેનો તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો. તે ઓરડાની આગળ બે સિપાહીઓ ખુલ્લી તરવારે આમતેમ ફરી પહેરો ભરતા હતા.

મધ્યાહ્ન થયા હતા. સૂર્ય ભગવાન સખ્ત તાપથી તપી જનસમાજને ગભરાવી રહ્યા હતા. આવે વખતે રાજા સમરસિંહ ચિંતાગ્રસ્ત મુખે મહાન્ વિચારમાં તદ્રુપ બની બેઠા રહ્યા હતા. તેમના ઘા રૂઝાઇ ગયા હતા. તબીયત તંદુરસ્ત હતી પરંતુ તેમનું મન દુઃખી હતું. તેમના હાથપગ સાંકળોથી બંધાયેલા હતા. ત્રીજે દિવસે તેમને બે વખત ખોરાક આપવામાં આવતો અને બાકીના બે દિવસો ઉપવાસ કરી નિર્ગમન કરવા પડતા હતા. સમરસિંહ ભાગ્યની વિટંબનાથી ઘણા જ મુંઝાતા હતા. પોતાની જન્મભૂમિ સાથે આપ્ત જનોના વિચાર આવતાં તેઓ દુઃખથી વારંવાર ગભરાઇ જતા. રાજા સમરસિંહ ઘણીવાર સુધી ગમગીન ચ્હેરે બેઠા રહી અંતે મન સાથે બોલવા લાગ્યા કેઃ—"શું સત્ય પંથે વિચરવાથી માણસ માત્રની આવીજ દશા થતી હશે? અરેરે મારી રાંકડી રૈયતની દાદ ફરિયાદ કોણ સાંભળતું હશે? હા! વ્હાલી જન્મ-

ભૂમ! તારી પર તો શું ને શું એ ગજબ ગુજરતોહ શે ? અરેરે હું તારો પાલક થઈ તારૂં રક્ષણ કરવાને અશક્ત નીવડ્યો છું. ઓ સ્વર્ગસદનમાં સીધાવેલા વીર યોદ્ધાઓ! તમે પ્રભુની આજ્ઞા માગી પુનઃ આ ભૂમીપર આવો અને ભયંકર ભૂપતીના અત્યાચારથી ધ્રુજતી ધરાનો ઉદ્ધાર કરો. હા! ભૂદેવી પણ ભડવીરો વિનાની થઇ છે. દેવી! તારી દીનદશા જોઈ મારૂં હ્રદય સળગી જાય છે.

દિવ્યાતિ દિવ્ય તવ રત્ન અહો ગયા ક્યાં,
શોભા સમૂહ પટ પુંજ કહો ગયાં ક્યાં!
ખોયું સહુ કંઈ ન હોય તું પાસમાં છે,
હે દેશ! શેષ તુજમાં રહી શું ગયું છે?

ખરેખર દેશની દુર્દશા કરનાર ફક્ત અત્યાચારી રાજાજ છે. દુર્મદનો અત્યાચાર જોઈ હજી તો કેટલાક રાજાઓ શાન્ત થઇને બેશી રહ્યા છે. અરે તેઓ પણ તે નરાધમ રાજાનો ત્રાસ મુંગે મુખે સહન કરી રહ્યા છે. અરે તે નામર્દો રાજ તેજ નષ્ટ કરી એશઆરામી થઇ રાક્ષસ રાજાની પરતંત્રતાની બેડીને હસ્તે મુખડે ધારણ કરી સુખ માની રહ્યા છે, ખરેખર તે કાયર ભૂપતિઓએ રાજપૂત નામને એબ લગાડી છે. આમ બોલતો રાજા પુનઃ વિચારમાં પડી બોલી ઉઠયો, "અરે! હું શા માટે તેઓને ફિટકાર આપું છું. વિધાને વશ આખું જગત્ છે. જમાનો બદલાયો છે. દુષ્ટોના દગાથી બળવાનો પણ રણમાં રોળાઈ ગયા છે તો તે બીચારાંનાં શાં ગજાં. મ્હેં પણ વિધીની વક્ર લીલા બરાબર અવલોકી લીધી છે. એક વિદ્વાને કહ્યું છે કેઃ—

કીડી કુંજર દાબતી સસલે સિંહ હેરાન,
પુરૂષ નથી બળવાન પણ, સદા સમય બળવાન,

કંઈ કંઇ ધાર ભલે અવનીમાં, કર્તા કંઇ કિરતાર,
અકળ કળા ન કળાતાં, કર્તા કંઈ કિરતાર.
અળશીયાએ નાગ ફસાવ્યો,
ગોટો હજારી ગુલાબ ભૂલાને,
શીયાળે વાઘ થકી કરી સરસાઈ
કૈંક રડાવે કૈંક હસાવે, કર્તા કંઈ કિરતાર.

હવે તો જે થાય એ જોયા કરવું. મારૂં ધાર્યું વૃથા જશે અને શ્રીહરીનું ધાર્યું સર્વથા સિદ્ધ થશે." આમ બોલી રાજાએ નિઃશ્વાસ નાખ્યો. એવામાં તેના બોલવાના પ્રતિ ઉત્તર રૂપે બહારથી એકાએક અવાજ આવ્યો કે "એ સત્યવાદી રાજા! આ સંસારમાં ચઢતી પડતીના ચમત્કાર થયાજ કરે છે. સુખ દુઃખમાં જ્ઞાનવાન્ પુરૂષો હર્ષ કે શોક કરતા નથી. આપણે શું કરવાને શક્તિવાન છીએ? તેમજ એક પળવાર પછી શું થનાર છે તેની પણ આપણને ખબર પડવી નથી, માટે આપણે તો પૂરણ પુરૂષોત્તમ ભગવાનમાંજ સાચી પ્રતિતી રાખી એમજ સમજવું જોઇએ કે 'તે જે કરે છે તે સારૂંજ કરે છે.' તમારા જેવા ન્યાયી રાજવીને કષ્ટથી કસવામાં શ્રીહરીનો કંઇક ગુહ્ય ભેદ સમાએલો હશે; પરંતુ આટલું તો ચોક્કસ સ્મરણમાં રાખજો કે દુષ્ટ દુર્મદ ઝાઝો સમય ફાવી શકશે નહિ. પવિત્ર પુરૂષોને પીડવાથી શ્રીભગવાન તે દુષ્ટનો નાશ કરશે; અને તમે તો ફક્ત બ્હાના રૂપેજ ગણાશો, બાકી કર્તા હર્તા તો તેજ છે, રાજા સાંભળો.

હું કરૂં આ મ્હેં કર્યું એ માનવી મિથ્યા બકે,
ઇશની આજ્ઞા વિના ના પાન પણ હાલી શકે,
ચંદ્ર તારા સૂર્યને, ગ્રહની ગતી આધિન છે,

કિરતારની ન્યારી કળા, જ્યાં સર્વ પ્રાણી દીનછે,
કલ્યાણ દાતા છે વિધાતા, સંતના ભગવંતરે,
તે નિરંજન નાથને, નમીએ નિરંતર અંતરે.

સ્વ. ડા. ઝવેરી.

આવું સાંભળી રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે તર્કવિતર્ક કરવા લાગ્યો, એટલામાં કંઈ ખડખડાટ થયો, રાજાએ ચમકીને ઉંચે જોયું તો દુર્મદ ત્યાં આવતો જણાયો. તેને જોતાંજ સમરસિંહ ક્રોધાયમાન થઇ તિરસ્કાર યુક્ત વદને જોઈ રહ્યો. તેના મુખનો ભાવ જોઇ દુર્મદ બોલ્યો:—"સમરસિંહ! હવે તો તારે શાન્તિ ધારણ કરવી જોઇએ, કારણ કે શાન્તિ સિવાય તારી મૂકતી નથી."

"દુર્મદ! હું શાન્તિનો સેવક છું. પણ તારા જેવા કસાઇને નિરંતર અશાન્તિજ હોય છે." રાજાએ તિરસ્કાર યુક્ત નેત્રે જણાવ્યું. "ઠીક છે, શાન્તિ અને અશાન્તિનો તને અહિં પૂરેપૂરો અનુભવ થશે. જો ત્હેં મને માથુ નમાવી જીવતદાન માગ્યું હોત તો તું ક્યારનોએ મારી કૃપાથી સુખની પરીસીમાએ પહોંચી ગયો હોત, પરંતુ તારા મંદ ભાગ્યમાં આવી રીતે કેદમાં પૂરાઇને મરવાનું લખેલું હશે તેથી કરીનેજ તને મારી સામે ઉદ્ધતાઈ કરવાની અવળી મતી સુઝી હશે." દુર્મદે કહ્યું.

"ચંદ્રાવતીનો ભૂપતિ તેનો પ્રાણ જતાં પણ શત્રુની દયાની યાચના કરશે નહિ. મ્હેં તને પ્રથમ દયા લાવી જીવતો છોડયો ન હોત તો તું આ વખતે મારી સામે ઉભો રહેવાને બદલે કયારનોએ મારા બાહુની સમશેરનો શિકાર થઇ યમભૂવન પ્રતિ પ્રયાણ કરી ગયો હોત. ચંડાળ! ત્હેં મારી દયાનો ગેરઉપયોગ કરી ક્ષત્રિયવંશને કાળો ડાઘ લગાડયો છે. તારા જેવા દુર્મ ચંડાળોની ઉપર દયા કરવાથીજ વીર-

પુરૂષો શત્રુઓના દગાના ભોગ થઇ પરલોક પ્રયાણ કરી ગયા છે. નર-પિશાચ ! જા, અહિંથી ચાલ્યો જા, તું શું મુખ લઇને મારી સામે ઉભો રહ્યો છે ? ” સમરસિંહે ગુસ્સે થઇ કહ્યું.

“ સમરસિંહ ! તું હજી મારા ક્રોધથી અજાણ છે, તું તારા ભાગ્યથીજ હજી જીવે છે. મને અપમાનની આગમાં સળગાવનાર મૂર્ખ રાજા ! હવે તારી જીંદગીનો અંત નજીક આવ્યો છે. ” દુર્મદે કહ્યું.

“ હું દુષ્ટના કેદખાનામાં પડયા પછી મરવાનેજ ઇચ્છુછું. હું તારા ક્રૂર સ્વભાવથી સારી રીતે માહિતગાર છું અને તેથી મરણનો નિશ્ચય કરીનેજ ઉભો છું. ઘાતકી રાજા ! તને જોઇ મારા રોમેરોમમાં ક્રોધની આગ ભભકી ઉઠી છે. હાય શું કરૂં ? લોહ બંધનમાં બંધાએલો છું નહિ તો તને આજ ક્ષણે આ જમીનપર લાંબો કરી સૂવારી દઉં. ચંડા....”

“ ચૂપ કર. હું તારૂં ભાષણ વધારે વાર સાંભળવા નથી માગતો. મૂર્ખ ! હવે હું જાઉં છું ને જણાવું છું કે આજ રાતના પાછલા પહોરે તને જીવતોને જીવતો આગમાં હોમી દેવામાં આવશે. એ સમયે તારાં તરફડીઆં જોઇ આ આંખ્યોને આનંદ થશે. સમરસિંહ! હવે તારે મૃત્યુને મળવાને લાંબો સમય નથી, તેટલા સમયમાં ઇશ્વરના ગુણ ગાવા હોય તો ગાઈ લેજે. ” કહી દુષ્ટ દુર્મદ અંદરનો દરવાજો ઉઘડાવી સેવકો સાથે સ્નેહસિંહના ખંડમાં આવ્યો. એ ખંડ ઘણો લાંબો–પહોળો હતો. આ સમયે સ્નેહસિંહ એ ખંડમાં આમતેમ આંટા મારતો હતો; અને મનમાં કંઇક બોલતો હતો. તે શું બોલે છે એ સાંભળવાના ઇરાદે દુર્મદ ત્યાં આગળ આવેલા એક અંધારા ખુણામાં સિપાહીઓ સાથે ગુપચુપ બેસી ગયો. સ્નેહસિંહ બીજી તરફ ફરતો હતો. તેના હાથમાં બેડી જડેલી હતી. પગ છૂટા હતા. ઘણા દિવસના બંદિવાસથી તેનું

શરીર સૂકાઇ ગયું હતું. આજે તે અત્યંત ઉસ્કેરાઇ આમતેમ આંટા મારતો હતો. તેના વાળ છૂટા થઇ ગરદનપર પથરાયેલા હતા. ખૂણામાં બેઠેલા દુર્મદને તેની ભયંકર મુખમુદ્રાથી અત્યંત બીતી લાગતી હતી. તે તેની પાસે બેઠેલા સિપાહિઓને વારંવાર ધીમેથી કહેતો હતો કેઃ—

"સાવધ રહેજો, અને સ્નેહસિંહથી મને સંભારજો."

કોટડીમાં ફરતો સ્નેહસિંહ આજે ઉગ્ર દેખાતો હતો. તે વારંવાર હાથની મુક્કીઓ વાળી દાત પીસતો હતો. છેવટે ક્રોધનો વેગ નહિ રોકી શકવાથી તે આત્મગત્ બોલી ઉઠયોઃ—"હા! પાપીની પ્રપંચ જાળથી પકડાઈ હું આ કોટડીમાં પૂરાયો છું. ખરેખર! દુષ્ટ દુશ્મને મારા ભોળા સ્વભાવનો મહાન્ લાભ મેળવ્યો છે. દુષ્ટ દુર્મદની દુષ્ટતા યાદ કરતાં આ હૃદય ચૂર્ણ-વિચૂર્ણ થઈ જાય છે. તે પાપી તેના પક્ષમાં લેવા મને વારંવાર સમજાવે છે. તે મને મોટા લોભથી લલચાવે છે. પણ તે મૂર્ખના શિરોમણીને આ વીરના હૃદયની પરિક્ષા નથી. આખી સૃષ્ટિનો સંહાર થઇ જાય, અને મારા પ્રાણ પણ અત્યારેજ પ્રયાણ કરી જાય તદપિ હું મારા બંધુનો અને મારા દેશનો દ્રોહી કદાપિ નાહ થાઉ. પ્રભુ! ચંદ્રાવતીના વીરની આ શી દુર્દશા! મેં આપનો એવો તે કયો મહાન્ અપરાધ કર્યો હશે કે જેથી મારે આ લોહશૃંખલામાં બંધાવાનો સમય આવ્યો હશે? ખરેખર! આ પ્રારબ્ધનોજ કંઇક દોષ છે. ભાવીએ મને ભૂલાવી શત્રુના ફંદમાં ફસાવ્યો છે. ઓ પ્રભુ! ઓ દયાળુ કિરતાર! મારી દશા સામે તો નિહાળો?" આમ બોલતો સ્નેહ-સિંહ થોડીવાર શાંત રહી પુનઃ ઉસ્કેરાઇ બોલી ઉઠયો. "ઓ પ્રભુ! આ હાથપગમાં પડેલી સાંકળો દૂર કરો કે જેથી હું અધર્મના અવતાર દુષ્ટ દુર્મદને મારા પ્રચંડ મુષ્ટી પ્રહારથી જમીનદોસ્ત કરી નાખું." કહી સ્નેહસિંહ હિમ્મતની માફક જણાવા લાગ્યો. તેના શબ્દો સાંભળી છૂપાઈ

રહેલો દુર્મદ ધ્રુજી ઉઠયો. તેણે ત્યાંથી ગુપચૂપ બહાર નીકળી જઈ સ્નેહાસંહને બહાર કાઢ્યા વિના કોટડીમાંજ જીવતો બાળી મૂકવાનો મનમાં નિશ્ચય કર્યો; અને તે પછી જ્યારે સ્નેહસિંહ બીજી બાજુએ ફરતો–ફરતો ચાલ્યો ગયો ત્યારે દુર્મદસિંહ તેના સિપાહીઓને લઇ ગુપચૂપ બહાર નીકળી ગયો. તેણે બારણું બંધ કરી સમરસિંહના સામે જોયું. સમરસિંહ નીચું વદન રાખી બેસી રહ્યો હતો. તેના સામે તિવ્ર દષ્ટિ ફેંકી દુર્મદ ત્યાંથી બહાર નીકળી પહેરાવાળાને પૂર્ણ બંદોબસ્ત રાખવાનું કહી ચાલ્યો ગયો અને રાજમહેલમાં આવી સેનાપતિને મળ્યો; બન્ને જણા રાતના પાછલા પહોરે સમરસિંહ અને સ્નેહસિંહને પરલોક પ્રયાણ કરાવવાની તૈયારી કરવા લાગ્યા.

"દુર્મદના ગયા પછી કોટડીમાં ફરતો સ્નેહસિંહ વળી પાછો બોલવા લાગ્યોઃ—"શું મારો અંત આવી રીતેજ આવશે?" પુનઃ તે વિચારમાં પડી બોલી ઉઠયોઃ—"ના, ના, આ વીરનો એવી રીતે અંત આવશે નહિ. હું વીર છું, ધારૂં તે કરી શકવાને સમર્થ છું. વીર પુત્રો કોઇનાથી ભય પામતા નથી. જે વીર પુત્ર નીતિવાન અને ધર્માવલંબી છે તે સાક્ષાત્ યમરાજને પણ નસાડી મૂકવાને સમર્થ છે. હું ગમે એ પ્રકારે અહિંથી નીકળી જઇશ અને પશ્ચાત દુર્મદનો અંત લાવીશ. ચાલ જીવ! હવે થા તૈયાર. શ્રીભગવાન છે મદદગાર. મારે શસ્ત્રની પણ જરૂર નથી. આ પ્રચંડ બાહુઓ ધારે એ કરવાને બળવાન છે." આમ કહી તે તેના હાથ સામે જોવા લાગ્યો. હાથમાં પડેલી બેડીને જોઈ તે અત્યંત ઉશ્કેરાયો. તે ઉગ્ર આવેશથી બોલી ઉઠયોઃ—"બળવાનના હાથને પરતંત્રામાં જકડનારી બેડી! જો, જો, તને આ વીરે એક ક્ષણમાંજ તોડી." કહી તેણે બન્ને હાથને ભેગા કરી એવું તો બળ કર્યું કે એક આંચકાની સાથેજ તેના હાથની બેડીઓ ટૂટી જમીનપર પડી. હાથ છૂટા થતાં તે

આનંદ પામી આસપાસ જોવા લાગ્યો. તે તરત વાસેલાં બારણાં તરફ દોડ્યો. બંધ બારણાંને અત્યંત જોરથી ઉઘાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ લોઢાનાં બારણાં લગીરે હાલ્યાં નહિ. આથી તે ત્યાંથી ઉભો થઈ પ્રથમની જગાએ આવી ઉંચે જોવા લાગ્યો. એવામાં તેની નજરે છેક ઉંચે એકમાણસ સહેલાઇથી બહાર નીકળી શકે એવું પહોળું જાળીયું જણાયું. તે જાળીયામાં લોઢાના સળીયા બેસાડેલા હતા. "હું આ સળીઆને ઉખેડી નાંખીશ." કહી સ્નેહસિંહ આવેશ યુક્ત થઇ ભીંતમાં ખોસેલી ખીલીઓ પર પગ મૂકી સપાટાબંધ ઉપર ચઢી ગયો; અને જોતજોતામાં તો તેણે તેના પ્રચંડ બાહુ વડે કરીને જાળીઆમાં જડેલા સળીઆને ઉખેડી નાખી દૂર ફેંકી દીધા. બાદસ્નેહસિંહે માથું બહાર કાઢી જોયું તો તેની નજર નીચું જોઇ બેસી રહેલા સમરસિંહપર પડી. નક્કી કોઇ શત્રુ મારી ચિકીત્સા જોવાનેજ બેસી રહ્યો છે, હું હમણાંજ તેનો ભૂકો કરી નાખુ છું." આમ કહી સ્નેહસિંહ જાળીઆમાં થઇને સમરસિંહની કોટડીમાં કુદી પડ્યો. તેના પડવાના અવાજથી સમરસિંહ ચમકીને ઉભા થઈ તેની સામે જોઇ રહ્યા. એટલામાં તો વિક્રાળ સ્વરૂપ ધારી સ્નેહસિંહે ત્યાં દોડી આવી જોરથી તેમનું ગળું પકડી પૂછ્યું! હરામખોર! હવે તારૂં આવી બન્યું છે. બોલ તું શા માટે મારી હિલચાલ તપાસવાને અહિં બેઠો હતો?"

પોતાનું ગળું છોડાવવાનો પ્રયત્ન કરતો સમરસિંહ રૂંધાતા કંઠે બોલ્યો:-"ભાઇ! હું શત્રુ નથી, પણ તમારા જેવોજ કમનશિબ કેદીછું."

"શું તું કેદી છે?" સ્નેહસિંહે પૂછ્યું.

"હા, કેદી છું, જુવો, આ હાથેપગે લોઢાની સાંકળથી બંધાએલો છું." સમરસિંહે બેડીઓ ખખડાવી જણાવ્યું.

તેની દુખી દશા નિહાળી સ્નેહસિંહ ગુસ્સે થઇ બોલી ઉઠયો:- "અચ્ચા દુર્મદ! હું તારી કરણીનાં ફળ હવે ટુંકમાંજ ચખાડીશ. આ વીર છૂટો થયો છે, તે હમણાંજ બહાર નીકળી કાળો કેર વરતાવશે. તું હવે સુખે ઉંઘીશ નહિ. હું તારી પાસે આવું છું અને આ પ્રચંડ ભુજાનો પ્રતાપ તને બતાવું છું. ઓ નામર્દ રાજા! તારા નગ્રને ચાકની માફક ચકડોળે ચઢાવું છું, અને આ સ્નેહસિંહને સંકટમાં નાંખવાનું યોગ્ય ફળ આપું છું......"

"ઓ...ઓહ...કોણ તું સ્નેહસિંહ?" રાજા સમરસિંહ અકળાઇને બોલી ઉઠયા.

"હા, હું સ્નેહસિંહ, હું દુર્મદનો કાળ." શૌર્યથી ધ્રુજતો સ્નેહસિંહ દૂર ખસી પૂછવા લાગ્યો:-"તમે કોણ છો."

"હું તારો ભાઈ સમરસિંહ?"

"હેં! શું સમરસિંહ આ સ્થળે?" આમ કહેતો સ્નેહસિંહ બંધુને ગળે વળગી પડયો. બન્ને બંધુઓ ઘણી વાર સુધી એક બીજાને હૃદય સાથે દબાવી ઉભા રહ્યા.

તે પછી છૂટા પડી સ્નેહસિંહે સમરસિંહની બેડીઓ તોડી નાખી બંધનમૂક્ત કરી દીધા. બાદ તેઓ નીચે બેસી વાતો કરવા લાગ્યા. સ્નેહસિંહે પોતાની તમામ વાત કહી સંભળાવી. તે પછી રાજા સમરસિંહે ચંદ્રાવતીની થએલી દુર્દશા અને પોતાનું પકડાવું વગેરે કહી સંભળાવ્યું. ચંદ્રાવતીના નાશના સમાચાર શ્રવણ કરતાંજ વીર સ્નેહસિંહના શરીરમાં લોહી ધમધમાટ કરતું વહેવા લાગ્યું. તે આકળવિકળ થઇ ગયો, અને ક્રોધના આવેશથી ઉભો થઇ બંધ બારણા તરફ દોડયો.

તરત સમરસિંહે તેને પકડી શાન્ત પાડી પોતાની પાસે બેસાર્યો. તે થોડી વાર શાન્ત બેસી રહી બોલ્યો, "બંધુ! આપણે હવે ચાલીશું?"

"હા, પણ આપણે જઇશું ક્યાં થઇને?"

"તમે ગભરાઓછો શા માટે? હું આ બારણાને એક લાત મારી હમણાંજ દૂર કરી રસ્તો કરૂં છું. ભાઇ! ચાલો ઉભા થાઓ." કહી સ્નેહસિંહ ઉભો થયો.

"સ્નેહસિંહ! શાન્ત થા. જો આપણે સાહસ કરીશું તો ફરીથી સંકટમાં સપડાઇ જઇશું, માટે નીચે બેસ ને મારૂં કહેવું સાંભળ. જો આ બાકામાંથી બહાર જોતાં જણાય છે કે હજી સાયંકાળનો સમય થયો છે, માટે આપણે અત્યારે શાન્ત થઇ બેસવું, અને મધ્યરાત થવાનો સમય થતાં આપણે આ બારણાં તોડી બહાર નીકળવું."

"જેવી ઇચ્છા." કહી સ્નેહસિંહ શાન્ત થઈ બેઠો. બન્નેજણા સુખદુઃખની વાતો કરતા બહાર નીકળવાના સમયની રાહ જોવા લાગ્યા.

પ્રકરણ ૨૪ મું.

“ અણધારી મદદ. ”

રાત્રિ સમસમ અવાજ કરતી પસાર થતી હતી. પહેરેગીરો રોન ફરવાને નીકળ્યા હતા. તેમને જોઇ ચોર નિશાચરો, આડા અવળા છૂપાઈ જતા હતા. કિલ્લાના જેલખાનામાં બહાર નીકળવાની રાહ જોઇ બેઠેલા સ્નેહસિંહ અને સમરસિંહ પ્રતિ પળે એક બાકામાંથી ત્યાં બેઠેલા સિપાહીની હિલચાલ તપાસતા હતા. પહેરેગીર બેઠે બેઠે ઝોકાં મારતો હતો; અંતે તે પણ નિદ્રાવશ થઇ જમીનપર સૂતો. તત્કાળ સ્નેહસિંહ ઉભો થયો અને દ્વાર સમિપે ગયો. થોડીવારમાં તો તેણે સમરસિંહની મદદથી બારણાં ઉતારી નાખ્યા. હવે ફક્ત જાડા સળીઆવાળુ બારણું ઉઘાડવાનું હતું. બન્ને જણાએ ઘણોએ શ્રમ કર્યો પરંતુ તે દ્વાર ઉઘડયાં નહિ. આથી ક્રોધાયમાન થઇ સ્નેહસિંહે સળીઆને ઉખેડવાનો પ્રયત્ન આરંભ્યો. તે તેના મજબુત હાથથી સળીઆને હચમચાવવા લાગ્યો. તેના હાથ છોલાઇ ગયા. તેમાંથી લોહી નીકળવા લાગ્યું. તેનું આખું શરીર પરસેવાથી તરબોળ બની ગયું. સ્નેહસિંહ અત્યંત જોર કરવા લાગ્યો પણ એકે સળીઓ હાલ્યો નહિ. સમરસિંહ દિઙ્મુઢ બની જોઇ રહ્યા હતા. એવામાં એકાએક તેમની નજરે તેની તરફ કોઈ આવતું માલમ પડયું. રાજાએ સ્નેહસિંહને ઈશારતથી સમજાવ્યું કે કોઇક આવે છે. અકળાએલા સ્નેહસિંહે આવ-

નારની દરકાર નહિ કરતાં કામ જારી રાખ્યું. આવનાર ત્રણ માણસો હતાં. તેમણે શરીરપર કાળા ઝબ્ભા ઓઢેલા હતા. થોડીક વારમાં તેમાંના એકે સળીઆવાળા દ્વાર આગળ આવી કહ્યું:–" સ્નેહસિંહજી ! શામાટે આટલોબધો શ્રમ ઉઠાવી રહ્યા છો ? "

સ્નેહસિંહે ચમકીને હાથ અંદર ખેંચી લીધો, બન્ને જણા કંઇપણ બોલ્યા વિના સ્તબ્ધ બની પૂછનાર સામે જોઇ રહ્યા. એટલામાં તો તે બોલનારે સાથે રાખેલી ચાવીથી સળીઆવાળું બારણું ખુલ્લું કરી નાખ્યું. સ્નેહસિંહના આનંદનો પાર રહ્યો નહિ. તે આનંદના આવેશથી દ્વાર ઉઘાડનારને ભેટવા દોડયો. પણ પાસે જતાંજ તે ચોંકયો અને બે ડગલાં પાછો ખસી ગળગળે સાદે પૂછવા લાગ્યો, "અમને આ ભયંકર સ્થળે આવી મદદ કરનાર તમે કોણ છો? શું તમે કોઈ દેવકન્યા છો?"

સિતારના તારમાંથી નીકળતા કોમળ સૂરની માફક તે દેવકન્યા કહેવા લાગી:–" સ્નેહસિંહ ! હું દેવકન્યા નથી, પણ તમારા પ્રતિસ્પર્ધીની પુત્રી છુ."

" હેં ! કોણ પુત્રી રમાદેવી ! શું દૈત્યના કુળમાં પવિત્ર બાળાનો અવતાર છે કે ? " કહી રાજા સમરસિંહ આગળ આવી તેના સામે જોઇ રહ્યા.

" પુત્રી ! તેં આજે ન બની શકે એવું કાર્ય કરી ક્ષત્રિયકુળને ઉજ્વળ કર્યું છે. બ્હેન ! અમે તારા ઉપકારી છીએ. તું સદા સર્વદા સુખી થા." સ્નેહસિંહે જણાવ્યું.

" હવે આપણે ચાલીશું ? " રમાકુમારીએ પૂછયું.

" શું તું અમારી સાથે આવવા ઇચ્છે છે ? " સમરસિંહે પૂછ્યું.

" હા, કારણ કે હવે આ નગરમાં પાપની વૃદ્ધિ થઈ રહી છે, હું અહિં એક પળવાર પણ રહેવાને ચાહતી નથી. "

" જેવી તારી ઇચ્છા. હું તને મારી પુત્રી પ્રમાણે ચાહીશ, ચાલ બેટા." કહી સમરસિંહ અને સ્નેહસિંહ ત્યાંથી બહાર નીકળ્યા. બહાર કુમારીની બે દાસીઓ હાથમાં ખૂલ્લી તલવારો પકડીને ઉભી હતી. તે તલવારો તેમણે સમરસિંહ અને સ્નેહસિંહને સ્વાધિન કરી દીધી. એ અરસ્સામાંજ સુતેલો સિપાહી એકાએક જાગી ઉઠયો, અને કેદીઓને બહાર ઉભેલા જોઇ આકળવિકળ થઇ બૂમ મારી બોલી ઉઠયોઃ—"અરે! તમે ક્યાં જાઓ છો ? ત......"

" ચૂપ." રમાએ તેની આગળ ધસી આવી બોલતો અટકાવ્યો. સિપાહી કુમારીને ઓળખી ગયો પણ હિંમત ધરી બોલ્યોઃ--બ્હેન ! અવિનયની ક્ષમા આપશો, પણ હું નિમકહરામ થઇ આ કેદીઓને જવા નહિ દઉં."

રમાએ તેને ઘણોએ સમજાવ્યો પરંતુ તેણે માન્યું નહિ. આથી સ્નેહસિંહે ત્યાં દોડી આવી એકજ ઝટકે તેનું માથું ઉડાવી દીધું. મરતાં મરતાં પણ તેણે કાનને ફાડી નાખે એવી ચીસ નાખી. તેની ચીશથી આજુબાજુ ફરતા સિપાહીઓ ત્યાં દોડી આવ્યા. તેમને સઘળા બનાવની ખબર પડી ગઇ. સ્નેહસિંહ તલવાર ઉંચી કરી લઢવાને ઉત્સુક થઈ ગયો, પરંતુ સમરસિંહે સમયસુચકતા વાપરી તેને ત્યાંથી નાશવાને સમજાવ્યું. સ્નેહસિંહ—સમરસિંહ અને રમાદેવી વગેરે ત્યાંથી જવા લાગ્યાં. સિપાહીઓ તેમની પાછળ દોડી અટકાવવા લાગ્યા. જો સમરસિંહ અને સ્નેહસિંહ એકલા હોત તો ક્યારનાએ પસાર થઇ ગયા હોત, પણ કુમારી અને તેની સખીઓથી તેમના સમાન કેવી રીતે દોડી શકાય ? બન્ને જણા ગભરાઇ ગયા, પણ એટલામાં સ્નેહસિંહને કંઇક વિચાર સ્ફુરી આવતાં તેણે રાજકુમારીની બન્ને સખીઓને ઉપાડી ખભે

બેસાડી નાસવા માંડયું, સમરસિંહે તેનું અનુકરણ કરી રમાને ઉપાડી તેની પાછળ દોડવાનું શરૂ કર્યું. જોતજોતામાં તો તેમણે પાછળ પડેલા પહેરેગીરોને દૂર મૂકી દીધા. પાછળ રહેલા સિપાહીઓ શોર–બકોર કરવા લાગ્યા. રાજમહેલમાં સૂતેલો દુર્મદસિંહ શોરબકોરથી જાગી ઉઠયો, અને સઘળી વાતની ખબર પડતાં પચિસ ઘોડેસ્વારોને સાથે લઈ નાશી જનારાઓને પકડવા દોડયો. સમરસિંહ અને સ્નેહસિંહ ક્યારનાએ નગર બહાર નીકળી ગયા હતા. તેઓ નગરથી આશરે બે માઇલ સૂધી દોડી આવ્યા હતા, હવે તેમનાથી દોડાતું નહોતું, તેમના પગ ધીમા પડયા, કે તરત પાછળથી બૂમ પડીઃ–" પકડો, પકડો, દોડો, દોડો, નાશી ગએલાઓ હવે પાસેજ છે."

શત્રુઓ આવી પહોંચ્યા, હવે યુદ્ધ વિના રસ્તો નથી. એમ વિચારી બન્ને બંધુઓ ખભાપરની બાળાઓને નીચે ઉતારી શત્રુઓની ભેટ લેવાને તૈયાર થઇ ઉભા. શત્રુઓ તેમની નજીક આવી ઘેરો ઘાલીને ઉભા રહ્યા. દુર્મદે ભયંકર ક્રોધથી તેમની પર આક્રમણ કરવાની આજ્ઞા આપી. ભયંકર પ્રસંગની તૈયારી થઇ ચૂકી. શત્રુના સિપાહીઓ સમરસિંહ અને સ્નેહસિંહપર આક્રમણ કરે એ પહેલાં તો પાસેની ઝાડીમાંથી કાળા ઘોડાપર સ્વાર થએલો કાળા રંગનો એક કદાવર પુરૂષ હાથમાં ખુલ્લી સમશેર સાથે ત્યાં દોડી આવી મોટેથી બૂમ મારી બોલ્યોઃ–" સબુર! ઓ પાપીઓ! તમારા પાપમાં વધારો કરતાં પહેલાં સબુર કરો, અને ઇશ્વરથી ડરો."

તેનો અવાજ સાંભળી દુર્મદ ક્રોધથી રાતાપીળા બની આગળ આવી પૂછ્યું:–" અલ્યા! તું વળી અત્યારે કોણ મુવો છે ?"

" તારો મિત્ર? શું તું મને નથી ઓળખતો ?"

"ના, જણાવ કે તું કોણ છે ?"

"હું ભુજંગસિંહ છું."

"હેં ! શું તું પેલો ભુજંગસિંહ ? તું...તું...દુર્મદ આગળ બોલી શક્યો નહિ. તેની જીભ જકડાઇ ગઈ. તેની સ્થિતિ નિહાળી ભુજંગ તેની પાસે આવી કહેવા લાગ્યો:–"દુર્મદ ! તારાં પાપની પરિસીમા આવી રહી છે. તારા દિવસ હવે ભરાઈ ચૂક્યા છે. હું તને આજ છેલ્લો પેગામ પહોંચાડવાને આવ્યો છું. દુર્મદ ગભરાઇશ નહિ. હું અત્યારે તને મારી નાખવા નથી માગતો. જા, જા, અહિંથી ચાલ્યો જા, અને આજથી પચિસમા દિવસની મધ્ય રાત્રે મરણને મળવા તૈયાર થા. દુર્મદ ! જા, તે અરસ્સામાં તારે પરલોકનું ભાતુ તૈયાર કરવું હોય તો કરી લેજે. આ ભુજંગસિંહ તે સમયે તને અવસ્ય ભયંકર મ્હોતને સ્વાધિન કરનાર છે. જો કે હું તને આ સમયે મારી નાંખવા સમર્થ છું પરંતુ અત્યારે મારી ઇચ્છા એવી નથી. તું મનમાં ફુલાઇશ નહિ કે હું અત્યારે મારા સૈનિકો સાથે છું તેથી ભુજંગસિંહથી કંઇ થનાર નથી. પરંતુ મારા સૈનિકો પણ મારી સાથેજ છે." કહી ભુજંગે રણસીંગડું વગાડ્યું. થોડી વારમાંજ જેમ દરમાંથી કીડીઓ ઉભરાય એમ સો–બસો સૈનિકો ત્યાં ધસી આવ્યા. આવો ચમત્કાર જોતાંજ દુર્મદે કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના ધીમેથી ઘોડાને ફેરવી ત્યાંથી જવા માંડ્યું. તેના સિપાહીઓએ પણ તેની પાછળ ઘોડા દોડાવી મૂક્યા. ભુજંગે તે સમયે તેમને જવા દીધા.

રાજા સમરસિંહ અને સ્નેહસિંહ આશ્ચર્યચક્તિ થઇ ગયા. તેમણે ભુજંગસિંહનો ઉપકાર માન્યો. ભુજંગસિંહ ઘોડેથી ઉતરી તેમને ભેટી કહેવા લાગ્યો:-"મહારાજ ! મારી એક માગણી કબુલ કરશો ?"

" આપ કહેશો એ કરવાને અમે તૈયાર છીએ. "

" ત્યારે હાલ તમે સઘળાં મારી સાથે ચાલો. સમય પૂરો થતાં તમારૂં ગએલું રાજ્ય પાછું મેળવીશું. એ સમયની પણ હવે વાર નથી. બીજું તમારાં આપ્તજનો પણ મારા નિવાસસ્થાનમાં છે. બ્હેન ગુણસુંદરી અને બ્હેન વીરમતી તમારા માટે ઝુરે છે, માટે હવે ત્યાં ચાલી સઘળાને આનંદ કરાવો."

" વાહ ભુજંગસિંહ વાહ, તમારો અમારી ઉપર મહાન્ ઉપકાર થયો છે. " કહી પુનઃ સ્નેહસિંહે અને સમરસિંહે તેને ગાઢ આલિંગન આપ્યું. તે પછી ભુજંગે રમાકુમારીને પૂછ્યું:—" રાજકન્યા ! તમારો શું વિચાર છે ? તમારે તમારા પિતા પાસે જવું છે કે અમારી સાથે આવવું છે ? "

" તમે સાથે લઈ જશો તો હું આવવાને તૈયાર છું." રમાએ જવાબ આપ્યો.

તેનો વચનથી રાજા સમરસિંહે તેની પાસે જઇ કહ્યું:--" પુત્રી ! આમ શા માટે બોલે છે ? શું હું તને મૂકીને જઇશ ? ચાલ બેટા ! તું પણ અમારી સાથે. "

તરત ભુજંગસિંહે ચાર સ્વારોને ચાલી આવવાનું કહી તેમના ઘોડાપર રાજા વગેરેને બેસવાનું સૂચવ્યું. ત્યાર બાદ સઘળાં ત્યાંથી ચાલી નીકળ્યાં.

રસ્તામાં ચાલતાં ભુજંગે સર્વ હકીકત મહારાજાને જણાવી અને વિશેષમાં જણાવ્યું કે:--" દુર્મદનો સેનાપતી દુર્જનમલ. કંઇ ખટપટ થવાથી રાજાથી જુદો પડી મારા પક્ષમાં આવ્યો છે. અને તે

નૌત્તમનગર અને ચંદ્રાવતીની આસપાસ ફરી ઉપદ્રવ મચાવે છે. તેની વાત સાંભળી રાજાને આનંદ થયો. એવી રીતે વાર્તાવિનોદ કરતા સઘળાં મોટે પરોઢીએ ભુજંગસિંહના નિવાસસ્થાન સમિપ આવી પહોંચ્યા. ભુજંગનું નિવાસસ્થાન ભયંકર અરણ્યમાં આવેલા એક મોટા ખંડેરમાં હતું. ત્યાં અનેક સશસ્ત્ર સૈનિકો બેઠેલા હતા. રાજા વગેરેને લઇ ભુજંગ અંદર દાખલ થયો. ગુણસુંદરી અને વીરમતી રાજા વગેરેને જોતાંજ હર્ષઘેલાં બની ગયાં. નાનો રાજકુમાર રાજાની કમ્મરે વળગી પડયો. બાદ રાજાએ રંભાને રાણીને સોંપતાં કહ્યું કેઃ—" આ આપણી પુત્રી છે, તેને ઓછું આપવા દેશો નહિ." રમાએ રાણીને નમન કર્યું. આવી રીતે થોડીજ વારમાં સઘળાનો આનંદકારક મેળાપ થઇ ગયો. પ્રભુની કળા ન્યારીજ છે.

પ્રકરણ ૨૫ મું.

પાપીઓની પ્રપંચ જાળ.

ચંદ્રાવતી પરતંત્ર થયાને આજકાલ કરતાં બે વરસ થઇ ગયાં હતાં. કનકકુમાર કાર્યદક્ષતાથી ચદ્રાત્રતીનું રાજ્ય ચલાવતો હતો. તે દયાળુ હતો, પ્રજાનાં દુઃખ દૂર કરવાને તે હમેશાં તત્પર રહેતો. તેની નિપુણતાથી પ્રજાએ એક વરસ સૂધી તો સુખમાં દિવસો નિર્ગમન કર્યા; પરંતુ હાલમાં પ્રજાની ઉપર મહાન્ જુલમ ગુજરતો હતો. સેનાપતિ દુર્જનસાલ બારવટુ કરી પ્રજાને પીડતો--લુંટતો—અને સામે થનારને મારી નાખતો. તે ધોળે દિવસે નગરમાં આવી ધાડ પાડતો. તેના ત્રાસથી પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગી. કનકે તે દુષ્ટને પકડવાને ઘણાએ પ્રયત્નો કર્યા, પણ તે દુષ્ટ પકડાયો નહિ. દિન પ્રતિદિન તેનું તોફાન વધવા લાગ્યું. કનકે ત્યાં થતા તોફાન બાબતનો પત્ર લખી પિતાને જણાવ્યું કેઃ-"હું અહિં રહેવાને ખુશી નથી, માટે મને ત્યાં આવવાની આજ્ઞા આપો. બીજે દિવસેજ જવાબમાં નૌત્તમગઢથી મોહસિંહ નામક સરદાર ચંદ્રાવતી માટે નિમાઇને આવ્યો. કનક ત્યાંનો કારભાર તેને સોંપી નૌત્તમગઢ તરફ ગયો અને ત્યાં જઇ શાન્તિથી રહેવા લાગ્યો.

વાચકો ! ચાલો આપણે હવે વસંત-વિજયને જોઇએ કે તેઓ કયાં ગયાં અને શું કર્યું ?

કનકની પાસેથી નીકળી તે બન્નેજણાં નગરની બહાર નીકળ્યાં, અને વેષ બદલી આસપાસના પ્રદેશમાં ફરવા લાગ્યાં. તેમણે ગુપ્તવેષથી નૌત્તમગઢમાં જઇ તપાસ કરી પણ ત્યાં રાજા સમરસિંહ સંબંધી કંઇ પણ માહિતી મળી નહિ. આથી નિરાશ થઇ તેઓ એક જંગલમાં ઝુંપડી બાંધીને રહેવા લાગ્યાં. રાણી ગુણસુંદરી, વીરમતી, કમળા, અને નાના રાજકુમાર વગેરેનું શું થયું હશે? અરેરે! દુર્મદે તેમને મારી તો નહિ નાખ્યાં હોય? આવા—આવા અનેક વિચારોથી વિજય ગ્લાનીયુક્ત થઈ દિવસ વિતાડવા લાગ્યો. વસંતકુમારી માતાપિતાને સંભારી નિરંતર રડતી હતી. વિજય તેને આશ્વાસન આપી દિલાસો દેતો હતો. એવી રીતે ઘણો સમય વહી ગયો. એક દિવસના સમાયોગે વિજય—વસંત તેમની ઝુંપડીની બહાર એક ઝાડ નીચે બેસી વાતો કરતાં હતાં. સાંજનો સમય હતો. ખુશનુમા પવન આવતો હતો. એવામાં વિજયની નજરે ત્યાં આગળ એક માણસ ચાલી આવતો જણાયો, ઘણા દિવસ થવા આવ્યા છતાં કોઇપણ માણસ એ જંગલમાં માલમ પડ્યો નહોતો. આજે અચાનક ત્યાં માણસને જોઇ વિજય ચમક્યો, તે આશ્ચર્ય પામી આવનાર તરફ જોઇ રહ્યો. તે આવનાર નિર્ભયતાથી વિજય-વસંતની પાસે ચાલી આવી ઉભો રહ્યો અને કંઇપણ બોલ્યા વિના તેણે તેના ઓઢેલા જબ્બામાંથી એક કાગળની નાની ચિઠ્ઠી કાઢી વિજયના હાથમાં મૂકી. વિજય ચિઠ્ઠી હાથમાં લઈ તેને કંઇક પૂછવાને મુખ ઉંચું કરે એ પહેલાં તો તે માણસ ઘણી ઝડપથી દોડી ગયો. તેના આવા વર્તનથી બન્નેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. વિજય ચિઠ્ઠી ઉકેલી વાંચવા લાગ્યો. તેમાં લખ્યું હતું કે:—

વિજય અને વસંત!

તમે ઘણાં બહાદુર અને હોંશીયાર છો એ હું સારી રીતે જાણુંછું.

જો કે હું તમને બરાબર ઓળખતો નથી, તેમ હજી સુધી નજરે પણ જોયાં નથી, માત્ર તમારી બહાદુરીનાં વખાણ સાંભળ્યાં છે. બહાદુર બાળકો ! ચંદ્રાવતીનું રાજ્ય પારકાના તાબે થઇ ગયું છે એ તમે સારી રીતે જાણો છો, તેથી વિશેષ જણાવતો નથી. હાલમાં ત્યાં અંધાધુંધી ચાલી રહી છે. ધોળે દિવસે લુંટફાટો થાય છે; અને આબરૂદાર કુટુંબોના જાન માલનો નાશ થાય છે. હાલમાં ત્યાંના મોહનરાયની ઉપર વિપત્તિના વાદળને તૂટવાની તૈયારી થઇ રહી છે, તેમનો તેમજ તેમની પુત્રીનો અને તારા મિત્ર બન્સીલાલનો જીવ જોખમમાં છે. માટે તમે બન્નેજણાં ચંદ્રાવતી જઇ યુક્તિપૂર્વક શત્રુઓનો સંહાર કરી પ્રજાને સુખી કરો. બાળકો ! કોઇનાથી ભય પામશો નહિ, દુષ્ટ દુર્મદનું રાજ્ય હવે ફક્ત થોડા દિવસ છે. એક મહિના પછી પહેલાના જેવી શાન્તિ સર્વત્ર ફેલાશે, તમે કંઇપણ વિલંબ કર્યા વિના ચંદ્રાવતી જજો અને મોહનરાયના કુટુંબને આફતથી બચાવજો. હાલ એજ.

લી.

સર્વત્ર વ્યાપી.

"અરે આ કોણ ?" કહી વિજય વિચારમાં પડયો. બાદ વસંતને પુરૂષનો પોષાક ધારણ કરાવી ચંદ્રાવતી જવાને તૈયાર થયો. ઝુંપડીનું વિસર્જન કરી બન્ને ચંદ્રાવતી તરફ જવા લાગ્યાં.

આખરે તેઓ નગરમાં આવ્યાં. ચંદ્રાવતી નિસ્તેજ અને સ્મશાન સમાન જણાવા લાગ્યું. નગરની દુર્દશા અવલોકી વિજયે ગાઢ નિ:શ્વાસ નાખ્યો. બાદ બીજે દિવસે એક મકાન ભાડે રાખી બન્નેજણાં ગુપ્ત વેષથી નામ બદલી રહેવા લાગ્યાં. એક દિવસના સમાયોગે વીરવિજય વસંતને સાથે લઇ ફરવા નીકળયો. ફરતાં-ફરતાં રાત પડી વિજય મકાન તરફ જવાનો વિચાર કરવા લાગ્યો. એટલામાં એકાએક ત્યાં

આગળ થઇને એક કાળી આકૃતિ આસપાસ જોતી ચાલી જતી જણાઇ. તેના ચાલવાના ભાસ ઉપરથી વિજયને તેનીપર વ્હેમ પડયો; તે તત્કાળ ઉભો થઇ વસંતને કહેવા લાગ્યોઃ-"વસંત! તું થોડીકવાર અહિં બેસજે, હું હમણાંજ પાછો આવું છું." કહી વિજય તે જનાર વ્યક્તિની પાછળ-પાછળ જવા લાગ્યો. આગળ ચાલી જનાર વ્યક્તિ મોહનરાયના મકાન આગળ આવી પહોંચી. તેણે આસપાસ જોઈ કંઈક વિચાર કરી એક સીસોટી વગાડી, તરત એક માણસ ત્યાં દોડી આવ્યો, અને તે વ્યક્તિના કાનમાં કંઈક વાત કહી ઝપાટાબંધ રસ્તે પડયો. આથી પ્રથમની વ્યક્તિને હસવું આવ્યું. બાદ તેણે ત્યાંથી આગળ ચાલી મહેલની પછવાડે આવેલા બગીચામાં પ્રવેશ કર્યો.

વિજયસિંહ પણ તેની પાછળ પાછળ બગીચામાં પ્રવેશ્યો, અને એક ઝાડને ઓથે છુપાઈ ઉભો. આ સમયે મોહનરાય અત્યંત ચિંતા-યુક્ત વદને એક પત્થરપર બેસી કંઈક વિચારમાં નિમગ્ન થયો હતો. એ અરસ્સામાંજ અંદર આવનાર વ્યક્તિએ પાછળથી આવી તેના ખભાપર હાથ મૂકી કહ્યુંઃ-"કાં શેઠજી! મોડી રાત સુધી અહિં બેસી રહી શું વિચાર કર્યા કરો છો?" તેના પ્રશ્નથી મોહનરાયે ચમકી ઉભા થઈ ધ્રુજતા અવાજે કહ્યુંઃ-"દુર્જનસાલ! તમે શા માટે મને સતાવો છો? હવે તો મારી ઉપર દયા કરો તો સારૂં?"

"શેઠ! જો તમે મારૂં કહેવું માની સુધાસુંદરીને મારે સ્વાધિન કરશો તો ઘણાજ સુખી થશો. મહાશય! ભવિષ્યમાં આ ચંદ્રાવતીનો રાજા પણ હુંજ થનાર છું અને તેના પ્રયત્નમાં હમેશાં મચ્યો રહ્યો છું, માટે રાજીખુશીથી સુધાનાં મારી સાથે લગ્ન કરી સુખી થાઓ." તે વ્યક્તિ કે જે દુર્જનસાલ હતો તેણે કહ્યું.

તેના શબ્દો સાંભળી મોહનરાય કંપી ઉઠયા.

મોહનરાયનો જવાબ સાંભળવાને દુર્જન પણ શાન્ત થઇને ઉભો રહ્યો. બીજી બાજુએ છૂપાઈ ઉભેલા વિજયને પણ સઘળા રહસ્યની ખબર પડી ગઈ. ઘણીવાર થઈ છતાં જ્યારે મોહનરાયે કંઇપણ જવાબ આપ્યો નહિ ત્યારે પુનઃ દુર્જન કહેવા લાગ્યોઃ—"કાં શેઠ! શું વિચારમાં પડયા છો? સુધાને આપી સુખી થવું છે કે ના કહી પેલા... ભયંકર મ્હોતથી મરવું છે?"

મોહનરાય એકાએક ગભરાઇને બોલી ઉઠયાઃ—"દુર્જન! તું કહે એ કામ કરવાને હું તૈયાર છું, પણ મારી સુધાને તારે સ્વાધિન કરતાં કંપુ છું–ધ્રુજુ છું. મારી સુધા મારા પ્રાણથી પણ વિશેષ પ્રિય છે. તેનું ખરાબ જોવા હું રાજી નથી. તે દુઃખી થાય એ પહેલાંજ હું મરણને મળવા ઘણો આતુર છું. દુર્જન! દયા કર, મને એ......ભયંકર મ્હોતનો ભય ન દેખાડ."

"બસ, હવે હું તારૂં કંઇપણ સાંભળવા માગતો નથી. હું તને એજ...ભયંકર મ્હોતને આધીન કરીશ...તું..."

દુર્જન આગળ બોલતો બંધ થયો; કારણ કે તેના કાને કંઇક સંજ્ઞાદર્શક અવાજ સંભળાયો. તે તરત મોહનરાયને મૂકી ત્યાંથી દોડી ગયો. તેના ગયા પછી મોહનરાય પણ ત્યાં વધારે વાર નહિ રોકાતાં ભગ્ન હૃદયે મકાનમાં ચાલ્યા ગયા.

છૂપાઇ ઉભેલા વિજયને એમાં કંઇ સમજણ પડી નહિ. તે આજના બનાવના વિચાર કરતો ત્યાંથી બહાર નીકળી વસંતની પાસે જવા લાગ્યો. આ સમયે રાત્રિના અગીઆર વાગ્યા હતા. ભીષણ અંધકાર વ્યાપેલો હતો. વિજય વિચારમાં મશગુલ થઈ ચાલ્યો જતો

હતો, એ અરસામાં એક માણસે તેની પાછળથી દોડી આવી કહ્યું:-
" આ મધ્ય રાત્રે નિર્ભયતાથી ચાલ્યા જનાર તમે કોણ છો ?"

" તમારે કોનું કામ છે ?" વિજયે પૂછ્યું.

" મહેરબાન ! મારા બોલવાથી આપને શું ખોટું લાગ્યું ? પણ આમાં ખોટું લગાડવા જેવું કંઈજ નથી, કારણ કે હું અત્યારે ઘણોજ ગભરાએલો છું. મારા મકાનમાં ચોર પેઠા છે, અને તેથી હું મદદ મેળવવા બહાર નીકળી આવ્યો છું. મને લાગે છે કે આપ કોઈ દરબારી હશો ? જો મારૂં ધારવું ખરૂં હોય તો આ ગરીબની ઉપર દયા કરી મારી માલમીલકત બચાવો. તે દુષ્ટોનો ઇરાદો મારા મકાનમાં આગ લગાડવાનો છે. ગરીબપરવર ! હું તમારે શરણે છું." કહી તે માણસે વિજયના પગમાં માથુ મૂક્યું.

વિજય આશ્ચર્ય પામ્યો અને થોડીવાર વિચાર કરી બોલ્યો:-
" તમારૂં મકાન અહિંથી કેટલે દૂર છે? અને તમારૂં નામ શું છે ?"

"મારૂં નામ કેશવ છે. મારૂં મકાન અહિંથી બહુ દૂર નથી." તે માણસે જવાબ આપ્યો.

" એમ ! તો ચાલો ઉભા થાઓ, હું તમારી સાથે આવું છું."

" આપનો ઘણોજ ઉપકાર થયો." કહી તે માણસ વિજયની સાથે ચાલવા લાગ્યો. થોડીવારમાં તો તેઓ મોહનરાયની હવેલીથી સ્હેજ દૂર આવેલા એક બીજા મકાન આગળ આવી પહોંચ્યા. તે મકાનનું એક બંધ બારણું ઉઘાડી કેશવ વિજયને લઈ અંદર દાખલ થયો. એ મકાન ઘણું મોટું હતું. અંદર અંધારૂંઘોર હતું. કેટલાક ઓરડા વટાવી અંતે એક ઓરડામાં આવી કેશવે કહ્યું:-" મારા સરકાર ! આ ઓરડાની બીજી બાજુએ ચોરનો સરદાર ભરાઈ બેઠો છે. તમે અહિં થોડી

વાર બેસો હું દિવો સળગાવી લાવું.” કહી કેશવ ત્યાંથી ચાલ્યો ગયો. વિજય તે ઓરડામાં બેસી ચંદ્રાવતીમાં થતા ઉપદ્રવના વિચાર કરવા લાગ્યો. વિચારમાંને વિચારમાં ઘણો વખત થઇ જવા આવ્યો પણ દિવો લેવા ગએલો કેશવ પાછો આવ્યો નહિ. વિજય વ્હેમાયો, તેણે ઉભા થઇ કેશવ–કેશવ--કહી બે ચાર બુમો મારી, પણ કોણ બોલે ? આથી થાકી કંટાળી વિજય ગાઢા અંધકારમાં બે હાથ પહોળા કરી બહાર નીકળવાનો માર્ગ ખોળવા લાગ્યો. તેણે આ ઓરડેથી બીજે એમ ઘણા ઓરડા વટાવ્યા પણ તેને બહાર નીકળવાનો રસ્તો માલુમ પડયો નહિ. આથી તે મન સાથે બોલી ઉઠયો. ખરેખર! હું કોઈ દગાબાજના દગાથી અહિં ફસાયો છું. તે માણસ કોઇ લુચ્ચો કે ખૂની હોવો જોઇએ. મારા ગાનવા મુજબ તે દુર્જનની ટોળીમાંનોજ હોવો જોઇએ અને તેની માર્ફતે દુષ્ટ દુર્જને મને ફસાવવાની આ યુક્તિ કરેલી હોવી જોઇએ. હા! ભાવી! તારી ભવાઈ પણ અજબ પ્રકારની છે. હવે અહિંથી મારે બહાર શી રીતે નીકળવું ? બીચારી વસંત મારી રાહ જોઈ કંટાળી ગઈ હશે. હું અહિં ન આવ્યો હોત તો ઠીક થાત. આમ બોલતો વિજય એક બીજો ઓરડો ઉઘાડી ત્રીજામાં પ્રવેશ્યો. એ ઓરડામાં પગ મૂકતાંજ તેને માથું ફાડી નાખે એવી દુર્ગંધ આવવા લાગી. વિજય કંપ્યો. દુર્ગંધથી તેનું માથું ફરવા લાગ્યું. તેણે ખીસ્સામાંના રૂમાલથી નાક ઢાંકી આગળ ચાલવા માંડયું. એવામાં એકાએક તેના પગને જમીનપર પડેલી કંઇક ચીજ અથડાઇ, વિજય નીચો નમી તેને જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે ચીજ એક નાની શીશી હતી અને તેમાંથીજ દુર્ગંધ નીકળતી હતી. તેની વાસથી વિજય આગળ જઇ શકયો નહિ. તેની આંખ્યે અંધારાં આવવા લાગ્યાં. તે તત્કાળ નીચે બેસી ગયો અને થોડીવારમાં તો એક ઝીણી ચીસ નાખી બેશુદ્ધ થઈ પડયો.

એવી રીતે તે ઘણીવાર સુધી બેશુદ્ધ અવસ્થામાં પડ્યો રહ્યો. તે પછી બરાબર પાછલી રાત્રે બે માણસોએ ત્યાં આવી તેને એ ઓરડામાંથી ઉપાડી બીજા ઓરડામાં સૂવાર્યો. તેને ત્યાં સૂવારી તરત તે બે માણસો ત્યાંથી ચાલ્યા ગયા. વિજયને જે જગાએ સૂવાર્યો હતો ત્યાં સારી રીતે પવન આવતો હતો. રાતના પાછલા પહોરના ઠંડા પવનથી વિજય થોડીવારમાં સાવધ થઇ આસપાસ જોવા લાગ્યો. તેને ત્યાંથી નીકળવાનો કંઇ પણ માર્ગ જણાયો નહિ. આથી તેણે છેક નિરાશ થઇ નિઃશ્વાસ નાખી જમીનપર પડતું નાખ્યું; એવામાં એકાએક તેને કાને કંઇક ખડખડાટ સંભળાયો. તે તત્કાળ ઉભો થઇ અવાજના આધારે આગળ વધ્યો તો તેને માલમ પડયું કે અહિં પાસેના બીજા ઓરડામાં બે માણસો ઉભા-ઉભા કંઇક વાતો કરે છે. વિજય કાન માંડી તેમની વાતો ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો.

તે બે માણસો વિકાળ દેખાવના હતા. તેમણે પગ સુધી પહોંચે એવા કાળા જબ્ભા પહેર્યા હતા. તેમની કમ્મરે તલવારો લટકી રહી હતી. તેમાંનો એક થોડીવાર શાન્ત ઉભો રહી વળી પાછો કંઇક યાદ આવતાં બીજાને કહેવા લાગ્યોઃ—"સરદાર! આપણા ધારવા મુજબ સર્વે કાર્ય થઇ ગયું છે, માટે હવે એ વિજયને અહિંથી લઈ જઈ પૂરો કરી નાંખીએ તો સારૂં કે જેથી આપણે ભવિષ્યમાં કોઇનાથી બ્હીવાનું રહે નહિ."

"હા, તારૂં કહેવું ખરૂં છે, એ છોકરો ઘણોજ ચાલાક અને મહા ધુર્ત છે. જો તે વધારે દહાડા જીવતો રહેશે તો જરૂર કંઇક યુક્તિ કરી નાશી જશે અને આપણ બધાનો ઘાતકી રીતે અંત આણશે. માટે તેને હવે જેમ બને એમ જલ્દીથી યમપૂરીમાં રવાને કરી દેવો જોઇએ."

તેમની વાત સાંભળી વિજય ચમકયો, પોતાને મારવાનો ઇરાદો જાણી ગયો, તેમજ તે વાતો કરનારને પણ ઓળખી ગયો. તે વાતો કરનાર દુર્જનસાલ અને પ્રપંચપ્રસાદ હતા. વિજય હિંમતવાન હતો. તે આ સમયે ફસાઇ જવાથી મહાન્ વિચારમાં પડયો હતો. તે મન સાથેજ બોલી ઉઠયો:—"હા! પ્રભુ! અત્યારે હું ભયંકર વિપત્તિમાં સપડાઇ ગયો છું. દુષ્ટ દુર્જનના હાથે પ્રાણ બચાવવાનું કામ મહાન્ મુસ્કેલ છે. તે જરૂર મારા પ્રાણનો નાશ કરશે. ઓ વિભો! હવે શું કરૂં?" કહી વિજય ઉંચે જોઇ રહ્યો. એ અરસ્સામાં દુર્જન અને પ્રપંચપ્રસાદ એ ઓરડાનાં બારણાં ઉઘાડી અંદર દાખલ થયા. તે પોતાની પાસે આવે તે પહેલાંજ વીરવિજય ચાલાકીથી જમીનપર સૂઇ ગયો, અને જાણે બેશુદ્ધ ન હોય એવી સ્થિતિ કરી પડયો રહ્યો. બન્નેજણા તેની પાસે આવી વાંકા વળી જોવા લાગ્યા. તેમને કંઇ સમજણ પડી નહિ. આથી દુર્જને જબ્બામાંથી ગુપ્ત ફાનસ કાઢી તેના પ્રકાશને વિજયના મુખપર નાંખી પ્રપંચપ્રસાદને કહ્યું:—"તું નીચે બેસી તેને બરાબર તપાસી જો; કારણ કે આપણે તેનાથી ઘણુંજ બ્હીવાનું છે."

પ્રપંચપ્રસાદ વિજયની છેક નજીક જઇ નીચે બેસી તેના નાકપર આંગળી મૂકી તપાસવા લાગ્યો. તે પછી તેણે છાતી ઉપર હાથ મૂકી શ્વાસની તપાસ કરી દુર્જનને કહેવા માંડયું:-"નામદાર! હવે જલ્દીથી આને પૂરો કરી નાંખવો જોઇએ; કારણ કે તે હવે ધીમે ધીમે શુદ્ધીમાં આવતો જાય છે. જો સાવધ થઈ જશે તો આપણને તેનો પ્રાણ લેવો મહા ભારે થઇ પડશે. શત્રુનો શિકાર કરવા જતાં ક્યાંક આપણે તેના શિકાર ના બની જઇએ એ ખૂબ સંભાળવાનું છે."

"તું આટલોબધો ગભરાય છે શાને? ગમેએટલું પણ એ એક

નાનું છોકરૂં છે. તેને ઘાતકી રીતે મારવાનો મારો વિચાર છે, માટે ચાલો આપણે અહિંથી જઇએ અને આપણા સેવકો પાસે આને બંધીવાન બનાવી ઉપાડી મંગાવીએ. બાદ તેના પ્રાણનું વિસર્જન કરીશું." "જેવી આપ નામદારની ઇચ્છા." કહી પ્રપંચપ્રસાદ ત્યાંથી ચાલવા લાગ્યો. બન્નેજણુ તે ઓરડાને બંધ કરી બહાર નીકળી ગયા. તેમના ગયા પછી વિજય મનમાં બોલી ઉઠયોઃ—

"આ વીરવિજય આવા કંગાલ મ્હોતથી કદાપિ મરણુને શરણુ થશે નહિ. હું શત્રુઓને પણુ દેખાડી આપીશ કે આ વીરપુત્રનો પ્રાણુ કેમ લેવાય છે." આમ મનમાં બોલી તે તૈયાર થઈ સમયની રાહ જોવા લાગ્યો. તેના સારા નશિબે તેનાં હથિઆર હજી તેની પાસેજ હતાં. રાત્રિ સમસમાકાર અવાજ કરતી ચાલી જતી હતી. શત્રુઓના આવ્યાના ભણકારા વિજયને લાગતા હતા. એવામાં એકાએક તેના ઓરડાનું તાળું ખખડવાનો અવાજ સંભળાયો. શત્રુઓ આવી પહોંચ્યા સમજીને વિજય તેમની ભેટ લેવાને હાથમાં કટાર પકડી તૈયાર થઇ ઉભો. આખરે થોડીવાર પછી તેને કાને બારણું ઉઘડવાનો અવાજ આવ્યો. "ચાલ જીવ ! સાવધ થા, દુષ્મનો આવી પહોંચ્યા." કહી વિજય સાવધ થઇને ઉભો. એવામાં એકાએક ત્યાં આગળ દિવાનો પ્રકાશ પથરાયો. પ્રકાશમાં વિજયે જોયું તો તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, શત્રુઓના આવવાને બદલે તેણે એક સુંદર રમણીને હાથમાં દિવો પકડી ત્યાં આવતી જોઈ. આવનાર રમણી સર્વાંગે સુંદર હતી. તે ગળાથી તે પગ સુધી કાળા જબ્બાથી ઢંકાએલી હતી. તેના માથાના વાળ છૂટા થઇ પૃષ્ટ ભાગપર લટકતા હતા. આવી સુસ્વરૂપા સુંદરીને આવા ભેદી સ્થળે જોઈ વિજય એકાગ્ર નજરે તેને જોઈ રહ્યો.

બાદ તે રમણી વિજયની છેક નજીક આવી તેને ઈશારતથી પોતાની પાછળ-પાછળ ચાલવાનું સૂચવ્યું. તે પોતાને છોડાવવાને આવી છે ધારીને વિજયના આનંદનો પાર રહ્યો નહિ. તે સાનંદાશ્ચર્યથી તેની સામે જોઇ બોલ્યોઃ—"આ ભયંકર ભૂતખાનામાંથી મને છોડાવવા આવનાર તમે કોણ છો? મને લાગે છે કે તમે કોઇ દયાળુ હૃદયનાં દેવી હોવાં જોઇએ. તમે......" વિજય આગળ બોલે તે પહેલાં તો તે સુંદરીએ તેનો હાથ દબાવી કંઇપણ બોલવાની મના કરી; અને તે સાથેજ તેણે હાથમાં પકડેલા દિવાને એકાએક ફુંક મારી ઓલવી નાખ્યો. આથી વિજયના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અલ્પસમયમાંજ ત્યાં માણસો આવવાનાં પગલાં સંભળાયાં. તરત તે રમણી વિજયનો હાથ પકડી ત્યાંથી ચાલવા લાગી. વીરવિજય જો કે બહાદુર અને હિંમતવાન હતો પરંતુ આ પ્રસંગે તે ભયમાં ગરકાવ થઇ તે રમણીની સાથે ચીત્રવત્ થઇ ચાલ્યો જતો હતો. ઝપાટાબંધ પગ ઉપાડતી સુંદરી વિજયને લઈ એક ઓરડામાં આવી, એ ઓરડામાં સર્વત્ર અંધારૂં વ્યાપેલું હતું, પણ તેની જોડેના બીજા ઓરડામાં દિવાનો પ્રકાશ ઝગઝગી રહ્યો હતો; અને ત્યાં ચાર પાંચ માણસો કંઇક વાતો કરતા બેઠેલા હતા. તેમને જોઈ તરત તે સુંદરી વિજયને લઇ ત્યાંથી દૂર આવેલા એક બીજા ઓરડામાં દોડી, અને ત્યાં આવેલી એક સીડીપરથી નીચે ઉતરી એક સાંકડી ચાલમાં થઇને ખુલ્લા મેદાનમાં આવીને ઉભી રહી. તેમને ત્યાં ઉભાં રહે થોડીક વાર થઈ હશે, એ અરસ્સામાંજ તેમનાથી થોડેક દૂર માણસોની ગરબડ અને દોડાદોડ થતી તેમને માલમ પડી. વિજય સમજી ગયો કે એ થતી દોડધામ મારા નાશી છૂટવાથી થએલી હોવી જોઇએ, માટે હવે અહિં એક પળવાર પણ રોકાવું સલામતી ભરેલું નથી. આમ વિચારી તેણે પાસે ઉભેલી રમણીને પૂછ્યું:—"વીરબાળા!

મારા નાશી છૂટવાથી શત્રુઓ દોડધામ કરવા લાગ્યા છે, માટે હવે આપણે અહિંથી ચાલ્યાં જઇએ તે સારૂં." તેનું કહેવું સાંભળી એ સુંદર બાળા કંઇપણ બોલ્યા વિના ચાલવા લાગી. અંધારૂં તો એટલું બધું હતું કે એક બીજાનું મ્હોં પણ જોવાઈ શકાતું નહોતું. પોતાને મૂક્ત કરાવનાર આ કોણ હશે? તેણે હજી સુધી મારી સાથે કંઈ પણ વાત કરી નથી તેનું શું કારણ હશે? આવા આવા વિચાર કરતો વિજયે અંતે પૂછ્યું:—"દિવ્ય બાળા! આપણે શત્રુઓના સ્થાનથી ઘણે દૂર આવી પહોંચ્યાં છીએ, તો હવે કૃપા કરી તમે જણાવો કે તમે કોણ છો, અને શું નામ છે?"

"અરે! શું તમે મને હજી ઓળખી શક્યા નથી? હું તો એમ સમજતી હતી કે તમે ક્યારનાએ મને ઓળખી ગયા હશો પણ શત્રુના ભયથી બોલી શકતા નહિ હો. વિજયકુમાર! પોતાના આપ્તજનને પણ નહિ ઓળખનાર આ પૃથ્વીપર વીરપુરૂષો પડ્યા છે, એનો અનુભવ મને આજે બરાબર થયો છે."

"આપણે હજી સુધી એક બાજાની સાથે વાત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. તમારો અવાજ મારી વસંતના અવાજને મળતો આવે છે, તેથી શું તમને આ અંધકારમાં વસંત તરીકે ઓળખી શકાય કે?" વિજયે પૂછ્યું.

"વિજયસિંહ! ખરેખર હું તમારી 'વસંત' જ છું."

"હેં! શું મારી વસંત અત્યારે આ સ્થળે?" વિજયે આ:- ર્ચીને પૂછ્યું.

"હા, હવે જલ્દીથી મકાને ચાલો." કહી વસંત હસ્તેવદને વિજયનો હાથ પકડી ચાલવા લાગી. રસ્તામાં ચાલતાં વિજયે પૂછ્યું:—

"વસંત ! હું શત્રુના સપાટામાં સપડાઇ ગયો તેની તને શી રીતે ખબર પડી ?"

"જે સમયે તમે મારી પાસેથી આવું છું કહીને ચાલ્યા ગયા. તે પછી તરત બે માણસો આપણા મકાનની પાછલી બાજુએથી નીકળી દોડયા ગયા. આવા ઉડાઉડના સમયથી મને તેમનીપર વ્હેમ પડયો. તેથી હું તરત મકાનને બંધ કરી બહાર નીકળી અને તેમની પાછળ પાછળ ચાલી. ત્યાર પછી તમે જે જે જોયું તે મ્હેં પણ જોયું. આખરે તમને પેલા પ્રપંચી માણસે ફસાવ્યા. તે માણસ બીજો કોઈ નહિ પણ દુર્જનસાલનો સરદાર શઠરાય હતો. તે તમને જે વખતે લઈ જતો હતો તે વખતે હું તમારા બન્નેની પાછળ ચાલતી હતી. હું તમને કંઈક સંજ્ઞા કરી સાવધ કરી દેત, પરંતુ કદાચ આપણે બન્ને સપડાઇ જઇએ એ હેતુથી હું શાન્તિથી ચાલવા લાગી. આખરે તમે બન્ને જણા પેલા મોટા મકાનમાં પ્રવેશ્યા. હું પણ યુક્તિસર અંદર પેઠી અને એક ખૂણામાં છૂપાઈ ઉભી રહી. બાદ તમને ઓરડામાં પૂરી શઠરાય ચાલ્યો ગયો. તે પછી હું અંદરના ભાગમાં ફરવા લાગી. છેવટે એક દિવાનું કોડીયું હાથ લાગતાં હું તમારી પાસે આવી પહોંચી."

તેની વાત સાંભળી વિજયને અત્યાનંદ થયો. તેણે વસંતને ઉમળકાથી હૃદયદાન દીધું. બાદ મોટા પરોઢીએ બન્ને જણાં મકાને આવી પહોંચ્યાં.

પ્રકરણ ૨૬ મું.

પિશાચોનાં પ્રબળ પરાક્રમો.

ચંદ્રાવતીમાં મોહનરાયની ઉપર દિન પ્રાતદિન નવીન વિપત્તિઓ પડવા લાગી. તેમનું સુંદર મુખ-મ્લાન અને ચિંતાઓથી નિસ્તેજ રહેવા લાગ્યું. બન્સીકુમાર કેટલાક દિવસોથી તેમને ત્યાં રહી તેમને આશ્વાસન આપતો હતો. તે ચતુર અને બુદ્ધિવાન હતો. તે તેના વ્હાલા મિત્ર વિજયને સંભારી એકાન્તમાં અશ્રુ વિસર્જન કરતો હતો. દુર્જનસાલનું પ્રબળ જોઇ બન્સીલાલ વ્યાકુળ રહેતો હતો. એક સમયે રાત્રિના અગીઆર વાગ્યાને સુમારે બન્સી અને સુધા એક સુંદર દિવાનખાનામાં બેસી વાતો કરતાં હતાં. સુધાસુંદરી દુર્જનની વાત યાદ કરી રડતી હતી. બન્સી તેનાં આંસુ લ્હોઇ આશ્વાસન આપતો હતો. વાતોમાં ને વાતોમાં રાત ઘણી વીતી ગઈ. અંતે સુધાની આંખ્યો નિદ્રાથી ઘેરાવા લાગી; આથી તેને સૂવાનું સૂચન કરી બન્સીકુમાર પણ ત્યાં પડેલા એક સોફા પર સૂતો, થોડી વારમાં નિદ્રાદેવીએ બન્નેજણાંને પોતાના સ્વાધિનમાં લઈ લીધાં. મ્હેલના તમામ નોકર–ચાકરો ગાઢ નિદ્રાને આધીન થઇ પડેલા હતા, નિઃસ્તબ્ધતાનું રાજ્ય સર્વત્ર છવાએલું હતું. આવે સમયે ચાર ભયાનક દેખાવના કાળાં વસ્ત્ર ધારી માણસોએ ધીમે પગલે દિવાન-ખાનામાં પ્રવેશ કર્યો; અને તેમાંનો એક જભ્ભામાં છૂપાવી રાખેલી એક શીશી બહાર કાઢી બન્સીની નજીક ગયો. તે માણસે થોડીવાર

કંઇક વિચાર કરી શીશીનો બુચ ઉઘાડી તેનું મ્હો બન્સીના નાક આગળ ધર્યું. બન્સીને જોરથી એક છીંક આવી. તે પછી એ માણસે શીશીને મજબુત બંધ કરી જબ્બામાં મૂકી દીધી. શીશીમાંના પદાર્થની અસરથી બન્સી ઘેનમાં ઘોરવા લાગ્યો; કે તરત પાસે ઉભેલા માણસે તેને કાંધ ઉપર ઉપાડી લઈ ઉભેલા માણસોને ચાલવાનું સૂચવ્યું. સઘળા આવ્યા હતા તે રસ્તે થઇને બહાર નીકળી ભીષણ અંધકારમાં ગયેબ થઇ ગયા. આ વાતની કોઇને કાંઈ ખબર પડી નહિ. આ સમયે સુધા-સુંદરી ભરઉંઘમાં પડી હતી, નિદ્રામાં તેને સ્વપ્નનો ભાસ થવાથી સમજાય ન સમજાય એવું બડબડતી હતી. આખરે સ્વપ્નમાં ભયંકર ભાસ થવાથી તે એકદમ જાગી ઉઠી,. અને એ બાકળી બની બન્સીના કોચ તરફ દોડી. સુધા બન્સીને જગાડવાના ઇરાદે તેના કોચ પાસે જઈ બૂમ પાડવા લાગી, પરંતુ બન્સી ક્યાંથી હોય કે તેને જવાબ આપે. તેણે દિવો સળગાવી જોયું તો બન્સી ત્યાં સૂતેલો જણાયો નહિ. તે કારમી ચીસ પાડી બોલી ઉઠી:—"હાય, અંતે મારૂં સ્વપ્ન ખરૂં થયું." કહી તે ભયથી વ્યાકુળ બની આમ તેમ ફરવા લાગી. તેના દુઃખ-નો પાર રહ્યો નહિ. તે એક ખુણામાં બેસી ડસકાં ભરી રડવા લાગી. એ અરસામાં વળી પાછું એક નવીન કૌતક થયું. દિવાનખાનાની છત ઉપર કંઇક ખડખડાટ થતો સંભળાયો. સુધાએ ચમકીને ઉંચે જોયું તો તેણે એક કાળા રંગના બીહામણા માણસને છત કોચી કાગળની ચિઠ્ઠી નાખતો જોયો. સુધા ભયથી છળી પુનઃ કારમી ચીસ પાડી ઉઠી, તે કાળા ચ્હેરાનો માણુસ ચિઠ્ઠી નાંખી અદૃશ્ય થઇ ગયો. સુધાની બૂમથી મકાનના માણસો જાગી ઉઠયાં; અને ફટોફટ બારણાં ઉઘાડી તે ખંડમાં ધસી આવ્યાં. મોહનરાય શેઠ પણ ત્યાં દોડી આવી ભયથી વિહ્‌વળ બની સુધાની પાસે ઉભા ઉભા ધ્રુજતા હતા. સુધાની સખી મનોરમા

તેને વાંસે હાથ ફેરવી આશ્વાસન આપતી હતી. સુધાએ ધ્રુજતા હાથે ત્યાં પડેલી ચિઠ્ઠી મનોરમાને બતાવી વાંચવા સૂચવ્યું. તરત મનોરમાએ ચિઠ્ઠી ઉપાડી દિવાના અજવાળે વાંચવા માંડી. તેમાં લખ્યું હતું કેઃ—

ત્રિભુવન મોહિની સુધા.

તું ક્યાં સુધી મને નિરાશ કરીશ? તું ખુશીથી માનીશ તો તને સુખી કરીશ, અને નહિ માને તો તું ઘણીજ દુઃખી થઇશ. તારા બાપનો ગમે એટલો બંદોબસ્ત હશે પણ હું હવે તને ફક્ત ત્રણ—ચાર દિવસમાંજ મારા સ્વાધિનમાં સપડાવીશ. અમારા બળનું ભાન કરાવવાને અને તને ચેતાવવાને મ્હેં મારા બ્હાદુર સરદારોને મોકલી તારા બન્સીને ઉપાડી મંગાવ્યો છે. જો તું ખુશીથી મારૂં કહેવું માનીશ તો તેની પર દયા કરી છોડી મૂકવામાં આવશે, અને તું નહિ માને તો તારા દેખતાંજ તેનો ઘાતકી રીતે અંત આણવામાં આવશે. બસ હાલતો એજ. વિશેષ રૂબરૂમાં.

લી.

તું ઓળખે છે એજ.

મનોરમા ચિઠ્ઠી વાંચી ભયગ્રસ્ત થઇ ઉભી રહ્યા, સઘળાં જનો ભયથી થરથર ધ્રુજવા લાગ્યાં. મોહનરાય તો દિવાના જેવા બની ગયા. બન્સીના હરણથી રમા એકઘાટ રૂદન કરવા લાગી.

એવી રીતે એ દુઃખદાયક રાત્રિ પૂરી થઇ, સવાર થયું. આખા નગરમાં બન્સીકુમાર વિષે વાતો ચર્ચાવા લાગી. સુધા આખો દિવસ રડીને શોક કરવા લાગી. મોહનરાયના કષ્ટની સીમા નહોતી. તે દિવાના જેવા બની બેસી રહ્યા, બાદ સાંજના સમયે સુધાસુંદરી પોતાના મકાનની પાછળ આવેલા બગીગામાં જવા નીકળી, જેવી તે બગીચાના દ્વારમાં પ્રવેશ કરે છે કે એકાએક એક કાળા રંગના કદરૂપા દાઢીવાળા માણસે

ત્યાંથી નીકળી તેને ધક્કો માર્યો; અને ઉતાવળે પગલે દોડી દૂર ઉભો રહી સુધાની તરફ જોઈ રહ્યો. સુધાએ ભય પામી બૂમ મારી, છતાં પણ તે ઉભો રહેલો માણસ ત્યાંથી ખસ્યો નહિ. સુધા ચારે તરફ જોવા લાગી, દૂર ઉભેલો માણસ તેના સામે જોઇ હસવા લાગ્યો, તેના હસવામાં ભયંકર ભેદ હોય એમ તેને જણાયું. અલ્પસમયમાં તો બગીચાની અંદરથી એક બળવાન બાંધાનો ગૌર રંગનો યુવાન ત્યાં દોડી આવ્યો, અને સુધાને ગભરાએલી જોઈ કહેવા લાગ્યો, "તમે બ્હીશો નહિ, તમારી બૂમ સાંભળીનેજ હું અહિં દોડી આવ્યો છું."

"ભાઈ! જો તમે મારૂં શુભ ઇચ્છતા હો તો પેલા ઉભેલા માણસને મારાથી દૂર કરો, હું તેનાથી ઘણીજ ભય પામું છું." સુધાએ ઉભેલા માણસને દેખાડી કહ્યું.

"તે સુંદર યુવાને દૂર ઉભેલા માણસ સામે નજર કરી. તે તત્કાળ તેને ઓળખી ગયો; અને કમ્મરમાંથી કટાર ખેંચી તેની તરફ દોડી જવાને ઉત્સુક થયો. તેનો વિચાર સમજી એ ઉભેલો માણસ પણ ત્યાં વધારે વાર ઉભો નહિ રહેતાં પલાયન કરી ગયો. તેને જતો રહેલો જોઇ એ યુવાન કટારને કમ્મરમાં ખોસી સુધાની છેક પાસે આવી ઉભો રહ્યો. સુધા તેને એકાગ્રતાથી નિહાળવા લાગી. અંતે કંઇક યાદ આવતાં તે બોલી ઉઠી:—"ઓ પ્રભો! હું આ શું જોઉં છું? શું તે-તે... તમેજ છો? ભાઈ! હું-હું...તમને ઓળખું છું."

તેનો ગભરાટ સમજી તે યુવાન તેની છેક નજીક જઈ બોલ્યો:– "બ્હેન! શાન્ત થાઓ. શા માટે ભય પામો છો? હું તમને ઓળખું છું. હું જ્યાં સુધી અહિં ઉભો છું ત્યાં સુધી તમારે લગીર પણ ભય પામવાનું કારણ નથી. બ્હેન! શું તમે મને નથી ઓળખતાં?"

સુધા શાન્ત સ્વરે બોલીઃ—" ભાઇ ! હું તમને ઓળખું છું. આપે એક વખતે ભયંકર સર્પના સપાટામાંથી મારો બચાવ કર્યો હતો. તમે મારા બન્સીના પરમ પ્રિય મિત્ર છો, આપનું નામ " વિજયસિંહ છે. ભાઇ ! તમારા મિત્રના સમાચાર જાણો છો ? કે"

" હા, જાણું છું; અને તેને માટેજ હું અત્યારે ગુપ્ત વેષથી આમ તેમ ફરૂં છું. બ્હેન ! ગભરાશો નહિ. મારા મિત્રનો વાંકો વાળ કરનાર આ પૃથ્વીમાં કોઇ નથી. હું હવે થોડા સમયમાં જ શત્રુઓનો સંહાર કરી નાંખીશ. તમે પણ થોડાક દિવસ પૂર્ણ સાવધતાથી રહેજો, કે જેથી શત્રુ ફાવી જાય નહિ; હું..." વિજય આગળ કહેવા જાય છે કે એટલામાં તેને કંઇક સંજ્ઞાદર્શક સિસોટીનો અવાજ સંભળાયો. તે ચોંકયો; અને સુધાને આવું છું કહી તત્કાળ એ અવાજ તરફ દોડી ગયો. તે દૃષ્ટિ મર્યાદામાંથી હજી તો અદૃશ્ય થયો નથી એટલામાં તો સુધા જે સ્થળે ઉભી હતી, તેની પાછળ આવેલા એક વૃક્ષ ઉપરથી એક ભયાનક આકૃતિનો માણસ નીચે કુદી પડયો, અને સુધાની સામે જોતો જોતો તેની આગળ થઇને ચાલ્યો ગયો. સુધા ભયથી ધ્રુજવા લાગી.

સૂર્ય ભગવાન કયારનાએ અસ્તાચળ તરફ ગમન કરી ગયા હતા. અંધકાર અવનિપર પથરાયો હતો. સુધા મકાન તરફ જવાનો વિચાર કરવા લાગી. તે દસ ડગલાં આગળ વધી હશે કે તરત પાછળથી બે માણસોએ દોડી આવી તેને મજબૂત પકડી લીધી. સુધા બૂમ મારે તે પહેલાં તો તેના મ્હોમાં ડુચો મારવામાં આવ્યો. સ્વાસ રૂંધનથી તે બેહોશ જેવી થઇ ગઇ. તેને ખભાપર ઉઠાવી આવનાર માણસો ચાલવા લાગ્યા. તેઓ એક કલાક સુધીની મુસાફરી કરી વિકટ અરણ્યમાં આવેલા એક પડી ભાંગેલા મકાન આગળ આવી પહોંચ્યા, ત્યાં આવી એક માણસે

હુમ, હુમ, નામક સંજ્ઞાસૂચક શબ્દનો અવાજ કર્યો, કે જેથી એ મકાનનાં દ્વાર ઉઘાડવામાં આવ્યાં. સુધાને ખાંધપર ઉઠાવનાર માણુસે મકાનમાં પ્રવેશ કર્યો, અને કેટલાક ઓરડા વટાવી એક અંધારા ઓરડામાં તેને મૂકી પાછો વળ્યો. હજી સુધી સુધા બેશુદ્ધ અવસ્થામાં હતી. તેનો જીવ બેશુદ્ધાવસ્થામાં અનેક પ્રકારના નુતન દેખાવ અવલોકતો હતો. ધીમે ધીમે બેશુદ્ધાવસ્થા બદલાઈ નિદ્રાદેવીની શાન્ત છાયા તેનીપર છવાવા લાગી. નિદ્રાએ કૃપા કરી તેને સ્વપ્ન આપ્યું, અને સ્વપ્નમાં તેના પ્રેમિ બન્સીનું મિલન કરાવ્યું. સ્વપ્નમાં બન્સીને જોતાં જ સુધા એકદમ જાગૃત થઇ ગઇ, અને આંખ્યો ચોળતી ચોતરફ જોવા લાગી, તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. સ્વપ્નમાં જોએલા બન્સીને તેણે જાગ્રત થતાંજ પોતાની પાસે ઉભેલો જોયો. વાંચનાર! તમે પણ આશ્ચર્ય પામશો નહિ. ખરેખર એ બન્સી કુમારજ હતો. તે આ સમયે હાથમાં ફાનસ પકડીને ભગ્ન હૃદયે સુધાની સામે જોઇ રહ્યો હતો.

તેને જોતાંજ સુધા હર્ષઘેલી બની તેને ગળે વળગી પડી બોલી ઉઠી:—"મારા બન્સી!"

"હા, હું તારો નિર્ભાગી બન્સી." કહી બન્સી અશ્રુ વરસાવવા લાગ્યો, ઘણીવાર સુધી બન્ને જણાં એવી સ્થિતિમાં ઉભા રહ્યાં.

પ્રકરણ ૨૭ મું.

અપૂર્વઘટના.

સુધાને આવું છું કહી દોડેલો વિજય સિસોટીના અવાજને આધારે ઘણે દૂર નીકળી આવ્યો, પણ તેણે કંઇ માલમ પડયું નહિ. આથી થાકી કંટાળી તે તેના મકાને પાછો આવ્યો. વસંત રશોઇ તૈયાર કરી તેની રાહ જોઇ બેશી રહી હતી, બન્ને જણાંએ સાથે ભોજન કરી લીધું. વિજયે બનેલી વાત વસંતને જણાવી. બાદ થોડીકવાર આરામલઇ વિજયસિંહ સાધુનો સ્વાંગ ધારણ કરી વસંતને પૂરતા બંદોબસ્તથી રહેવાનું સૂચવી રાતના નવ વાગ્યાના સૂમારે બહાર નીકળ્યો. તેણે પગથી તે માથા સુધી ભગવી કફની ધારણ કરી હતી, ગળામાં માળાઓ નાખી દીધી હતી. આખા શરીરે રાખોડી ચોળી હતી. તેના માથે બનાવટી ઝટા શોભી રહી હતી. તેણે એક હાથમાં કમંડળ અને બાજા હાથમાં લાંબો ચીપીઓ પકડેલો હતો. આ ઉપરાંત તેણે ભગવી કફનીની અંદર બે–ચારેક જીવલેણ શાસ્ત્રો પણ છૂપાવી રાખ્યાં હતાં. વિજયસિંહ બીજે ક્યાંઈ નહિ જતાં સીધો મોહનરાયની હવેલી આગળ આવી આસપાસ જોવા લાગ્યો. એવામાં અકસ્માત તેની નજર ત્યાં આવેલા એક વૃક્ષ તરફ ગઈ. તે ઝાડનીચે એક માણસ છૂપાઇને હ-

વેલી સામે જોઈ રહ્યો હતો. આવું જોઈ વિજયે તેની તરફ ચાલવા માંડયું. તેને આવતો જોઈ તે માણસ ત્યાંથી ઉભો થઈ ચાલવા લાગ્યો; અને જોત જોતામાં નજર આગળથી ગૂમ થઈ ગયો. વિજય વિચારમાં નિમગ્ન થઈ આગળ ચાલવા લાગ્યો. લગભગ અર્ધા કલાક સુધી એવી રીતે ચાલ્યા પછી તેને પાછળ જોતાં માલમ પડયું કે; કોઇ એક માણસ ધીમે પગલે તેની પાછળ ચાલ્યો આવે છે. વિજય તેને જોઈ એક જગાએ છૂપાઇ ઉભો. પાછળ ચાલનાર માણસ પણ એક અમુક જગા આગળ આવી ઉભો રહી આસપાસ નજર ફેંકવા લાગ્યો. બાદ થોડીવાર ત્યાં ઉભો રહી તે માણસ પુનઃ ચાલવા લાગ્યો. છૂપાઈ ઉભેલા વિજયે પણ તેની પાછળ ચાલવાનું શરૂ કર્યું. એવી રીતે ચાલતો— ચાલતો તે માણસ દૂર આવેલા એક મકાન આગળ આવી અટક્યો, અને બારણાંને ધક્કો મારી કંઇક છૂપો શબ્દ કર્યો. તેના અવાજથી તત્કાળ દ્વાર ઉઘડી ગયાં. તેણે અંદર પ્રવેશ કર્યો; કે તરત બારણાં પણ બંધ થઇ ગયાં. વિજયસિંહ આશ્ચર્ય પામી તે મકાનને ધારી ધારીને જોવા લાગ્યો. તે પછી તેને કંઇક વિચાર આવતાં બારણાં નજીક જઇ દ્વાર ધકેલવા માંડયું. ખડખડાટ સાંભળી અંદરથી એક મજબુત બાંધાનો બીહામણો માણસ બારણાં ખુલ્લાં કરી બહાર આવ્યો અને ગુસ્સાથી પૂછવા લાગ્યોઃ—" અલ્યા આટલી રાત્રે તું કોણ મુવો છે? "

" હું એક સાધુ છું અને ઇશ્વરના નામથી કંઇક માગવાને આવ્યો છું. " વિજયે જવાબ આપ્યો.

" જા, ચાલ્યો જા, અહિં તને કંઈ પણ મળનાર નથી. " તે માણસે કહ્યું.

તેનું કહેવું નહિ સાંભળતાં પુનઃ વિજયે કહ્યું:—" ભાઇ ! મને

અત્યારે ઘણી ભૂખ લાગી છે. હું ભુખના દુઃખથી આકુળ વ્યાકુળ બની ગયો છું. શું તમને મારી દયા નથી આવતી ? અરેરે ! હિંદુ થઈ સાધુનો તિરસ્કાર કરતાં કેમ વિચારતા નથી ? ભાઇ ! સાધુની પર દયા કરવી એ હિંદુઓનો પ્રાચીન ધર્મ છે, છતાં તમે મારી પર શામાટે વૃથા ક્રોધ કરો છો ?"

તેનું બોલવું સાંભળી તે માણસને દયા ઉત્પન્ન થઇ, તેથી તે થોડીક વાર કંઇક વિચાર કરી બોલ્યો:–"ઉભા રહો, હું તમારે માટે કંઇક ખાવાનું લઈ આવું." કહી તે માણસ અંદર ચાલ્યો ગયો. વિજયસિંહ અંદર જોઇ રહ્યો. એવામાં એકએક તેની નજર એક ખુલ્લા રહી ગએલા ઓરડા તરફ ગઈ. તે ઓરડામાં દીપક ઝગઝગાટ પ્રકાશી રહ્યો હતો. તે પ્રકાશમાં લાંબી નજરે તેણે જોયું તો જણાયું કે એક સ્ત્રી અને બે પુરૂષો ત્યાં આગળ ઉભાં ઉભાં કંઇક ખાનગી વાતો કરે છે. વિજયનું મન તેમની વાત સાંભળવાને ઉત્સુક થયું. તે અંદર જવાને એક ડગલું આગળ વધે છે એટલામાં તો ખાવાનું લેવા ગએલો માણસ ખાવાનું લઈ ત્યાં આવ્યો. વિજય શાન્ત થઈ પ્રથમ પ્રમાણે ઉભો રહ્યો. તે માણસે ખાવાનું તેના હાથમાં મૂકી ત્યાંથી ચાલી જવાને સૂચવ્યું. તેનું આપેલું ખાવાનું ખાંધે ભરાવેલી ઝોળીમાં મૂકી વિજયે કહ્યું:–"ભાઈ! ભગવાન તારૂં ભલું કરો. ત્હેં આજે મારી ઉપર મોટી દયા કરી છે. તેથી જતાં–જતાં તને જણાવું છું કે મારી પાસે કેટલીક અકસીર દવાઓ છે, તે દવાઓ મને મારા ગુરૂશ્રી તરફથી મળેલી છે. મારી દવા દરેક રોગ ઉપર કામમાં આવે છે, ને જોતજોતામાં દરદીને આરામ કરે છે. ભાઇ ! જો તારે દવાની જરૂર હોય તો બેલાશક મારી પાસેથી લઇ લે. હું તને મફત આપવાને તૈયાર છું."

તેનું આવું કહેલું સાંભળી તે માણસ કંઇક વિચારમાં પડયો. વિજય

પણ સમજી ગયો કે ગપગોળો આબાદ વાગ્યો છે. હવે ફીકર નથી. આમ વિચારી પુનઃ વિજયે કહ્યું:—'ભાઇ ! તારા મુખપર જોતાં જણાય છે કે તું કોઇ મહાન ચિંતાથી વ્યાકુળ છે, પણ ગભરાઇશ નહિ, હું મંત્ર તંત્ર વિદ્યા પણ સારી રીતે જાણું છું."

તે વિચારગ્રસ્ત માણસ દયાર્દ્ર સ્વરે કહેવા લાગ્યો:—"સાધુ મહારાજ ! તમારૂં જાણવું ખરૂં છે. હું હાલમા એક મહાન્ ચિંતાથી ગભરાએલો છું. આજ કેટલાએક દિવસ થયાં મારી એકની એક છોકરી ઘણી જ માંદી છે. ઘણી દવાઓ કરી પણ તેને આરામ થતો નથી. જો આપની દયા મારાપર ઉતરી હોય તો દવાથી યાતો મંત્ર તંત્રથી તે મારી વ્હાલી પુત્રીને સારી કરો. હું જન્મભર આપનો ઉપકારી રહીશ"

"ગભરા નહિ. હું તારી પુત્રીને જોતજોતામાં આરામ કરી દઇશ. હું તને અત્યારે જે એક તાવીજ આપું તે તું તેના હાથે બાંધજે, પણ તે આપવા પહેલાં મારે કેટલીક મંત્ર વિદ્યા ભણવી પડશે, માટે મને તું આટલામાં આવેલા કોઇક એકાન્ત ભાગમાં લઇ જા. તે એવી જગા હોવી જોઇએ કે મને કોઈ જોઇ શકે નહિ. જો કોઇ બીજાની નજર પડે તો મારા મંત્ર નિષ્ફળ થઈ જાય." આમ કહી વિજય ગંભીર ચ્હેરે તેના સામે જોઇ રહ્યો.

તેનું કહેવું સાંભળી તે માણસ આનંદ પામ્યો, અને વિજયનો હાથ પકડી એ મકાનમાં લઇ ચાલ્યો. અંદર કેટલાક ઓરડા ઓળંગી તે માણસ વિજયને લઇ તેને રહેવાની કોટડીમાં આવ્યો. તેની કોટડી એવી જગાએ આવેલી હતી કે ત્યાંથી એ મોટા મકાનમાં જે કાંઇ બને તે જોઇ શકાય. કોટડીમાં એક કામળો પાથરી તે માણસે વિ-

જયને બેસવાનું કહ્યું. વિજયે નીચે બેસી તેને એક કાગળ લાવવાને કહ્યું. તે માણસ કાગળ લેવાને બીજા ઓરડા તરફ ચાલ્યો ગયો. હજી પણ વિજયે જોએલાં માણસો વાતો કરતાં હતાં. તેઓ શું વાતો કરે છે એ સાંભળવાને વિજયસિંહ ધ્યાનપૂર્વક એ તરફ કાન માંડી સાંભળવા લાગ્યો. ત્યાંથી તેમની વાતો સ્પષ્ટ સાંભળી શકાતી હતી. થોડીકવાર તેમની વાતો સાંભળી વિજયે જાણી લીધું કે તેઓ મને પકડવાનીજ વાતો કરે છે, અને સાથે સાથે–મારા નાશી જવાથી શોક પણ કરે છે.

વાતો કરનારને વિજયે તરત ઓળખી લીધા, તેમાં એક તો દુર્જનસાલ અને બીજો શઠરાય હતો. પણ તેમની સાથેની સ્ત્રીને વિજય ઓળખી શક્યો નહિ. પુનઃ તે સાંભળવા લાગ્યો. પેલી તરફ વાતો કરનારમાંથી શઠરાયે દુર્જનને કહ્યુઃ—"નામદાર! આપણો શીકાર ઘણીજ અજાયબ રીતે છટકી ગયો છે. ખરેખર તે ઘણોજ ચાલાક હોવો જોઇએ, જુવોને તે આપણી બધાની આંખ્યોમાં ધુળ નાખી જોતજોતામાં આપણા ભયંકર ભૂતખાનામાંથી પસાર થઇ ગયો છે."

"શઠરાય! હવે તે આપણા હાથમાં આવ્યા વિના રહેનાર નથી. આપણા સેંકડો માણસો છૂપા વેશથી તેની શોધમાં ફરે છે. તેમજ આપણે તેના મિત્ર બન્સીને અને પેલી સુધાને સપડાવી લાવ્યા તે ઠીક કર્યું. કારણ કે તે તેમની શોધમાં નીકળશે ને આખરે આપણો ભોગ થશે." દુર્જને જણાવ્યું.

"ત્યારે હવે આ સેવકને શું આજ્ઞા છે?" શઠરાયે પૂછ્યું.

"તું અત્યારે મારી સાથે ચાલ, આપણે વિજયસિંહના મકાન તરફ જઇએ. મારા સાંભળવામાં આવ્યું છે કે તેની સાથે વસંત ક-

રીને એક ખુબસુરત છોકરી રહે છે. તેઓ ત્યાં ભાડે મકાન રાખી છુપા વેશથી રહે છે. જો આપણે ત્યાં જઇશું તો તેને તો અવશ્ય ફસાવીશું અને વધારામાં એ ખુબસુરત છોકરીને મેળવવામાં ફતેહ પામીશું. કેમ તારો શું વિચાર છે ?"

"આપનો વિચાર એજ મારો વિચાર ? પણ આ કળાવતીને શું કામ સોંપવું ધાર્યું છે ?" શકરાયે પૂછ્યું.

"કળાવતી ! તું અત્યારે નૌત્તમનગર જા, અને ત્યાંની છુપી બાતમી મેળવી બે ચાર દિવસ પછી પાછી આવ. સમજી ?" દુર્જને ત્યાં ઉભેલી સ્ત્રીને કહ્યું.

"બહુ સારૂં, ત્યારે હવે હું જાઉં છું." કહી કળાવતી ત્યાંથી ચાલતી થઇ. બાદ દુર્જન અને શકરાય પણ ત્યાંથી ચાલતા થયા.

વાચકો ! આ કળાવતી મહા કારસ્થાની સ્ત્રી હતી. તે રાજા દુર્મદની ખાસ પ્રિતીપાત્ર હતી, તેના કપટ તંત્રની વાત આગળ ઉપર જણાશે.

તેમની વાતથી વિજય ગભરાયો. વસંતનો જીવજોખમમાં જણાયો. મકાન તરફ જલ્દી જવું જોઇએ ધારીને વિજય ઉભો થયો, કે તરત પેલો કાગળ લેવા ગએલો માણુસ કાગળ લઇ આવી ત્યાં હાજર થયો.

તેને જોઇ વિજય પુનઃ શાન્ત થઈ ગંભીર વદને કાગળ ઉપર કંઇક લખવા લાગ્યો. બાદ તે કાગળને બે ચાર ફુંકો મારી તે માણુસને આપતાં વિજયે કહ્યુંઃ-" આ કાગળને રૂપાના માદળીઆમાં મૂકી તારી છોકરીના ગળામાં પહેરાવજે, કે જેથી તેને જોતજોતામાં આરામ થઇ જશે. તે માણસ કાગળ લઇ વિજયને લાંબો થઇ પગે લાગ્યો. તેને આશીષ આપી વિજય ત્યાંથી બહાર નીકળી ઝડપથી પોતાના મકાન તરફ ચાલવા લાગ્યો, રાતના બાર વાગ્યાને સૂમારે

તે મકાને આવ્યો; અને નિદ્રામાં પડેલી વસંતને જગાડી સર્વ બીના જણાવી,

બાદ વસંતને પણ ભગવી કફની પહેરાવી મકાનનાં દ્વાર ઉઘાડાં મૂકી બહાર નીકળ્યો; અને એટલામાં જ બન્ને જણાં છૂપાઇ ઉભાં. ત્યાર પછી લગભગ એક કલાકે બે કાળા જભ્ભા ધારી મકાન પાસે આવી દ્વાર ઉઘાડાં જોઈ અંદર પ્રવેશ્યા. તે મકાન નાનું હતું. અલ્પ સમયમાં જ બન્ને જણા અંદરથી બહાર નીકળી ચાલ્યા ગયા. વિજયે તેમને ઓળખી લીધા; અને તેણે પણ વસંતને સાથે લઇ તેમની પાછળ ચાલવાનું જારી રાખ્યું.

આગળ ચાલ્યા જતા બન્ને માણસો નગરથી દૂર આવેલા એક બગીચામાં પ્રવેશ્યા. વસંત અને વિજય પણ તેમની પાછળ અંદર પ્રવેશ્યા. તે બગીચામાં અનેક પ્રકારનાં વૃક્ષો ઉગેલાં હતાં. વસંત અને વિજય બગીચામાં આમથી તેમ ફરવા લાગ્યાં, એવી રીતે ફરતાં–ફરતાં તેઓ બગીચાની જમણી તરફ આવેલા એક તળાવ આગળ આવી ઉભાં રહ્યાં. તળાવની આસપાસ વૃક્ષોની ગાઢી ઝાડી આવેલી હતી. તે સ્થળ એકાન્તમાં આવેલું હોવાથી આ રાત્રિના સમયે શુન્ય અને ભયકારક ભાસતું હતું. એવામાં વસંતને કાને કંઇક ધીમો અવાજ સંભળાયો. તરત તેણે વિજયને એ તરફ તપાસ કરવાનું ઇશારતથી સમજાવ્યું. વિજયને ધ્યાનપૂર્વક એ તરફ જોતાં માલમ પડયું કે પોતે જે સ્થળે ઉભો છે ત્યાંથી દૂર એક વૃક્ષની નીચે એક કાળો આકાર બેઠો-બેઠો કંઇક વિચાર કરે છે. તેને એવી રીતે બેઠેલો જોઇ વિજયના વ્હેમમાં વૃદ્ધિ થઈ. બાદ તેણે કંઇક વિચાર કરી વસંતને લઈ ત્યાંથી ચાલવા માંડયું.

વિજય અને વસંત બીજે ક્યાંઈ નહિ જતાં બાગના માળીના

ઝુપડા પાસે આવ્યા. આ વખતે બાગનો મોટો માળી તેના હાથ નીચેના એક બીજા માળીની સાથે બેઠો-બેઠો ગપ્પાં મારતો હતો. તે બન્ને જણાની વાત સાંભળવા વિજય-વસંત ચુપકીદીથી ઉભાં રહ્યાં. બન્ને માળી નવા રાજ્ય અમલની નીંદા કરી રાજા દુર્મદને ગાળો ભાંડતા હતા. અંતે એક માળીએ બીજાને પૂછયું :—"વારૂ ! આ બગીચામાં માણસોને ક્યાં સુધી ફરવા દેવામાં આવે છે ?"

"ભાઈ ! તને શું કહું ! આ દુષ્ટ રાજાના અમલથી અમે તો કાયર કાયર થઇ ગયા છીએ. દયાળુ રાજા સમરસિંહના રામરાજ્ય સમયે બગીચો આખી રાત ખુલ્લો રહેતો, કોઇ પણ માણસને અંદર આવતો અટકાવવાની મના હતી. પણ આ દુષ્ટ રાજાએ તો એવો હુકમ કર્યો છે કે, રાતના બાર વાગે કે તરત બગીચો બંધ કરી દેવો. તેમજ કોઈ મુસાફરને પણ બાર વાગ્યા પછી પેસવા દેવાનો સખ્ત હુકમ ફરમાવવામાં આવ્યો છે. ભાઇ ! આથી અમારી રોજી ઘટી. પગાર ઓછો ને પજવણી વધારે. હવે તો આ ચંડાળ રાજાનું રાજ્ય જાય તો સારૂં..." માળી આગળ બોલવા જતો હતો એવામાં જ તેના સાથીદારને કંઇક વ્હેમ પડવાથી તેને બોલતો અટકાવ્યો. તેમને ચુપ રહેલા જોઇ વસંતને ત્યાં ઉભી રાખી વિજય દમામથી માળીની સમક્ષ આવી તેને પૂછવા લાગ્યો. "અલ્યા માળી ! આ રાજ્યનો હુકમ છે કે રાતના બાર વાગ્યા પછી કોઇ પણ માણસને અંદર દાખલ થવા દેવો નહિ. છતાં ત્હેં રાજ્ય આજ્ઞાનો ભંગ કરી એક માણસને અંદર બેસવા દીધો છે તેનું શું કારણ ?"

વિજયનો પ્રશ્ન સાંભળી બીચારો માળી ગભરાઇ ગયો. તે તેને રાજ્યનો અમલદાર છૂપી તપાસ કરવા આવ્યો હશે સમજીને ધ્રુજતો ધ્રુજતો હાથ જોડીને કહેવા લાગ્યોઃ—"ભાઈસાબ ! હું બે ગુન્હા છું,

મને માફ કરો. આજ સાંજના એક મોટા સરદારે આવી મને જ. ણાવ્યું હતું કે હું મારા મિત્રો સાથે બાર વાગ્યા પછી તારા બગીચામાં આનંદ કરવા આવનાર છું. તે પહેલાં મારો કોઇ માણસ આવે તો તું તેને અંદર ફરવા દેજે. ભાઇસાબ! આથીજ મ્હેં તેને અંદર રહેવા દીધો છે."

તેની વાત સાંભળી વિજયે કહ્યું:–"માળી! આજે ત્હેં મોટી ભૂલ કરી છે. તારી ઉપર દયા આવવાથી જ હું તને માફ કરૂં છું. જે સરદાર આહિં આવનાર છે તે સરદાર નથી પણ મોટો લુંટારો છે. સરદારના વેશથી તેણે તને ઠગ્યો છે. મને અગાઉથી બાતમી મળેલી હોવાથી હું મારા માણસો સાથે આ છૂપા વેશથી તેમને પકડવા આવ્યો છું, માટે હવેથી તું ગફલતમાં રહીશ નહિ. જાણતો નથી કે આજકાલ કેવાં તોફાન થાય છે?"

"ભાઇસાબ! હવેથી હું પૂરેપૂરો સાવધ રહીશ, આટલી વખત મને બચાવો." કહી તે ગરીબ માળી હાથ જોડી ધ્રુજતા પગે વિજય સામે જોઇ રહ્યો. તે પછી વિજયે તેને શાન્તિ આપી તેનાં કપડાં માંગી લઈ પોતે પહેરી લીધાં અને પોતાનો સાધુવેશ તેને પહેરાવ્યો; બાદ ત્યાં પડેલો કાળો કામળો શરીરપર ઓઢી વસંતને ત્યાં જ બેસવાનું સૂચવી તળાવ કિનારે વૃક્ષના કુંજમાં બેઠેલા માણસ તરફ વિજય જવા લાગ્યો અને થોડીવારમાં વૃક્ષ નીચે બેઠેલા માણસ પાસે આવી નીચો વળી નમન કરી કહેવા લાગ્યો :–"મહેરબાન! હું આ બાગનો માળી છું; અને આપને જણાવું છું કે અમારા રાજા સાહેબનો હુકમ બાર વાગ્યા પછી આ બગીચામાં કોઇને રહેવા દેવાનો નથી, અત્યારે બે વાગવા આવ્યા છે, માટે હવે આપ બહાર પધારો તો સારૂં."

તેનું કહેવું સાંભળી ત્યાં બેઠેલો માણુસ સ્હેજ ગુસ્સાથી બોલ્યો:– " માળી ! તું આટલો બધો ગભરાય છે શાને ? તારો વાંકો વાળ અમે થવા દેનાર નથી. આજ અમારે આ બગીચામાં જ આનંદ કરવાનો છે. ત્હેં અમને બગીચામાં રહેવા દીધા છે તેના બદલામાં અમે તને ખુશ કરીશું. માટે તું હવે દરવાજા પાસે જા, અને આ નામ દઈ કોઈ અંદર આવવા માગે તો તેને વિના વિલંબે આવવા દેજે. "

તેણે કહેલા ધીમા અવાજના નામથી વિજય ચોંકયો, પણ તરત શાન્ત થઈ સલામ કરી બોલ્યો:–" આપ શાન્તિથી આનંદ કરો. આપની આજ્ઞાનો અમલ હું પૂર્ણ સાવચેતીથી બજાવીશ. " કહી વિજય ત્યાંથી ચાલતો થયો.

વિજયે પુનઃ માળી પાસે આવી તેનાં કપડાં આપી પોતાનો સાધુવેશ ધારણ કરી તેને દરવાજા આગળ ઉભા રહેવાનું સૂચવ્યું. માળી પોતાના સાથીદારને ત્યાં રાખી દરવાજે જઈ ઉભો રહ્યો. વસંત અને વિજય ત્યાં બેસી વાતો કરતાં બારીકાઈથી રાત્રિનું દ્રશ્ય નિહાળવા લાગ્યાં. એવી રીતે ઘણો સમય વ્યતિત થઈ ગયો. બાદ રાતના ત્રણ વાગ્યાના સુમારે દરવાજે ઉભેલા માળીએ વિજયની પાસે આવી કહ્યું કે:–" માનવંતા સરદાર ! ચાર માણુસોએ આવી બાગમાં પ્રવેશ કર્યો છે, અને તેઓ પૂર્વ દિશા તરફ ચાલ્યા ગયા છે. "

તેનું કહેવું શ્રવણુ કરતાં જ વિજય ઉભો થયો, અને એ માળીને વસંતની પાસે રહેવાનું કહી ત્યાં પડેલા કાળા કામળાથી બદનને છૂપાવી પૂર્વ દિશા પ્રતિ પ્રયાણુ કર્યું. તે ઘણા જ ધીમે પગલે ચાલતો આખરે નિર્ણીત સ્થળે આવી વૃક્ષને ઓથે છૂપાઇ ઉભો, પાછલી રાતના ચંદ્રનો જાંખો પ્રકાશ અવનિ ઉપર પથરાયો હતો. છૂપાઈ ઉભેલા

વિજયે લાંબી નજર કરી જોયું તો જણાયું કે પોતે જે વૃક્ષ નીચે ઉભો છે ત્યાંથી સ્હેજ દૂર એક બીજા વૃક્ષની નીચે માળીએ કહેલા ચાર માણસો બેઠા હતા. તેઓ ઓળખાય નહિ તેને માટે તેમણે તેમનાં શરીર કાળા જબ્બાથી ઢાંકી મ્હોઢાપર બુકાનીઓ બાંધી હતી. ચારે જણા ગુપચુપ વાતો કરતા હતા. એ અરસામાં જ બગીચામાં પ્રથમ છૂપાઇ રહેલો માણસ ધીમે પગલે તેમની પાસે આવી કહેવા લાગ્યો:—" હવે બીજી વાતો છોડી દઇ આપણા કામની વાત કરો; કારણ કે રાત થોડી અને વેસ ઘણા."

" હવે એમાં તે શું મોટું કામ બાકી બચ્યું છે કે તેની જ વાતો કર્યા કરીએ? આપણાં ધારેલાં કામ પૂરાં કરવાને હવે ઘણો વિલંબ લાગશે નાહ. આપણા પંજામાં ફસાએલા બન્સીનો બે ચાર દિવસમાં જ અંત આવશે અને સુધા ખુશીથી માનશે તો જીવશે, નહિતો તે પણ બન્સીની સાથે સ્વર્ગે જશે." બીજા માણસે જણાવ્યું.

" હાલ આપણા સરદાર શું કામમાં રોકાયા છે?" ત્રીજાએ પૂછ્યું.

" અરે યાર કંઈ કહેવાનીજ વાત નહિ. હાલમાં વળી આપણા સરદારની નજરે એક નવું બીલ્લું પડયું છે." ચોથાએ કહ્યું.

" તે વળી કોણ છે?" બીજાએ હશીને પૂછ્યું.

" મહારાજા દુર્મદસિંહની પુત્રી રમા." પહેલાએ જણાવ્યું.

" એમ! વારૂ રમા હાલ ક્યાં છે?" ત્રીજાએ પૂછ્યું.

" તેના બાપનો ત્યાગ કરી આપણા સરદારના સરદાર ભુજંગસિંહની પાસે તે રહે છે."

" હાં, ત્યારે તેથીજ આપણા સરદાર દુર્જનસાલ ત્યાંને ત્યાંજ અડ્ડા લગાવીને પડયા છે."

આમ વાતો કરતા એક બીજાની સામે જોઈ તેઓ હસવા લાગ્યા. છૂપાઈ ઉભેલો વિજય સઘળું રહસ્ય સમજી ગયો અને દુર્જનની દુષ્ટ ધાનત જાણી અંતરથી તેને ધિક્કારવા લાગ્યો. તે વાતો કરનારાને તે ક્યારનોએ ઓળખી ગયો હતો, તેમાંથી બેતો શઠરાય અને પ્રપંચ-પ્રસાદ હતા; અને બાકીના તેમના સેવકો હતા. વિજય તેમને પકડવાનો નિશ્ચય કરી આત્મગત્ વિચારવા લાગ્યો કેઃ—“ આ ચંડાળોએ બન્સીને અને સુધાને ક્યાં રાખ્યાં છે તે પ્રથમ જાણવું જરૂરનું છે. તે મારાં પ્રિયજનોનો જીવ હાલ જોખમમાં છે. જો હાલ હું આ ચંડાળોને પકડીશ તો બન્સી અને સુધાના સ્થળની કેવી રીતે માહિતી મેળવીશ? કારણ કે આ બધાને એક સાથે પકડવા મુશ્કેલ છે, તેમાંથી કદાચ એકાદ નાશી જાય તો બન્સી અને સુધાના પ્રાણનું વિસર્જન થાય. માટે હાલ તો જોવા દે કે શું થાય છે. ” આમ વિચાર કરતો વિજય માળીની પાસે પાછો આવ્યો, એ અરસામાં પેલા માણસો પણ ત્યાં આવ્યા, અને માળીના હાથમાં દશ રૂપીયા મૂકીને ચાલતા થયા. વિજયે માળીને સાવધ રહેવાની સૂચના કરી; બાદ તે પણ વસંતને સાથે લઈ બગીચાની બહાર નીકળ્યો, બન્નેજણાં કેટલેક દૂર જઈ એક વૃક્ષ નીચે આવી ઉભાં રહ્યાં, ત્યાં આગળ વસંતને સાવધતાથી ઉભા રહેવાનું સૂચવી વિજય ત્યાંથી થોડેક દૂર જઈ આમતેમ ફરવા લાગ્યો, ભગવાં રંગનાં વસ્ત્રથી ગૌરવર્ણા વસંત અને વિજય અલૌકિક શોભતાં હતાં, વિજય એવામાં જે સ્થળે ફરતો હતો ત્યાં થઇને એ માણસો ગુપચુપ વાતો કરતા ચાલ્યા ગયા, તેમને જોતાંજ વિજયે તેમની પાછળ જઈ આશીર્વાદ દઇ ભીક્ષા માગી. મોડી રાતે તેને એકાએક નીકળી આવેલો જોઈ ચાલ્યા જનાર ચમક્યા. અંતે તેમાંનો એક ચીડાઇને બોલી ઉઠયો;-

" જા, જા, સાળા ચોર, આટલી રાતે વળી ભીખ માગવા ક્યાંથી આવ્યો ?"

" અલ્યાભાઈ! આ ભીખારી ક્યાંક ભૂત ના હોય ? " આમ બોલી બીજાએ પહેલાના કાનમાં કંઇક વાત કરી. એટલામાં વળી પાછો વિજય તેમની છેક નજીક જઈ બોલ્યોઃ–" મારા સરકાર ! આ ગરીબને કંઇકિ આપશો તો ભગવાન તમારૂં ભલું કરશે. " આટલા શબ્દો વિજય એવી તો સફાઈથી બોલ્યો કે ત્યાં ઉભેલા માણસોને તેની દયા આવી. છેવટે એક જણુ પૂછવા લાગ્યો. " અલ્યા ભીખારી ! તારે શું જોઇએ છે ? "

" મારા સરકાર ! જો આપને મારી દયા આવતી હોય તો અત્યારે મને રહેવાનું કોઈ ઠેકાણું બતાવો. હું બે દિવસનો ભૂખ્યો છું અને આખા શરીરે તાવથી ધ્રુજું છું. જો આપ દયાળુ ભાઇઓ અત્યારે મારીપર દયા નહિ કરો તો સવાર થતામાં તો તાવથી અને ભૂખથી જરૂર મારો જીવ જતો રહેશે. " કહી વિજય તેમના સામે જોઈ રહ્યો. તેમાંના એકે કંઇકિ વિચાર કરી કહ્યું, "અલ્યા ભીખારી ! અમારી પાછળ પાછળ ચાલ્યો આવ. " તેની આજ્ઞા થતાં વિજય તેઓની પાછળ પાછળ ચાલવા લાગ્યો. અંતે મોડું મળસકુ થતાં તેઓ નગરથી ઘણે દૂર વિકટ વગડામાં એક પડી ભાગેલા મકાન આગળ આવી પહોંચ્યા. તેઓએ ત્યાં આવી વિજયને એક કોટડી બતાવી અંદર સૂઈ રહેવાનું ઇશારતથી સમજાવ્યું. વિજય કોટડીમાં ગયો કે તરત બહાર ઉભેલા માણસો કોટડીને બહારથી તાળુ લગાવી એ મોટા મકાનમાં ચાલ્યા ગયા. કોટડીમાં રહેલો વિજય આમતેમ ફરી તપાસ કરવા લાગ્યો. વિજય બન્સીની ખોળ માટે જીવતોડ મહેનત કરતો હતો, તેને છોડાવવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો હતો. તે કોટડીમાં તેને કંઈ પણ માલમ

પડયું નહિ. વિજય નિરાશ થઈ વિચાર કરતો નીચે બેઠો. તેને એવી રીતે બેઠે લગભગ અર્ધો કલાક પસાર થયો હશે, એ અરસામાં તેને કોટડીનું તાળું કોઇ ઉઘાડતું હોય એવો ભાસ થયો. વિજય વિચારનો ત્યાગ કરી એ તરફ જુવે એ પહેલાં તો એક કાળી વ્યક્તિએ તાળુ ઉઘાડી કોટડીમાં પ્રવેશ કર્યો. વિજય તેને ખૂની સમજી એકાએક ઉભો થઈ ક્રોધાયુક્ત વદને તેની પાસે ધસી જઇ બોલી ઉઠયો:–" તું કોણુ છે ? "

" તમારી વસંત. " કહી તેણે છૂપાવી રાખેલું ગુપ્ત ફાનસ બહાર કાઢયું. તેના પ્રકાશમાં તેને ઓળખી વિજય આશ્ચર્યથી બોલી ઉઠયો:– " વસંત ! તું શા માટે આ ભયભરેલા સ્થળે આવી છે ? "

" તમે ઘણું સાહસ કર્યું હોવાથી તેમજ તમારો જીવ જોખમમાં ધારી હું બાગના માળી પાસેથી ફાનસ અને મારે જોઇતી ચીજો લઈ તમારી પાછળ–પાછળ ચાલી આવી. "

વિજયે પ્રસન્ન થઈ કહ્યું:–" વસંત ! તારૂં ધારવું સત્ય છે. મ્હેં મહાન્ સાહસ માથે ઉઠાવ્યું છે. હવે તો જીવના જોખમે પણ બન્સી અને સુધાને શોધી કાઢવાનાં છે. ખૂનીઓની વાત ઉપરથી મ્હેં અનુમાન કર્યું છે કે તેઓને આ મોટા મકાનમાંજ કેદ કરી રાખેલાં હોવા જોઇએ."

" મારૂં ધારવું પણ એમજ છે. ચાલો આપણે એ મોટા મકાનમાં પ્રવેશી શોધ ચલાવીએ. " વસંતે કહ્યું.

" અંદર જતાં ક્યાંક સંકટ આવી પડશે તો ? " વિજયે પૂછ્યું.

" સંકટના વાદળને દૂર કરવાને આપણી પાસે પૂરતાં શસ્ત્રો છે. " વસંતે કહ્યું.

" ત્યારે ચાલો. " કહી વિજય અને વસંત એ કોટડીમાંથી બહાર નીકળી ધીમે પગલે ચોરની માફક મોટા મકાનનું બારણું ઉઘાડી

અંદર દાખલ થયાં, બન્ને જણાં હાથમાં ભરેલી પિસ્તોલો સાથે અંદરના ભાગમાં આવેલા એક મોટા ઓરડામાં પેઠાં. ગુપ્ત ફાનસના પ્રકાશથી તેઓ ત્યાંનું બારીકાઇથી અવલોકન કરવા લાગ્યાં. એ ઓરડો વિશાળ હતો. આગળ જતાં વસંત અને વિજયને જણાયું કે ત્યાં આગળ બે માણસો ઘસઘસાટ ઉંઘે છે, તે ઓરડામાં એક લાકડાની પેટી અને પીતળનાં થોડાંક વાસણો સિવાય અન્ય કાંઈ નહોતું. વિજયને લઈ વસંત હિંમતથી તે ઉંઘતા માણસોની પાસે આવી; અને પાસેથી કંઇક સફેત ભૂકી કાઢી એ ઉંઘતા બન્ને માણસોના નાક આગળ ભભરાવી, જોતજોતામાં તે બંને માણસો ઘોર નિદ્રા–તંદ્રામાં પડયા. ત્યાર પછી બન્નેજણાંએ આસપાસ કંઇક તપાસ કરી ત્યાં પડેલી લાકડાની પેટી ઉઘાડી, પેટી ખુલ્લી થતાં અંદરથી એક કાગળ મળી આવ્યો. વિજય તેને ફાનસ પાસે ધરી વાંચવા લાગ્યો. તેમાં લખ્યું હતું કેઃ—

"પ્રિય સરદાર શઠરાય!

તને મારી આજ્ઞા છે કે તારે હરકોઈ પ્રકારે રમાદેવીને ઉપાડવી. તેની સાથે મારાં લગ્ન થવાથી મદાંધરાજા દુર્મદનો ગર્વ ઉતરશે; અને આપણા વૈરની વસુલાત થશે. રમાને પરણી આપણે યુકતીસર દુર્મદનું નિકંદન કાઢીશું. બાદ હું સાર્વભૌમરાજા અને તું મારો વફાદાર પ્રધાન. શઠરાય! રમા ક્યાં છે તે તું સારી રીતે જાણે છે. તે હાલ જેના રક્ષણમાં છે તે ઘણો ભયંકર માણસ છે. તેનું ભયંકર નામ ભુજંગસિંહ છે, કે જેનાથી સઘળી દુનિયાં થરથર કાંપે છે. માટે તે જાણે નહિ એવી યુક્તીસર કામ કરવાનું છે. હું આપણાં પંજામાં સપડાએલાં બન્સી અને સુધાનું કામ બે ત્રણ દિવસમાં પતવી તને આવી મળીશ."

તા. ક.—વિશેષમાં જણાવવાનું કે પેલા વિજયને કોઇ પણ

ઉપાયથી પરલોકમાં પહોંચાડવાની ઘણી જરૂર છે. બસ હાલ તો એજ. વિશેષ રૂબરૂમાં.

લી૦

દુર્જનસાલ.

પત્રને પૂરો વાંચી વિજયે વસંતને ખીસ્સામાં મૂકવા આપ્યો. વિજયના ક્રોધનો પાર રહ્યો નહિ. દુર્જનનાં દુષ્ટ કર્મો યાદ કરી તે ક્ષત્રિયવીર કંપતો હતો. વસંતે તેને શાન્તિ ધારણ કરવાની સૂચના આપી. બાદ ત્યાં વધારેવાર નહિ રોકાતાં બન્ને જણાં એ ઓરડામાંથી બહાર નીકળ્યાં.

પ્રકરણ ૨૮ મું.

“ વિજય ફસાયો. ”

જે સમય વિજય–વસંત બહાર નીકળ્યાં, તે સમયે બે માણસો તેમની નજીક થઇને ચાલ્યા ગયા. વિજય અંધારાને લીધે તેમનાં મુખ જોઈ શક્યો નહિ. તેઓ ક્યાં ગયા તે પણ તેને જણાયું નહિ. પોતાની પાછળ માણસો ફરે છે ધારીને વિજય અને વસંત ત્યાંથી ચાલતાં સરીયામ રસ્તાપર આવીને ઉભાં. સવાર થયે મકાનપર જવાનો નિશ્ચય કરી તેઓ ઘણી વાર સુધી ત્યાં રહ્યાં. નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય ચારે તરફ છવાએલું હતું. એવામાં એકાએક શાન્તિનો ભંગ થયો. પિસ્તોલના બે અવાજ થયા. જોતજોતામાં બે ગોળીઓ વિજય અને વસંતની પાસે થઇને પસાર થઈ. “ વસંત સાવધ ! શત્રુઓ આપણી પાછળ પડયા છે, માટે જમીનપર લાંબા થઇ સૂઇ જાઓ. ” કહી વિજય જમીનપર લાંબો થઇ સૂતો. વસંતે પણ તેનું અનુકરણ કર્યું. સૂતાં–સૂતાં વિજયે વસંતને ધીમેથી પિસ્તોલ તૈયાર રાખવાનું સૂચવ્યું. વિજય અને વસંત પિસ્તોલ તૈયાર રાખી શત્રુઓને આવવાની રાહ જોઇ રહ્યાં, અલ્પ સમયમાં જ બે માણસો કાળા જબ્બાથી ઢંકાઇ ત્યાં આવતા માલમ પડયા. તેમને જોઇ બન્ને જણાંએ તેમની સામે નિશાન તાક્યાં. બાદ નજીક આવવા દઇ તેમણે પિસ્તોલના વારાફરતી બે બ્હાર

કર્યા. અવાજની સાથે જ વિજય ઉભો થયો અને ગોળીબ્હારની શી અસર થઈ તે જોવા લાગ્યો, પણ ઘણાજ આશ્ચર્યની સાથે તેને માલમ પડ્યું કે ત્યાં આગળ બેમાંથી એક પણ માણસ ઘાયલ થઇને પડયો નહોતો. વસંત પણ સ્તબ્ધ બની જોઈ રહી, આખર પ્રાતઃકાળ થયો. પ્રભાતનો પ્રકાશ જગતપર પથરાયો. પશુપક્ષીઓ ચારો ચરવાને નીકળી પડયાં. વસંત-વિજય પણ તેમના મકાને આવી વિશ્રાન્તિ લેવા લાગ્યાં. થોડીવાર આરામ લઇ વસંત ઘર કાર્યમાં પ્રવૃત્ત થઇ. વિજય મોહનરાયને સાવધ સૂચક પત્ર લખવા બેઠો. પત્ર પૂરો કરી તેને વિશ્વાસુ માણસ સાથે શેઠના મકાને મોકલાવ્યો. તે પછી ભોજન કરી વિજય-વસંત બપોરા ગાળવા આડાં થયાં. જ્યારે સમીસાંજ થઈ ત્યારે વિજય નિદ્રાને પરહરી ઉઠી બેઠો થયો, વસંતે મુખ ધોવાને પાણી લાવી આપ્યું. તેણે હાથ મ્હોં ધોઈ વસંતને કેટલીક ખાનગી સૂચના આપી. બાદ એક ગૃહસ્થને છાજે એવા પોશાકથી સજ્જ થઈ વિજય બહાર નીકળી પડયો. તે બીજે ક્યાંઈ નહિ જતાં સીધો રાતવાળા મકાન આગળ આવ્યો; અને તે મકાનને બારીકાઇથી અવલોકવા લાગ્યો.

એટલામાં સહસા તેની નજર દરવાજા ઉપર લટકાવેલા એક પાટીઆ ઉપર પડી. તે પાટીયું નવું લટકાવેલું હોય એમ જણાયું. તેમાં લખ્યું હતું કે "આ મકાન ભાડે આપવાનું છે" વિજયના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ગઈ રાત્રે તો આ મકાન માણસોથી ચીકાર ભરાએલું હતું અને આજે ભાડે આપવાનું લખેલું માલમ પડે છે, ખરેખર કંઇક ભેદ હોવો જોઇએ. આમ વિચાર કરતો વિજય આસ-પાસ જોવા લાગ્યો. એ અરસામાં અંદરથી એક સ્ત્રી બ્હાર આવી. તે સ્ત્રી વિજયની છેક નજીક આવી તેને ધારી-ધારીને જોઇ પૂછવા લાગીઃ-"તમારે કોનું કામ છે ?"

" મારે કામ છે આ મકાનનું. " વિજયે જવાબ આપ્યો.

" શું તમારે આ મકાન ભાડે રાખવું છે ? " પુનઃ સ્ત્રીએ પૂછ્યું.

" હા, કેટલાક માસને માટે મારે આ મકાન ભાડે રાખવું છે. આ મકાન કેટલા દિવસથી ખાલી છે ? " વિજયે પૂછ્યું.

" લગભગ ચારેક માસથી આ મકાન ખાલી પડયું છે." તે સ્ત્રીએ શાન્ત ચ્હેરે જણાવ્યું.

વિજય સમજી ગયો કે આ સ્ત્રી જુઠું બોલી મને ઠગવાનો પ્રયત્ન કરે છે. આમ સમજી પુનઃ તેણે પૂછ્યું, " ત્યારે આ મકાન હાલ કોના કબજામાં છે ? "

" મારા. "

" ભાડુ શું છે ? "

" જો તમે થોડા મહિનાને માટે ભાડે રાખશો તો એક મહિનાના રૂપિયા વીસ તમારે આપવા પડશે, અને વધારે મહિનાને માટે રાખશો તો ભાડુ કંઇક ઓછું કરવામાં આવશે. "

" અરે તમારા વીસ તો મારા પચ્ચિસ, મને ભાડાની દરકાર નથી; મુદ્દામાં મકાન સારૂં હોવું જોઇએ. "

" કયારથી ભાડે રાખવું છે ? "

" બે ત્રણ દિવસમાંજ. "

" ઠીક ત્યારે કાલે મને મળજો. " કહી તે સ્ત્રી હસતી–હસતી અંદર ચાલી ગઈ.

વિજયને તેના હાસ્યમાં ગુઢ રહસ્ય માલમ પડયું. આ મકાનનું રહસ્ય કેવી રીતે મેળવવું અને બન્સી તથા સુધાને કયાં ખોળવાં વગેરેના વિચાર તે કરવા લાગ્યો.

છેવટે સાયંકાળનો સમય થયો છતાં વિજયના વિચારનો પાર

આવ્યો નહિ. આજે ચિંત્તાથી તેનું ચિત્ત વ્યાકુળ બની ગયું હતું. તેને બન્સી અને સુધાના જીવનું જોખમ સ્પષ્ટ સમજાતું હતું. બન્નેના બચાવ અર્થે તે અનેક તર્ક-વિતર્ક કરવા લાગ્યો. વિચારમાં ને વિચારમાં ઘણો સમય વહિ ગયો. અંધકાર ધીમે-ધીમે પૃથ્વીપર પથરાવા લાગ્યો. પવનના સપાટા વૃક્ષોને એક બીજાની સાથે અથડાવી ભયંકર અવાજ ઉત્પન્ન કરવા લાગ્યા. એવામાં એકાએક કારમી ચીશ વિજયને કાને સંભળાઈ. તે ચમક્યો અને આશ્ચર્ય પામી આસપાસ જોવા લાગ્યો. પુનઃ બીજી ચીશ સંભળાઇ. વિજય સાવધ થઈ એ તરફ જવાને ઉત્સુક થયો. એ અરસ્સામાંજ એક માણુસ ગભરાટથી દોડી આવતો જણાયો. વિજયે માર્ગમાં આડા ઉભા રહી તેને અટકાવ્યો. વિજયને જોઇ તે માણુસ પોક મૂકી રડી પડયો. વિજયને તેની દયા આવી, અને તેથી તેની પાસે જઇ તેને આશ્વાસન આપી રડવાનું કારણ પૂછ્યું. જવાબમાં તે માણુસ હાથ જોડી ગળગળે અવાજે કહેવા લાગ્યોઃ—" ભાઈ! મારા દુઃખની સીમા નથી, આ દુષ્ટ રાજાના જુલમથી અમે જીવતા છતાં મૂએલા સમાન છીએ. અરેરે! મારી સ્ત્રીનું શું થયું હશે ?" આમ કહી વળી પાછો તે રડવા લાગ્યો.

વિજયે તેને વાંસે હાથ ફેરવી પૂછ્યું:-"તારી સ્ત્રીને શું થયું છે ?"

" ભાઈ! મારી સ્ત્રીપર ઘણો ગજબ ગુજર્યો છે. દુષ્ટ રાજાના અત્યાચારી સરદારો આજ સમીસાંજે મારી સ્ત્રીનું હરણુ કરી અહિં લાવ્યા છે. તેના બચાવ અર્થે જતાં મને અત્યંત માર મારવામાં આવ્યો છે. ભાઇ! હમણાં સંભળાયેલી ચીશ મારી ગરીબ સ્ત્રીનીજ છે. ઓ—હાય—હવે શું થશે ?"

" તું ગભરા નહિ; ઉઠ ઉભો થા. હું તારી સ્ત્રીને બચાવવા તૈયાર છું. તું મારી પાછળ-પાછળ ચાલ્યો આવ." કહી વિજય તેને

લઈ આગળ ચાલવા લાગ્યો. એવી રીતે ચાલતા ચાલતા તેઓ વિકટ ઝાડીમાં થઇને પસાર થવા લાગ્યા. અંધારૂં તો એટલું બધું હતું કે કોઈ–કોઈનું મ્હો પણ જોઇ શકાતું નહોતું. પેલા માણસની સ્ત્રીની ચીશો ધીમે–ધીમે સ્પષ્ટ સંભળાતી હતી. બન્નેજણા ઝડપથી પગ ઉપાડતા હતા. પણ હજી તેઓ ત્યાં પહોંચે એટલામાં તો એ ઘનઘોર ઝાડીમાંથી પંદરેક કાળા ભૂત જેવા જણાતા માણસો ઝપોઝપ બહાર નીકળી આવ્યા અને ધીમા પગલે ઝડપથી ચાલ્યા જતા વિજયની પાછળ દોડવા લાગ્યા. થોડીવારમાં તેઓ વિજયની છેક પાછળ આવી પહોંચ્યા. અંધકારમાં અને ગરીબ સ્ત્રીના બચાવના વિચારમાં ચાલ્યા જતા વિજયને તેઓના આવ્યાની ખબર પડી નહિ. એવામાં તો પાછળ આવેલા માણસોમાંથી એક જણે ઘણીજ ચાલાકીથી વિજયના ગળામાં દોરડાનો ફાંસો નાખી આંચકો માર્યો. આંચકાથી વિજય પાછો ખેંચાઈ જમીનપર પડી ગયો. તે ઉઠવાનો પ્રયત્ન કરે તે પહેલાં તો શત્રુઓએ તેને દબાવી દઇ દોરડાથી જકડીને બાંધી દીધો. વિજય ગભરાયો. તેણે પેલા માણસ સામે જોયું, તે માણસ દૂર ઉભો રહી હસતો હતો, ખરેખર એ ઢોંગી માણસેજ મને ઠગીને ફસાવ્યો છે એમ સમજી પ્રારબ્ધપર હાથ મૂકી તે શાન્તિથી પડયો–પડયો જે થાય તે જોવા લાગ્યો. તેને ચારે તરફથી બરાબર બાંધી ચાર માણસોએ ઉંચકી ચાલવા માંડયું. બાકીના માણસો આનંદથી નાચતા–કુદતા ચાલવા લાગ્યા. થોડીવારમાં તો તેઓ ભિષણ અંધકારમાં ભૂતની માફક ઝાડીમાં અદ્રશ્ય થઈ ગયા.

વિજયને બાંધીને લઈ જનાર માણસો સરદાર દુર્જનસાલના માણસો હતા. તેને ઠગી લાવનાર સરદાર શઠરાય હતો. વીરવિજય શત્રુઓના દાવમાં સપડાયો. હવે આગળ ઉપર શું થાય છે એ જોવાનું છે. પણ તે પહેલાં ચાલો આપણે મોહનરાયને તપાસીએ કે તેઓની શું સ્થિતિ છે.

પ્રકરણ ૨૯ મું.

" નિશાચરનું આગમન. "

સુધાના ગૂમ થવાથી મોહનરાય હમેશાં વ્યાકુળ રહેતા હતા. વૃદ્ધાવસ્થામાં આવી પડેલાં દુઃખથી તેઓ છેક હતાશ બની ગયા. તે વારંવાર અશ્રુપાત કરી હા, સુધા. હા, બન્સી. કહી દિવાનાની માફક ફરતા. તેમણે પુત્રીના હરણની ખબર દરબારમાં આપી હતી; પણુ તપાસ કરીશું કહી નીચ અમલદારોએ કંઇ લક્ષ આપ્યું નહોતું. મોહનરાયને હવે એક ઇશ્વર સિવાય અન્ય કોઇનો આધાર રહ્યો નહિ. તેમણે પોતે પણુ તપાસ કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. તેઓ દુઃખી દીલે દિવસ નિર્ગમન કરવા લાગ્યા. જે રાત્રે વિજય ફસાયો તેને ત્રીજે દિવસે મોહનરાય સાયંકાળના સમયે પોતાની અગાસીમાં મહાન્ ચિંતાથી વ્યાકુળ થઇ આમતેમ આંટા મારતા હતા. તેઓ મુખથી નિશ્વાસ નાખી બોલતા હતા કેઃ—" હા, દુર્જન ! અમે તારૂં શું બગાડયું છે કે જેથી તારા હૃદયમાં અમારે માટે બીલકુલ દયા રહી નથી ? હા ! તારૂં પાષાણુ હૃદય આવાં કરપીણ કામ કરતાં કેમ પીગળતું નથી ? જો તારો વિચાર મારા સર્વસ્વનો નાશ કરવાનો હોય તો તું શા માટે પ્રથમ મને મારી નાખતો નથી ? મારી સુધાએ તારો શું અપરાધ કર્યો છે કે જેથી તું તેનું જીવન નષ્ટ કરવાને તૈયાર થયો છે ? હા! પ્રભુ! શું કરૂં ? "

આવી રીતે બોલતો મોહનરાય ઘણો વ્યાકુળ થવા લાગ્યો, તેને ખાવા-પીવાનું ભાન નહોતું. ચિંત્તા અને દુઃખથી તેનું મુખ નિસ્તેજ અને ફીકકું પડી ગયું હતું, એવી સ્થિતિમાં તેણે લગભગ બે કલાક વીતાવ્યા. રાત્રિના દસ વાગવા આવ્યા, હજી પણ મોહનરાય ચિંતાગ્રસ્ત મુખે જરૂખામાં ઉભો રહ્યો હતો. એવામાં એક નોકરે આવી તેને કહ્યું કેઃ- "બહાર કોઇ એક માણસ આવ્યો છે; તે આપને ખાનગીમાં મળવા માગે છે."

"તે માણસ કોણછે, તેનું શું નામ છે ?" શેઠે વ્યાકુળ બની પૂછ્યું.

"તેને હું ઓળખતો નથી પણ ફક્ત તેનું નામ જાણું છું." સેવકે કહ્યું.

"તેનું નામ ?"

"દુર્જનસાલ."

મોહનરાય ચમક્યો. તેનું આખું અંગ ધ્રુજી ઉઠયું. આંખે અંધારાં આવ્યાં. અંતે તેણે બે હાથે માથુ પકડી નીચે બેસી નોકરને કહ્યું કે;—"તેને આવવાદે." નોકર ચાલ્યો ગયો. અલ્પ સમયમાંજ ક્રૂર દુર્જનસાલ ત્યાં ઉપસ્થિત થયો. તેણે શેઠની પાસે પડેલી એક ગાદીપર બેસતાં હસ્તે વદને કહ્યું:—"શેઠજી ! ઘણા દિવસ પછી પુનઃ આપણી મુલાકાત થાય છે; હવે..." દુર્જનને આગળ બોલવા નહિ દેતાં મોહનરાય શેઠ એકાએક ઉભા થઈ હાથ જોડી તેને કહેવા લાગ્યાઃ-"સરદાર દુર્જનસાલ ! 'મ્હેં' તમારો એવો તે શું અપરાધ કર્યો છે કે તમે મારૂં સર્વસ્વ નાશ કરી રહ્યા છો ? સરદાર ! અમારી પ્રત્યે આવી રીતે ક્રૂરતાથી વર્તવું આપને ઘટતુ નથી. તમે ક્ષત્રિય છો, નિર્બળનું સબળે રક્ષણ કરવું એ આપનો પ્રાચીન ધર્મ છે. દુર્જનસાલ ! દયાકરો

અને જણાવો કે મારી પ્રાણાધીક પુત્રી ક્યાં છે ? " આમ બોલતો શેઠ આર્જવતાથી તેની સામે જોઇ રહ્યો. તેનું દયામણું મુખ જોઈ દુર્જન ખડખડાટ હસીને કહેવા લાગ્યોઃ—" શેઠજી ! જો આપે પ્રથમથી મારા કહેવાનો સ્વિકાર કર્યો હોત તો તમે આટલા બધા દુઃખી થાત નહિ. હશે હવે તો જે થવાનું હતું તે થઈ ગયું, પણ હવે ફક્ત સુખી થવાનો તમારે માટે ફક્ત એકજ રસ્તો બાકી રહ્યો છે ? "

" તે શું છે ? " શેઠે પૂછ્યું,

" તમારી સુધાનું મારી સાથે ધામધુમથી લગ્ન કરો. "

" શું મારી સુધા હજી જીવતી છે ? "

" હા. તમારા હા, ના, ના જવાબ ઉપરજ તેની જીંદગી લટકી રહી છે." મોહનરાય એકદમ ઉભો થઈ ગયો; અને દુર્જનના પગ પકડી ગળગળે સાદે કહેવા લાગ્યોઃ—" સરદાર ! દયા કરો. મારી પ્રાણાધીક પુત્રીને મારે સ્વાધિન કરો. હું તેની જીંદગીની તમારી પાસે ભીખ માગુંછું. દયાકરો–મારીપર દયા કરો. પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. "

" શેઠ ! હું તમારી પાસે બીજું કાંઈ પણ સાંભળવા નથી આવ્યો. આ પાષાણ હૃદયમાં દયાનો વાસ નથી. જો તમારે તમારી સુધાને જીવતી જોવી હોય તો મારી વાત માન્યકરી તેને મારી સાથે પરણાવો. શેઠ ! આજ છેલ્લો દિવસ છે. માટે જે જવાબ આપો તે વિચાર કરીને આપજો. "

તેનું બોલવું સાંભળી મોહનરાય ક્ષણ પર્યંત વિચારમાં પડયો. પાપીની માગણી સ્વીકારવા કરતાં મૃત્યુ તેને શ્રેષ્ઠ જણાવા લાગ્યું. તેણે કંઇક દૃઢ નિશ્ચય કરી લીધો. શાન્ત મુખપર ક્રોધની રેખાઓ પ્રકટી નીકળી. અંતે તે ઉભો થઈ ક્રોધથી કહેવા લાગ્યોઃ–" દુર્જનસાહ્ય ! દુઃખના સહવાસથી આ હૃદય હવે વજ્ર જેવું બની ગયું છે. હું

કુળવાન છું. મારી પ્રતિષ્ઠા ગુમાવ્યા કરતાં મરણને મળવું હું ઉત્તમ સમજુંછું. દુર્જનસાલ ! મને અને મારી સુધાને તારાથી દેવાય એટલું દુઃખ દેજે, અમે દુઃખથી ડરનાર નથી. તું મારી સુધાના જીવનને નષ્ટ કરીશ તે પણ હું આનંદથી જોઇશ; પણ તે પવિત્ર કન્યાને તારા જેવા નરાધમના હાથમાં સોંપી હું પ્રતિષ્ઠાની હાની થવા દઇશ નહિ. દુર્જન ! જા, જા, તારાથી થાય એ કરીલે અને અમારો છેવટનોજ જવાબ સાંભળી લે. ”

મોહનરાયનો જવાબ સાંભળી દુર્જન આકળ-વિકળ થઇ ગયો. ક્રોધ અને ગર્વથી તેનું સમસ્ત શરીર ધ્રુજવા લાગ્યું. તે દાંત પીસી હાથની મુક્કીઓ ઉગામી મોહનરાયની સામે ધસી ગયો; અને મુખથી કંઇ કહેવા જતાં કંઇક અવાજ આવવાથી અટક્યો. દિવાનખાનાના બંધ બારણાંને કોઇ ધક્કા મારતું હતું; કોઇ આવી પહોંચ્યું છે ધારીને મોહનરાયમાં હિમ્મત આવી. તેણે પૂછ્યું:—“ કોણ છે ? ”

“ એક સરદાર. ” બહારથી ઉત્તર મળ્યો.

મોહનરાય આનંદ પામી બારણું ઉઘાડવા દોડયા; પણ તે બારણા આગળ પહોંચે તે પહેલાં તો દુર્જને દોડી તેમને મજબુત પકડી લીધા; અને જરૂખામાં ખેંચી લાવી જબ્બામાં છૂપાવેલી પિસ્તોલ કાઢી શેઠના માથા સામે ધરી ધીમેથી બોલ્યો;—“ ખબરદાર ! જો એક પણ પગલું આગળ ભરશો તો આ પિસ્તોલથી તમારી ખોપરી ઉડાવી દઇશ. ”

તેના વિકાળ વર્તનથી મોહયરાય ભયથી સ્તબ્ધ બની ગયા. તે દયાર્દ્ર નેત્રે દુર્જનના સામે જોઇ રહ્યા. પિસ્તોલ પકડીને ઉભેલો દુર્જન આ સમયે ભયંકર યમદૂત સમાન ભાસતો હતો. તેની આંખ્યો માંથી અગ્નીના તનખા ઝરતા હતા. વારંવાર તે ચારે તરફ તેની વિકાળ નજર ફેરવતો હતો. બહાર ઉભેલો માણુસ પણ વારંવાર બારણાંને

ધક્કા મારતો હતો. ચારે તરફ નજર ફેરવતો દુર્જન કંઈક વિચાર કરી બારણાં તરફ દોડયો અને સાંકળ ઉઘાડી નાખી બહાર ઉભેલા માણસને ધક્કો મારી પસાર થતાં ક્રોધથી કહેતો ગયો કેઃ—" મોહનરાય ! હવે સાવધ રહેજે. આ ભયંકર સરદારની આજ્ઞાનો ભંગ કરવાથી તારા શું હાલહવાલ થાય છે તે જોજે. હું થોડા દિવસમાંજ તારો વંશ નિર્મૂળ કરી તારા નામ નિશાનનો નાશ કરીશ." આમ કહી તે જોત જોતામાં ત્યાંથી પલાયન થઈ ગયો. બહાર ઉભેલો માણસ અંદર આવી મોહનરાયની સામે શાન્તિથી ઉભો રહ્યો. મોહનરાય પણ કર્તવ્ય મુઢ થઇ આવનારની સામે એકાગ્ર દૃષ્ટે જોઇ રહ્યા. તે આવનાર ગૌરવર્ણનો યુવાન હતો. તેણે માથા પર લીલારંગનો ફેંટો બાંધ્યો હતો. તેના વાળ બન્ને ખભાપર આવી તેની શોભામાં વિશેષ વૃદ્ધિ કરી રહ્યા હતા. તેણે તેના શરીરને કાળા જભ્ભાથી ઢાંકેલું હતું. તેની કમ્મરે લાંબી સમશેર લટકતી હતી. તે ઉપરાંત પટામાં કટાર, જમૈયો, વગેરે શસ્ત્રો ખોસેલાં હતાં. છાતી પાસે કસીને બાંધેલી પિસ્તોલથી તે આવનાર વીર પુરૂષ હોય એમ તરત જણાઇ આવતું હતું. આવા વીરવેશી યુવાનને ઘણીવાર સુધી જોઈ રહી અંતે મોહનરાયે પૂછ્યું;—" આપ મહાશય કોણ છો ? "

" શેઠ ! હું આપનો હિતચિંતક છું. તમે શાન્ત થાઓ. " કોમળ સુરથી તેણે શેઠને શાન્તિ આપી. મોહનરાય શાન્ત થયો. તેણે તેને પાસે પડેલી ગાદી પર બેસારી પૂછ્યું:—"આપનું આ સ્થળે એકાએક ક્યાંથી આવવું થયું છે ? "

" શેઠ ! હું મારા સરદારની શોધમાં નીકળયો હતો; અને આ રસ્તે થઇને જતાં મ્હેં બ્હારથી તમારો અને દુર્જનનો સંવાદ સાંભળ્યો હતો. એ કારણથીજ હું અત્રે આવી ચઢયો છું. "

" આપનો ઘણોજ ઉપકાર થયો. આપે આજે મારૂં એક ભયંકર માણસના હાથથી રક્ષણ કર્યું છે. જો આપ સમયસર ન આવ્યા હોત તો જરૂર તે નરાધમ મારીપર અસિમ જુલમ ગુજારત. વીર યુવાન ! આપનું શું નામ છે. ?"

" મારૂં નામ વસંતસિંહ છે. " તે યુવકે જણાવ્યું.

" આપના સરદારનું શું નામ છે ? " પુનઃ મોહનરાયે પૂછ્યું.

" વિજયસિંહ. "

" શું વિજયસિંહ ?! "

" હા, તમારા થનાર જમાઇ બન્સીલાલના મિત્ર વિજયસિંહ. "

" વસંતસિંહ ! હું તેમને ઓળખું છું. તે વીર યુવકના મારી ઉપર ઘણાજ ઉપકાર થયા છે. વારૂં તમારો અને તેમનો મેળાપ થયો કે નહિ ? "

" ના, મારા સરદારને ગુમ થયે આજે બે દિવસ થઇ ગયા છે. તેમની ઘણી શોધ મ્હેં કરી છતાં પત્તો મળતો નથી. "

" ત્યારે હવે શું કરશો ? "

" મારા સરદારને માટે હું જે કાંઈ કરૂં તે ઓછુંજ છે. હું ગમે ત્યાંથી તેમને ખોળી કાઢીશ. લ્યો શેઠ ! હવે હું રજા લઉંછું. "

" હા, પધારો. મારા સરખું કામકાજ હોય તે સુખેથી ફરમાવજો. "

" આપની કૃપાછે એટલુંજ હાલ તો બસ છે. " કહી વસંતસિંહ ત્યાંથી ચાલતો થયો. ઉપકારના ભારથી દબાએલો મોહનરાય તે રૂપ ગુણ સંપન્ન યુવાનને જતો જોઈ રહ્યો. બાદ તે અદૃશ્ય થતાં શેઠ એક ગાઢ નિઃશ્વાસ નાખી નીચેના ભાગમાં ગયા.

કરણ ૩૦ મું.

" અદ્‌ભૂત રહસ્ય. "

વિજયસિંહના એકાએક ગુમ થઇ જવાથી વસંતની દિલગીરીનો પાર રહ્યો નહિ. તેણે વ્યાકુળ મને બે દિવસ સુધી તેની રાહ જોઈ. વસંત હિંમતવાન અને બહાદુર બાળા હતી. જેવો વિજય બહાદુર અને કાર્યદક્ષ હતો તેવી તે પણ ચાલાક અને નિપુણ હતી. બન્નેની જોડી બરાબર હતી. બીજા દિવસની રાત પડી પણ વિજય આવ્યો નહિ; ત્યારે આ બહાદુર બાળા તેની શોધમાં જવાને તૈયાર થઈ. તેણે પુરૂષનો પોષાક ધારણ કરી ઉપર કાળો જબ્બો ઓઢી સસ્ત્ર સજી લીધાં. તેણે બહાર નીકળી વિજયની ઘણી તપાસ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. આથી તે થાકી કંટાળી નગર શેઠના મકાન તરફ ચાલી. વસંતસિંહ નામ ધારી વસંતે કટાકટીના સમયે શેઠનું રક્ષણ કર્યું તે આપણે જાણી ગયા. હવે ત્યાંથી નીકળી તેણે શું કર્યું એ જોવાનું છે. શેઠના મકાનેથી નીકળી વસંતે કાળો જબ્બો કાઢી નાખી સાથે રાખેલી ભગવી કફની પહેરી લીધી. હથીઆર અંદર છુપાવી દીધાં. કપાળપર ભષ્મ ચોપડી દીધી. બાદ કાળા જબ્બાને ખભાપર નાંખી ભયંકર રાત્રિએ તે આસપાસ બારીકાઇથી નજર ફેંકતી આગળ જવા લાગી. તેણે બરાબર મધ્યરાત્રે પેલા ભાડે આપવાવાળા મકાન આગળ જઈ કાન માંડયા. બારણાં બંધ હતાં. તેને અંદર ઘણાં માણસો એકઠાં મળી વાતો કરતાં હોય એમ માલમ પડ્યું. વસંત અંદર જવાની યુક્તિ ખોળવા લાગી. તેણે છેવટે કંઇક નિર્ણય કરી

ત્યાંથી દૂર જઇ એક મધુરૂં સંગીત લલકાર્યું. રાત્રિના શાન્ત સમયે તેના કોમળ કંઠમાંથી નીકળતા ગાનનો ગુંજાર ચોગરદમ પથરાઇ રહ્યો. મકાનમાં બેઠેલા માણસોના કાનપર ગાનનો અવાજ આવતાં ચમક્યા. તેઓએ કાનમાંડી ગાન સાંભળવા માંડયું. ગાન આ પ્રમાણે હતું.

સમર્પી પ્રાણ પરહિતમાં, કરી સંસારની સેવા,
ન સેવ્યો સ્વાર્થ કંઈ ચિતમાં, ખરે નર ધન્ય છે એવા;
જીવનની યજ્ઞ વેદીમાં, દીધી સર્વસ્વ આહુતી,
ગણ્યું સુખ પારકા સુખમાં, ગણ્યા એ મોક્ષના મેવા.
થયા તૈયાર દુઃખ સહેવા, દુઃખીનાં આંસુઓ લ્હોવા,
ગુનાહો પારકા ધોવા, હૃદયબળ આપજો દેવા;
સહીને અંતરે જ્વાળા, ઉભી આનંદમાં બાળા,
પ્રભુના નામની માળા, જપે છે શાન્તિ ધન લેવા.
અગમ છે માર્ગ સેવાનો, ગહન છે ધર્મ દેવોનો,
રહે ત્યાં ખેદ તે શાનો ? વહે જ્યાં પ્રેમ પરસેવા;
પ્રભુ છે કેન્દ્ર જીવનનું, પછી શું કામ છે ધનનું ?!
ગ્રહ્યું સુકાન સાધનનું, હતું તે દીનને દેવા,
હરિશ્ચંદ્રે સમર્પી રાજ, વેચ્યાં બાળને નારી;
ઉઠાવી આફતો ભારી, અમરપદ પામતા એવા,
સતી સીતા પુનિત મૂર્તિ, શિખામાં સાધતી સ્ફુર્તિ,
કરીછે પ્રેમની સ્મૃતિ, પ્રભુપદ પ્રેમથી લેવા.
અમારા ઉચ્ચ આદર્શો, દશે દિશ દેશમાં વર્ષો,
ઉજાળી આત્મ ઉત્કર્ષો, દીપાવો ગત દિવસ જેવા;
વહાવો સૌખ્યની ધારા, પુનઃ પ્રકટી પ્રભુ પ્યારા,
ખિલાવીને કનક ક્યારા, સુહાવો દેશને દેવા.

વસંત.

ગાન પૂરૂં થયું, એ ગાનાર કોણ છે એની તપાસ કરવા અંદરથી એક માણુસ બ્હાર નીકળ્યો. તેણે ધીમે પગલે વસંતની પાસે આવી પૂછ્યું:—" તું કોણ છે અને આ કાળી રાતે અહિં બેસી શા માટે ગાયન ગાય છે ? "

તેના પ્રશ્નથી વસંત ગંભીર ભાવ ધારણ કરી બોલી:–" ભાઇ ! હું એક રમતો સાધુરામ છું. રાત દિવસને હું સરખાં ગણું છું. તેમજ અત્યારે અહિં આવવાથી મને એક મહા લાભ મળ્યો છે; પણ તે લાભ પ્રાપ્ત કરતાં ઘણુંજ કષ્ટ સહન કરવું પડયું છે. "

તેના બોલવામાં બીજું કાંઇ નહિ સમજતાં તે આવનાર માણુસ લાભ શબ્દ સાંભળીને ચમક્યો; અને નક્કી આ સાધુરામને કંઇક સારો શીકાર મળી ગયો છે ! એમ માની તેણે પૂછ્યું:–" બાવાજી તમને શું લાભ મળ્યો છે ? "

" તે આ સ્થળે કહી શકાય એમ નથી. કારણ કે મારા લાભની વાતમાં એવો તો ભેદ સમાએલો છે કે તે વાત કાને પણ સાંભળવી નહિ જોઇએ. " આથી તે માણુસના વ્હેમની વૃદ્ધિ થઈ. આ સાધુના લાભમાંથી મને પણ કંઇક મળશે; એમ સમજીને તેણે વસંતને સાથે આવવાનું સૂચવ્યું. વસંતને એટલુંજ જોઈતું હતું. તે ત્યાંથી ઉભી થઇ એ માણુસની સાથે ચાલવા લાગી. તે માણુસ ચાલતાં–ચાલતાં વસંતની સામે વારંવાર દૃષ્ટિ કરતો હતો, થોડીવારમાં તેણે મકાનમાં પ્રવેશ કર્યો; અને મકાનની અંદર એક એકાન્ત જગાએ આવેલા ઓરડામાં વસંતને લાવી પૂછ્યું:–" હવે પેલી વાત જણાવો. " " વાત સાંભળતાં પહેલાં મને થોડુંક પાણી પાઓ; કારણ કે તરસથી મારો જીવ જાય છે. " વસંતે કહ્યું. તે માણુસે પાણી લાવી તેને પાયું. તે પછી વસંત વાત

કહેવાનો ડોળ કરી વિચાર કરવા લાગી; એવામાં એકાએક અંદરના ભાગમાંથી ઘંટ વાગવાનો અવાજ સંભળાયો. વસંત ચમકી. ત્યાં બેઠેલો માણસ પણ આશ્ચર્ય પામીને એકાએક ઉભો થઈ બોલ્યોઃ–" સાધુ-મહારાજ ! તમે આ ઓરડામાં વિશ્રાન્તી લ્યો. હું બે કલાક પછી પાછો આવું છું. " કહી તે માણસ ત્વરીત ગતીએ ત્યાંથી ચાલતો થયો. વસંત આનંદ પામી; કારણ કે હરકોઈ ઉપાયે એ માણસને ત્યાંથી દૂર કરી તેનો વિચાર અંદરનું રહસ્ય જોવાનો હતો. તે માણસના ગયા પછી વસંત ઘંટના અવાજ વિષે વિચાર કરવા લાગી; પણ તેને કંઇ સમજ પડી નહિ. તે શાન્ત બેશી રહી. સઘળે શાન્તિ છવાઇ હતી. થોડીવાર પછી વસંત ત્યાંથી ઉઠી આસપાસ ફરવા લાગી. જે મકાનમાં તેણે ઘણા માણસોને વાતો કરતા સાંભળ્યા હતા; તે મકાનમાં આ સમયે તેને કોઈ જણાયું નહિ. વસંત મકાનના ખૂણે ખોચરે ફરી વળી; પણ તેને કંઇ માલમ પડ્યું નહિ. તેને થાક પુષ્કળ લાગ્યો હતો. એક ઓરડામાં આવી તે સૂઈ ગઇ. તેને સૂતે બેએક કલાક થયા હશે; એવામાં વળી પાછું કંઇક કૌતુક થયું, મકાનના ઉંડાણ ભાગમાંથી જાણે કોઇ ડસકાં ભરી રડતું ના હોય એમ સંભળાયું, વસંત ચમકીને બેઠી થઇ. આ કોણ રોતું હશે; એમ ધારીને તે ત્યાંથી ઉભી થઇ આસપાસ તપાસ કરવા લાગી, રોનારનો અવાજ ધીમે–ધીમે સ્પષ્ટ સંભળાવા લાગ્યો. કંઠ સ્વરપરથી જણાયું કે રડનાર કોઈ સ્ત્રી છે, વસંત અવાજને આધારે આગળ જવા લાગી, કેટલાક ઓરડા વટાવી તે નીચે ભોંયરામાં ઉતરવાની એક સીડી આગળ આવી અટકી, ત્યાં આગળ કેટલાક માણસો નિદ્રામાં પડેલા હતા. વસંતે કંઇક વિચાર ગોઠવી પાસે રાખેલા સફેત પદાર્થની ડબી કાઢી. તે ડબ્બીમાં બેભાન કરવાની દવા હતી. તેમાંથી ચપટીઓ ભરી વસંતે ત્યાં સૂતેલા દરેક

માણસના નાક આગળ ભભરાવી, ત્યાર પછી છાતી ખસે કસેલી પિસ્તોલ હાથમાં પકડી તેણે દાદરના પગથીઆં ઉતરવાં શરૂ કર્યાં. છેક નીચે ઉતરતાં તેને માલમ પડયું કે અહિં પાસે એક ઓરડો છે અને તેમાં એક સ્ત્રી ડસકા ભરી રડે છે; વચમાં તેને કોઇક ધમકાવે છે. વસંત તે ઓરડામાં ગઈ.

ત્યાં આગળ વળી પાછો તેને એક બીજો ઓરડો જણાયો. તેનુ બારણું બંધ હતું. વસંતે બારણાને ધક્કો માર્યો. અંદરથી ખાલી વાસેલું દ્વાર ઉઘડી ગયું. વસંત અંદર ગઇ. તે ઓરડામાં કોઇ માણસ હતું નહિ, અંદર એક ઝાંખી બત્તી પ્રકાશી રહી હતી. પ્રકાશમાં વસંતની નજરે ત્યાં આગળ કેટલાંક ઉજ્વલેણુ શસ્ત્રો અને ઝેરી દવાઓના શીશા માલમ પડયા. એવામાં વળી પાછી તે એકાએક ચમકી. તેણે તે ઓરડાના ખૂણામાં એક માણસને સૂતેલો જોયો. તે તત્કાળ ત્યાં દોડી. અને ડબ્બીમાંથી સફેત ભુકી તેના નાક આગળ ભભરાવી. થોડી વારમાંજ તે માણસ બેહોશ થતો તેને જણાયો, ત્યારબાદ વસંતને કંઇક વિચાર આવતાં તેનાં લુગડાં તપાસવા માંડ્યાં. તેના કપડામાંથી બીજું કાંઇ મળ્યું નહિ પણ અંદરના ગજવામાંથી એક નાની ચીઠ્ઠી નીકળી આવી. વસંત દિવાપાસે જઇ તે ચીઠ્ઠિ વાંચવા લાગી, તેમાં લખ્યું હતું કેઃ—

વ્હાલાં સરદાર શઠરાય!

રાજકન્યા રમાદેવી હવે થોડા દિવસમાં આપણા તાબામાં આવી જશે. ભુજંગસિંહ મોટું સૈન્ય એકઠું કરવામાં હાલ રોકાએલા છે. રાજા દુર્મદના સર્વ નાશની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. આ તકનો લાભ લઈ હું રમાસુંદરીને ઉપાડી લાવીશ. વ્હાલા સરદાર! તું પેલી સુધાને સમજાવજે, અને જો તે હઠીલી છોકરી ના માને તો તેને અને બન્સીને

યમનગર તરફ રવાને કરજે. બનસે તો હું આજ અગર કાલ ત્યાં આવી તને મળીશ, દરેક કામ કરતી વખતે પૂર્ણ સાવધ રહેજે. હાલ એજ.

લી.

દુર્જનસાલ.

વસંતે પત્રને પૂરો વાંચી પાસે રાખી લીધો. હજીપણ જોડેના ઓરડામાંથી રડવાનો અવાજ સંભળાતો હતો. વસંત ત્યાંથી નીકળી જોડેના ઓરડા તરફ ગઈ. ત્યાં અંધારૂંઘોર હતું. વસંત બારણાને અઢેલી ગુપચુપ ઉભી રહી; એવામાં તેણે નજીકમાં કોઈ બે માણસોને વાતો કરતા સાંભળ્યા. તેઓની વાત વસંત ધ્યાનપૂર્વક સાંભળવા લાગી. વાતો કરનારમાંથી એક જણ બોલ્યો:—"ભાઇ શઠરાય! સુધાને તો મારાથી નહિ મારી શકાય. તેનું નિર્દોષ અને કોમળ મુખ જોઇ મારા મનમાં દયા ઉત્પન્ન થાય છે. તેની હત્યા કરવાનો વિચાર કરતાંજ મારા પગ ધ્રુજી ઉઠે છે. માટે તેની હત્યા કરવાનું કામ તું લે; હું બન્સીનું કામ પૂરૂં કરવાનું માથે લઉં છું."

શઠરાય:—"પ્રપંચપ્રસાદ! આપણે ઘણાંનાં લોહી વહેવરાવ્યાં છે. ખૂન કરવાં તે આપણા બાપદાદાનો ધંધો છે. એક નાની બાળાની હત્યા કરતાં તું ધ્રુજે છે તે ઘણું દિલગીર થવા જેવું છે. જ્યારે સરદારને તારી વાતની ખબર પડશે ત્યારે તેમને તારા માટે કેવો વિચાર આવશે તેનો વિચાર તો કર? તું મારી સાથે ચાલ. બનતા સુધી તારે સુધાને મારી નાખવાનું કામ પડશે નહિ. હું તેના દેખતાંજ બન્સીને કાપી નાખીશ. બન્સીની દશા જોઇ કદાચ તે સમજી જઇ સરદારની આજ્ઞા કબુલ કરશે. માટે હવે તું આહં ઉભો રહે, હું અંદર જઇ પ્રથમ તેમને સમજાવી આવું." કહી શઠરાય અંદર ગયો. પ્રપંચપ્રસાદ વિચાર કરતો ત્યાં બેઠો.

તેઓની વાત સાંભળી વસંત ભયથી ધ્રુજી ઉઠી. તેનું શરીર

આકળ-વિકળ બની ગયું. હવે શું કરવું તેના વિચારમાં પડી. વિચારને અંતે વસંત ધીમે પગલે પ્રપંચપ્રસાદ તરફ જવા લાગી. તે જાણે નહિ એવી સફાઇથી તેણે બેભાન બનાવનારી દવા ડબ્બીમાંથી કાઢી; અને એકદમ તેના અંગપર ધસી જઈ તેને યુક્તિથી દવા સુંઘાડી દીધી. અલ્પ સમયમાંજ પ્રપંચપ્રસાદ બાહોશ થવા લાગ્યો. તેણે બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો; તરત વસંતે તેના મ્હો પર હાથ દબાવી તેને અટકાવ્યો. કરપીણ કામ કરનારો પાપી જમીન પર લાંબો થઇને સુતો. ત્યાર બાદ શઠરાયને પૂરો કરવાના વિચારથી વીરબાળા વસંત હાથમાં પિસ્તોલ પકડી ઓરડાના બારણાની ફાટમાંથી અંદર જોવા લાગી. તે ઓરડામાં બત્તીનો પ્રકાશ ચારે તરફ પડી રહ્યો હતો. એક કોમળ બાળા ધ્રુસકે-ધ્રુસકે રડતી ત્યાં ઉભી હતી. વસંત તે રડનાર બાળાને ઓળખી મન સાથેજ બોલી ઉઠીઃ-"અરે આતો સુધા! કહી પુનઃ પાછી શાન્ત થઈ ઉભી રહી. અંદર ગએલો શઠરાય સુધાને ઘણી રીતે સમજાવવા લાગ્યો. પણ તેણે તેનું કહેવું ધ્યાન પર ધર્યું નહિ. આથી શઠરાય ગુસ્સે થઈ તેને કહેવા લાગ્યોઃ—"સુધા! જ્યારે તું નથી માનતી ત્યારે મને સમજાય છે કે તારે રીબાઈ-રીબાઇનેજ મરવાનું લખાએલું છે. હજી પણ કહું છું કે માન; નહિ તો તારા દેખતાંજ તારા વ્હાલા બન્સીનો અંત આવશે. તારી હઠથીજ તે નિર્દોષના પ્રાણ જશે. જો તું તેનું સારૂં ઇચ્છિતી હોય; જો તારો તેના પ્રત્યે લગીર પણ પ્રેમ હોય તો તું ખુશીથી સરદાર દુર્જનસાલની આજ્ઞા કબુલ કર. આજે અમને તેમનો સખ્ત હુકમ થયો છે કે સુધાને મનાવો. સુધા! અત્યારનો સમય અમૂલ્ય છે. આ તારી છેલ્લીજ ઘડીયો છે. તારા હા, અને ના, ના જવાબ પર તારી અને બન્સીના જીવનની દોરી સંધાઈ રહી છે. જો હું અત્યારે તમારા નાશને માટેજ આ છૂરો લઇને અહિં આવ્યો છું. તારા

મુખમાંથી ના શબ્દ નીકળતાંજ આ ચળકતો છૂરો તારા હૃદયમાં ભોંકાશે.” કહી શઠરાય તેનો જવાબ સાંભળવાને શાન્ત થઈ ઉભો રહ્યો. તેને જવાબ આપવાને બદલે સુધા ડસકાં ભરી ખુબ રડવા લાગી. બારણા આગળ ઉભેલી વસંત નરપિશાચ શઠરાયનું કામ જોઇ કંપી. સુધા અને બન્સી હમણાંજ આ પાપીનો ભોગ થશે. લાવ ત્યારે હુંજ તે પાપીષ્ટને આ પિસ્તોલથી પ્રથમ યમનગર તરફ પ્રયાણ કરાવી દઉં. આમ વિચારી તેણે પિસ્તોલની નેમ તાકી. પણ એટલામાં વળી પાછો કંઇક વિચાર આવતાં તે મન સાથે બોલી ઉઠી:-“નહિ, નહિ. આવી રીતે સાહસ કરવાથી હું સુધા અને બન્સીને બચાવી શકીશ નહિ. મારી પિસ્તોલના અવાજથી બીજા લોકો જાગી ઉઠે ને મારો પણ જીવ જોખમમાં આવી પડે. માટે લાવ હું અંદર જઇ તેને યુક્તીપૂર્વક બચાવું. આમ નિર્ણય કરી વસંતે એક લાંબો-પહોળો રૂમાલ કાઢયો. પિસ્તોલને તૈયાર રાખી કમ્મરમાં ખોસી, અને રૂમાલને વળ ચઢાવી બારણું ઉઘાડી ધીમે પગલે અંદર ચાલી. શઠરાય સુધાના સામે એક ધ્યાનથી જોઈ રહ્યો હતો. સુધા નીચે બેસી હાથવતી મ્હોં ઢાંકી રડતી હતી. એવામાં શઠરાયની પીઠ પાછળ આવી વસતે વાઘની માફક છલંગ મારી તેના ગળામાં રૂમાલનો ફાંસો નાખી જોરથી આંચકો માર્યો. દુષ્ટ શઠરાય ગુંગળાતો જમીન પર પડી ધમપછાડા મારવા લાગ્યો. તેની આંખ્યોમાંથી ગુસ્સાની આગના તનખા ઝરવા લાગ્યા. તે ગુંગળાતા શબ્દે છૂટવાનાં ફાંફાં મારતો બોલ્યોઃ—“મને છોડ. તું...ક...ક...કો...”

“ચૂપ.” કહી વસંતે પિસ્તોલ કાઢી તેના કપાળ સામે ધરી. તે ચૂપ થઇ ગયો. તેને નરમ પાડવાને વસંત તેના ગળાને જોરથી દબાવવા લાગી. પાપીનો શ્વાસ રૂંધાવા લાગ્યો. થોડીવારમાં તો તે નરમ

બની ગયો. બાદ બેભાન કરનારી દવાથી તેને પણ બેહોશ કરી વસંતે એક ખુણામાં તેને ગબડાવી મૂક્યો.

સુધા ક્યારનીએ સાવધ થઇ જોઈ રહી હતી. પાપીને પડેલો જોઇ તે તરત વસંતની પાસે દોડી આવી તેના પગ પાસે બેસી રડવા લાગી. વસંતે તેને ઉભી કરી કહ્યું:–"બ્હેન! ગભરાઇશ નહિ. હું તારા બચાવને અર્થેજ અહિં આવ્યો છું. માટે તું હવે જેમ બને એમ જલ્દીથી મારી સાથે ચાલ."

"તમારૂં નામ?" સુધાએ રડતાં રડતાં પૂછ્યું.

"વસંતસિંહ."

"વસંતસિંહ કોણ?" સુધાએ ગભરાઇને પૂછ્યું.

"બ્હેન! ગભરાઇશ નહિ. તારા બન્સીના મિત્ર વિજયસિંહનો હું મિત્ર છું." વસંતે જણાવ્યું.

"ભાઇ! જો વિજયસિંહ હોત તો મારી આ દશા ન થાત." સુધાએ કહ્યું.

"સુધા! વિજયસિંહ તમને બચાવવાને અહિં આવ્યા હતા પણ દૈવવશાત્ તે પણ દુષ્ટોની જાળમાં જકડાઈ ગયા છે. તેમની શોધમાંજ હું અહિં આવ્યો છું."

"હાય! શું વિજયસિંહ પણ સપડાઇ ગયા?" સુધાએ રડી પડી પૂછ્યું.

"હા, ઇશ્વર તેમની રક્ષા કરશે. બ્હેન! હવે અહિંથી ચાલો. કારણ કે ભયનાં વાદળ આપણી પર ઝઝુમી રહ્યાં છે. આપણો વખત અમૂલ્ય છે. તમને બ્હાર કાઢી પછી મારે વિજયસિંહની શોધ કરવાની

છે.' આમ કહી વસંત એક હાથથી પિસ્તોલ અને બીજા હાથથી સુધાનો હાથ પકડી એ ઓરડામાંથી બહાર નીકળી. ઓરડાની બહાર નીકળતાં તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે ભયથી આસપાસ જોવા લાગી. જે સ્થળે પ્રથમ ભયંકર અંધકાર હતો તે સ્થળે એક પ્રકાશીત બત્તી ઝગઝગાટ બળી રહી હતી. તેમજ ખૂણામાં બેહોશ કરેલો પ્રપંચપ્રસાદ પણ ત્યાં પડેલો નહોતો. નક્કી ! શત્રુઓ તેને ઉપાડી ગયા હશે. આટલામાં શત્રુઓનાં પણ વિશેષ માણસો હોવાં જોઇએ. હવે તો ઇશ્વર કરે તે ખરૂં. આમ શોચતી વસંત સુધાનો હાથ પકડી હિંમતથી આગળ જવા લાગી. વસંત આવેલે રસ્તે ચાલી સીઢી ચઢીને ઉપર આવી. ત્યાં પણ તેને આશ્ચર્યની સાથે માલમ પડયું કે સીઢીને મથાળે જે માણસોને બાહોશ કર્યા હતા તેમાંનો એક પણ માણસ ત્યાં પડેલો નહોતો.

વસંત ત્યાંથી ઝપાટાબંધ ચાલી મોટા મકાનના બહાર નીકળવાના છેલ્લા ઓરડામાં આવી. તે અરસ્સામાંજ દશ સશસ્ત્ર માણસો હાથમાં પિસ્તોલો લઈ ત્યાં દોડી આવતા જણાયા. પાછળ ચાલતી સુધા તેમને જોતાંજ કારમી ચીશ પાડી જમીનપર બેસી ગઈ. વસંત ભયથી વિહ્વળ થઈ જીવ બચાવવા દોડવા લાગી. તેણે પાછળ જોયું તો સુધા શત્રુઓથી ઘેરાઇ ગએલી જણાઈ. હવે તેને છોડાવવી મુશ્કેલ છે. કહી તેને પ્રભુને ભરોંસે છોડી વસંત વિદ્યુત વેગે એ મોટા મકાનમાંથી બહાર નીકળી ગઈ.

પ્રકરણ ૩૧ મું.

ભુજંગસિંહનો કોપ.

વિજયને પકડી લઇ જનારા શત્રુઓ કાળી રાત્રે મુસાફરી કરતા હતા. ગળામાં બાંધેલા મજબુત દોરડાથી વિજય બેશુદ્ધ દશામાં પડેલો હતો. દેહનું તેને ભાન નહોતું. મધ્ય રાત્રિ થતાં શત્રુઓ વિજયને ઉપાડી એક નદી કિનારે આવ્યા, ત્યાં ભયંકર જંગલ આવેલું હતું. ભૂતપ્રેતોનો નિવાસ હોય એમ સર્વત્ર ભાસ માલમ પડતો હતો. વહેતા જળ-પ્રવાહનો ગંભીર ધ્વની ઉત્પન્ન થઈ ભયમાં વિશેષ વૃદ્ધિ કરી રહ્યો હતો. કિનારા ઉપર આવી વિજયને નીચે ઉતારી ઉંચકનાર માણસો તેમના સરદાર સામે જોવા લાગ્યા. સરદારે તરત તેને નદીમાં નાખી દેવાની આજ્ઞા આપી. દુષ્ટોએ વિજયને નદીમાં પધરાવી દીધો. જળમાં ધબાકો થયો. વીરવિજય સરિતાના પેટમાં અદ્રશ્ય થયો, પણ પુનઃ પાછો ઉપર આવી પ્રવાહમાં તણાવા લાગ્યો, જાણે પાષાણ હૃદયના પાપીઓ મહાન્ કાર્ય ન કર્યું હતું એમ માનતા પોતપોતાની બડાઇઓ મારતા ત્યાંથી ચાલ્યા ગયા. તેમને ત્યાંથી ગએ ઘણીવાર થઈ નહિ હોય એ અરસ્સામાં તો એક રૂષ્ટપુષ્ટ માણસ ત્યાં દોડી આવ્યો; અને કંઈ પણ વિચાર નહિ કરતાં નદીમાં કુદી પડયો. તરવામાં નિપુણ માણસ થોડીવારમાંજ વિજયને પકડી ખભે નાખી બહાર લઇ આવ્યો. તેને કિનારે સુવારી તેના પેટમાંથી પાણી કાઢી નાખ્યું. તેણે ઘણી મહેનત કરી પણ તે શુદ્ધિમાં આવ્યો નહિ. આથી

તેણે તેની શારીરીક તપાસ કરવા માંડી. તપાસને અંતે આને બચવાનો સંભવ છે ધારીને તે માણસ છાનોમાનો થોડે દૂર ખસી બેસી રહ્યો. એકાદ કલાક વિત્યાબાદ વિજયસિંહ શુદ્ધિમાં આવતો જણાયો. તેની પાસે બેઠેલા માણસના આનંદનો પાર રહ્યો નહિ. થોડીવારમાં વિજયે પૂર્ણ સાવધ થઇ આસપાસ જોયું. તેને બનેલા સઘળા બનાવ યાદ આવ્યા. તે લમણે હાથ ટેકવી ઘણીવાર સુધી બેસી રહ્યો. તેનાં કપડાં હજી ભીંજાએલાં હતા. તે ધ્રુજતો હતો, એટલામાં તેનાથી થોડેક દૂર બેઠેલા માણસે ખુંખારો કર્યો. વિજય ચોંકયો. તેણે તેની નજર એ તરફ ફેરવી. તે મનમાં બોલી ઉઠયો, " હજી પણ દુશ્મનોએ મારો પીછો છોડયો નથી." આમ બોલી તેણે ગુસ્સાની નજરે તે માણસ સામે જોયું. ત્યાં બેઠેલો માણસ પણ ઘણો ચાલાક હતો. તેણે વિજયના મનનો વ્યાપાર સમજી તેની નજદીક આવી ધામેથી કહ્યું. " ભાઈ! તું મારીપર વૃથા વહેમ લાવી મનમાં દુઃખી થઇશ નહિ. હું તારા ભલામાંજ રાજી છું. આ દેહે અદ્યાપીપર્યંત કોઇને દુઃખ થાય એવું એક પણ કાર્ય કર્યું નથી."

તેનું કહેવું ધ્યાનપૂર્વક સાંભળી વિજયના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે મનમાં ગણગણવા લાગ્યો કે, " આ માણસે મારા મનની વાત કેવી રીતે જાણી? ખરેખર એ કોઈ દેવ અગર મંત્ર તંત્ર વિદ્યાનો ઉપાસક મનુષ્ય હોવો જોઇએ." આમ આત્મગત્ બોલી વિજયે તેના સામે જોઇ કહ્યું, "ભાઈ! સ્થળ અને સંયોગ જોઇ હરકોઇ મનુષ્યને આપના વિષે મારા જેવો વિચાર ઉત્પન્ન થયા સિવાય રહે નહિ. હું બેશુદ્ધાવસ્થામાંથી હમણાં જ શુદ્ધિમાં આવ્યો છું. મારી ઘણી ખરાબ દુર્દશા થઈ હતી. દુશ્મનોએ મને દગાથી ફસાવી આ સ્થળે લાવીને નાખ્યો હતો. ત્યારબાદ બેશુદ્ધ દશામાં ખબર નથી કે શું થયું, પણ અત્યારે સાવધ થઇ તમને એકાએક આવા ભયંકર સ્થળે બેઠેલા જોઈ હું સમજ્યો

કે હજી પણ દુષ્મનોએ મારો કેડો મૂકયો નથી. ભાઈ! અવિનયની ક્ષમા આપશો. તે માણસ બોલ્યો, "ભાઈ! દુઃખનો અનુભવ તો તેના અનુભવીજ જાણે છે. શત્રુઓ તને નદીમાં નાખી ચાલ્યા ગયા હતા."

તે માણસ આગળ બોલે એ પહેલાં વિજયને કંઇક યાદ આવતાં બોલી ઉઠયો, "હાં, હવેજ મને સઘળી વાતનું સ્મરણ થાય છે. ભાઈ! નદીમાંથી બહાર કાઢી મારૂં સંરક્ષણ કરવામાં આપને બહુજ શ્રમ પડયો હશે? તેને માટે હું આપનો સદાકાળ ઉપકારી છું."

"વિજય! ઉપકાર માનવા જેવું કાંઈજ નથી. સજ્જન પુરૂષોનું કર્તવ્ય પરોપકારજ છે. મનુષ્ય માત્ર પરોપકાર કરી ફકત પોતાના ધર્મનું જ પાલન કરે છે."

આટલું કહી તે માણસ વિજયના મુખ સામે જોઇ રહ્યો. તેના મુખમાંથી પોતાનું નામ સાંભળી વિજયે વિસ્મય પામી પૂછ્યું. "આપ મને ઓળખતા હો એમ જણાય છે?"

"હા, મહાન્ પ્રતાપી ભુજંગસિંહના આ વફાદાર સરદારની જાણ બહાર કાંઈ હોતું જ નથી." તે માણસે કહ્યું.

ભુજંગસિંહનું નામ વિજયે ઘણી વખત સાંભળયું હતું. હજી તે મહાન્ સરદારનો મેળાપ તેને થયો નહોતો. વિજય તે પરોપકારી સરદારના દર્શનને માટે ઘણો આતુર હતો. તેણે દયાના ભારથી દબાઇ જતાં નેત્રોવડે તે સરદારના સામે જોઇ પૂછ્યું, "આપનું નામ જણાવશો?"

તે માણસે થોડી ક્ષણ કંઈક વિચાર કરીને કહ્યુ, "હાલ તો લોકો મને કાળા નાગના નામથી ઓળખી ધ્રુજે છે; પણ તમે સ્વદેશ હિતૈષી હોવાથી હું તમારી આગળ મારૂં સત્ય નામ પ્રકાશ કરૂં છું. વિજયસિંહ! મારૂં નામ સરદાર દિગ્વિજયસિંહ છે."

"હું ધારૂં છું કે જેવો તમારા નામમાં ભેદ છે એવો તમારા સરદારના નામમાં પણ કંઈક ભેદ હોવો જોઇએ." વિજયે ગંભીર મુખે કહ્યું. "તેમાંનું હું કાંઇપણ જાણતો નથી; પણ..." દિગ્વિજયસિંહ બોલતાં અટકયો. નજીકની ઝાડીમાંથી કોઇકનો ભયંકર અવાજ સંભળાયો. એ અવાજને ઓળખી તે સરદાર ઉભો થઇ વિજય પ્રત્યે કહેવા લાગ્યો, "જો તમારો વિચાર ભુજંગસિંહનાં દર્શન કરવાનો હોય તો અત્યારે મારી સાથે ચાલો, પણ મારી સાથે આવતાં પહેલાં તમારે એક શરત કરવી પડશે, તે શરત એ કે તમારે બિલકુલ બોલ્યા વિના અને મને કંઇ પણ પૂછ્યા વિના મારી સાથે ચાલવું પડશે અને ત્યાં ગયા પછી પણ એવીજ રીતે વર્તવું પડશે. બોલો, શું મરજી છે?"

"હું તમારા કહેવા પ્રમાણે વર્તવાને તૈયાર છું." કહી વિજય ઉભો થયો અને દિગ્વિજયસિંહની પાછળ–પાછળ ચાલવા લાગ્યો. થોડી વારે તેઓ એક વિકટ જગા આગળ આવીને અટકયા. ત્યાં વૃક્ષો પુષ્કળ ઉગેલાં હતાં, ત્યાં આગળ આ સમયે એક કાળો આકાર ફરતો માલમ પડતો હતો, તે કાળા આકારને જોઇ દિગ્વિજયે વિજયસિંહનો હાથ દબાવી ધીમે અવાજે કહ્યું, "જો, પણે અત્યારે જે ફરે છે એજ મારો પ્રતાપી સરદાર. તું હવે ધ્યાનપૂર્વક જોયા કર કે એ શું કરે છે?"

વિજય અને દિગ્વિજય તે કાળા આકારની તરફ ધ્યાનપૂર્વક જોઈ રહ્યા.

તે કાળો આકાર બીજો કોઇ નહિ પણ દુર્મદને ડરાવનાર તેનો કટ્ટો દુષ્મન અને તેને વારંવાર મૃત્યુનું સુચન કરનાર સરદાર ભુજંગસિંહ હતો. તે દુષ્ટ જનોને માટે ઘણો ભયંકર માણસ હતો. તે હમેશાં દુઃખીઓનાં દુઃખ દૂર કરતો; નિર્દોષનું રક્ષણ કરવામાં તૈયાર રહેતો. દુષ્ટ જનો તેના નામ માત્રથીજ ધ્રુજી ઉઠતાં. તેના વિષે લોકોમાં અનેક

પ્રકારની દંતકથાઓ ચાલતી હતી. તે દેવ છે કે ભૂત છે યા તો માણુસ છે તેની કલ્પના કોઇનાથી કરી શકાતી નહોતી. ભુજંગસિંહ અત્યારે વિકળ દશામાં ફરતો હોય એમ અનુમાન થતું હતું. તેના હોઠ ફરકતા હતા. તેનો હાથ કમ્મરે લટકતી લાંબી તરવાર તરફ વારંવાર વળતો હતો. તેની સ્થિતિ અત્યારે ભયંકર હોય એમ તેની હિલચાલપરથી સમજાતું હતું. અંતે તે એક વિકટ હાષ્ય કરી બોલી ઉઠયો, "બસ હવે હું થોડા દિવસમાંજ સર્વ કામની સમાપ્તિ કરીશ. ઓ અકાળે મરણુને શરણુ થએલાં નિર્દોષ જનો ! હું તમારા ખૂનનો બદલો ખૂનથી લઇશ." આમ બોલતો તે ભયંકર સરદાર એક દિશા તરફ જોઈ રહ્યો, એટલામાંજ તેને કોઇક અદ્રશ્ય વ્યક્તિ બોલતી સંભળાઇ. "ભુજંગસિંહ ! શું તું વૈરની પુર્ણાહુતી કરી શકીશ ?"

ભુજંગે વિક્રાળ દૃષ્ટે તે અવાજ તરફ જોઈ ગંભીરનાદે કહ્યું, "હા, હું થોડા દિવસમાંજ લોહીનો મહાસાગર રેલાવીશ."

"હું પણુ તે વખતે તારા કાર્યમાં મદદ કરીશ." અવાજ બંધ થયો. ભુજંગ તેની પાસે જવા દોડયો; પણુ તે આગળ જાય એ પહેલાં તો તેને જણુાયું કે દૂર કોઇ એક વ્યક્તિ પૂરવેગે દોડી જાય છે. તેને પકડી પાડવું અશક્ય જણુાયું . ભુજંગ અટકયો અને તે કોણુ હશે એની કલ્પના કરવા લાગ્યો. તેનો જીવ ચકડોળે ચઢયો, તેને કંઇક યાદ આવતાં તે ધીમે ધીમે તેનું ભાન ભૂલવા લાગ્યો. તેને પૃથ્વી ફરતી હોય એમ જણુાવા લાગ્યું. તે માથું પકડી નીચે બેશી ગયો, અને થોડીવારમાં તો એ પૃથ્વીને ધ્રુજાવનાર વીર યોદ્ધો તેનું ભાન ભૂલી ધરાશાયી થયો, દૂર ઉભેલા દિગ્વિજય વિજયસિંહને ચાલી આવવાનું ઇશારતથી સુચવી સરદારની પાસે દોડી આવ્યો. તેણે વિજયસિંહને સરદારનું માથું ખોળામાં લઇને બેસવાનું કહ્યું, વિજયે તેના કહેવા પ્રમાણે કર્યું, દિગ્વિ-

જય પાણી લેવા દોડયો. વિજય ખોળામાં બેશુદ્ધ થઈ પડેલા વીર-નરના મુખ સામે એકાગ્રતાથી નિહાળી રહ્યો. દિગ્વિજય પાણી લઈને આવે તે પહેલાં તો ભુજંગસિંહે સાવધ થઇ આંખ્યો ઉઘાડી, અને એકદમ બેઠો થઇ જબ્બામાંથી ગુપ્ત ફાનસ કાઢી તેના પ્રકાશમાં પોતાનું માથું ખોળામાં લઇ બેસનાર સામે જોયું. બાદ તેણે ધીમા અવાજે પૂછ્યું, "તમે કોણ છો? તમારૂં શું નામ છે?"

વિજય વિનીતભાવે બોલ્યો, "હું એક દુઃખી માણસ છું અને વિજયસિંહના નામથી ઓળખાઉં છું."

"શું તમે દુઃખી છો? ખરેખર તમે સત્ય બોલ્યા છો. હું પણ દુઃખીનો ભાઈ છું. વિજયસિંહ! આવો, આ દુઃખપૂર્ણ હૃદય સાથે ભેટો." કહી ભુજંગસિંહ તેને ભેટવા દોડ્યો. વિજય દૂર ખશી જતાં બોલ્યો, "સરદાર! હું એટલા બધા માનને લાયક નથી."

એવામાં પાણી લેવા દોડેલો દિગ્વિજય ત્યાં આવી પહોંચ્યો, અને પોતાના સરદારને સાવધ થઈ ઉભેલો જોઇ આનંદ પામી બોલી ઉઠયો, "મહારાજને પ્રણામ કરૂં છું."

"કોણ દિગ્વિજયસિંહ?" ભુજંગે તેના સામે જોઈ પૂછ્યું.

"હા, મહારાજ." દિગ્વિજયે માથુ નમાવી કહ્યું.

"તું આ વિજયસિંહને ઓળખે છે?"

"ના."

"તે રાજા સમરસિંહના પાલક પુત્ર છે."

દિગ્વિજયે સાનંદાશ્ચર્યે વિજયના સામે જોયું. એટલામાં પુનઃ ભુજંગસિંહે પૂછ્યું, "વિજયસિંહ! રાજા સમરસિંહ કુટુંબ સાથે સુખી છે એ જાણો છો?"

"ના. હું તો તેમને આ સૃષ્ટિમાંથી વિદાય થએલા સમજું છું." વિજયે ભગ્ન મને જણાવ્યું

"કુમાર! દુઃખી ન થા. રાજા સમરસિંહ તેમનાં આપ્ત જનો સાથે હાલ આનંદમાં છે. તમને તેમનો મેળાપ હું હવે ટુંકમાંજ કરાવી આપીશ, પરંતુ તે પહેલાં મારે તમારી સાથે કેટલીક વાત કરવાની જરૂર છે." ભુજંગે જણાવ્યું.

"આપના દરેક શબ્દો સાંભળવાને હું તૈયાર છું; અને આપને માટે આ પ્રાણ પણ અર્પણ કરવાને તત્પર છું. સરદાર! આ હૃદય હાલ દુઃખથી પરીપૂર્ણ ભરેલું છે. મારાં સ્નેહિજનો દુષ્ટ દુષ્મનોનાં ભોગ થએલાં છે. તેમના જીવન દીપકો હોલવાઈ જવાની તૈયારીમાંછે." આમ બોલતાં વિજય ગળગળો થઈ ગયો. તેને દિલાસો દઇ ભુજંગસિંહે કહ્યું, "નિર્દોષ જનોનું રક્ષણ કરવું એ મારૂં મુખ્ય કામ છે. વિજયસિંહ! જણાવો કે તમારાં પ્રિય જનોનું અનિષ્ટ કરનાર મુઢ જન કોણ છે?"

"આપને મળી ગએલો રાજા દુર્મદનો સરદાર દુર્જનસાલ." વિજયે જણાવ્યું.

"હેં! શું દુર્જનસાલ નિર્દોષજનોનો દુષ્મન બની જુલ્મ ગુજારે છે?"

"હા, મહારાજ! મેં પણ સાંભળ્યું છે કે તે કર્મ ચંડાળ શયતાનનો સાગ્રિત અને પુણ્યાત્માઓનો દુષ્મન છે." દિગ્વિજયે જણાવ્યું.

"જો એમ હશે તો તે કર્મ ચંડાળ હવે વધારે વાર આ પૃથ્વી પર જીવન ધારણ કરી શકશે નહિ. વિજયસિંહ! ચાલો હું અત્યારેજ તમારી સાથે આવું છું. દિગ્વિજય! તું પણ મારી સાથે ચાલ." કહી ભુજંગસિંહ પગ પ્રહારથી ધરણીને ધમધમાવતો આગળ ચાલ્યો. તેની પાછળ વિજયસિંહ અને દિગ્વિજય ચાલવા લાગ્યા

પ્રકરણ ૩૨ મું.

બચાવ.

જે સમયે સરદાર ભુજંગસિંહ વિજય અને દિગ્વિજયસિંહ સાથે ચાલી નીકળ્યો, તે વખતે પેલા ભાડે આપવા વાળા ભેદી મકાનમાં સુધા અને બન્સી કુમારના મૃત્યુની તૈયારી થઈ રહી હતી. એક મોટા ઓરડામાં ઝાંખો દીપક પ્રકાશી રહ્યો હતો. તેનાં બારણાં પાસે દસ માણસો ખુલ્લી તલવારે ઉભા રહ્યા હતા. તે ઓરડામાં અન્ય કોઇ માણસને પ્રવેશવાની સખ્ત મના કરેલી હતી. ફક્ત પ્રપંચપ્રસાદ અને શઠરાય સુધાની પાસે ઉભા રહી તેને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. નજીકના એક ખુણામાં બન્સી ઉભો રહ્યો હતો. તેના હાથે હાથકડી જડેલી હતી. બન્સી ઓશીયાળા જેવો ઉભો રહી સુધાની તરફ કરૂણ નજર ફેંકી રહ્યો હતો. અંતે પ્રપંચપ્રસાદ અને શઠરાયનો સુધાને સમજાવવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. એથી ચીડાઇને શઠરાય ગર્જના કરી કહેવા લાગ્યો; “ઓ હઠીલી છોકરી! તું હાથે કરીને તારૂં ભવિષ્ય ભયંકર કરવાને તૈયાર થઈ છે. તું ઘણીજ કમનશીબ છે. આટલું સમજાવતાં છતાં જ્યારે તું માનતી નથી તો હવે જોયા કરજે કે શું થાય છે. હું તારી સમક્ષ આ પળેજ તારા પ્રિય બન્સીનો શિરચ્છેદ કરૂં છું. પ્રપંચપ્રસાદ! પકડી લાવો પેલા છોકરાને.”

પ્રપંચપ્રસાદે બન્સીને ખેંચી લાવી શઠરાયની સામે ઉભો કર્યો. બન્સી મરવાને તૈયાર થયો. તેણે સુધાના મુખ સામે જોયું. એ સમયે સુધાની આંખ્યોમાંથી અશ્રુ પ્રવાહ વહેતો હતો. તેનું મુખ દીન બની ગયું હતું. આવું જોઇ બન્સીએ શઠરાયને થોડીકવાર થોભવાની વિનંતી કરી સુધા પ્રત્યે કહેવા માંડયું, "પ્રિયે! શા માટે આક્રંદ કરી દુઃખી થાય છે? પ્રારબ્ધમાં લખાએલું ભોગવ્યા સિવાય છુટકો નથી. જન્મ ધરનારનું મૃત્યુ અવશ્ય થનાર છે. આપણે આપણો ધર્મ સંભાળતાં મરણને શરણ થઇએ છીએ એ આપણું મહા ભાગ્ય છે. સુધા! મરણનું સંકટ થોડીવારને માટેજ છે, માટે હિંમતવાન્ થા. તારો શોક જોઈ શત્રુઓ હશે છે."

સુધા ગળગળે અવાજે બોલી, "હું મરણના દુઃખથી લગીર પણ ભય પામતી નથી. પણ મારે લીધે તમારે મૃત્યુના મુખમાં હોમાવું પડે છે એ જાણી આ હૃદય શોક સંતાપથી સળગી રહ્યું છે."

"તેમાં તુ શું કરી શકે એમ છે? વિધાતાની કૃતિ નીરાળીજ છે. આ સંસારમાં ચઢતી પડતીના ચમત્કાર થયાજ કરે છે. દુખમાં શોક કરવો તે મૂર્ખ માણસનું લક્ષણ છે. સુધા! સ્વસ્થ થા અને મારૂં મૃત્યુ જોવાને હિંમતવાન થા. હું તારા પહેલાંજ આ સંસારમાંથી છૂટો થાઉં છું અને દેવના દરબારમાં તારી રાહ જોતો ઉભો છું." બન્સીએ રૂંધાતા કંઠે કહ્યું. એવામાંજ શઠરાયે કરાળ દ્રષ્ટે તેની સામે જોઈ પૂછ્યું, "કેમ કેટલી વાર?"

"ફક્ત થોડીવાર." કહી પુનઃ બન્સી સુધાને કહેવા લાગ્યો, "પ્રિયે! હું જાઉં છું અને જતાં પહેલાં તને જણાવું છે કે દુઃખનો પહાડ તૂટી પડે પણ ધર્મથી ચલીત થઇશ નહીં."

"ચાલ હવે ઘુંટણીએ બેશી જા." કહી પ્રપંચપ્રસાદે તેની નજીક આવી તેને ઘુંટણીએ બેસાડ્યો. બન્સીએ આંખ્યો બંધ કરી પ્રભુનું ધ્યાન ધરવા માંડયું, શઠરાયે કાળ સમાન તલવારને ઉંચી કરી સુધા પ્રત્યે કહ્યું, "સુધા! આ બન્સી સંસારથી છૂટો થાય છે, તારે તેને કંઇ કહેવું છે?"

સુધા રડી પડી. એવામાં બહારથી કોઇ ભયંકર પ્હાડી અવાજે બોલી ઉઠયું કે, "તેને સંસારમાંથી છૂટો કરનાર શયતાન કોણ છે? તેને મરવાની હજી ઘણીવાર છે."

શઠરાય અને પ્રપંચપ્રસાદ સ્તબ્ધ બની બારણાં સામે જોઇ રહ્યા. દ્વાર રક્ષકો દોડાદોડી કરવા લાગ્યા. એવામાંજ ત્યાં આગળ ત્રણ બળવાન પુરૂષો ઉપસ્થિત થયા. તેમને જોતાંજ તે બન્ને નર રાક્ષસોનાં હાજાં ગગડી ગયાં. તે આવનારાઓ ભુજંગસિંહ–વિજયકુમાર અને દિગ્વિજયસિંહ હતા. વિજય લાગલોજ બન્સીની તરફ દોડ્યો અને તેણે બન્સી સુધાના હાથે જડેલી હાથ કડીયો તોડી નાખી. વિજયની ઓળખ થતાંજ બન્સી હર્ષાવેશથી બોલી ઉઠ્યો, "કોણ મારો બંધુ વિજય આ દુર્ભાગીને બચાવવાને વિજયી થયો છે?"

"હા, મિત્ર! આવ મને ભેટ." કહી વિજયે તેને આલિંગન આપી પછી સરદાર બહાદુર પાસે લઇ આવી કહ્યું, "આ મહાન્ પ્રતાપી સરદારના પ્રતાપથીજ હું તમને બચાવવાને ભાગ્યશાળી થયો છું. જો તેઓની મદદ મળી ના હોત તો તમે ક્યારનાંએ આ સંસારમાંથી વિદાય થઈ ગયાં હોત."

"દયાળુ સરદારને અમારા પ્રણામ છે." કહી બન્સી–સુધાએ સરદાર ભુજંગસિંહને પ્રણામ કર્યા.

"પ્રભુ તમને સુખી રાખો." ભુજંગે આશિષ આપી. આટલીવાર

સુધી શઠરાય અને પ્રપંચપ્રસાદ ચૂપચાપ ઉભા રહ્યા હતાં. તે હવે પ્રસંગ બદલાએલો જોઈ ગુસ્સે થઈ ડોળા ઘુરકાવી સરદાર બહાદુર ભુજંગસિંહ સામે જોઇ બોલી ઉઠયા, " અલ્યા ! તું કોણ છે ? "

" ચૂપ રહો, હરામખોરો ! એકદમ જણાવો કે તમારો કમનશીબ સરદાર દુર્જનસાલ કયાં છે ? " ભુજંગસિંહે રૌદ્ર સ્વરૂપે પૂછ્યું.

" તે પુછવાનું તારે શું કામ છે ? " શઠરાયે સામો પ્રશ્ન કર્યો.

" ઓ કમભાગ્ય ! તું એકદમ ચૂપ થઇજા, સરદાર બહાદુર ભુજંગસિંહના સામે જવાબ આપનાર પિશાચ ! હવે તારૂં આવી બન્યું સમજજે. " દિગ્વિજયે પાછળથી નીકળી આવી તેને એક લાત લગાવતાં કહ્યું.

" કોણ આ સરદાર બહાદુર પોતેજ છે ! " આમ બોલી તે બન્ને અધર્મીઓ જમીનપર ઘુંટણીએ બેશી ગયા. દ્વાર આગળ ઉભેલા સેવકો પણ સરદાર બહાદુરનું નામ શ્રવણ કરતાંજ ધ્રુજતાપગે જમીનપર પડયા, ત્યારબાદ ભુજંગસિંહે વિકરાળ વદને ઘુંટણીએ પડેલા બન્ને દુષ્ટો સામે કાતિલ દ્રષ્ટે જોઈ બોલવું શરૂ કર્યું.

" ઓ દુરાત્માઓ ! તમારાં સઘળાં કારસ્થાન હું સારી રીતે જાણી ગયો છું. ખરેખર દુષ્ટજનો કદાપિકાળે પણ નીતિવાન થાય નહિ. તમારા અપરાધની શિક્ષા તમારે ઘણીજ ભયંકર રીતે ભોગવવી પડશે. સિપાહીઓ ! આ કર્મ ચંડાળોને બાંધી આપણા મુકામપર લઇ ચાલો. "

જમીનપર આડા પડેલા સેવકોએ ઉભા થઇ શઠરાય અને પ્રપંચ પ્રસાદને જોત જોતામાં દોરડાથી બાંધી દીધા. બાદ સરદારની આજ્ઞા લઈ સેવકો તે બન્નેને લઇ ચાલતા થયા, તે પછી ભુજંગસિંહે દિગ્વિજયને કહ્યું, " મારા બહાદુર સરદાર ! આપણે હવે પ્રથમ દુર્જનસાલને પકડવો જોઇએ. તે હવે છૂટો રહેશે તો આપણો દુષ્મન થઇ પડશે,

માટે તેને હવે જેમ બને એમ જલ્દીથી પકડી આ સંસારમાંથી વિદાય કરી દેવો જોઇએ, કારણ કે પાપીષ્ટ જનો પૃથ્વીના ભાર રૂપ હોય છે.”

“ તે ચંડાળને હું થોડા વખતમાંજ ખોળી કાઢી આપણા ચરણમાં રજુ કરીશ. ” દિગ્વિજયે જણાવ્યું.

બાદ ભુજંગસિંહે વિજયકુમારને મોકલી દુખીઆરા મોહનરાયને તેને ઘેરથી ત્યાં બોલાવ્યો. મોહનરાય દુઃખ શોકથી દુર્બળ બની ઓળખાય નહિ એવો થઈ ગયો હતો. ભુજંગસિંહે તેને શાન્તવન આપી સુધા અને બન્સી સાથે મેળાપ કરાવ્યો.

મરતા માણસમાં જીવ આવે એ મુજબ મોહનરાય સુધા અને બન્સીને જોતાજ હર્ષઘેલો બની ગયો. તે ઘડીકમાં સુધાને તો ઘડીકમાં બન્સીને હૃદય સાથે દાબવા લાગ્યો. ભુજંગસિંહે તેને મહા પ્રયાસે શાન્ત પાડયો. બાદ તેને અને સુધા બન્સીને નગરમાં નહિ રહેવા દેતાં પોતાના મુકામ તરફ લઇ જવાની દિગ્વિજયને આજ્ઞા કરી. દિગ્વિજય તેઓને લઈ બહાર નીકળ્યો. તે ભેદી મકાનમાં વિજય અને સરદાર બહાદુર રહ્યા. બારણા પાસે બીજા પાંચેક રક્ષકો ઉભા હતા. વિજયે દુર્જનસાલનાં તમામ કૃત્યો તેને સંભળાવી પોતાને મળી આવેલી ચિઠીયો વંચાવી. ભુજંગ રાતો પીળો થઈ ગયો. તે પછી ભુજંગસિંહે તે મકાનમાં રહેતા તમામ માણસોને એકઠા કરી આજ્ઞા કરીકે આ મકાનને જડમૂળથી તોડી પાડો. સઘળા માણસો કોશ, પાવડા, કોદાળીઓ લઈ કામે વળગી પડ્યા. તે પછી ભુજંગસિંહ વિજયને લઇ ત્યાંથી બહાર નીકળ્યો, થોડેક દૂર જતાં તેની નજરે એક સાધુ સ્વાંગ ધારણ કરેલી વ્યક્તિ વૃક્ષ નીચે ઉભેલી જણાઇ. તેને જોઇ ભુજંગસિંહે ઉતાવળે પગલે તેની તરફ જવા માંડયું. વિજય પણ ઉભેલી વ્યક્તિના વિચારમાં સરદારની પાછળ ચાલ્યો. થોડી વારમાં તેઓ તે ઉભેલી વ્યકિતની નજીક

આવ્યા, તેની નજીક આવતાં તેમને જણાયું કે તે વ્યક્તિ કોઈ સાધુ છે. વય યુવાન છે. ભગવી કફની ધારણ કરી છે. માથાપર પંજાબી ઢબનો ભગવો સાફો બાંધેલો છે. તેના એક હાથમાં માળા અને બીજા હાથમાં કમંડળ પકડેલું છે. તેને આવી રીતે કાળી રાત્રે એકાન્તમાં જોઈ ભુજંગસિંહના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. વિજય પણ તે સાધુના મુખ સામે જોઈ રહ્યો. એવામાં ભુજંગસિંહે ખીસ્સામાંથી ગુપ્ત ફાનસ કાઢી તેનો પ્રકાશ તે સાધુરામના મુખપર ફેંકી પૂછ્યું, " તમે કોણ છો ? " સાધુ જવાબ આપે તે પહેલાં તો વિજય ચોંકી તેને ઓળખી એકાએક સાનંદાશ્ચર્યની બૂમ મારી બોલી ઉઠયો, " અરે ! કોણ મારી વસંત." આમ કહી વિજયે તેની છેક નજીક જઈ તેણે માથે બાંધેલો ફેંટો ઉતારી નાખ્યો. ફેંટો દૂર થતાં વસંતના લાંબા વાળ નાગની માફક પીઠ પાછળ લટકી રહ્યા. વસંત હસી પડી. ભુજંગ સ્તબ્ધ બની ઘડીકમાં વિજય તો ઘડીકમાં વસંતની સામે જોવા લાગ્યો. તેને એવી રીતે જોતો જોઈ વિજયે કહ્યું, " સરદાર ! આ બાળાને આપ ઓળખો છો કે ? "

" ના. " ટુંકો ઉત્તર આપી ભુજંગસિંહ વસંત સામે જોયું.

" મહારાજા સમરસિંહના બંધુ સ્નેહસિંહની આ પુત્રી છે. તેનું નામ વસંત કુમારી છે. " વિજયે જણાવ્યું.

" તે અત્યારે અહિં ક્યાંથી ? " પુનઃ ભુજંગે પૂછ્યું.

" આ મારા સ્નેહિની શોધમાં હું ચાર દિવસથી નીકળી છું. " વસંતે હસ્તે વદને જવાબ આપ્યો.

ભુજંગસિંહે પ્રસન્ન થઈ તેનાં વખાણ કર્યા, વસંતે પેલા માણસના ખીસ્સામાંથી મળી આવેલી ચિઠ્ઠી ભુજંગસિંહના હાથમાં મૂકી જે જે બાબત બની હતી તે સઘળી તેને કહી સંભળાવી. વસંતની બહાદુરીનાં મનમાં વખાણ કરી ભુજંગે ચિઠ્ઠી વાંચી. રમાદેવીને ઉપા-

ડવાના શબ્દો વાંચતાંજ તેના કોપનો પાર રહ્યો નહિ, તે આકળ–વિકળ થઈ બોલી ઉઠયો, " વિજય ! દુષ્ટ દુર્જનને હું આજ સુધી આવો પૈશાચીક વૃત્તિનો ધારતો નહોતો, બસ હવે તેનો મૃત્યુનાદ મારા કાને સંભળાય છે. હું તેનું મૃત્યુ ઘણી ભયંકર રીતે આણીશ. પુત્રી વસંત ! ત્હેં આજે આ ચિઠ્ઠી બતાવી મારીપર મહદ ઉપકાર કર્યો છે, તેના બદલામાં તું આ મારી એક તુચ્છ ભેટનો સ્વિકાર કર." કહી ભુજંગે પોતાની આંગળી-એથી એક હિરા જડીત્ર વીંટી કાઢી વસંતની આંગળીએ પહેરાવા માંડી. એવામાં વસંતની આંગળીએ પહેરેલી વિંટીપર તેની નજર પડી. તે વીંટી વિજયની હતી. વિજયે તેને પહેરાવી હતી. ફાનસના પ્રકાશમાં ચળકાટ મારતી વીંટીને જોતાં જ અચાનક ભુજંગને કંઇક થઈ આવ્યું. તે આંખ્યો ફાડી વસંતની છેક નજીક ધસી ગયો; અને વસંતની આંગળી પકડી તે વીંટીને અવલોકવા લાગ્યો. વસંત–વિજય સ્તબ્ધ બની ઉભાં રહ્યાં. ભુજંગસિંહના શરીરે પસીનો છૂટવા લાગ્યો. તેણે એક ઉંડી હાય મારી વસંતને પૂછ્યું, "વસંત ! આ વીંટી તારી પાસે ક્યાંથી ?"

" મને મારા આ સ્નેહિએ આપી છે. તેની વ્હાલી વસ્તુપર મારો હક્ક છે. આ વિંટી વિજય કુમારને ઘણીજ પ્રિય હોવાથી તેમણે મને બક્ષીસ આપી છે. " વસંતે કહ્યું.

" વિજયસિંહ ! તમને આ વીંટી કોણે આપી હતી ? " ભુજંગસિંહે વિકળ વદને પૂછ્યું.

" તેની મને બરાબર ખબર નથી, પણ મને એટલી તો ખબર છે કે હું અને મારી બ્હેન કમળા જ્યારે નાનાં હતાં ત્યારે એક વૃદ્ધ માણસની પાસે રહેતાં હતાં, તે વૃદ્ધ અમારૂં પાલન પોષણ કરી જંગલમાં રહેતો હતો, તેને અમે અમારા પિતા તરીકે જાણતાં. તે વૃદ્ધપુરૂષ વારંવાર અમારાં મરી ગએલાં માતા પિતાને યાદ કરી રડતો હતો. અમે

ઘણા સમય સુધી તેની પાસે રહ્યાં, એવામાં એક મધ્યરાત્રે દુર્મદસિંહનો એક સરદાર તેના સિપાહીઓ સાથે અમારા ઝુંપડા નજીક આવ્યો અને તે વૃદ્ધ પુરૂષના પર રાજદ્રોહનો આરોપ મૂકી ગોળી બ્હાર કર્યો. તે વૃદ્ધ પુરૂષ ઘાયલ થઇ જમીનપર પડયા. એવામાંજ મહારાજા સમરસિંહ તેમના બંધુ સ્નેહસિંહ સાથે અચાનક ત્યાં ચઢી આવ્યા. સ્નેહસિંહે તે દુષ્ટનું દુષ્કર્મ નિહાળી તેનો વધ કરી તે વૃદ્ધ પુરૂષનું વૈર વાળ્યું. બાદ તે સરદારનું માથું રાજા દુર્મદને ભેટ મોકલાવી વૃદ્ધપુરૂષની પાસે જઇ સારવાર કરવા લાગ્યા. તેમની સારવારથી વૃદ્ધપુરૂષે સ્હેજ શુદ્ધિમાં આવી જળ માગ્યું. જળ-લેવાના ઇરાદે સ્નેહસિંહ ઝુંપડીમાં આવ્યા, અમે જાગી ઉઠયાં. અમને લઈ સ્નેહસિંહ વૃદ્ધપુરૂષની પાસે આવ્યા. તે વૃદ્ધે અમને જોઇ કલ્પાંત કરી મૂક્યું. તે વખતે અમારા શોકનો પણ પાર નહોતો. તે વૃદ્ધપુરૂષનો અંતકાળ નજીક હતો. તેમણે રાજા સમરસિંહને અમારી સંભાળ લેવાનું કહી એક હાથી દાંતની નાની પેટી ઝુંપડીમાંથી લઈ જઇ સંભાળી રાખવાનું સુચવ્યું. તે પછી તેમણે પોતાની કમ્મરેથી બે વીંટીયો કાઢી એક મને અને એક મારી બ્હેન કમળાની આંગળીએ પહેરાવી કહ્યું કે "આ વીંટીયો તમે ખોશો નહિ. આ વીંટીયોના પ્રતાપે તમે ભવિષ્યમાં ઘણાં સુખી થશો. તે પછી થોડીવારે તેમણે પ્રાણ ત્યાગ્યા." આટલું કહી વિજય શાન્ત રહ્યો, તેની આંખ્યોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. ભુજંગસિંહની આંખ્યોમાંથી આ વખતે અશ્રુપ્રવાહ વહેતો હતો, તે બહાદુર સરદારને અશ્રુપાત કરતો જોઈ વિજયે પૂછ્યું, "તમે શા માટે દુઃખી થાઓ છો ?"

ભુજંગ ગદગદીત કંઠે બોલ્યો, "હું શું કહું ?" હજી મારો સમય પૂરો થયો નથી. જ્યારે મારો સમય પૂરો થશે ત્યારે હું તને સઘળી હકીકત જણાવીશ. તે વખતે તું પણ ઘણો આશ્ચર્ય પામીશ. વિજય ! આજથી હું તને મારાભાઈ જેવો ગણીશ. આવ આ બળતા હૃદયની

સાથે દબાઇ શીતળ કર." કહી ભુજંગે તેને ગાઢ આલિંગન આપી પૂનઃ પૂછ્યું, "તારી બ્હેન કમળા હાલ ક્યાં છે?"

"તેની મને ખબર નથી. લઢાઇના સમયથીજ તે એકાએક ગૂમ થઇ ગઇ છે, તેને માટે મને ઘણીજ ફીકર થયા કરે છે." કહી વિજયે દયામણે મુખે સરદાર સામે જોયું.

હું અવશ્ય તેનો પત્તો મેળવીશ, તું ફીકર કરીશ નહિ. વિજય! હવે આપણે ચાલો મુકામપર જઇ સઘળાને મળીએ અને દિગ્‌વિજય પેલા દુષ્ટ દુર્જનને પકડી લાવ્યો હોય તો તેના કર્મની શિક્ષા કરીએ." કહી ભુજંગે આગળ ચાલવા માંડયું. વસંત–વિજય વાતો કરતાં તેની પાછળ જવા લાગ્યાં. તેઓ મોટા પરોઢીએ મુકામ આગળ આવી પહોંચ્યાં, તે મોટું ખંડેર હતું. આગળના વખતમાં ત્યાં મોટો મહેલ આવેલો હોય એમ તે ખંડેરપરથી જણાતું હતું, ભુજંગસિંહ વસંત–વિજયને લઇ અંદર ગયો. અંદર રહેનારાઓને તેમના આગમનની ખબર પડતાં સઘળાં તેમની પાસે આવ્યાં. મહારાજા સમરસિંહ–અને સ્નેહસિંહ વસંત-વિજયને જોતાંજ ગાંડા ઘેલા બની ગયા, તેમણે તે બન્નેજણાંને હૃદય સાથે ચાંપ્યાં. તરત એક અનુચર ગુણસુંદરી અને વીરમનીને બોલાવી લાવ્યો. વસંત માતાને મળી ગુણસુંદરીને પગે લાગી, ભુજંગસિંહે સઘળાની આગળ વસંત—વિજયની બહાદુરીના વખાણ કરી સર્વ હકીકત કહી સંભળાવી, ગુણસુંદરીએ કમળાની ખબર પૂછી; પણ તેની ખબર કોણ જણાવે?

છેવટે વાતોમાં પ્રાતઃકાળ થયો, સઘળા નિત્યકર્મમાં પ્રવર્ત થયાં. ભુજંગસિંહ વિજયની સાથે ખંડેરની બહાર નીકળી એક પત્થરપર સ્થાન લઇ દિગ્‌વિજયસિંહની રાહ જોવા લાગ્યો.

પ્રકરણ ૩૧ મું.

"શયતાનના સપાટામાં સુંદરી"

સરદાર ભુજંગસિંહના ખંડેરથી થોડેક દૂર એક નાની નદી આવેલી છે. તેના બન્ને કિનારે પુષ્કળ ઝાડી ઉગેલી છે. મધ્યાન્હ કાળ થયેલો છે. સૂર્ય ભગવાન્ પાપીયોનાં પૈશાચિક કર્મોથી કંટાળી પોતાનો ક્રોધ દર્શાવવા સખ્ત તાપથી તપી રહ્યા છે. કોઈ પણ મનુષ્ય પ્રાણી નજરે પડતું નથી. પક્ષીઓ તાપથી કંટાળી તેમના માળામાં બેશી બપોરા ગાળે છે. આ વખતે નદીના કિનારાથી થોડેક દૂર એક વૃક્ષ નીચે પડેલા પત્થર પર એક કિશોર કિશોરી બેઠેલી છે. તેની ચપળ ચક્ષુઓ હરીણની માફક ચારે તરફ ફરી રહી છે. તેનું મુખ સુંદર છે પણ તે કોઈ કારણથી શુષ્ક અને નિસ્તેજ જણાય છે. આ કિશોર બાળા અન્ય કોઇ નહિ પણ મહારાજા દુર્મદસિંહની પુત્રી રમાસુંદરી છે. તેને ભુજંગસિંહના ખંડેરમાં આવી રહે ઘણા દિવસ થઈ ગયા છે. તે નીસદિન રાજસિંહનું ધ્યાન ધરી એકાન્ત જીવન ગાળી રહી છે. આજે તે તેના પ્રિયના વિચારમાં તદ્રુપ બની ફરતી-ફરતી નદી સુધી આવી ચઢી છે. તે વિચારમાં ને વિચારમાં ઘણીવાર સુધી ત્યાં બેશી રહી. એવામાં એકાએક તેની સામે આવેલી ઝાડીમાંથી કોઈનાં ચાલી આવવાનાં પગલાં સંભળાયાં. તેણે ચમકીને ગરદન ઊંચી કરી જોયું તો જણાયું કે કોઇએક પ્રચંડકાય પુરૂષ અને એક સ્ત્રી વાતો કરતાં આ તરફ ચાલ્યાં આવે છે. આવા મધ્યાન્હ સમયે તેમનું આગ-

મન રમાને ભેદયુક્ત ભાસ્યું. તે તરત ઉભી થઇ અને ત્યાંથી થોડેક દૂર જઈ એક વૃક્ષને ઓથે છૂપાઈ રહી તે આગંતુક સ્ત્રીપુરુષ ક્યાં જાય છે અને શું કરે છે તે જોઈ રહી. આવનાર સ્ત્રીપુરુષ જે સ્થળે રમાસુંદરી બેઠી હતી ત્યાં આવીને ઉભાં રહ્યાં. રમા તેમને જોતાંજ ઓળખી ગઇ અને તેના મુખમાંથી સહસા નીકળી ગયું કે "અરે આ તો સરદાર દુર્જનસાલ અને અબળાઓમાં પ્રબળા ગણાતી કળાવતી છે. તેઓ કોઇ ભયાનક કાર્યને અર્થેજ અહિં આવેલાં હોવાં જોઇએ." આમ બોલતી રમા ભયભીત બની તેઓની સામે જોઈ રહી. પેલી તરફ ઉભા રહેલા દુર્જનસાલે તેની કોપમય નજર ચારે તરફ ફેંકી પાસે ઉભી રહેલી કળાવતી સામે જોઇ કહ્યું, "હજી તે આ તરફ આવી હોય એમ જણાતું નથી."

"પણ તે આ સ્થળેજ આવવાની છે એની ખાત્રી શી?" કળાવતીએ પૂછ્યું.

"તે બીજે ત્રીજે દિવસે આ સ્થળે આવી ઘણો સમય ગાળે છે. મ્હેં આજે ત્યાં બરાબરતપાસ કરી છે. મને એક વફાદાર માણસ તરફથી પણ ખરી ખબર મળી છે કે તે આ તરફજ આવી છે." દુર્જનસાલે જણાવ્યું.

"હું ધારું છું કે તેને અત્રે આવવામાં કંઇ અડચણ નડી હશે. આપણે અહિં બેશી તેની રાહ જોવી જોઇએ. સરદાર! આ આસન પર બિરાજો અને આ દાસીને કંઇ સેવા ફરમાવો." કહી કળાવતીએ તેનો હાથ પકડી પત્થર પર બેસાડ્યો. દુર્જનસાલ હસ્તે વદને બોલ્યો, "દિલદાર! તું તો મારી પ્રાણપ્રિય પ્યારી છે. તારા વિના હું સર્વ સુખ તુચ્છ સમજું છું. આવ રસીલી! તું પણ મારી સાથે બેસ." કહી દુર્જને તેના ગાલ પર ચુંબન લઈ પોતાની જોડે બેસાડી. કળાવતી સ્હેજ રોષયુક્ત વદને તેનું મુખ આઘું ખસેડી બોલી, "જાઓ, જાઓ. આવું શું કરો છો? તમે મને કેટલા પ્યારથી ચાહો છો તે હું સારી રીતે સમજું છું. જો

તમારો સાચો પ્રેમ મારી તરફ હોત તો તમે કદાપિ કાળે રમાસુંદરીને હ્રદયદેવી બનાવવાનો વિચાર પણ કરત નહિ. તમે તો પક્કા તાલીમબાજ છો-સ્વાર્થપરાયણ છો."

દુર્જન મૌન રહ્યો. છૂપાઇ ઉભેલી રમા વ્યાકુળ બની. દુષ્ટની ઇચ્છા જાણી તેના હ્રદયમાં દારૂણ અગ્નિ સળગી રહ્યો. તે નિમકહરામ સેનાપતિનો ધિક્કાર કરી તે શાન્તીથી તેમની વાતો સાંભળવા લાગી. પેલી તરફ પુનઃ કળા કૌશલ્યવાળી કળાવતીએ પૂછ્યું, "કાં પ્યારથી ચાહનારા સરદાર! આમ એકાએક ચૂપ કેમ થઈ ગયા ? કંઇક તો જવાબ આપો ?"

"સુંદરી! તારૂં ધારવું ભૂલ ભરેલું છે. હું તને જેટલા પ્યારથી ચાહું છું તેટલા પ્યારથી કોઇને ચાહતો નથી. રમા સુંદરીને હ્રદયદેવી બનાવવાની ઇચ્છા ફક્ત રાજા દુર્મદનું નાક કાપવાને માટેજ છે. દિલદાર! મારી ભવિષ્યની આશાઓ ઘણી મોટી છે."

"તે આશા મારાથી અજાણી કેમ રાખો છો ?"

"હું કયાં અજાણી રાખું છું. મારી ઇચ્છા ભવિષ્યમાં ભૂપતિ થવાની છે. પરંતુ તે ઇચ્છા સફળ કરવાની કળા ફક્ત તારીજ પાસેછે."

"જો મારાથી આપનું ભવિષ્ય સુધરતું હોય તો જણાવો. હું આપનું દરેક કામ કરવાને તૈયાર છું."

"જો મારા ધારવા મુજબ સર્વ કાર્ય થાય તો હું ભવિષ્યમાં મોટો મહારાજા અને તું મારી દિલોજાન મહારાણી."

"અને રમા સુંદરી."

"તે તારી દાસી બનશે."

"ઠીક ત્યારે જણાવો કે તમારી ઇચ્છા પૂર્ણ કરવાને મારે શું કરવું?"

"તારે કોઇ પણ યુક્તિ-પ્રયુક્તિએ પ્રથમ કનકકુમારને આ દુનિ-

યામાંથી વિદાય કરવો. તારે આવતી કાલે રાજા દુર્મદને પ્યારથી ખુશ કરી મદ્યમાં ગુલતાન બનાવવો અને પછી મધ્ય રાત્રે કનકકુમારના શયનાલયમાં જઇ તેનું ખૂન કરવું."

"પણ ત્યાં સિપાહીઓ હશે તેનું શું કરવું?"

"મ્હેં તેનો પણ અગાઉથી બંદોબસ્ત કરેલો છે. ત્યાંના સિપાહીયો આપણાજ માણસો છે. તેઓ તને અટકાવે તો તું આ શબ્દ... તેમને સંભળાવજે." કહી દુર્જને તેના કાનમાં કંઇક છૂપો શબ્દ કહ્યો. કળાવતી પ્રસન્ન થઈ બોલી, "એ તો જાણે સમજ્યાં, પણ કનક કુમારના મૃત્યુ પછી રાજા શી રીતે થવાશે; રાજા દુર્મદ તો જીવતો છે ને?"

"તેનું કામ પણ પછીથી તારા હાથેજ પુરૂં થશે."

"પણ પ્રજા તમને રાજા તરીકે કેવી રીતે માનશે?"

"દ્રવ્યની લાલચથી. તે બાબત તું બેફિકર રહે અને આટલું કામ તું હિંમતથી પૂરૂં કર, પછી જોઇ લે મારો સપાટો. પ્રાણેશ્વરી! પછી તો સ્વર્ગ આપણાથી બે આંગળજ દૂર રહેશે." કહી દુર્જને તેના અધરોષ્ટનું પાન કર્યું. બન્ને જણાં આમોદ પ્રમોદ કરવા લાગ્યાં. વૃક્ષ પાછળ છૂપાઇ રહેલી રમા તેમની ભયંકર વાત સાંભળી કંપી ઉઠી. તેણે ત્યાંથી જવાનો વિચાર કર્યો. પણ જવું ક્યાં થઇને? તે જવાને માટે આમ તેમ જોવા લાગી એવામાં એકાએક દુર્જનની નજર તે વૃક્ષ તરફ ગઇ. રમાએ ધારણ કરેલી પીળી રેશમી કફનીનો છેડો પવનથી ઉડતો તેની નજરે પડયો. તે વિસ્મિત થઇ તરત ઉભો થયો અને કળાવતીને આવું છું કહી એ તરફ ચાલ્યો. રમા તેને આવતો જોઈ ભયભીત બની ત્યાંથી નીકળી મૂઠીયો વાળીને નાઠી. દુર્જને તેને ઓળખી બૂમ મારી કે "કળાવતી! આપણો શિકાર અહિંજ છે. તું આવ, હું તેને પકડી પાડું છું." કહી તે રમાની પાછળ દોડયો. નાસતા હરણને વાઘ જેમ એકજ સપાટે સપડાવે તે પ્રમાણે દુર્જનસાલે રમાને પકડી

પાડી કહ્યું, " સુંદરી ! આ કંટકથી ભરેલા માર્ગમાં તમારા સુકોમળ પગનું દોરવું હવે તો નકામું છે; માટે હવે એક પણ પગલું આગળ ભર્યા વિના આ દાસની પર દયા કરી ઘણા દિવસની અભિલાષા પૂર્ણ કરો. તમે તો દયામયી દેવી છો. " કહી દુર્જને તેનો હાથ પકડયો. પાપીના પાપમય હસ્તનો સ્પર્શ થતાં રમા કંપીત સ્વરે બોલી ઉઠી, " " મને જવાદે. " કહી તેણે જોરથી આંચકો મારી હાથ છોડાવી દીધો. હાથમાં આવેલા શિકારને જવાદે એવો આ દુર્જનસાલ મુર્ખ નથી. સુંદરી ! તું તો મારી હૃદયમણી છે. "

" ઓ પાપમાં પ્રવર્ત થએલા પ્રેત ! પાપ કર્મ કરતાં જરીક જગદીશથી તો ડર. તારાં હાડ ચામ મારા પિતાના અન્નથી બંધાએલાં છે. તારા પાલકની પુત્રી પ્રત્યે પાપયાચના કરતાં તું કેમ શરમાતો નથી. જા, ઓ મૂર્ખ ! મારી આગળથી તારૂં શ્યામ મૂખ લઇ ચાલ્યો જા."
" હું મારી ઇચ્છા પૂર્ણ કર્યા વિના કોટી કાળે અહિંથી જનાર નથી."

" તારી ઇચ્છિા નકામી છે; તે કોટી કાળે ફળીભૂત થનાર નથી."

" હું હરકોઈ ઉપાયે મારી આશા પૂર્ણ કરી તને મારી મનમોહિની બનાવીશ."

" તેમ કરતાં પહેલાં હું તને આ કટારથી રક્તમાં તરબોળ કરી આ જમીન પર સુવાડીશ. પાપી ! સિંહણને સતાવવાનું ફળ વિપરીત છે, માટે જા, અને પેલી ઉભી રહેલી તારી કુટીલ કળાવતી પાસે જઈ તારી પાપમય વાસના પૂરી કર. અહિં તારૂં કંઈ વળનાર નથી. નાહકનો કમ્હોતે માર્યો જઈશ. " આમ કહી રમાસુંદરીએ હાથમાં કટાર પકડી રક્ત નેત્રે તેના સામે જોયું. તેનું વિકાળ વદન નિહાળી દુર્જનસાલ ક્ષણભર વિચારમાં પડયો. એ અરસ્સામાંજ તેના બે નોકરો શ્વાસભર દોડતા તેની પાસે આવી કહેવા લાગ્યા, " સરદાર! જીવ બચાવવો હોય તો નાસો. તમારા શિરપર કાળચક્ર ફરી રહ્યું છે."

"શું છે તે તો જણાવો ?" દુર્જને ગભરાઇને પૂછ્યું.

"સરદાર ભુજંગસિંહનો ભયાનક કોપ તમારી પર ઉતર્યો છે. તેમણે સુધા અને બન્સીને આપણા ભેદી મકાનમાંથી છોડાવી મકાનનો નાશ કર્યો છે. તમને પકડી લાવવાને દિગ્વિજયસિંહ ક્યારનોએ નીકળી ચૂક્યો છે. માટે જલ્દીથી નાસો, દિગ્વિજયને અમે આ તરફ આવતાં નજરો નજર જોયો છે. તે હમણાંજ અહિં આવી પહોંચશે." તેમની વાત સાંભળી દુર્જનનાં હાંજાં ગગડી ગયાં. તે બેબાકળો બની આસપાસ જોવા લાગ્યો. તેણે કળાવતીને પૂરવેગે દોડી જતી જોઇ. એવામાંજ સામેની ઝાડીમાંથી અવાજ સંભળાયો કે, "બહાદુરો! તે દુષ્ટ આ સ્થળેજ હોવો જોઇએ. તેને તમે ખોળી કાઢી પકડી પાડો અને સરદાર બહાદુર પાસે લઇ ચાલો." તે અવાજ દિગ્વિજયસિંહનો હતો. દુર્જન ગભરાયો અને કઇ તરફથી નાસી છૂટવું તેને માટે ચોગરદમ જોવા લાગ્યો. તેને જવાનો એકે રસ્તો જણાયો નહિ. આથી તેણે નદી તરફ નાસવા માંડયું. તેને જતો જોઈ રમાએ બૂમ મારી. તેની બુમથી દિગ્વિજય તેના માણસો સાથે દોડી આવ્યો. રમાએ લાંબો હાથ કરી દુર્જનને દેખાડયો. દુર્જનસાલ તેના સેવકો સાથે અર્ધી નદીએ પહોંચ્યો હતો. દિગ્વિજયે પોતાના માણસોને તેની પાછળ દોડાવ્યા. પાછળ માણસોને આવતા જોઈ દુર્જનસાલ નદી ઉતરી પૂરવેગે દોડવા લાગ્યો. તેની પાછળ પડેલા માણસો દૂર રહી ગયા. પાપી નજરથી અદૃશ્ય થયો. દિગ્વિજયના માણસો પાછા આવ્યા. તે પછી રમાએ દુર્જનની અને કળાવતીના કાવત્રાની વાત દિગ્વિજયને કહી સંભળાવી. તે પછી દિગવિજય રમાને સને લઈ સરદાર બહાદુરના મુકામે આવ્યો. દુર્જને રમા પ્રત્યે ચલાવેલી અણઘટતી વર્તણૂક સાંભળી ભુજંગસિંહને અપાર ક્રોધ ચઢયો. તેણે તે પાપીને ભયંકર મ્હોતે મારવાની ભયાનક પ્રતિજ્ઞા કરી.

પ્રકરણ ૩૪ મું.

કળાવતીનું કપટ.

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો. રાજા દુર્મદસિંહનું અંતઃપુર દિપકોના પ્રકાશથી ઝગઝગી રહ્યું હતું. અંતઃપુરમાં આ વખતે દુર્મદસિંહ અને કળાવતી વિના અન્ય કોઇ જણાતું નહોતું. કળાવતી પકડાઈ જવાની બીકે નાસી છૂટી રાજાની પાસે આવી પહોંચી હતી. દુર્મદસિંહે પોતાની પત્નીના મરણ પછી બીજીવાર લગ્ન કર્યું નહોતું. તેણે કળાવતીનો ઉપપત્ની તરીકે સ્વીકાર કર્યો હતો. બન્નેમાં અપૂર્વ પ્યાર બંધાયો હતો. કળાવતી ગરીબ માબાપની પુત્રી હતી. તે જનાનખાનામાં દાસીનું કામ કરતી હતી. પરંતુ તેનું રૂપ દાસી તરીકે વધારેવાર રહે એવું નહોતું. રાજાની તેની પર નજર પડતાંજ તેને પોતાના અંતઃપુરની રાણી બનાવી હતી. કળાવતી મહા કારસ્થાની હોવાથી તેણે રાજા દુર્મદને અનેક કળાઓથી ખુશ કરી પોતાને આધિન બનાવી દીધો હતો. રાજા તેનામાં એટલો તો ગુલતાન બની ગયો હતો કે તેની હાએ હા ભણતો. રાજાના પ્રેમથી સંતુષ્ટ નહિ રહેતાં તે પાપીણીએ દુર્જનસાલ સાથે પણ પ્રેમ બાંધ્યો હતો. બન્ને ભવિષ્યની મહાન આશાના તરંગોમાં ઝુલતાં હતાં. કળાવતીએ આજે કનકકુમારને સ્વર્ગમાં વિદાય કરવાનો નિશ્ચય કર્યો હતો; અને તે કારણથી રાજા દુર્મદને હદ ઉપરાંત મદ્ય પ્રાસન કરાવી

રંગરાગમાં ગુલતાન કરી રહી હતી. રાજા મદ્યની અસરથી ડોલતો તેના કંઠમાં હસ્ત આરોપણ કરી પર્યંક પર બેઠો હતો. કળાવાન્ કળાવતી હાથમાં સિતાર પકડી કોકીલ કંઠે ગાન ગાઈ વિવિધ હાવભાવથી રાજાને રંજન કરી રહી હતી. મદ્યથી ઘેલો બનેલો દુર્મદ વચમાં "વાહ પ્રાણેશ્વરી વાહ"ના ઉચ્ચાર કરતો હતો. આવી રીતે થોડોક સમય વ્યતિત કરી કળાવતીએ ગાન પૂરૂં કરી સિતાર નીચે મૂકયો અને પુનઃ એક પ્યાલો મદ્યનો ભરી રાજાના મુખ આગળ ધરી બોલી, "લ્યો, મારા શિરતાજ! આટલી પ્રસાદી આરોગી જાઓ." "નહિ, જીગર! મારાથી હવે વધારે પી શકાશે નહિ. મ્હેં આજે હદ ઉપરાંત મદ્ય પ્રાસન કર્યું છે. હું અત્યારે સ્વર્ગમાં બેઠો હોઉં એમ જણાય છે. દિલદાર! તારી ખૂબી કંઇક નિરાળીજ છે. આવ તને આ હૃદય સાથે જોરથી દાબી વધુ સુખ અનુભવું." કહી રાજાએ કળાવતીને જોરથી હૃદય સાથે દાબી. કળાવતી રાજાને ખૂબ રીઝવવા લાગી. આવી રીતે ઘણો સમય વહી ગયો. છેવટે રાજા મદ્યથી ચકચૂર થઇ પલંગમાં ઢળી પડ્યો. કળાવતીને એટલું જ જોઇતું હતું. તે તરત તૈયાર થઇ અને સાડીની અંદર એક કાતીલ કટાર છૂપાવી રાજાના અંતઃપુરમાંથી બહાર નીકળી. આ વખતે મધ્ય રાત થઇ હતી. નિઃસ્તબ્ધતા સર્વત્ર વ્યાપેલી હતી. કૃષ્ણ પક્ષની કાળી રાત્રિએ શ્યામ સાડી પરીધાન કરી ભિષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. સિપાહીસપરાં અર્ધ નિંદ્રીત હાલતમાં બેઠા—બેઠા ઝોકાં મારતા હતા. રાત્રિ ભયકારક ભાસતી હતી. સરીયામ રસ્તાઓ પર ફરવાને નીકળેલા પ્રહરીયોના ખોંખારા સંભળાતા હતા. કળાવતીએ અંતઃપુરમાંથી બહાર નીકળી ધીમે રહી દ્વાર બંધ કર્યું. તે લપાતી—છૂપાતી કનકકુમારના શયન મંદિર ભણી ચાલી. ભયાનક કર્મ કરવાને જતી કળાવતીનું હૃદય ધડકતું હતું. તેના પગ પાછા પડતા હતા; પરંતુ

તેનું મન તેને બળાત્કારે ખેંચી જતું હતું. તે બ્હાવરાની માફક ચારે તરફ તેની ચપળ ચક્ષુઓ ફેરવતી આગળ વધતી હતી. આખરે તે કનકકુમારના શયનાલય સમિપ આવી; એ અરસ્સામાંજ તેને પોતાની પાસે થઇને કોઇના ચાલ્યા જવાનો ભાસ થયો. તેણે ચમકીને પાછળ જોયું તો તેની નજરે એક કાળો ઓળો ત્યાં ફરતો જણાયો. કળાવતી ધડકતે મને એ તરફ જોઇ રહી. તે કાળો આકાર થોડીવારે દેખાતો બંધ થયો. ત્યાં દીવાનો પ્રકાશ નહોતો કે જેથી કળાવતી ત્યાં જઈ તપાસ કરે. કોઇ સિપાહી ફરતો હશે એમ મનનું સમાધાન કરી કળાવતી શયનાલયના દ્વાર આગળ આવી. ત્યાં સૂતેલા બે પ્રહરીઓ તેના પગરવથી ચમકીને જાગૃત થયા. તેઓ કંઈ પણ શબ્દોચ્ચાર કરે એ પહેલાં તો કળાવતીએ તેમની છેક નજીક જઈ કંઇક છૂપી વાત કરી; કે જેથી તે સિપાહીયોએ કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના દ્વાર ઉઘાડી તેને અંદર જવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. કળાવતી બેધડક અંદર ચાલી. કનકકુમાર સુખ શૈય્યામાં નિદ્રાધિન થએલો હતો. કળાવતી તેના સુવર્ણ પર્યંક આગળ આવીને ઉભી રહી. કુમારના પલંગ પાસે એક બત્તી ઝગઝગાટ બળી રહી હતી. મદીરાથી મદોન્મત બનેલી કળાવતી કાતીલ દૃષ્ટે કનક કુમાર સામે જોઈ રહી. તેણે છૂપું હાષ્ય કર્યું. એ સાથેજ અંદર આવેલા એક બીજા ઓરડામાં કંઇક ભારે ચીજ પડવાનો અવાજ થયો. કળાવતી ચમકી. કનકકુમારની પણ નિદ્રા ઉડી ગઇ. તે સફાળો ઉઠી બેઠો થયો અને કળાવતીને કાળી રાત્રે પલંગ પાસે ઉભેલી જોઇ આશ્ચર્ય પામ્યો. તેને જાગૃત થએલો જોઈ કળાવતીના હોશ–કોશ ઉડી ગયા. એવામાંજ કનકે પૂછ્યું, "કોણ કળાવતી! તમે અત્યારે અહિં કેમ આવ્યાં છો?"

કળાવતીને શું જવાબ આપવો તેની સમજ પડી નહિ. તેણે

કુમાર સામે જોઇ છૂપું હાસ્ય કર્યું. પુનઃ કનકે પૂછ્યું, "તમે કેમ જવાબ આપતાં નથી ? બોલો, મારા શયનગૃહમાં આવવાનું અત્યારે શું પ્રયોજન છે ?"

કપટકળાનિપુણ કળાવતીએ મુખપર હાષ્ય પ્રકટાવી મૃદુ સ્વરે કહ્યું, "કુમાર ! હું આપની ક્ષમા માગું છું. હું ન છૂટકેજ આપના શયન મંદિરમાં આવી છું. મારી આપ પ્રત્યે એક યાચના છે. હું ધારૂં છું કે તમે યાચકને નિરાશ નહિ જ કરો." કહી કળાવતી કરૂણ દ્રષ્ટે કુમારના સામે જોઇ રહી.

રાજકુમારને તેના બોલવામાં કંઇ સમજ પડી નહિ; પરંતુ તેના મુખમાંથી નીકળતી મદીરાની વાસથી તે એટલું તો સમજી ગયો કે કળાવતી અત્યારે મદ્યથી ઉન્મત્ત બનીને જ અત્રે આવેલી છે. તેણે થોડીકવાર મૌન ધારી કળાવતી પ્રત્યે કહ્યું, "તમે મારી પાસે શું યાચના કરવા આવ્યાં છો ? જાવ, સવારમાં મારી પાસે આવજો, હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ."

"નહિ, મારી ઇચ્છા આ સમયે જ પૂર્ણ થવી જોઇએ. કુમાર ! એક સબળ શત્રુ મને અત્યારે અત્યંત સંતાપી રહ્યો છે. હું તેનાથી વિહ્વળ બની ગઇ છું. મારૂં આખું અંગ ધ્રુજે છે. જુઓ, તે પ્રબળ શત્રુના કોપથી મારા આખા શરીરે કેટલોબધો પરસેવો થઇ આવ્યો છે ?" કહી કળાવતીએ કુમારનો હાથ પકડી પોતાના કંઠમાં નાખ્યો. કનકે વિજળીની ઝડપે હાથ ખેંચી લઇ ગુસ્સાથી કહ્યું, "મને લાગે છે કે તમે અત્યારે મદીરાથી ઉન્મત બનીને અત્રે આવેલાં છો. તમારી શુદ્ધિ હરાઇ ગઇ છે. માટે તમે એકદમ અહિંથી ચાલ્યાં જાઓ; નહિ તો મારે તમને બળાત્કારે અહિંથી બહાર કાઢવાની ફરજ પડશે."

"કુમાર ! જેવી તમારી રાજહઠ છે તેવી જ મારી સ્ત્રી હઠ છે. સ્ત્રીનું અપમાન દેવ દાનવો પણ કરી શકતા નથી. તમે કહો છો કે હું

મદથી ઉન્મત બની છું; પણ ના હું પૂર્ણ સાવધતાથી જ અત્યારે આની તમારી સાથે વાત કરૂં છું. બોલો, તમે મારા પ્રબળ શત્રુથી મારૂં રક્ષણ કરશો કે નહિ ?"

"તમારા શત્રુને ઓળખ્યા સિવાય હું કંઈ પણ કરી શકું એમ નથી. કળાવતી ! તમારી વાતમાં કંઈક છૂપો ભેદ છે. તમે મારા પિતા પાસે જાઓ અને તેમની પાસે તમારી માગણી રજુ કરો. તે તમને ના પાડશે નહિ."

"મારા શત્રુનો વિનાશ કરવાનું તમારા જ ભાગ્યમાં લખાએલું છે. જો તેમ ના હોત તો હું કદાપિ આ કાળી રાત્રે તમારા શયનાલયમાં આવી તમને આવી રીતે હેરાન કરત નહિ. કુમાર ! ગભરાશો નહિ. સ્વાર્થ સાથેજ પરમાર્થનું કામ કરવાનું છે. માટે તમારા મીઠડા શબ્દોથી એકદમ હા કહી ઘો. જેમ જેમ સમય જાય છે તેમ હું ઘણી જ હેરાન થાઉં છું."

"કળાવતી ! તમને તમારી વ્હાલામાં વ્હાલી વસ્તુના સોગન આપી પૂછું છું કે તમે અત્યારે શું ઉદ્દેશથી અહિં આવેલાં છો ? મને તમારા દ્વીઅર્થી બોલવામાં કંઇ પણ સમજ પડતી નથી ? માટે સ્પષ્ટ સમજાવો કે જેથી તમારી ઇચ્છા પૂર્ણ કરવાનો વિચાર કરાય ?"

"યુવરાજ ! આ કળાવતીને વ્હાલામાં વ્હાલું આ વિશ્વમાં આપના સિવાય અન્ય કોઇ છે જ નહિ. જ્યારે તમે પૂછો છો ત્યારે સાંભળો હું તમને સત્ય વાર્તા જણાવું છું. મને કેટલાક દિવસથી આપ પ્રત્યે પ્રેમ પ્રકટયો છે. હું મારા હૃદયની ઇચ્છા પૂર્ણ કરવાને કેટલાએ દિવસથી સમયની રાહ જોતી હતી. આજે અનાયાસે સમય પ્રાપ્ત થતાં તમારાં દર્શનની ઇચ્છાએ દોડી આવી છું. કુમાર ! મને નિરાશ કરશો નહિ, મદનજ્વરથી હું ભષ્મ થાઉં છું. આ રતી કામદેવનું સ્વાગત

કરવાને સજ્જ થઇને જ આ કાળી રાત્રે આપની પાસે એકાન્ત ભૂવનમાં આવેલી છે, તેને નિરાશ કરશો નહિ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે અબળાને નિરાશ કરનારને પાપ લાગે છે. આ મારી સ્પષ્ટ હકીકત છે. કહો હવે .આપની શું આજ્ઞા છે ?" આમ કહી કળાવતી કુમારના પર્યંકપર બેઠી. તેના શબ્દોથી કનકકુમાર ગભરાઇ ગયો, અને એ પિશાચણીના પંજામાંથી છૂટવાની યુક્તિ વિચારવા લાગ્યો; પણ તેને કંઇ સૂઝ પડી નહિ. તે મૌન રહી કળાવતીના સામે જોઈ રહ્યો. તે મનથી હજારે હજાર ફીટકાર તેને આપવા લાગ્યો. કળાવતી આવી દુષ્ટ હશે તેની તેને ખબર નહોતી. તેના મુખપર ગુસ્સાની લાગણી પ્રકટી નીકળી. તે ઘડીકમાં કળાવતી સામે તો ઘડીકમાં નજીક પડેલી તલવાર સામે દ્રષ્ટિ કરવા લાગ્યો. એવામાં જ પુનઃ કળાવતીએ કહ્યું, " કનકકુમાર! બોલોને? કેમ આમ શાન્ત થઇને ઉભા છો? બોલો, મારા ચીત્તચોર બોલો, આવો અમુલ્ય એકાન્ત સમય ફરી ફરીને પ્રાપ્ત થનાર નથી; માટે જેટલો આનંદ કરાય એટલો કરી લ્યો." આમ કહી તે કુલટાએ કનકનો હાથ પકડયો. કનકે ક્રોધથી એક ઝાટક મારી હાથ ખેંચી લેતાં કહ્યું, " કળાવતી! બસ કર. તારા ઝેરી શબ્દો આ કાનને કઠોર લાગે છે. તારી ઇચ્છા વિષમય છે. તે મારાથી પૂર્ણ થનાર નથી. તું તારા જેવા કોઈ કુટીલની પાસે જઈ તારી ઇચ્છા જાહેર કર."

" કુમાર! તું શા માટે મને આવી રીતે કહી નિરાશ કરે છે? શા માટે વગર બોલે ચાલે આવેલી આ રંભાનો ત્યાગ કરે છે?"

" કોણ તું રંભા? ના, ના, તું તો એક પિશાચી ચૂડેલ છે."

" કનક! હું ચૂડેલ નથી; પણ તારીપર દિવાની થએલી તારી દીલદાર છું. વ્હાલા! મને આલિંગન આપી આ બળતા હૃદયને શીતળ કર." કળાવતી કનકની તરફ દોડી. કનક તેને ધક્કો

મારી બોલી ઉઠયો, "ઓ કમભાગ્ય કુલટા એટલે જ રહે, હું તારા જેવો કુટીલ નથી. હું મારા ધર્મને પૂરી રીતે સમજું છું. હું નરકાગારમાં પડવાને ઇચ્છતો નથી. જે વિષયલંપટ છે, જે ઇંદ્રીયના દાસ છે; અને જે સંસારને નરકાગાર બનાવવા ઇચ્છે છે; તેજ કુટિલજનો બ્રહ્મચર્યનું ખંડન કરી તારા જેવી કુલટાઓના પ્યારમાં અંધ થઇ તેમનું સર્વસ્વ નાશ કરી સંસારને સ્મશાન સમાન બનાવે છે. જા, જા, ઓ જીવતી ડાકણ! તું એકદમ અહિંથી ચાલી જા. આ પવિત્ર ભૂમી તારો ભાર ઝીલી શકતી નથી."

"કનક! તું મને નિરાશ કરી સાર નહિ કાઢે. હું દ્રઢ નિશ્ચય કરીને જ અહિં આવેલી છું. જેવો તારો ટેક છે એવો મારો પણ ટેક છે. હું મારી આશા પૂર્ણ કર્યા વીના અહિંથી જનાર નથી, બસ તું તો હવે મારા દિલનો વિસામો છે." કહી પુનઃ કળાવતી ઉભી થઇ તેની તરફ દોડી. કનકે તેને બીજી વાર ધક્કો મારી દૂર કરી અને સિપાહીઓને બોલાવવાના ઉદ્દેશથી બુમ મારી. સિપાહીઓ ફડોફડ બારણાં ઉઘાડી અંદર દોડી આવ્યા. કળાવતીએ પણ ગુસ્સે થઈ અગાઉથી સાથે છૂપાવી રાખેલું ઝીણું ખંજર સાડીમાંથી બહાર કાઢી કહ્યું, "કનક! આજે તારે આ સંસારમાંથી વિદાય થવાનું છે. મારા ભયંકર અપમાનનો બદલો તને આ ક્ષણે જ મળનાર છે. આ તારા સિપાહીયો મને કંઇ પણ કરી શકનાર નથી. જો આ કળાવતીનું પરાક્રમ જો." કહી તેણે ત્યાં ઉભેલા સિપાહીઓને કનકનીપર ધસી જઈ પકડી લેવાનું કહ્યું. સિપાહીઓ ફુટી ગએલા હોવાથી કનક પર ધસ્યા. કનકે પણ ત્વરીત ગતીએ તલવાર ઉપાડી તેમાંના એકને ઝટકો લગાવતાં કહ્યું, "દૂર રહો. હરામીયો! તમને પણ આ પિશાચનીએ લલચાવ્યા હોય એમ સમજાય છે. જો જીવવું હોય તો એકદમ અહિંથી ચાલ્યા જાઓ."

" અમે કળાવતીબાઇની આજ્ઞાનો ભંગ કદાપિ કરનાર નથી. અમે તમને પકડીને બાંધીશું. " સિપાહીઓ બોલી ઉઠયા.

" શું તમે નિમકહરામ થઈ તમારા યુવરાજપર હુમલો કરશો ?" કનકે ક્રોધથી પૂછ્યું. સિપાહીયો નિરૂત્તર રહ્યા. કળાવતી વિક્રાળ વાઘણની માફક કનક સામે જોઇ સિપાહીઓને તેની પર ધસી જવાનું કહેવા લાગી. કનક આગળ આવતા સિપાહીને એક પછી એક તેની તલવાર વડે ધરાશાયી કરવા લાગ્યો મધ્યરાત્રિએ મહેલમાં તોફાન મચી રહ્યું. દારૂના ઘેનમાં પડેલો દુર્મદસિંહ ગરબડાટથી એકાએક જાગી ઉઠયો. તેને યુવરાજના શયનાલયમાં ગરબડ થતી સંભળાઇ. તે તરત ઉભો થયો અને દસેક સિપાહીઓને સાથે લઇ તે તરફ ચાલ્યો. રાજાદુર્મદ થોડીવારમાં ત્યાં આવીને ઉભો. તે ત્યાંનો પ્રસંગ નિહાળી સ્તબ્ધ બન્યો. તેણે ગુસ્સાથી કળાવતી સામે જોઇ પૂછ્યું. " આશું તોફાન છે ? "

કળાવતી રાજાને જોતાંજ હાથમાંનું ખંજર ફેંકી દઈ દોડી આવી અને રાજાના ચરણમાં પડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. આથી રાજાએ કનક સામે જોઈ પૂછ્યું, " યુવરાજ ! આ બધું શું છે ? "

" તે કુલટાને પૂછો એટલે આપો આપ સમજાશે, " કનકે કર્કશ સ્વરે કહ્યું.

રાજા વિસ્મય પામી થોડીવાર મૌન રહ્યો. હજી તેનો નિશો બરાબર ઉતર્યો નહોતો. તેણે નિશાથી રક્ત થએલાં નેત્રોવડે કળાવતી સામે જોઇ પૂછ્યું, " કળાવતી ! કહેતો ખરી કે આ બધું છે શું ? તુ શામાટે રડે છે ? શું તારૂં કોઇએ અપમાન કર્યું છે ? "

" મારા પ્રભુ ! હું કાંઈ કહી શકતી નથી. આજે મારીપર સિતમ ગુજરવામા કંઇ બાકી રહી નથી. જો સમયસર આ વફાદાર સેવકો અંદર ન આવ્યા હોત તો મારૂં શિયળ ધન આજે જરૂર લુંટાઈ જાત, હું

આપને મુખ દેખાડવાને પણ લાયકની ના રહેત " આમ કહી પુનઃ તે રંડા કૃત્રિમ રડવા લાગી. રાજા રાતો પીળો થઈ બોલી ઉઠયો, " તારીપર જુલ્મ ગુજારનાર એવો કોણ છે ? જણાવ, કળાવતી ! જલ્દીથી જણાવકે તે દુષ્ટને હું તારા દેખતાં જ તેના કર્મની શિક્ષા કરૂં ?"

" પ્રભુ ! થયું તે ન થયું થનાર નથી. જેણે મારીપર જુલ્મ ગુજાર્યો છે, તે કોઇ બહારનું માણસ નથી; તે પણ આપણું પોતાનું જ માણસ છે. "

" અરે પણ જણાવતો ખરી કે એવો ઉદ્ધત વળી આપણો માણસ કોણ મુઓ છે ? " રાજાએ દાંત પીસી કહ્યું.

" આ કનકકુમાર. "

" હેં ! શું આ યુવરાજે તારીપર જુલ્મ ગુજાર્યો ? ના, ના, કનક કદાપિ એવું પગલું ભરે જ નહિ. અલ્યા સિપાહીઓ ! આ બાબતમાં તમે શું જાણો છો ? "

" નામદાર ! કળાવતી બાઇ સાહેબનું કહેલું અક્ષરે અક્ષર ખરૂં છે. અમે અંદરનો બનાવ એક બાકામાંથી અવલોકતા હતા. જ્યારે કુમાર સાહેબે જોર જુલમ કરવા માંડયો ત્યારે જ અમે ન છૂટકે બારણાં ઉઘાડી અંદર દોડી આવ્યા. " સિપાહીઓએ જણાવ્યું.

રાજાએ થોડીવાર વિચારમાં પડી કહ્યું, " કળાવતી ! જોકે તારૂં કહેવું હું ના કબુલ કરી શકતો નથી; પરંતુ તું તો મારા શયનગૃહમાં હતી; અને અત્યારે કનકના શયન મંદિરમાં શીરીતે આવી ? "

" આપ નિદ્રાધિન થયા, પણ મારીપર નિદ્રાદેવીએ કૃપા કરી નહિ. હું અકળાઇને બહાર નીકળી આ સામેના જરૂખામાં ફરવા લાગી. એટલામાં આ મારી નજીક ઉભેલો સિપાહી મારી પાસે આવી મને

કહેવા લાગ્યો કે, " બાઇસાહેબ ! યુવરાજ આપને અત્યારે બોલાવે છે. " હું તરત તેની સાથે ગઈ. કુમાર માથુ દુઃખવાનો ઢોંગ કરી પડ્યા હતા. તેમણે મારો હાથ પકડી પલંગ પાસે ખેંચતા કહ્યું કે, "આજે મારૂં માથું ઘણું દુખે છે, તમે મારી નજીક બેસી તમારા સુકોમળ હાથથી મારૂં માથું દબાવો." હું ભોળાભાવે તેમનું માથું દબાવા લાગી. કુમાર અનેક પ્રકારના સ્નેહાળ શબ્દો બોલી મને લલચાવવા લાગ્યા. હું તેમનો મનો ભાવ સમજી ત્યાંથી ઉઠી; કે તરત કુમારે પણ છલંગ મારી મને બાથમાં પકડી. મ્હેં શિયળ રક્ષણને માટે ખંજર કાઢ્યું, એવામાં સિપાહીયો પણ અંદર આવ્યા. મહારાજ ! આવી રીતનો બનાવ બન્યો. વિશેષ શું કહું ? " કહી કળાવતી દીન વદને રાજા સામે જોઇ રહી. રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે કંપતા સ્વરે કળાવતીની નજીક ઉભલા સિપાહીને પૂછ્યું. " અલ્યા ! કુમારના કહેવાથી તું કળાવતીને બોલાવવા ગયો હતો કે ? "

કળાવતીએ આંખની છૂપી ઇસારત કરી. સિપાહી સમજીને બોલી ઉઠયો;

"હા નામદાર. ખુદ કુમારશ્રીએજ મને બોલાવવાને મોકલ્યો હતો."

" બસ, હવે મારે વિશેષ પુરાવો જોઇતો નથી. કનક ! તારે આ બાબતમાં કંઈ કહેવું છે કે ?" રાજાએ લાલચોળ નેત્રોવડે તેની સામે જોઈ પૂછ્યું.

" મારે કહેવાનું ફક્ત એટલુંજ છે કે આ સઘળું તરકટ છે. હું તદ્દન નિર્દોષ છું. " કનકે ગંભીર ભાવે કહ્યું.

" હું માની શકતો નથી. છોકરા ! હું તને આજ દિન સૂધી ઘણો ડાહ્યો અને શાણો સમજતો હતો; પરંતુ તેમાં હું ઠગાયો છું."

" પિતાજી ! તમે મારાથી ઠગાયા નથી; પણ ક્રૂર વિધાતાથી

ઠગાયા છો. તમારી ભાગ્ય દેવીજ તમને ભૂલાવી અવળાં કૃત્યો કરાવેછે."

" બસ ચૂપ થા. હું તારો એક પણ શબ્દ હવે સાંભળવાને ખુશી નથી. હું તને અત્યારેજ કારાગ્રહમાં પૂરાવું છું. જ્યાંસુધી તું તારી ચાલ ચલગતમાં ફેરફાર કરીશ નહિ, ત્યાં સુધી હું તને મૂક્ત કરનાર નથી. "

" હું પણ અત્યારે મારા ભાગ્યને આધિન થઈ તમારી આજ્ઞાનું પાલન કરૂં છું. પિતાજી ! યાદ રાખજો કે તમે જે ઝેરી નાગણના કૃત્રિમ પ્યારમાં અંધ થયા છો; તેજ વિષવાહિની તમારૂં નિકંદન કાઢશે. તે તમારૂં અનિષ્ટ કરનારી જવાળા મુખી રાક્ષસી છે. બાપુ! સમય આવે આ કનકનાં વચનો યાદ કરશો. હાલતો હું વિશેષ કંઈ પણ કહી શકતો નથી, મારો બેલી પરમાત્મા છે." કહી કનકે તલવાર લઇ શયનગૃહનો ત્યાગ કરી ચાલવા માંડ્યું. રાજાએ પોતાની સાથે આવેલા સિપાહીયો માંથી બેને તેની પાછળ મોકલ્યા. આજ્ઞાંકિત્ પુત્ર સમયને માન આપી સિપાહીઓની સાથે ચાલ્યો. સિપાહીઓએ તેને કારાગૃહની એક કોટડીમાં પૂરી ત્યાં પહેરો ભરવો શરૂ કર્યો. પેલીતરફ રાજા દુર્મદ પણ કળાવતીને લઇ તેના શયનાલયમાં ગયો અને ત્યાં જઈ તે નીચ નારી અનેક કળાઓથી રાજાનું મન રંજન કરવા લાગી. જે સમયે ઉપરોક્ત બનાવ બનતો હતો; તે વખતે એક વિરૂપ વ્યક્તિ અદ્દશ્ય રહી સર્વ પ્રકાર અવલોકતી હતી. તેણે રાજાની આજ્ઞાસાંભળી એક નિઃશ્વાસ નાખ્યો અને છેવટે ત્યાંથી નીકળી ધીમે પગલે કારાગ્રહ તરફ ચાલવા માંડ્યું.

પ્રકરણ ૩૫ મું.

રાક્ષસ અને પિશાચનો મેળાપ.

મધ્યાન્હ થયા છે. રાજાદુર્મદસિંહ ભોજન કાર્યથી પરવારી કલાવતી સાથે મહેલની પછવાડે આવેલા શાન્તિ સદનમાં બેઠો છે. ગરમીના દિવસો છે, બહાર ઉની લુ વાય છે છતાં આ શાન્તિ સદનમાં શિતળતા વ્યાપી રહી છે. દુર્મદ અને કળાવતી આનંદથી વાર્તા વિનોદ કરી રહ્યાં છે. એવી રીતે તેમને ત્યાં બેઠે થોડોક સમય થયો હશે એટલામાં બહાર ઉભેલા એક સેવકે અંદર આવીને જણાવ્યું કે, " નામદાર ! આપને સરદાર દુર્જનસાલ મળવાને માગે છે ? "

" કોણ સરદાર દુર્જનસાલ ! તે વળી અહિં ક્યાંથી ? " રાજાએ સેવકને પૂછ્યું. સેવક મૌન્ન રહ્યો. રાજાએ કળાવતી સામે જોયું. કળાવતીએ રાજાના કાનમાં કંઇક ગુપ્ત વાત કહી કે જેથી તરત રાજાએ તેને અંદર આવવા દેવાની સેવકને આજ્ઞા આપી, સેવક ચાલ્યો ગયો. થોડીવારે દુર્જને અંદર પ્રવેશ કરી નીચે નમી મહારાજાને નમન કર્યું. ઘણા સમયથી દૂર થએલા અને પોતાના દરેક પૈશાચિક કામમાં મદદગાર થઈ પડનારા સરદારને જોઈ રાજાએ તેના તમામ અપરાધને ભૂલી જઈ તેનો હાથ પકડી પોતાની સાથેના આસનપર બેસારી તેનું કુશળ પૂછ્યું. બાદ દુર્જને બોલવું શરૂ કર્યું, " નામદાર મહારાજા ! જો કે આપ

સમજતા હશો કે હું નિમક હરામ થયોછું; પણ ના, મારા શરીરમાં શુદ્ધ લોહી વહ્યા કરે છે. આપનું અન્ન મારા ઉદરમાં છે. જો હું આપ પ્રત્યે બે વફા થાઉં તો હું નર્કનો અધીકારી થાઉં. યુવરાજ કનકને હીત શબ્દો કહેવામાંજ મારે અપમાન ખમવું પડ્યું હતું. જો કે તેપછી હું આપનાથી દૂર થયો હતો પણ હમેશાં આપના કલ્યાણનાજ વિચારો કર્યા કરતો હતો. જે ભુજંગસિંહ સરદારથી આપને ઘણું સહન કરવું પડે છે; તે સરદારને હું યુક્તિથી મળી ગયો અને તેનો વિશ્વાસ પાત્ર બની તેને ત્યાં રહેવા લાગ્યો. તેની પાસે આશરે બેએક હજાર માણસોનું સૈન્ય છે. રાજા—સમરસિંહ સ્નેહસિંહ વગેરે પણ ત્યાં રહેછે. તેઓનો વિચાર આપણને એક સખ્ત ફટકો મારી વૈર વાળવાનો છે. આવી રીતની દરેક માહીતી મેળવી હું આપ નામદારના કદમમાં હાજર થયો છું. હવે આપ મહારાજાની શી ઇચ્છા છે તે જણાવો કે જેથી તે દુશ્મનોનો નાશ કરવાના ઉપાય કરી શકાય. ” આટલી વાત કહી દુર્જન રાજાની સામે જોઇ રહ્યો. દુર્મદે તેને શાબાશી આપી તેનાં વખાણ કરી કહ્યું, “ મારા વફાદાર સરદાર! ત્હેં ન બની શકે એવું કામ કરી તારી ફરજ બજાવી છે. તારૂં અપમાન કરનાર યુવરાજને મ્હેં ગઈ કાલેજ કારાગ્રહમાં પૂર્યો છે. ”

“ શું યુવરાજને કેદ કર્યા છે ? તેમનો શો અપરાધ છે મહારાજ ? ” દુર્જને પૂછ્યું.

“ તે છોકરાનો અપરાધ ઘણો ભયંકર છે. તેણે આ કળાવતીની પર કાલ મધ્ય રાત્રે નીચ હુમલો કર્યો હતો. ”

“ હેં ! શું કનકકુમારે એવું અઘટીત પગલું ભર્યું ? આશ્ચર્ય ! હુંતો આજ સુધી એમ સમજતો હતો કે યુવરાજ ઘણા પવિત્ર અને ન્યાયી હશે. ” દુર્જને શોક પ્રદર્શિત કર્યો.

"તે છોકરાને હવે ઘણા વખત સુધી કારાગૃહમાં જ રાખવો પડશે, કારણ કે તે હમણાં હમણાંમાં ઘણો ઉદ્ધત થઇ ગયો છે. દુર્જન! કહે હવે આપણે આપણા દુશ્મનોનો નાશ કેવા પ્રકારે કરવો ?" રાજાએ પૂછ્યું.

"મારો તો એવો વિચાર છે કે આપણું સઘળું લશ્કર જલ્દીથી એકઠું કરવું અને કાળી રાત્રે કુચ કરી તેઓના ખંડીએરને ઘેરી લઇ અંદરના તમામ માણસોનો નાશ કરી નાખવો. મહારાજ! મારો તો આવો વિચાર છે; પછી તો આપની ઇચ્છા." દુર્જને જણાવ્યું.

"હું તારા વિચારને મળતો થાઉં છું." રાજાએ વિચાર દર્શાવ્યો. એ અરસામાં પુનઃ પાછો બહાર ઉભેલો સેવક અંદર આવી કહેવા લાગ્યો, "બહાર કોઇ એક ઘોડેસ્વાર આવ્યો છે તે સરદાર દુર્જનસાલને મળવાનું જણાવે છે." રાજાએ તેને પણ અંદર આવવા દેવાની આજ્ઞા આપી. સેવક ચાલ્યો ગયો અને તેણે જણાવેલો સરદાર અંદર દાખલ થયો. તેણે ત્રણ વાર નીચા નમી નમન કરી કહેવા માંડયું. "સરદાર સાહેબ! ઘણો જ જુલ્મ થઇ ગયો છે. ભુજંગસિંહે આપણાં તમામ છૂપા મકાનોનો નાશ કરી નાખ્યો છે. આપણા કેદીયોને લઇ ગયા છે અને વધારામાં શઠરાય અને પ્રપંચપ્રસાદને બાંધી કેદ કર્યા છે. આપને પકડવાને દિગ્વિજયસિંહ અસંખ્ય માણસો સાથે ફરે છે. સરદાર ભુજંગસિંહનો તમારી પર ભયાનક ક્રોધ ઉતર્યો છે."

"એ સિવાય કંઈ વધારે જણાવવાનું બાકી છે ?" રાજાએ પૂછ્યું.

"ના."

"ઠીક, ત્યારે ચાલ્યો જા."

તે આવનાર ચાલ્યો ગયો, રાજાએ દુર્જનના સામે જોયું.

દુર્જન વિચારમાં પડયો હતો. રાજાએ તેને પૂછ્યું, "કેમ શું વિચાર કરે છે?"

"મહારાજ! શઠરાય અને પ્રપંચપ્રસાદને માટે મને ઘણું લાગી આવે છે, તેઓ હવે કદાપિ જીવતા રહી શકનાર નથી. તે મારા ખરા મદદગાર હતા." કહી દુર્જન તેમને માટે શોક કરવા લાગ્યો.

રાજા દુર્મદસિંહ થોડીકવાર મૌન રહી બોલ્યો, "દુર્જન! ગઇ ગુજરી હવે ભૂલી જા. પ્રપંચપ્રસાદ અને શઠરાયને તેમના ભાવી પર છોડયા વિના છૂટકો નથી. તેમને બચાવવાને આપણે બનતું કરીશું. માટે ઉઠ હવે તૈયાર થા. હું મહેલમાં જઇ સેનાપતિને બોલાવી સૈન્યને તૈયાર કરવાની આજ્ઞા કરૂં છું. આપણે આજથી આઠમા દિવસની રાત્રે આપણા દુષ્મનના ખંડેરને ચારે તરફથી ઘેરી જમીન દોસ્ત કરીશું અને અંદર રહેતા શત્રુઓમાંથી એકેને જીવતા જવા દઇશું નહિ. હું હાલને હાલ એ બંદોબસ્તમાં રોકાઉં છું, તું પણ મને જલ્દીથી આવી મળજે." આટલું કહી રાજા દુર્મદસિંહ ત્યાંથી ઉઠી મહેલમાં ચાલ્યો ગયો. દુર્જન પણ જવાને ઉભો થયો કે તરત કળાવતીએ તેની નજીક આવી કહ્યું. "કાં સરદાર! મને એકલી મૂકીને ચાલ્યા જશો કે? હજી મારી પણ મદદની ઘણી જરૂર પડશે." દુર્જને હસ્તે મૂખે કહ્યું. "દિલદાર! તું તો સદા મારી પાસેની પાસેજ છે. તારી કૃપાથી તો હું સઘળાં ધારેલાં કામ પૂર્ણ કરૂં છું. જોને સમય આવે પાછો રાજાદુર્મદનો પણ હું વફાદાર સરદાર બની ગયોછું; અને વખત આવે વળી પાછો એજ દુર્મદનો નાશ કરી મોટા સામ્રાજ્યનો માલીક બનીશ. વ્હાલી કળાવતી! રાજા દુર્મદનો કાંટો કાઢવામાં તો તારી ખરેખરી મદદની જરૂર પડશે. તારી કૃપાથીજ આ દુર્જનસાલ કે જે અત્યારે એક સરદાર કહેવાય છે તે તને હૃદયદેવી બનાવી નૌત્તમનગરના રાજ્ય

સિંહાસને સજોડે બેસશે. દિલદાર! તે વખતે આપણો સુખી સૂર્ય કંઇક ઓરજ પ્રકારે પ્રકાશશે; કેમ ખરૂંને મારી દિલજાન ?" કહી દુર્જને ઉમળકાથી હૃદયદાન દીધું. કળાવતી તેના હૃદયથી દૂર ખસતાં બોલી, "એતો જાણે સઘળું ખરૂં; પણ પેલા કનકનું શું ધાર્યું ? તેને હવે જેમ બને એમ જલ્દીથી આ દુનિયામાંથી વિદાય કરી નાખો કે જેથી ભવિષ્યમાં આપણને તેનાથી સંભાળવાનું રહે નહિ."

"તે વાત પણ ત્હેં અત્યારે ઠીક યાદ દેવડાવી. હું આજ મધ્ય રાત્રે જેલખાનામાં જઈ કનકને આ સંસારમાંથી છૂટો કરીશ. લે હવે હું જાઉં છું. તું પણ મહેલમાં જા અને હવે થોડા વખતને માટે રાજા દુર્મદને તારા અનેક હાવભાવ વગેરે સ્ત્રી ચારિત્ર્યથી લુબ્ધ કરી આપણી ઇચ્છાનુસાર વર્તાવ, મારી તને એજ ભલામણ છે. હું તને કાલે મળીશ. કદાચ મળતાં વિલંબ થાય તો ચિંતા કરીશ નહિ." કહી દુર્જનસાલ ત્યાંથી ચાલતો થયો. કળાવતી પણ તે પછી ત્યાં વિશેષ વાર નહિ રોકાતાં ચાલતી થઇ. શાન્તિ સદન નિર્જન થઈ પડ્યું. બહાર ખરા બપોર થયા હતા. સઘળે શાન્તિ પથરાઈ રહી હતી. કળાવતીના ચાલ્યા ગયા પછી લગભગ અર્ધા કલાકે શાન્તિસદનની પાછળ આવેલો વૃક્ષોની ઘટામાંથી એક ગામડીઆ જેવા દેખાવનો માણસ બહાર નીકળ્યો. તેણે માથાપર મોટું ફાળીયું બાંધેલું હતું. હાથમાં લાંબી લાકડી પકડેલી હતી. તે આસપાસ બારીક નજરે જોતો ત્યાંથી બહાર નીકળયો અને સરીયામ રસ્તાપર આવી આડું અવળું જોયા વીના સીધો જંગલને રસ્તે દોડ્યો. જો કોઇ તેને જોનાર હોય તો તેને ગાંડો માણસ સમજ્યા વિના રહે નહિ. તે દોડી જનાર માણસ લગભગ એક કલાકના સુમારે વેરાન જંગલમાં આવ્યો; અને ત્યાં આગળ આવેલી એક નાની ખાઇમાં ઉતર્યો. તે સ્થળે એક નાનું ઝુંપડું બાંધેલું હતું, ઝુંપડીની બહાર મય-

દાનમાં પડેલા એક પત્થરપર આ સમયે એક સુસ્વરૂપા યુવાન બાળા બેઠેલી હતી. તેનું તેજ અપૂર્વ હતું. વનદેવી જેવો તેનો દેખાવ હતો. નજીકમાં તેનું ત્રીશુળ પડેલું હતું. તેનું ગૌર મુખ ચિંતાથી ઘેરાએલું હતું. તે કોઇની આતુરતાથી રાહ જોતી હોય એમ એના મુખપર થતા ફેરફારોથી જણાતું હતું. પેલો ગામડીઆ જેવો જણાતો માણુસ તેની તરફ જવા લાગ્યો. તેને જોતાંજ એ રમ્ય રમણી આનંદની ચીસ પાડી ઉભી થઇ. તે આવનાર માણુસે તેની નજીક આવી તેને નમન કરી માથેથી ફાળીયું ફેંકી દીધું. તે બાળા તેના વિચિત્ર પોશાક સામે જોઈ બોલી. " ભાઇ ! કુશળતો છે ને ?"

" બ્હેન ! જે સદાચરણી છે, "જે દુખીયાંઓનું દુઃખ દૂર કરવાની ઉત્કર્ષ ઇચ્છારાખે છે તેને શ્રી ભગવાન કુશળ કેમ ના રાખે ? હું મારૂં કામ નિર્વિઘ્ને પુરૂં કરીને અહિં આવ્યોછું. બ્હેન ! સમાચાર ઘણા માઠાછે. સાંભળો. " કહી તે માણુસે દુર્મદસિંહ અને દુર્જનસાલ વચ્ચેની તેમજ દુર્જન અને કળાવતી સાથેની તમામ હકીકત તેને કહી સંભળાવી. સઘળી હકીકત સાંભળી તે બાળા ઉંડા વિચારમાં પડી. તેના મુખપર શોકની વિષાદ છાયા છવાવા લાગી, તેની આંખ્યોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. એવું જોઇ તેની પાસે ઉભેલો માણુસ બોલ્યો, " બ્હેન ! શા માટે શોક કરોછો ?"

" ભાઇ ! નિર્દોષ કનક કુમારને માટે મને ઘણું લાગી આવે છે. દુષ્ટ દુર્જનને હાથે તેનો વિના કારણે પ્રાણ જશે. જો તેનો પ્રાણ જશે તો આપણો ટેક નિષ્ફળ થશે. આપણી ભવિષ્યની મહાન આશાઓ તેનીપરજ લટકેલી છે. "

" ત્યારે આપણે હવે કરવું શું ? જો તમારી આજ્ઞા હોય તો હું આજે જેલખાના તરફ જાઉં અને યા હોમ કરી ત્યાંના પહેરેગીરો

પર તૂટી પડી કનકકુમારને છોડાવી લાવું, તેમ કરવામાં આ પ્રાણજશે તો પણ હું પાછી પાની કરનાર નથી." તે માણસે કહ્યું.

"ભાઇ! આ સમય સાહસ કરવાનો નથી. આપણે બળ કરતાં યુક્તિથી કામ કરવાની ઘણી જરૂર છે. માટે તમે અત્યારેને અત્યારે સરદાર ભુજંગસિંહના ખંડીએર તરફ જાઓ અને હું જે ચિઠ્ઠી લખી આવું તે સાથે લેતા જાઓ. તેમને સઘળી વાત જણાવજો અને પછી તે જે ઉત્તર આપે તે લઇ પાછા આવજો. હું મધ્યરાતે કનક-કુમારના કારાગ્રહ તરફ જનાર છું અને તેના ઉદ્ધારને અર્થે જે કાંઇ આ શરીરથી બની શકશે એટલું કરનાર છું?" આટલું કહી તે યોગિની બાળાએ તે માણસને એક ચિઠ્ઠી લખી આપી. ચિઠ્ઠીને માથાના ફાળીયામાં મૂકી એભેદી પુરૂષ તે યુવાન બાળાને સાવધ રહેવાનું સૂચન કરી સરદાર બહાદુર ભુજંગસિંહના સ્થાનપ્રતિ જવાને ત્વરાથી ઉપડી ગયો. યોગિની બાળા તેની પીઠ પાછળ જોઈ રહી. તે પછી તે પર્ણકુટીમાં પ્રવેશી રાત્રિએ કરવાના વિકટકાર્યની તૈયારી કરવા લાગી.

પ્રકરણ ૩૬ મું.

યોગિનીબાળાની બાહાદુરી.

હવે રાત્રિ પડી. અંધકારે અવનીને ઢાંકી દીધી. યોગિની બાળા શરીરપર કાળો કામળો ઓઢી બહાર નીકળી. તેણે કામળાની અંદર જોઇતાં આયુધો છૂપાવી દીધાં. તેણે ધીમે કદમે નૌત્તમનગર તરફ ચાલવા માંડયું. રાત્રિના સમયે વિકટ વગડામાં યોગિનીબાળા નીડર થઇને આગળ ચાલી જતી હતી. એવામાં એકાએક તેને કાને ઘોડાના પગલાંના દાબડા વાગતા સંભળાયા. "અત્યારે કોણ આવતું હશે ? શું દુષ્મનતો નહિ હોય ? " આમ ગડભાંગ કરતી તે બાળા આગળ નહિ વધતાં ત્યાં ઉભી રહી અને અવાજ તરફ લક્ષ્ય પૂર્વક જોઇ રહી. અલ્પ સમયમાં તો તેની અજબ અજાયબીની અંદર બે ઘોડે સ્વારો તેની તરફ આવતા જણાયા. તે બન્ને ઘોડે સ્વારોમાં જે એક ઉંચો હતો તેની નજર યોગિનીબાળાપર પડી. અંધકારમાં મનુષ્યાકૃત્તિ નિહાળી તેને સંદેહ પડયો. તેણે પોતાના સાથીદારને નીચે ઉતરવાનું જણાવ્યું. બન્ને ઘોડેથી નીચે ઉતરી યોગિનીબાળા તરફ જવા લાગ્યા. અત્યાર સુધી વિસ્મયતાથી તેમની તરફ જોઈ ઉભી રહેલી બાળા તેઓને પોતાની તરફ આવતા જોઇ ચમકી. તેણે વિજળીની ઝડપે કામળાની અંદરથી એક પિસ્તોલ બ્હાર કાઢી; અને તેને હાથમાં પકડી કર્કશસ્વરે બોલી,

" ઉભા રહો અને જણાવોકે તમે કોણ છો ? જો સાહસ કરી આગળ આવશો તો આ ભરેલી પિસ્તોલથી નાહકના પ્રાણ ગુમાવશો."

ઘોડેસ્વાર યુવાનો આગળ નહિ વધતાં ત્યાંજ સ્તબ્ધ બનીને ઉભા રહ્યા. તેમના મનમાં અનેક તર્ક–વિતર્ક થવા લાગ્યા. એવામાં જ તે યોગિની બાળાએ પૂછ્યું, " તમે કોણ છો ? અને આટલી રાત્રે કઇ તરફથી આવી ક્યાં જાઓછો ?"

તેનો પ્રશ્ન સાંભળી તે બન્ને યુવાનોમાંથી એકે કહ્યું, " તમને ઓળખ્યા સિવાય અમે અમારી ઓળખાણ આપી શકીએ એવી સ્થિતિમાં હાલ નથી. આજકાલ આકાશમાં ભયનાં ભયંકર વાદળ છવાઇ રહેલાં છે; તે કઈ પળે ટૂટી પડશે તે જાણવું અશક્ય છે. અમે દુઃખીનાં દોસ્ત અને દુષ્ટ જનોનાં દુષ્મન છીએ એની ખાત્રી રાખજો. માટે અમારા તરફની કંઇ પણ ભીતી ધારણ કર્યા વિના જણાવો કે તમે કોણ છો ? તમારા અવાજપરથી અનુમાન થાય છે કે તમે કોઈ અબળા છો ? "

" હા, હું અબળાછું અને અત્યારે એક પરોપકારનું મહાન્ કાર્ય કરવાને નીકળી છું. " યોગિનીબાળાએ કહ્યું.

" તમારૂં તે કાર્ય જણાવો ? અમે તમારા મદદગાર થઇ પડીશું." એક યુવાને કહ્યું.

" ભાઇઓ ! હું તમારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી મારી વાત જણાવુંછું; પણ તે પહેલાં યાદ રાખજો કે વિશ્વાસઘાત એ એક મહા પાપ છે."

" અમારા તરફનો ભય તમારા હૃદયમાંથી કાઢી નાખજો. જે માણસ સદાચરણી છે તે પ્રાણાંતે પણ વિશ્વાસઘાતકનું મહાન્ પાપ કરતોજ નથી. " બીજા યુવકે જણાવ્યું.

યોગિનીબાળા થોડીવાર મૌન્ન રહી બોલી, " ભાઇઓ! હું આ વારે નૌત્તમનગર તરફ જાઉંછું. કારણકે ત્યાં આગળ આજે મધ્યરાત્રે

ઘણો જ ભયાનક બનાવ બનવાનો છે. ત્યાંના રાજાએ કળાવતી નામક એક કુટિલ રંડાના સ્ત્રી ચારિત્ર્યથી ભોળવાઈ પોતાના એકના એક પવિત્ર પુત્રને ગુન્હેગાર ઠરાવી કારાગૃહમાં પૂર્યો છે. તેનું નામ કનકકુમાર છે. તે પવિત્ર અને ન્યાયી કુમારનો જાન લેવાનો નિશ્ચય રાજાના દુષ્ટ સરદાર દુર્જને કર્યો છે અને તે પોતાનો દુષ્ટ વિચાર આજ મધ્યરાત્રે પૂર્ણ કરનાર છે. આ હેતુથીજ હું અત્યારે નૌત્તમનગર જાઉં છું અને કનકકુમારના ઉદ્ધારને અર્થે આ પ્રાણ આપવાને ઇચ્છું છું.”

તે બન્ને યુવાનો ક્ષણભર સ્તબ્ધ બની વિસ્મયતાથી તેના મુખ સામે જોઇ રહ્યા. તારાઓના ઝાંખા પ્રકાશમાં તેમની સામે ઉભેલી યોગિની બાળાના મુખપર છવાએલું તેજ જોઇ તેની પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થયો. તેમણે તરત વિનીત ભાવે જણાવ્યું કે, “દેવી ! તમારૂં કાર્ય સ્તુત્ય છે. અમે તમારી સાથે કનકકુમારને છોડાવવા આ પળેજ આવવાને તૈયાર છીએ. દેવકન્યા ! તમે બીલકુલ ગભરાશો નહિ. કનક કુમારના પ્રાણ પરહરવાનું દુષ્ટનું ગજું નથી. હું તે પાપાત્માને એક પળવારમાંજ હતો નહતો કરી નાખીશ. દુષ્ટ દુર્જનને પકડવાનું ફરમાન અમારા મહાન્ સરદાર ભુજંગસિંહ તરફથી ક્યારનુંએ નીકળી ગયું છે. હું તેની શોધમાંજ આ મારા મિત્ર સાથે નીકળ્યો છું. બ્હેન ! ચાલો, હવે સમય ગુમાવવાનું પ્રયોજન નથી. રાત્રિ ઝપાટાબંધ પસાર થાયછે.”

“મ્હેં પણ મારા એક માણસને આજે ચિઠ્ઠી લખી આપી સરદાર બ્હાદુર પાસે મોકલ્યો છે.” યોગિનીબાળાએ જણાવ્યું.

“ચાલો, એ પણ સારૂં થયું. બ્હેન ! તમે ઘોડે બેશી શકશો કે ?” બીજા યુવાને પૂછ્યું. તે યુવાનનો અવાજ સાંભળી યોગિની બાળા વિચારમાં પડી તેના મુખ સામે જોઈ રહી, કારણ કે તે યુવાનનો સ્વર તેને સ્ત્રીના જેવો કોમળ જણાયો. એવામાં જ પુનઃ એ યુવાને

પૂછ્યું, "બ્હેન! કંઇ પણ સંકોચ પામ્યા સિવાય તમે મારી સાથે ઘોડા પર બેસો. હું પણ એક રાજપુત્રી છું."

"આશ્ચર્ય! બ્હેન! તમારૂં નામ શું?" બાળાએ પૂછ્યું.

"પછીથી જણાવીશ, હાલ તો અમારા પર વિશ્વાસ રાખી તમે ઘોડાપર બેસી જાઓ; કારણ કે સમય જલ્દીથી ચાલ્યો જાય છે." યોગિની બાળા ઘોડાપર બેઠી. તેની પાછળ યુવાનના વેશમાં રહેલી એક વીરબાળા ઘોડાપર ચઢી બેઠી. તેની સાથેનો યુવાન પણ ઘોડેસ્વાર થયો. ત્રણે જણાં નૌત્તમનગરના માર્ગે ઝડપથી જવા લાગ્યાં, બરાબર મધ્ય રાત્રે તેઓ કનકકુમારના કારાગૃહની પાછળ આવી ઘોડેથી નીચે ઉતર્યાં; અને ઘોડાઓને છૂટા ચરવા મૂકી દઇ ધીમે પગલે આસ પાસ જોતાં આગળ ચાલવા લાગ્યાં, તેઓ થોડી વારે જેલખાનાના મોટા દરવાજા આગળ આવી પહોંચ્યા. લોઢાનો જાળીવાળો દરવાજો બંધ હતો. અંદર ભૂતના ઓળાની માફક બે પહેરેગીરો આમ તેમ આંટા મારી રહ્યા હતા. દરવાજા પાસે ઉભી રહેલી ત્રીપુટી હવે શું કરવું તેના વિચારમાં પડી. એવામાં દૂરથી તેમની નજરે એક માણસ હાથમાં ફાનસ પકડી ચાલ્યો આવતો જણાયો, તે ઘણો ભયંકર દેખાતો હતો. તેનું મુખ કદરૂપું અને બિહામણું જણાતું હતું. તેણે હત્યાકારીનો વેશ ધારણ કરેલો હતો. કમ્મરપટામાં ખુલ્લી તલવાર લટકાવી હતી. તેની તરફ આતુરતાથી જોઇ રહેલી ત્રીપુટીએ તેને તરત ઓળખી લીધો કે તે આવનાર ભયંકર વેશધારી અન્ય કોઈ નહિ પણ દુષ્ટ દુર્જનસાલ હતો. યોગિનીબાળા તેના મદદગારો સાથે ત્યાંથી ખસી બીજી બાજુએ છૂપાઈ રહી. દુર્જનસાલ દરવાજા નજીક આવ્યો. પોતાના આવવાની અગાઉથી ખબર આપેલી હોવાથી અંદરના પહેરેગીર સિપાહીયોએ દરવાજો ઉઘાડી તેને અંદર લીધો. તેને અંદર ગએલો જોઇ

યોગિનીબાળાએ પોતાના મદદગારો પ્રત્યે કહ્યું, " હું પણ હવે પાપીની પાછળ અંદર જાઉં છું. તમે દરવાજા પાસે ઉભા રહેજો અને કંઇક ગરબડ જેવું જણાય તો મારી મદદે દોડી આવજો. " કહી તે વીરબાળા વિદ્યુતવેગે ચાલી દરવાજા નજીક આવી બોલી, " દરવાજો ખોલો. "

" તમે કોણુ છો ? " અંદરથી સિપાહીએ પૂછ્યું.

" હમણાં અંદર પધારેલા સરદાર બહાદુર દુર્જનસાલનો હું સેવક છું. તેમણે મને સાથે આવવાની આજ્ઞા કરી હતી પરંતુ સરદાર બહાદુર એક વસ્તુ ભૂલી ગએલા હોવાથી મને પાછો મોકલ્યો હતો. તે ચીજ લઈ હું આવી પહોંચ્યો છું; માટે જલ્દીથી દરવાજો ઉઘાડી મને અંદર જવા દો. વાર કરશો તો મારા સરદારનું ભારે નુકશાન કરશો."

તેનું આવું બોલવું સાંભળી તરત એ સિપાહીઓએ દરવાજો ઉઘાડી તેને અંદર પ્રવેશ કરાવ્યો. વીરબાળા રૂવાબબંધ અંદર ચાલી ગઇ. બહાર ઉભેલા તેના મદદગારો મનમાં તેનાં વખાણ કરતા તેની રાહ જોઇ રહ્યા. પેલી તરફ આગળ પ્રવેસેલો દુર્જનસાલ કનકકુમારની કોટડી ઉઘાડી અંદર ગયો. અર્ધ નિદ્રામાં પડેલો કનક ખડખડાટથી જાગી ઊઠ્યો. તેણે દુર્જન સામે જેયું. એવામાં જ દુર્જને કહ્યું. " કાં કનકકુમાર ! શું વિચાર ચાલે છે ? "

" સરદાર ! આ કારાગૃહમાં બીજા શાના વિચાર હોય ? વારૂ તમારૂં આગમન અત્યારે શા કારણથી થયું છે. તમે મારા પિતાને મળી ગયા હો એમ જણાય છે. શું તેમણે કંઇ નવો હુકમ આપીને તો તમને મોકલ્યા નથી ને ? " કનકે તેને ઓળખી કહ્યું.

" મ્હેં જેનું ખાધું છે તેને વફાદાર રહેવું એ મારી ફરજ છે; એ વિચારીને જ મ્હેં મહારાજાની ક્ષમા યાચી પુનઃ તેમની સેવા સ્વીકારી છે. કુમાર ! આજે તમારે અહિંથી વિદાય થવાનું છે ? "

"મને શું કોઈ બીજા કેદખાનામાં લઇ જવાની પિતાની આજ્ઞા થઇ છે ?" "ના, તમે હવે એવા સ્થળે જનાર છો કે જ્યાંથી પાછા આવી શકનાર નથી."

"સરદાર ! સ્પષ્ટ સમજાવો કે તમારો શું ઉદ્દેશ છે ?" કનકે ઉભા થઇ પૂછ્યું.

"તમારે અત્યારે સ્વર્ગમાં ગમન કરવાનું છે ?"

"શું મારા પિતા પોતે જ મને મારી નંખાવવાને ઇચ્છે છે ?"

"ના, આ દુર્જન જ તમને સ્વર્ગે મોકલી ભવિષ્યનો માર્ગ ખુલ્લો કરવાને ઇચ્છે છે."

"તમારો ભવિષ્યનો લાભ શો છે ?"

"નૌત્તમનગરાધિપતી બની રાજરાજેન્દ્ર કહેવાવાનો."

"રાજા દુર્મદસિંહ જીવે છે ત્યાં સુધી તમારી સઘળી આશા વ્યર્થ છે." •

"તેનો પણ રસ્તો કરી મૂકયો છે, રાજા દુર્મદ પણ ત્રણ માસથી વધારે આ પૃથ્વીપર જીવતા રહી શકશે નહિ."

"શું તમે નિમકહરામ થશો ?"

"એમાં શું નવાઇ ! સ્વાર્થ આગળ વફાદારી કંઇ હિસાબમાં નથી."

હા ! ધિક્કાર છે તને, ખરેખર મારા પિતાએ એક ઝેરી સાંપને જ પાળ્યો છે. ઓ અધમ સરદાર ! જરીક તો ન્યાય અન્યાયને વિચારી જો.

તું મોટો સરદાર થઈ, પાપે કાં લપટાય છે ?
સમજ મૂર્ખા મન વિષે કે, ધર્મ તારો જાય છે.
ફૂલાઇ જાતો તું નહિ, કે પૂર્ણ મારી જીત છે,
અન્યાયથી જે મેળવેલું, વમન જેવું ધન છે.

માટે સમજ, પાપ કરતાં વિચાર, મનુષ્ય જન્મ ફરી ફરીને પ્રાપ્ત થનાર નથી."

"હું સઘળું સમજું છું. તારે મને શીખામણ દેવાની જરૂર નથી. છોકરા!

કોણે કર્યાં છે પાપ પૂન્યો, એ સૌ બકવાટ છે,
પડે પોબાર દાવ જેના, તે સુખી થાનાર છે.
ન માનું ન્યાય કે અન્યાય કેરા શબ્દને;
માટે લવારા ત્યાગીને, ઝટ ભેટ આ તલ્વારને.

ચાલ ધુંટણીએ બેસી જા." કહી દુર્જને તલ્વાર હાથમાં લીધી. કનકના ક્રોધનો પાર રહ્યો નહિ; પણ શસ્ત્ર વીનાનો તે શું કરી શકે? તે કંઇ પણ બોલ્યા વિના રોષ યુક્ત વદને દુર્જનના સામે જોઇ રહ્યો. પુનઃ દુર્જને કહ્યું, "ચાલ, શું વિચાર કરે છે: જલ્દીથી ધુંટણીએ બેસી જા." હજી દુર્જન તેનું વાક્ય પૂરૂં કરી રહ્યો નથી; એટલામાં તો યોગિની બાળા વિકાળ વાઘણનું સ્વરૂપ ધારી હાથમાં ખૂન્ની કટાર પકડી ત્યાં દોડી આવી રૌદ્ર સ્વરે બોલી, "ઓ અધમકાર્યના કરનાર કર્મચંડાળ! કનકકુમારને સ્વર્ગે મોકલ્યા પહેલાં તુંજ પ્રથમ થઇ જા હાલ હવાલ." કહી તેણે કટારનો ઘા દુર્જનની પીઠપર કર્યો. એક ઝીણી ચીસ નાખી પાપી જમીનપર પટકાઇ પડયો. તે જોતજોતામાં બેશુદ્ધ બની ગયો. કનકકુમાર પોતાને બચાવનારની સામે કરૂણ નજરે જોઇ રહ્યો. યોગિની બાળાએ તેને પોતાની પાછળ ચાલ્યા આવવાનું સૂચન કર્યું, બન્નેજણાં ત્યાંથી નીકળી બહાર આવ્યાં. પહેરેદારો કનકને જોતાંજ ચોંકયા. તેઓએ હથીઆર ઉંચકયાં. આવું જોતાંજ બહાર દરવાજા આગળ છૂપાઇ ઉભેલા મદદગારો તલ્વારો સાથે ત્યાં દોડી આવ્યા, સિપાહીઓએ બૂમરાણ મચાવી મૂકયું; પણ તેમની બૂમો વધારે વખત ચાલી

નહિ. તેઓ યોગિની બાળાના મદદગારોની તલ્વારોથી જખમી થઈ યમપૂરીમાં પહોંચી ગયા. તેમણે પાડેલી બૂમોથી બીજા સિપાહીઓ દોડી આવ્યા. તેમને જોઇ યોગિની બાળાએ પોતાના મિત્રો સાથે નાસવા માંડયું. સિપાહીઓ મારો–મારોના ઉચ્ચાર કરતા તેમની પાછળ પડયા. કાળી રાત્રે જબરો કોલાહલ મચી રહ્યો. કનક અને યોગિની બાળા તેમના મદદગારો સાથે નાસતાં–નાસતાં ઘોડા આગળ આવી પહોંચ્યાં અને બનતી ઝડપે એક એક ઘોડા પર બબ્બે સ્વાર થઇ નાસી છૂટયાં. પગપાળા દોડતા સિપાહીઓએ પાછા ફરી રાજા દુર્મદને સઘળા સમાચાર જણાવ્યા, રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે બેશુદ્ધ દુર્જનને ત્યાંથી ઉપડાવી મંગાવી પચીસ ઘોડેસ્વારોને નાસી જનારાંઓની પાછળ દોડાવ્યા. અશ્વોને પૂરપાટ દોડાવતા શત્રુઓ નજીક આવી લાગ્યા. હવે નાસવું નીરર્થક છે ધારીને યોગિનીબાળા તેના મિત્રો સાથે દુષ્મનોની ભેટ લેવાને તૈયાર થઈ. શત્રુઓએ તેમને ઘેરી લીધાં, પણ એટલામાં તો એક કૌતક થયું. દૂરથી એક ઘોડેસ્વાર પૂર વેગે ત્યાં દોડી આવ્યો અને ભયાનક સાદે બોલ્યો, "આ મધ્ય રાત્રિએ શું તોફાન છે?"

દુર્મદના ઘોડેસ્વારોનો જમાદાર બોલી ઉઠયો, "તારે શું કામ છે?"

"બસ ચૂપ થા. જાણતો નથી કે આ સઘળા જંગલમાં સરદાર ભુજંગસિંહની આણ વર્તાય છે?"

ભુજંગસિંહનું નામ સાંભળી સઘળાનાં હાંજાં ગગડી ગયાં. તેઓ એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના ઉભા રહ્યા. તે ઘોડેસ્વારે ખભે ભરાવેલું રણશીંગડું વગાડયું. રણશીંગાનો ઘોર નાદ ચારે દિશાએ ફેલાઇ રહ્યો. તેની સાથે જોતજોતામાં અનેક ઘોડેસ્વારો ત્યાં દોડી આવતા જણાયા. તેમાંના કેટલાકના હાથમાં સળગતી મશાલો હતી, જંગલમાં અજવાળું થઇ રહ્યું, અજવાળામાં શત્રુ ઘોડેસ્વારોએ જોઈ લીધું કે હવે

જીવતા જવાનું નથી. કારણ કે સરદાર ભુજંગસિંહ ઘોડેસ્વાર થઇને જ ત્યાં ઉભેલો હતો. એવું જોઈ સઘળા શત્રુ ઘોડેસ્વારો દીનવદને કરગરવા લાગ્યા. ભુજંગે તેમની દયાની દરકાર નહિ કરતાં પોતાના ઘોડેસ્વારોને તેમને બાંધીને લઇ જવાની આજ્ઞા કરી. સરદારના સેવકો ઝપોઝપ ઘોડેથી ઉતરી સઘળાને દોરડાથી બાંધી પગપાળા લઈ ચાલ્યા. ભુજંગસિંહે બે મસાલવાળાઓને ત્યાં રાખી બાકીનાઓને વિદાય કર્યા. આ બે મસાલવાળાઓમાં એક તો યોગિની બાળાએ સરદારની પાસે ચિઠ્ઠી લઇને મોકલેલો માણસ હતો. તેણે સૌના ગયા પછી ભુજંગસિંહ પ્રત્યે કહ્યું, "મને આપની પાસે ચિઠ્ઠી લઇને મોકલનાર આજ યોગિનીબાળા."

ભુજંગે તેની સામે જોઇ કહ્યું, "બાળા! તને ધન્ય છે, હેં અપૂર્વ સાહસ ઉઠાવી આ રાજકુમારનો પ્રાણ બચાવ્યો છે." કહી ભુજંગે ફરીથી યોગિનીબાળા સામે જોયું. તે બાળાની આંખ્યોમાં આ વખતે ઝળઝળીયાં ભરાઇ આવ્યાં હતાં. તેણે હાથ વતી આંસું લ્હોયાં. તેણે આંગળીએ પહેરેલી વીંટી પ્રકાશમાં ચળકી. ભુજંગસિંહની નજર તે વીંટી પર પડતાં જ શુદ્ધિ હરાઇ ગઇ, તે જેવી રીતે પ્રથમ વિજયની વીંટી જોઇ બેબાકળો બન્યો હતો, તે પ્રમાણે જ આ વખતે તે મહાન્ સરદાર વિકળ થઈ છેવટે બેશુદ્ધ બની જમીન પર પછડાઇ પડયો. સઘળાં તેની આસપાસ બેશી સારવાર કરવા લાગ્યા.

ૐ શાન્તિઃ શાન્તિઃ

દ્વિતીયભાગ છપાય છે.